# કંચન અને કામિની

જયભિખ્ખુ



# કંચન અને કામિની

: લેખક :

જયભિખ્ખુ

: પ્રસ્તાવ–લેખક :

શ્રી. મધુસૂદન ચિ. મોદી

એમ. એ. એલએલ. બી.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

કિંમત : ૩-૮-૦

પહેલી આવૃત્તિ : ઈ. સ. ૧૯૫૦
બીજી આવૃત્તિ : ઈ. સ. ૧૯૫૭

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

: મુદ્રક :
કાન્તિલાલ એમ. દેસાઈ : ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ, પ્રભાત પ્રેસ સામે અમદાવાદ

દેસાઈ કુટુંબની કુળવધુઓને!

સહધર્મિણી અ. સૌ. જયાને
અ. સૌ. વિજયાભાભીને
અ. સૌ. મૃગાભાભીને
અ. સૌ. શાન્તાને
અ. સૌ. શાન્તાને
અ. સૌ. વસુમતીને
અ. સૌ. સવિતાને

જેમણે કુટુંબ-પ્રતિષ્ઠાને પોતાની
પ્રતિષ્ઠા માનીને પ્રયત્ન કર્યા છે.

—જયભિખ્ખુ



જિંદગી હૈ અંધેરી રાત
ઔરત હૈ ચિરાગ

જો સીખો, હરએક કો સીખાતે ચલો,
દિયે સે દિયે કો જલાતે ચલો.



# પુરોવચન

: લેખક :

**શ્રી. મધુસૂદન મોદી,**

એમ. એ. એલએલ. બી.

સામાજિક યોજના પાછળ બે દ્વંદ્વો રહેલાં છેઃ ઘર્ષણ અને સંયોજન. ઘર્ષણ અને સંયોજનમાં સમાજની ચંચળ સ્થિરતા વસેલી છે. સમાજમાં સ્થિરતા છે અને તેમાં ચંચળતા પણ છે. આ બે તત્ત્વોના મૂળમાં કંચન અને કામિનીએ ઓછો ભાગ ભજવ્યો નથી. તેમણે કલહ નિપજાવ્યા છે અને કલહમાં વિજય પ્રાપ્ત કરવા સામે સંઘટ્ટનો પણ નિપજાવ્યાં છે.

રામાયણમાં આર્યસંસ્કૃતિ અને વાનરસંસ્કૃતિનું સંયોજન એ બીજી દૃષ્ટિએ રાક્ષસસંસ્કૃતિ સાથેના કલહ ઉપર વિજય મેળવવાનું સાધન હતું, અને તે કલહમાં સામ્રાજ્યની એષણા અને સ્ત્રીનું અપહરણ એ બંનેએ પૂરો ભાગ ભજવ્યો છે. વાલિ અને સુગ્રીવના કલહમાં સુગ્રીવ સામ્રાજ્ય અને વાલિની પત્ની તારાને પ્રાપ્ત કરે છે, અને રામનો તે સાથી બને છે. વિભીષણને પણ, રામનો પક્ષ લેતાં અને રામનો વિજય થતાં, લંકાનું સામ્રાજ્ય અને રાણી મંદોદરી એ એયની પ્રાપ્તિ થાય છે. જર (જમીનનો સમાવેશ જરમાં કરી દઈએ) અને જોરુ—કંચન અને કામિની—એ કજિયાનાં છોરુ છે એટલું જ નહિ પણ સમાજની યોજનામાં પણ, તેમની સારી રીતની પ્રાપ્તિ

થવા માટે, સ્થાપિત હિતો હંમેશાં શાંતિ અને સંયોજન સાચવે પણ છે, અને વખત આવતાં તે માટે કલહ પણ કરે છે.

માનવસંસ્કૃતિના ઇતિહાસમાં દેખાતી સ્થિરતા અને ફાટી નીકળતા પ્રચંડ કલહોમાં કંચન અને કામિનીએ મોટો ભાગ ભજવ્યો છે.

માણસ મૂળથી જ પરિગ્રહશીલ પ્રાણી છે. એનું ચાલે તો આ પૈસો અને સમૃદ્ધિ મરણ પછી પરલોકમાં પણ સાથે લઈ જાય. અને એ સારુ તો તેના સ્વપ્નશીલ માનસે જાતજાતના તુક્કાઓ રચી કાઢ્યા છે. માનવઇતિહાસના સંશોધકોએ પ્રાચીન કબ્રસ્તાનો ખોદ્યાં છે, અને કબરોમાં તેમણે મૃતદેહોની સાથે તેમની પ્રિય વસ્તુઓ દાટેલી શોધી કાઢી છે.

હજુ આપણે ત્યાં મરણ પછી તેરમાને દિવસે સરવણીનો ખાટલો નથી નીકળતો? પ્રાચીન કાળમાં પ્રથા હતી કે રાજા મરણ પામે ત્યારે તેનાં દાસ–દાસીઓને પણ ઘણીવાર બળજબરીથી તેની સાથે બાળવામાં આવતાં, અને સતીના રિવાજ ઉપર આપણે ગમે તેટલો આદર્શનો ઓપ ચઢાવીએ—છતાં પણ, મૂળ તો એ હતું કે પરલોકમાંય તે માણસને પોતાની પત્ની મળે તે માટે પત્નીએ તેની સાથે બળી મરવું, સતી થવું. આ રિવાજને આદર્શ બનાવીએ અને વખાણીએ એ જુદી વાત છે. હંમેશાં ખોટી અને ખરાબ વસ્તુને આદર્શનું સ્વરૂપ સમાજમાં ન આપવામાં આવે, તેની પરંપરાનાં અને કથાઓનાં પુરાણો રચી કાઢવામાં ન આવે તો, એ ખરાબ વસ્તુઓને પાળે પણ કોણ? તર્ક અને લાગણી બેધારી તલવારો છે અને સમાજમાં સ્થાપિત હિતવાળાઓ અને તેમના બુદ્ધિવાદી પોષકોએ તેનો પોતાના સ્વાર્થ માટે સારી રીતે ઉપયોગ કર્યો છે.

વિવાહનો જ દાખલો લઈએ. વિવાહ એટલે એક ગોત્રવાળો, બીજા ગોત્રવાળાની કન્યાનું હરણ કરી લાવે અને તેને પરણે.

એટલે કે, કન્યાનું જે હરણ કરી લાવે એ તો જબરા ગોત્રનો એટલે કે વરપક્ષનું જૂથ કન્યા પક્ષના જૂથ કરતાં જબરું, મોટું. અને મોટું એટલે કે ઊંચું! જબરા કન્યા લાવે હલકા ગોત્રમાંથી, પણ કન્યા પોતે આપે તો નહિ. ગામની તો દીકરી કહેવાય એટલે પરણવું પડે તો પરગામની છોકરી સાથે—એ રિવાજ કેટલીક કોમોમાં પ્રચલિત છે. આમ જેને આપણે લગ્ન કહીએ છીએ તેમાં તો જેમ જબરો અને કુનેહબાજ સોનું લૂંટી લાવે તેમ કન્યાને પણ લૂંટી લાવે—મનુ ભગવાને આઠ પ્રકારના સ્ત્રી-વિવાહો[1] ગણાવ્યા છે; તેમાં સુધરેલા માનવીની કહેવાતી સંસ્કૃતિની આખી કથા સમાયેલી છે. આ આઠ પ્રકારના વિવાહોમાં રાક્ષસ, આસુર અને પૈશાચ વિવાહનું ઊર્ધ્વીકરણ (Sublimation) થવાથી બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય અને ગાંધર્વ વિવાહોની ઉત્પત્તિ થઈ છે. આર્ષ પ્રકારના વિવાહમાં[2] કન્યાપ્રદાનના બદલામાં એક અથવા બે ગાય અને આખલાની જોડી કન્યાનો બાપ મેળવે છે; અને એ આસુરવિવાહનું ઊર્ધ્વીકરણ છે; આસુરવિવાહમાં કન્યાનાં સગાંને તથા કન્યાને શક્તિ પ્રમાણે ધન આપીને લાવવામાં આવે છે.[3] રાક્ષસ વિવાહમાં તો કન્યાનું બળજબરીથી અપહરણ કરવામાં આવે

---

૧. મનુસ્મૃતિ, અધ્યાય. ૩. શ્લો ૨૧ : આઠ પ્રકારના સ્ત્રીવિવાહ.

ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः ।
गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमो मतः ॥

૨. મનુસ્મૃતિ. અધ્યાય. ૩. શ્લો. ૨૯, આર્ષ વિવાહ.

एकं गोमिथुनं द्वे वा वरादादाय धर्मतः ।
कन्याप्रदानं विधिवदार्षो धर्मः स उच्यते ॥

૩. મનુસ્મૃતિ. અ. ૩. શ્લો. ૩૩. આસુર વિવાહ.

ज्ञातिभ्यो द्रविणं दत्त्वा कन्यायै चैव शक्तितः ।
कन्याप्रदानं स्वाच्छन्द्यादासुरो धर्म उच्यते ॥

છે.[૪] પૈશાચ વિવાહમાં પણ કન્યા ઊંઘતી હોય, ઘેનમાં હોય તેને ગમે તે રીતે ઉપાડી લાવવામાં આવે છે.[૫] આમ આપણી વિવાહ સંસ્થામાં મૂળે તો કન્યાને મિલકત ગણવામાં આવી છે. અત્યારે પણ પછાત કોમમાં આ રીતેજ કન્યાઓની વેચલે થાય છે. એટલે કન્યા એ જીવતું સોનું જ રહ્યું છે. કન્યાનેય સમાજમાં છીનવી લાવવાની અને સોનું પણ છીનવી લાવવાનું. હા, સુધારેલા સમાજમાં એ છીનવી લાવવાના પ્રકાર વહેવારુ પ્રકારના અને પરંપરાથી રૂઢ થઈ ગયેલા છે એટલે માણસને તેની પાછળનું સત્ય દેખાતું નથી. આ રીતે—

સોનું અને સ્ત્રી : કંચન અને કામિની : એ બન્નેય અત્યાર સુધીના સમાજના ઇતિહાસમાં માણસની મિલકત જ રહ્યાં છે. ઉદારતા અને ઉચ્ચ વિચારણાના ગમે તેટલા થપેડા તેના ઉપર લગાવવામાં આવે છતાં પણ એ વાત પુરુષપ્રધાન સંસ્કૃતિમાં જીવતી અને જાગતી છે એની ના પાડી શકાય તેમ નથી.

સાથે સાથે માણસ વિચારશીલ છે. પોતાને અમુક સારું લાગે તો બીજા જીવન્ત પ્રાણીને સારું લાગે એવું પોતે કરવું જોઈએ; પોતાની જાતને જેથી દુઃખ થાય એવું પારકા ઉપર આચરવું ન જોઈએ એમ તે માને છે. જેટલી કડકાઈથી આપણે મિલકત સાચવીએ છીએ, તેટલી કડકાઈથી સ્ત્રીને સાચવવાનું મોટા ભાગનાં મનુષ્યોનાં

---

૪. મનુસ્મૃતિ. અ. ૩. શ્લો. ૩૩. રાક્ષસ વિવાહ.

हत्वा छित्त्वा च भित्त्वा च क्रोशन्तीं रुदतीं गृहात् ।
प्रसह्य कन्याहरणं राक्षसो विधिरुच्यते ॥

૫. મનુસ્મૃતિ. અ. ૩. શ્લો. ૩૪. પૈશાચ વિવાહ.

सुप्तां मत्तां प्रमत्तां वा रहो यत्रोपगच्छति ।
स पापिष्ठो विवाहानां पैशाचश्चाष्टमोऽधमः ॥

દિલમાં હોય છે, શાસ્ત્રગર્ભિત રીતે આદેશ પણ છે.[૬] પણ સાથે રહેવું અને સારા દેખાવું એ સામાજિક નિયમને આધારે સામાન્ય રીતે તો માણસ સ્ત્રી સાથે ઘર્ષણમાં આવતો નથી કે તેના ઉપર ખળજબરી કરતો નથી. પરંતુ કટોકટીના પ્રસંગોમાં પોતાની સત્તાથી કુટુંબમાં તેમ સમાજમાં સ્ત્રીને હરગિજ માણસ દબાવતો જ રહ્યો છે. હા, કોઈક અપવાદો હોય છે અને અપવાદો હોય તેનું કારણ એ હોય છે કે માનવજાતના સર્જનમાં પુરુષની જેમ જ સ્ત્રીનો હિસ્સો હોય છે.[૭] વળી કેટલીક વાર અમુક સ્ત્રીઓ પોતે જ પ્રભાવશાળી હોય છે તે પણ બીજું કારણ છે. પણ આ તો વૈયક્તિક વાત થઈ. સામાન્ય રીતે તો માનવસંસ્થાઓમાં સ્ત્રીનું સ્થાન આચારમાં ગૌણ રહ્યું છે—અંદરખાનેથી તો માલિકીની મિલકત જેવું રહ્યું છે; જ્યારે વિચારમાં, સમાનતાની વાતો કરતી માનવસંસ્થાઓમાં તેમને પુરુષ-સમોવડી, માનવજાતિની શક્તિસ્વરૂપ ગણવામાં આવી છે. પરંતુ

---

૬. મનુસ્મૃતિ. અ. ૯. શ્લો, ૨, ૩, ૫.

अस्वतन्त्राः स्त्रियः कार्याः पुरुषैः स्वैर्दिवानिशम् ।
विषयेषु च सज्जन्त्यः संस्थाप्या आत्मनो वशे ॥

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
रक्षन्ति स्थविरे पुत्रा न स्त्री स्वातन्त्र्यमर्हति ॥

सूक्ष्मेभ्योऽपि प्रसंगेभ्यः स्त्रियो रक्ष्या विशेषतः ।
द्वयोर्हि कुलयोः शोकमावहेयुररक्षिताः ॥

૭. મનુસ્મૃતિ. અ. ૯. શ્લોક ૯૬.

प्रजनार्थं स्त्रियः सृष्टाः संतानार्थं च मानवाः ।
तस्मात्साधारणो धर्मः श्रुतौ पत्न्या सहोदितः ॥

વ્યવહારુ જીવનમાં સ્વાર્થપરાયણ આચાર અને આદર્શપરાયણ વિચાર[૮] વચ્ચે કંચન અને કામિની માટે અનેક કુટુંબોમાં, ઘરોમાં, જ્ઞાતિઓમાં અને વિશાળ સામાજિક સંઘોમાં ઘર્ષણો જાગ્યાં છે. આ ઘર્ષણોનાં અનેક આલેખનો શ્રી. જયભિખ્ખુએ તેમની વાર્તાઓમાં વેધક રીતે કર્યાં છે.

શુદ્ધ આદર્શનો ધર્મ શાસ્ત્રોમાં હશે, છે—પણ આચારમાં તો ધર્મ માત્ર સંપ્રદાયનો રેલો જ છે અને એમાં માનવસંઘો ખેંચાયે જાય છે. સંપ્રદાયના હિતવાળાઓએ પરલોકના ભય અને મરણોત્તર સુખસંકટોની વાતોથી સમાજને ઘણીવાર સત્યદર્શનથી વંચિત રાખ્યો છે. આ વંચના કરવા ઉપરાંત આ જગતમાં પણ પોતાની માનવ-સંઘનાં માનસ ઉપર જમાવેલી સત્તાને ટકાવી રાખવા માટે ધર્મા-ચાર્યોએ ધનિક વર્ગો અને રાજાઓને પોતાના સાગરિતો બનાવ્યા છે.

ધર્મ તત્ત્વચિંતન અને સત્યશોધન પૂરતો મર્યાદિત રહે છે ત્યાં સુધી તે શુદ્ધ રહે છે, પરંતુ જ્યારે તે પોતાની સંસ્થાઓ રચવા સમાજના તાણાવાણાઓમાં પ્રવેશે છે ત્યારે સમાજનાં સત્તાધારી તત્ત્વો તેને પોતાની પકડમાં લે છે. ધર્મ સંસ્થાપ્રધાન અને સાંપ્રદાયિક બનતાં તેને પણ પોતાનાં દેવળો અને દેવોને સ્થાપવાના હોય છેઃ અને દેવના મુંજાવરોને સામાજિક સ્થાનો પ્રાપ્ત કરવાનાં રહે છે એટલે ધર્મ પણ સમાજનાં નિર્બળ તત્ત્વો ઉપર સત્તાનું એક હથિયાર

---

૮. સ્ત્રીઓની પ્રશંસા માટે જુઓ મનુસ્મૃતિ અ. ૨. શ્લોક ૫૬—૬૨, દા. ત.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफला क्रियाः ॥

અને

स्त्रियां तु रोचमानायां सर्वं तद्रोचते कुलम् ।
तस्यां त्वरोचमानायां सर्वमेव न रोचते ॥

બની જાય છે. શ્રી. જયભિખ્ખુએ એ બાબત ઉપર સુંદર રીતે "**સાંકળી ફઈબા**" નામની વાર્તામાં ધ્યાન ખેંચ્યું છે.

સામાન્ય રીતે માનવ આત્મરક્ષક, ભય, ભૂખ, જાતીય વૃત્તિ આદિ સ્વયંભૂ વૃત્તિઓ સંતોષવા માટે પ્રવૃત્તિ કરે છે. સમાજ પોતાની સંસ્થાઓ જળવાય ત્યાં સુધી આ વૃત્તિઓને પોષવાનો મોકો બધાંય જનોને મળે તે જુએ છે; પરંતુ સામાજિક સંસ્થાઓનો સારામાં સારો લાભ સાધનવાળો લઈ જાય છે. સાધનવાળો માણસ કંચન અને કામિનીની સારામાં સારી રીતે પ્રાપ્તિ કરવા માટે રીત-કરીત જોતો નથી. એ અચકાય છે માત્ર એટલા જ માટે કે સમજુ વર્ગ કે સમાજનો કચડાયેલો વર્ગ તેની સામે કદાચ વિરોધ ઉઠાવે. "**ચૌદશિયો**" નામની વાર્તામાં શ્રી. જયભિખ્ખુએ આ બાબતને સ્પર્શ કર્યો છે.

જાતિય વૃત્તિ પોષવા અને ઘર ચલાવવા માટે જ બંધાયેલાં કૌટુંબિક એકમો કદીય સામાજિક સ્વાસ્થ્ય લાવતાં નથી. આપણી લગ્નસંસ્થામાં જેમતેમ ગોઠવી કાઢેલા સ્ત્રી-વિવાહોને લીધે અને સમાજનાં બળોના દબાણને લીધે એક રીતે શાંતિ અને સ્થિરતા દેખાય છે. પણ તે સ્થિરતા સમાજનાં જીવન્ત અને પ્રેરક તત્ત્વોને કચડી નાખીને લાવવામાં આવી હોય છે. તેના પરિણામે સમાજનું શારીરિક, ભૌત્તિક અને ઊર્મિવિષયક સ્વાસ્થ્ય વિકૃત બને છે.

આપણી જ્ઞાતિઓમાં અને એ જ્ઞાતિઓના નાના નાના વાડામાં આ અનિષ્ટો ખૂબ જ દેખાઈ આવે છે, વિવાહમાં સ્ત્રીએ પુરુષમાં પૌરુષેય

---

તેજ પ્રમાણે કન્યાવિક્રયને મનુ. અધ્યા. શ્લો. ૯૮માં કન્યાને વેચીને તેની કિંમત (શુલ્ક) લેવાને ખૂબ જ તિરસ્કારે છે, પણ એ અધ્યા. ૯. શ્લો. ૯૭માં કન્યાવિક્રય પ્રચલિત હતો તે સ્વીકારે છે અને જણાવે છે કે પૈસા આપીને લીધેલી કન્યાનો પતિ મરી જાય અને તે વિધવાને ગમતું હોય તો તેને દિયરની સાથે પરણાવવી. આમાં કન્યા મિલકત જેવી નથી જણાતી?

જોયું હોય અને પુરુષે સ્ત્રીમાં સાચું સ્ત્રૈણ જોયું હોય તથા એ પૌરુષેય અને સ્ત્રૈણના સાચા, સ્વતંત્ર છતાંય બેમાંથી એક બનેલા સંયોજનમાં સાચું લગ્ન રહેલું છે. પૈસો, કુટુંબ વગેરે અન્ય વ્યાવહારિક હેતુઓ એ પ્રધાન હેતુ સમક્ષ ગાણ બની જાય તો એ લગ્ન કહેવાય. અન્ય હેતુઓથી સંધાયેલા લગ્નમાં હમેશાં સાચી એકતા અને ખરો આનંદ જણાતાં નથી. તે તો આપણા સમાજની માન્યતા પ્રમાણે ટકે છે તો જીવનપર્યંત, પરંતુ તે માત્ર દબાણથી જાતીય વૃત્તિ પોષવા માટેનાં અને ઘર ચલાવવા અને છોકરાંઓ ઉછેરવા માટેનાં જ લગ્ન બને છે. આથી એકંદરે બાળકોના ખમીરને હાનિ જ આવે છે. એ તો આપણા સમાજની અત્યારની સ્થિતિ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ.

દિલ એક હોય અને શરીર–સંબંધ એ કુદરતી બની જાય એ એક વાત છે: અને શરીરસંબંધ થઈ જાય કારણ કે તે એક ભૂખ છે તથા તેનું સાધન સમાજે ગોઠવી આપ્યું છે તે બીજી વાત છે. આપણા સમાજમાં બીજી વાત વધારે પ્રમાણમાં દીઠામાં આવે છે. એટલે આપણાં બાળકોનું માનસિક અને શારીરિક કૌવત ઘવાતું જાય છે. પ્રેમથી કામ પોષાય તો કામ તે કામ રહેતો નથી; પણ જ્યાં માત્ર કામ પોષવાની વૃત્તિ છે ત્યાં પ્રેમ હણાઇ જાય છે. પ્રેમ એ તો ઊંચા પ્રકારનું સમસંવેદન છે; અને જ્યાં પ્રેમનું સ્થાન છે ત્યાં નિરંતર આનંદ વસે છે, ઉચ્ચાભિલાષ વસે છે; નીતિ, મતિ અને ભૂતિ વસે છે.

બાઈબલમાં નેબુવદનેઝર નામે રાજા વિષે વાત આવે છે. એના પગ માટીના હતા. સમાજની રચના પણ એવી છે. એના પગ પણ માટીના છે. એ માટીના પગ ઉપર જોઈએ તો તેની સુધારણા માટે આપણે માત્ર નિરાશા અને અંધકાર જ જોઈ શકીએ અને તેના

ઉન્નત આશયો અને આદર્શો જોઈએ તો આપણે આશાના હવાઈ મિનારા રચતા થઈ જઈએ.

કંચનનો સવાલ તો નૂતન સામાજિક રચનાથી થઈ શકે, અને કામિનીનો સવાલ તો આર્થિક રીતે અને સામાજિક રીતે સ્વતંત્ર એકમ બને તો કંઈક ઊકલે, આ તો આશા છે, અને આ આશાઓને પોષવા સામાજિક, રાજકીય અને કેળવણી વિષયક પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ સમાજનું ધોરણ જ્યાં જાય ત્યાં અને ક્યારેય પણ, રાજા નેણુવદનેઝર જેવું રહેવાનું છે. આ નિરાશાનો ધ્વનિ છે. આશાના ધ્વનિ જેટલો જ નિરાશાનો ધ્વનિ સાચો છે; અને આ બન્ને વ્યાવહારિક સત્યો સ્થિર રહેવા મથતા સમાજને ગતિમય રાખે છે; પરંતુ સમાજની એ ચંચળ સ્થિરતા માનવીના આન્તરમનનો કેટલો પલટો કરે છે એ સવાલ તો ઊભો જ રહે છે.

ઉપર નોંધેલી બાબતોનું આલેખન શ્રી. જયભિખ્ખુની વાર્તાઓમાં ઠેર ઠેર પડેલું છે. માણસના ચિત્તને કલાકૃતિ હલાવી શકે તેટલું તો કદાચ ઉપર કરેલો વિશ્લેષણ-પ્રસ્તાર ન હલાવી શકે. એટલે જ આ સુંદર વાર્તાઓ ઉપર મારા પુરોવચનનું મોઢિયું ચઢાવવા માટે મારું મન ન હતું; પણ તેમની સોનાની લાકડી ઉપર ચાંદીનું મોઢિયું ચઢાવવા માટે શ્રી. જયભિખ્ખુએ આગ્રહ કર્યો તેથી મિત્રભાવે મેં તે ચઢાવી દીધું; અને એમણે એક મિત્રે આપેલા સંભારણા તરીકે તેને અગ્રસ્થાન આપ્યું એટલું જ. બાકી આ લાંબા પરથારાને, વાર્તા વાંચવાના વાચકના આનંદની વચ્ચે આડા પડવાની કોઈ પણ જરૂર હોઈ શકે નહિ.

શ્રી. જયભિખ્ખુએ આ સંગ્રહ પહેલાં 'પારકા ઘરની લક્ષ્મી,' 'બેઠો બળવો' એ વાર્તાસંગ્રહો પ્રસિદ્ધ કરેલા છે. તેમાં પણ

સામાજિક પ્રશ્નોને છેડતી વાર્તાઓ છે. આ સંગ્રહમાં તેમણે વધુ વિશિષ્ટતા સાધી છે—વિચારબળમાં, કલાનિયોજનમાં અને ધ્યેયદર્શનમાં.

કુલ પંદર વાર્તાઓ આ સંગ્રહમાં તેમણે રજૂ કરી છે. લગભગ બધી જ વાર્તાઓમાં સામાજિક પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી છે અને કંચન તથા કામિનીની ભાંગ સમાજના માનસને કેવું હિલોળે ચઢાવે છે તે સચોટ અને સુંદર રીતે શ્રી જયભિખ્ખુએ બતાવ્યું છે. તેમની લેખન–કાર્યારંભની પ્રથમ વાર્તા અને આ સંગ્રહની છેલ્લી વાર્તા 'ત્યક્તા' તેમણે સને ૧૯૩૨માં લખી છે.

આ સંગ્રહની પ્રથમ વાર્તાનું નામ **'કંચન અને કામિની'** છે, તેમાં એક કલાકાર સુથારે એક સામાન્ય છોકરીમાંથી પોતાની સુંદર પ્રિયતમા ઘડી, અને પોતાના સ્વપ્નાએ સિદ્ધ કરેલી તે પત્નીને તેની ઓરમાન મા મારી નાખે છે: અને તે પણ એટલા માટે કે એ પૈસાદાર સુથારને તે માતા પોતાની પેટજણી છોકરીને પરણાવી શકે!...પરણાવે છેઃ પણ તે કલાકાર પોતાની પ્રથમ પત્નીના પ્રેમે પાગલ બની જાય છે અને કંચનના મોહે પરણાવવામાં આવેલી બીજી પત્ની તેના પ્રેમને પામી શકતી નથી.

**'સોનાની મરઘી'**માં પૈસાદારના છોકરાને પોતાની દીકરીઓ પરણાવવા ઇચ્છતા અને તેની પાછળ ગાંડા બનતા સમાજનું ચિત્ર આલેખ્યું છે; જો કે મોટે ભાગે પૈસાદાર કુટુંબો કરિયાવર કરતાં કરિયાણાની કિંમત વધારે આંકે છે-स्त्रीरत्नं दुष्कुलादपि! કરિયાવરનો લાભ ઉઠાવવા હમેશાં જરૂરવાળા પડે છે.

**'રામાયણની નિર્વાસિતા'** અને **'અપહૃતા'** એ એક કોટિની પરંતુ એક પ્રાચીન અને બીજી અર્વાચીન સ્ત્રીની વાત છે. બન્નેય સરખું જ સહન કરે છે. એ બતાવે છે જૂના સમયમાં અને અત્યારે સ્ત્રીની સ્થિતિ સુધરી નથી. स्त्रीणां साधुत्वे दुर्जनो जनः। એ વાત ત્યારેય હતી અને અત્યારે પણ છે.

**'પાપનો પોકાર,'** **'ત્યકતા'** અને **'પ્રેમલક્ષણા'** એ પણ સ્ત્રીઓને થતા અન્યાયોની કથાઓ છે; તેઓને અન્યાયો પુરુષ તરફથી સહન કરવા પડે છે કારણ કે તે અસહાય અને દબાયેલી છે.

**'છેલ્લું વીલ'** એ એક પ્રકારનું સરસ સ્વપ્નાલેખન છે અને તેમાંય સરસ્વતી અને કંચનનાકુ મેળની વાત છે. **'ગંગા ગટરમાં,'** **'મનની મેનકા,'** **'સતી નવી અને જૂની'** એ વાર્તાઓમાં પણ સ્ત્રીની દબાયેલી સ્થિતિનું આલેખન છે.

**'ગંગા ગટરમાં'**માં ગામડાંને નહિ બંધબેસતી શહેરી સંસ્કૃતિથી ગામડાંની થતી પાયમાલીને લેખકે બતાવી છે, **'કામ ને પ્રેમ'** માં કામ અને પ્રેમ વચ્ચેના ભેદને સુશીલા, માણેક અને નવલના પ્રણય-ત્રિકોણદ્વારા બતાવ્યો છે. બધીય વાર્તાઓ સુવાચ્ય છે અને ધ્યેયલક્ષી હોવા છતાંય રસની જમાવટ સારી રીતે કરી શકી છે.

શ્રી. જયભિખ્ખુની શૈલીમાં કલ્પના અને સૌષ્ઠવ વસેલું છે, અને વાર્તાઓ તેમના સીધા અનુભવમાંથી આવેલી હોઈ ધારી અસર કરી જાય છે. તેમની વાર્તાઓ વસ્તુદર્શી (Objective) છે અને એ રીતે સોમરસેટ મો'મ અને મોપાસાંની વાર્તાઓની કોટિની તેમની વાર્તાઓ છે. વાત નિરાંતે સુંદર રીતે તે કરે છે અને આપણા દિલ ઉપર એ રીતે તે ધારી અસર કરી જાય છે. તેમની ગ્રામજનોની ભાષાની પકડ ખૂબ જ છે અને એ તેમનાં પાત્રો સાથેના સીધા અનુભવનું પરિણામ છે. તે સાથે તેમની પાસે સુંદર, રમ્ય અને કલ્પનાપૂર્ણ શૈલી પણ છે. તેમની અનેક નવલકથાઓ વાંચનારને તે પરિચિત છે એટલે મોરનાં ઇંડાં ચીતરવાનો પ્રયાસ કરવા કરતાં હું વાચકોને તે વાર્તાઓ માણવા દોરું એ જ યથાર્થ છે.

ધનતેરશ, ૨૦૦૬
અમદાવાદ

**મધુસૂદન મોદી**

# પ્રસ્તાવના

[ બીજી આવૃત્તિ પ્રસંગે ]

'પારકા ઘરની લક્ષ્મી' નામના મારા સામાજિક વાર્તાસંગ્રહની ત્રીજી આવૃત્તિ હમણાંજ પ્રગટ થઈ છે. એ પછી એ જ પ્રકારની વાર્તાઓના આ સંગ્રહની બીજી આવૃત્તિ પ્રગટ થાય છે. 'લાખેણી વાતો' ની બીજી આવૃત્તિ પણ હમણાંજ પ્રગટ થઈ ચૂકી છે: આ વસ્તુ બતાવે છે, કે આ વાર્તાઓ તરફ વાચકોનું આકર્ષણ દિનપ્રતિદિન વધતું ચાલ્યું છે. અને એથીજ પ્રેરાઈને હમણાં 'અંગના' નામનો તદ્દન નવો જ વાર્તાસંગ્રહ વાચકો સમક્ષ મૂક્યો છે. આમાં એકપક્ષીય રીતે સ્ત્રી યા પુરુષને ઉતારી પાડવાનો હેતુ નથી, એ તંદુરસ્ત મનોદશા પણ નથી: પણ જ્યાં જેનો વાંક કાઢવા જેવો લાગ્યો, જ્યાં જેને જે કહેવા યોગ્ય લાગ્યું ત્યાં તે અસરકારક રીતે કહેવામાં આવ્યું છે.

છેલ્લાં વર્ષોમાં, પહેલી ને બીજી આવૃત્તિ વચ્ચેના ગાળામાં સ્ત્રી-જગતમાં ખાસ કંઈ મહત્ત્વનું પરિવર્તન જોવાયું નથી. એટલે વિશેષ વિવેચનની અત્રે અગત્ય દેખાતી નથી. અલબત્ત, પરિવર્તનની શીશીનો પારો કંઈક ઊંચે ચઢવા મથતો હોય, તેવું જરૂર દેખાય છે.

જયભિખ્ખુ

૧૩, બી, ચંદ્રનગર
સરખેજ રોડ, અમદાવાદ-૭.
તા. ૧૫-૨-૫૭

# લેખકની વાત

## [ પહેલી આવૃત્તિ વખતે ]

**ચિરકાળથી** સંસારમાં કંચન ને કામિનીનો ઝઘડો ચાલતો આવ્યો છે. જમાનાની તાસીરે એના રંગ-ઢંગમાં ભલે ફેરફાર કર્યો હોય પણ ઝઘડો નથી જ ટળ્યો ! સુધારાની બાંગ ફૂંકતા દેશોમાં પણ અમુક વર્તુલ કે અમુક વાડા બહારની કન્યાને પરણવાનું સાહસ કરવા જતાં શાહના શાહને પણ ભારે કિંમત ચૂકવવી પડી છે.

માણસ માણસ તરીકે સરખો જ છે. એ જેમ અપ્રગટ દેવ છે, એમ નિગૂઢ પશુ પણ છે. ઊછળતા તરંગોમાં જતું નાવ જેમ બંને બાજુ ડોલાં ખાય, તેમ સંજોગાધીન માણસ-દેવ કે પશુ-આ બેમાંથી એક અવસ્થામાં વારંવાર આવ-જા કરે છે !

સ્વસ્થ માણસને જ્યારે ક્રોધ સ્પર્શે છે, ને એની મુદ્રાના હાવ-ભાવમાં પરિવર્તન થાય છે, ત્યારે માણસમાં વસતું પશુ પ્રત્યક્ષ થાય છે. એ જાણે સામાને ખાવા ધસતો હોય તેવો ભયંકર દેખાય છે. એ જ માણસ જ્યારે આનંદમાં ખિલખિલાટ હસતો હોય છે ત્યારે ત્યાં દેવતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે ! જાણે કેવો સુંદર ને કેવો અભિરામ પુરુષ !

માણસ દેવ થાય કે પશુ થાય—એમાં કશુંય અસ્વાભાવિક લાગ્યું નથી : પણ માણસ તરીકે રહે એ સદા કઠિન કાર્ય લાગ્યું છે.

દુઃખનો દરિયો ગર્જી રહ્યો હોય, મનને બહેકાવી મૂકે ને તનને તલવારને ઝાટકે મરવા કે મારવા પ્રેરે તેવી પરિસ્થિતિમાં પણ માણસ માણસ રહે, એ સદા કઠિન લાગ્યું છે! અથવા સુખ, શાન્તિ ને સમૃદ્ધિનો સાગર હિલોળા લઈ રહ્યો હોય ત્યારે પણ માણસ દોલતના નશામાં માણસાઈ રાખી રહે, એ દુષ્કર લાગ્યું છે! અતિ સુખ–અતિ દુઃખ માણસાઈનો કસોટીપથ્થર છે.

અધિકારની ભાવના ને સત્તાની ઝંખના માણસના સ્વભાવમાં ચકમકમાં રહેલા અગ્નિની જેમ છુપાઈ રહી છે! નાનું બાળક પણ પોતાનાથી નાના પર રોફ જમાવવા મથે છે! આ જગતમાં સ્વભાવે ને પ્રકૃત્તિએ ફક્કડ એવા પુરુષે એના કોમળ અર્ધાંગ સામે હમેશાં કબજો રાખ્યો છે. સ્ત્રીને કુદરતે પણ પહેલેથી વળગણ આપી છે, મુક્ત રહેવા માગે તો પણ ન રહી શકે તેવું મન આપ્યું છે, ને એક બનાવ પાછળ જીવ આપી દેવાનો સ્વભાવ ઘડ્યો છે; એટલે પ્રકૃતિનો ફક્કડ પુરુષ આવા અર્ધાંગ પર કાબૂ મેળવી સંસારનો ચક્રવર્તી રાજા રહ્યો છે!

એ રાજાએ સિંહાસન પર ચઢી એક તરફ કામિનીને બેસાડી, બીજે પડખે કંચનને! પોતપોતાની રીતે બંને સ્વતંત્ર પણ છેલ્લે પુરુષને લાગેવળગે ત્યાં બંને પુરુષના વર્ચસ્વ હેઠ!

પુરુષપ્રધાન સંસ્કૃતિવાળા હરકોઈ સભ્ય દેશમાં હજીય પુરુષનું વર્ચસ્વ છે, અને સ્ત્રી તથા સોનું–જેની સરખી કિંમત છે એ પુરુષોની તાબેદારીમાં છે. ને એ જ કારણે જર અને જોરુ–કંચન ને કામિનીના ઝઘડા ચાલે છે: અલબત્ત, સંજોગાનુસાર બેમાંથી એકની તરતમતા ભલે થતી રહેતી હોય! કંચનને કારણે વિશ્વયુદ્ધો ખેલાય છે: કામિનીને કારણે આંતરયુદ્ધો ચાલે છે. વિશ્વયુદ્ધો કરતાં આંતરયુદ્ધો વધુ વિનાશકારી હોય છે.

સ્ત્રીસન્માનના પૂજારીઓને આ વાત કદાચ નહિ ગમે. ગઈ કાલે સ્ત્રી મોટેભાગે ઘરની દાસી હતી, આજે મોટા પ્રમાણમાં સ્ત્રી

વિષયની દાસી બની છે. એણે પુરુષના પ્રચંડ પુરુષાતન સામે પોતાનું પ્રતાપી સ્ત્રીત્વ જોડવા કરતાં, નજાકત ભરી રમકડા–રાણી બનવું પસંદ કર્યું છે! એ નાજુક, નમણી, ખર્ચાળ, મહેનતથી દૂર ભાગનારી, માંદલી, અસહિષ્ણુ, ભાષણિયા, અંગોનાં આકર્ષણો વધારવા માટે વેશભૂષા પાછળ વ્યર્થ સમય ખોનારી બની છે! પુરુષનું વર્ચસ્વ હજીય ત્યાં છે! જૂની સ્ત્રી એક છેડેથી ગુલામ હતી; નવી સ્ત્રીએ બીજે છેડેથી ગુલામીની શરૂઆત કરી છે!

સંસારને નરોત્તમોની ભેટ આપનાર માતૃસંસ્થા માટે આવા ઘસાતા બે શબ્દો કહેવા, એ ખરેખર લજ્જાસ્પદ છે. ઇતિહાસ–પ્રસિદ્ધ નરપુંગવોને પેદા કરનારી માતાઓ તરફ સંપૂર્ણ અદબ રાખીને કહીએ છીએ, કે સંસારની રત્નગર્ભા ખાણોમાં લૂણો લાગ્યો છે! કેટલીક તો હવે 'રત્નગર્ભા' શબ્દમાં પણ પોતાનું અપમાન માની રહી છે! પણ હજી જ્યાંસુધી સંતાન સ્વર્ગમાંથી ગેરવી શકાતાં નથી, ત્યાંસુધી સ્ત્રીઓએ એ ધર્મ નિભાવવો જ પડશે.

સ્ત્રી એ તો પ્રેરણાભૂમિ છે. પ્રેમનું ઝરણ છે, પુરુષે એને વિકૃત કરી. એ વિકૃતિને સ્ત્રીએ પોતાની પ્રકૃતિ માની! પરિણામ એ આવ્યું કે સોના પાછળ જ સ્ત્રી ખેંચાણી. આજે કોડભરી કામિની કંચનના ઢગલા પર જ બેસવા લલચાય છે! મોટરો, મહેલો, ઘરેણાં ને આભૂષણો હજીય એના પર વર્ચસ્વ રાખી રહ્યાં છે! એવી બરાતો બહુ મોટી જોડાય છે, પણ બરાતીઓ–જાનૈયાઓ એ લગ્નની બીજી વર્ષગાંઠ આવે ત્યાં તો કંચન ને કામિની બંનેમાં ઝઘડો જાગેલો સાંભળે છે! આજે ભલે સ્ત્રીઓ વેચાતી ન હોય, પણ એને સ્વીકારનાર મજબૂત, સશક્ત ને સુંદર 'માલ' તરીકે જ એને પસંદ કરે છે! કામિનીસ્વરૂપા તરીકે સ્વીકૃત થયેલી સ્ત્રી સદા કામિની રહી શકતી નથી: ને બર્ટ્રાન્ડ રસલ માને છે તેમ

આકર્ષણનો ત્રણ વર્ષનો કાળ ખતમ થતાં – ઉકરડે ગધેડાં ભૂંકતાં દેખાય છે !

કંચનની મોહિની પણ એવી જામી છે. માણસની પ્રતિષ્ઠાને બદલે મૂડીની પ્રતિષ્ઠા થઈ રહી છે. હજાર, લાખ ને કરોડ પર એની મસ્તાની પારાશીશીનો પારો ઊંચો ચઢે છે. ધર્મમંદિરોનાં દ્વાર ધનવાન ખોલે, ધર્મવંત હોય કે નહિ તેની ચિંતા નહિ! રાજકીય કે ધાર્મિક ઉપદેશોમાં કે સમારંભોમાં શ્રીમંત વર્ગ આગળની સીટ રિઝર્વ રાખે ! માણસાઈની મદદ માટે એ મૂડીદારોનાં હૃદયને અપીલો થાય ! પહેલી ખુરશી શ્રીમંતાઈની પડે, સદાચારીનું કોઈ સ્થાન નહિ !

સોનાની નિંદા કરનારા સંન્યાસીઓ જ સોનાની મહત્તા સ્થાપી ભગવાનનાં મંદિર એમનાં નામે બનાવે, ભોગ-શણગારમાં એમના જયજયકાર થાય, મહાલયો જેવાં ધર્માલયો પર તખતીઓ પણ એમની ચઢે, ધર્મ પણ એમને પામીને વિખ્યાત બને !

રાજકારણમાં પણ માનનો માપદંડ સોનાથી જ મપાય. ફંડફાળાની પ્રથાઓમાં સાહજિક રીતે સુવર્ણનો સ્વામી અગ્રપદ પામે છે ! લોકશાહીમાં ચૂંટણીઓ મોટી વસ્તુ છેઃ ને એ ચૂંટણીઓમાં ઘણોખરો વિજય સુવર્ણ પર નિર્ભર રહેલો છે.

ન્યાયસંપન્નવિભવ–ન્યાયોપાર્જિત વિત્તની ચિંતા કોઈને નથી ! પૈસો ને અન્ન પ્રામાણિક હોય તો પચે, એ માન્યતા જૂનવાણી ઠરી છે.

કંચનની આ પ્રતિષ્ઠાએ દુનિયાને ખોટે રવાડે ચઢાવી દીધી ! માણસ આજે મનથી ઇચ્છે છે ભરપૂર સોનું ને રમકડા જેવી રૂપભર વિલાસી સ્ત્રી ! એને માટે જગતમાં પોતે ખરાબ ન દેખાય, એટલી સાવચેતી સાથે — હિંમતવાન માણસ જાહેરમાં, કમજોર ખાનગીમાં — એનો સ્પષ્ટ એકરાર કરે છે !

માનવીને આ નશો એટલો વ્યાપ્યો છે, કે શાસ્ત્રો, સાહિત્ય,

કાવ્યો કે બોધકથાઓ ક્ષાર ઉપર લીંપણ જેમ બન્યાં છે: જેલ, દંડ ને કોર્ટો પણ ત્યાં કમતાકાત સાબિત થયાં છે!

ધનનું ઘેલું તો એવું જોયું છે, કે એક માણસ જીવનભર એક પ્રૌઢ શ્રીમંત સ્ત્રીનો એકનિષ્ઠ આશક બનીને રહ્યો. જેની સામે એક અડવાડિયું પણ નભી ન શકે, એવી શ્રીમંત પુત્રીને પરણીને એક ડબલ ગ્રેજ્યુએટે જિંદગી બરબાદ કરી. કેટલાંય માબાપોએ દ્રવ્યવાન સાસરું મળે એ માટે દીકરાઓને પોપટની જેમ પઢાવી, પશુની જેમ લગ્નજીવનમાં ધકેલ્યા. શ્રીમંતની પુત્રીને બહેરા-બોબડા ( અંગથી નહિ, તો બુદ્ધિથી ) પણ શ્રીમંતને જ વરવું પડે! મોટરો, મહેલો, મહેફિલોને પરણવા માટે જાણે લોકો પડાપડી કરવા માંડયા છે!

આ બધામાં સામાન્ય કક્ષાના માનવીને સ્વમાનભેર જીવવું ભારે થઈ પડયું છે! સદાચારની કંઈ કિંમત નથી રહી. સદ્‌વર્તન વેદિયાવેડામાં ખપ્યું છે. આટઆટલી કૉલેજોએ કંચન અને કામિનીના આકર્ષણને ભડકાવવામાં પોતાની ઈતિશ્રી માની છે. શાળાઓ જ મોહમંદિર બની છે. માણસ ત્યાંથી જ કંચન-કામિનીની ભૂલભુલામણીના પ્રવેશદ્વારમાં દાખલ થાય છે!

એ વિદ્યાનાં ને જીવનનાં અર્થીઓને, ધનમાં સુખ વસ્યું નથી, પણ મનમાં સુખ વસ્યું છે, એટલું કોઇએ કહ્યું નહિ: રૂપમોહ એ સત્ય નથી, અંતરપ્રેમ અનોખા છે, એટલું કોઈએ સમજાવ્યું નહિ, ધન માટે જેટલી કેળવણી કૉલેજોમાં અપાય છે, એટલી મનની કેળવણી થતી હોય તો? મનને તો અહીં સવિશેષ બહેકાવવામાં આવે છે! પરિણામે આ શાળામાંઓથી ગરીબ ધનવાનો, ભિખારી બુદ્ધિમાનો અને જાતીય વૃત્તિમાં રાચતાં પશુઓ જ મોટે ભાગે પેદા થતાં દેખાય છે.

સહૃદય સ્વસ્થ માણસ ક્યાંય ઘડાતો નથી!

માણસ ઘડાતો નથી, એટલે માણસ પોતાના ઘરને ઘડી શકતો નથી. કંચનની ગાંડી ઘેલછા ને સ્ત્રી તરફનું જૂઠું વલણ — બંનેએ ઘર ખોવરાવ્યું છે! આજે આઝાદી છે, ધન છે, સત્તા છે, પ્રતિષ્ઠા છે, મહત્તા છે: પણ માણસ પાસે સંજીવની સમું 'ઘર' નથી!

એ 'ઘર' વિના માણસ પેટક્ષુધા ને જાતીય ક્ષુધા માટે, અકરાંતિયાની જેમ આરોગતો છતાં, ભિખારીની જેમ ભૂખ્યો ને ભૂખ્યો દરબદર ભટકી રહ્યો છે: એની ક્ષુધા અતૃપ્ત જ રહી છે! રસોડા કરતાં રેસ્ટોરાંમાં સ્વાદ, સ્વસ્ત્રી કરતાં પરસ્ત્રીના સહવાસમાં આનંદ, ઘરના બદલે બાગમાં વિશ્રાન્તિની કલ્પના, સજોડે કરતાં એકલા ભમવાની સ્વૈરવૃત્તિ: આ બધું શું છે?

સંસારની સંસાર—જેલોમાં આવા અતૃપ્ત આત્મા જ વધુમાં વધુ કેદી છે!

કંચન ને કામિનીનાં આકર્ષણ ઓછાં થાય તો "ઘર" વસે. ઘર વસે તો પરિવાર બને, પરંપરા રક્ષાય, ને પૃથ્વી નરોત્તમો પામે. આમ બને તો જ વિલાસ ને વિકાસમાં ભેદ પરખાય.

તો જ ધન એ સાધન છે, ધર્મ એ સાધ્ય છે, એ સમજાય.

તો જ સ્ત્રી એ સહધર્મિણી છે, પુરુષ સહધર્મી છે, એ પરખાય.

તો જ ધર્મ જતો હોય તો ધન જવા દેવું; જેમ નાક જતું હોય તો શરીર જવા દેવું તેમ, ઉચિત લાગે.

સ્ત્રીની ફરીથી સાત્ત્વિક રીતે પ્રતિષ્ઠા થવી ઘટે, ને તો જ પૃથ્વી નરોત્તમો પામશે. આજે તો સ્ત્રી સંતાન આપે તોય સંતાન એનું નહિ; ઘર વસાવે તોય ઘર એનું નહિ, સંસારના યજ્ઞનું બલિ જાણે સ્ત્રી! એનો લાભ હાંસલ કરનારો એક માત્ર પુરુષ! આવી સ્ત્રીની, પ્રેરણામૂર્તિની,–વિલાસમૂર્તિની નહિ,–નજાકતની પૂતળીની નહિ–હવે પ્રતિષ્ઠા થવી ઘટે!

તો જ આજનો ઊકળતા ચરુ જેવો ગૃહસ્થ, લાગણીના આવેશમાં

દારૂખાનાનો બનેલો માનવી સ્થિર થશે, ઘર પામશે, ધર્મ પામશે ને પ્રતિષ્ઠિત થશે : સંસાર સ્વર્ગ બનશે ; પૃથ્વી પર સહસ્રદલ પદ્મ ખીલશે.

આ વિચારધારાના વેગમાં જન્મેલી કેટલીક વાતોના ઝૂંડમાંથી થોડીએક વાતો અહીં અપાય છે. આશા છે કે વાચક, એ વિચાર-સરણીથી એ વાંચે ! આ સંગ્રહની અન્તિમ વાર્તા મારા લેખન-વ્યવસાયના પ્રારંભ પૂર્વેની પહેલી વાર્તા છે. ઈ. સ. ૧૯૩૨ માં લખેલી ! સ્વર્ગસ્થ હાજીમહમ્મદના સુપુત્ર દ્વારા સંચાલિત ‘વીસમીસદી’માં તા. ૨૪-૧-૧૯૩૪ના અંકમાં પ્રગટ થયેલી.

મારાં કેટલાંક પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ એક ધન્ય યોગ લાધે છે. ગુજરાતના જાણીતા ભાષાશાસ્ત્રી ને શિક્ષણશાસ્ત્રી, સંસ્કૃત-પ્રાકૃત ને માગધી ભાષાના પ્રકાંડ વિદ્વાન, સાથે યુરોપીય સાહિત્યના હાર્દના મર્મજ્ઞ શ્રીયુત મધુસૂદન મોદી એમ. એ. એલએલ. બી. ની પ્રસ્તાવના આ પુસ્તકને સાંપડે છે.

તેઓએ ખૂબ જ ઊંડા ઊતરીને આ પુસ્તકના વિષયને સ્પર્શ કર્યો છે; અને તેથી આ પુસ્તકની ઉપયોગિતામાં નિઃશંક વધારો થયો છે. તેઓ કહે છે તેમ, સોનાની લાકડીને ચાંદીની ખોળ નથી પહેરાવી, પણ મારી સીસમની લાકડીને તેમણે ચાંદી-સોનાનું મોઢિયું પહેરાવ્યું છે. એમનું ઋણ શું માનું ? મિત્રો અને મુરબ્બીઓનું ઋણ કદી માન્યું મનાયું છે કે ન માન્યું અવમનાયું છે ?

નૂતન વર્ષ : ૨૦૦૭
માદલપુર : અમદાવાદ-૬

જયભિખ્ખુ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | કંચન ને કામિની | ૩ |
| ૨. | સોનાની મરઘી | ૨૪ |
| ૩. | ગંગા ગટરમાં | ૬૧ |
| ૪. | સાંકળી ફઈબા | ૭૪ |
| ૫. | છેલ્લું વીલ | ૯૩ |
| ૬. | રામાયણની નિર્વાસિતા | ૧૧૨ |
| ૭. | ચૌદશિયો | ૧૨૯ |
| ૮. | સતી : નવી ને જૂની | ૧૬૧ |
| ૯. | મનની મેનકા | ૧૬૮ |
| ૧૦. | અપહૃતા | ૧૭૪ |
| ૧૧. | જીવનનું દાન | ૧૯૧ |
| ૧૨. | પ્રેમલક્ષણા | ૧૯૭ |
| ૧૩. | કામ ને પ્રેમ | ૨૦૫ |
| ૧૪. | પાપનો પોકાર | ૨૨૬ |
| ૧૫. | ત્યક્તા | ૨૪૪ |

# કંચન ને કામિની

[ 'પારકા ઘરની લક્ષ્મી'
પછીનો વાર્તાસંગ્રહ ]



અંધેરી હૈ રાત,
ઔરત હૈ ચિરાગ.

# કંચન ને કામિની

## [ વાર્તા પહેલી ]

**જાંબૂના** વનમાંથી નીકળીને વહી આવતું નાનુંશું ઝરણુ, નખરાળી નવોઢાની જેમ, સુંદર વળાંક લઈ જ્યાં સાગરસંગમ પામતું, ત્યાં નાની એવી મઢી આવેલી હતી. એ લગભગ નિર્જન રહેતી. કદીક સારસ–સારસી ત્યાં રોજનો ચારો ચરતાં વિશ્રામ લેવા થોભતાં.

આ નીરવ એકાંતમાં, પીળાં ધમરખ ફૂલોથી લચી પડતાં આવળનાં ઝૂંડ વચ્ચે, કોઈએ ભારે પ્રેમથી ને પૂરતી કાળજીથી આ મઢી બનાવી હતી. કોઈ કડિયા, સલાટ કે શિલ્પી એને સજ્જ કરવા આવ્યા નહોતા. બે નાનાશા કોમળ હાથોએ દિન–રાતની કાળી મજૂરીથી આ કઠિન કામ કર્યાનું કહેવાતું હતું. વખતે એમ પણ બનતું કે ચોમાસાનો તોફાની વરસાદ એને જમીનદોસ્ત કરી જતો. પણ શિયાળાની ગાત્ર કંપાવે તેવી ઠંડી ઋતુમાં ફરી બે હાથ કામે લાગી જતા, અને મઢી ફરી ખડી થઈ જતી.

મઢીના દ્વાર પર હજારીગલના બે છોડ વાવ્યા હતા. રસ્તે જતો માણસ સૂંઘવા એને ઉપાડી જાય તો ઠીક, નહિ તો ફૂલ પોતાની કેસરવર્ણી પાંખડીઓથી દ્વારમાં બિછાત કરતાં. આ દ્વાર ખોલીને પ્રવેશ કરતાં, કોઈ રમતિયાળ છોકરીએ ઘર ઘર રમતાં નાનકડું રમકડાનું ઘર નિપજાવ્યું હોય તેમ લાગતું. ઘર વચ્ચે નાની ખાટ, નાનું પાણિયારું,

નાવણુ માટેની તાંબાકૂંડીઓ, પોઢણુ માટે નાનોશો પલંગ, એવું એવું કંઈ કંઈ બનાવેલું—બધું બાળકની રમત જેવું લાગે.

પણ નજર ફરતી ફરતી જ્યારે દીવાલ પરના ચિત્ર પર ઠરતી ત્યારે મનમાં કુતૂહલ જાગતું. ચાકથી પોતેલા ભાગ પર કાળી મસીથી સ્ત્રીના મુખનો અડધો ભાગ ચીતરેલો હતો. મુખમુદ્રા કોઈ નવ-યૌવનાની લાગતી, અને એના ગલ પડેલા ગાલ પર એક છૂંદણું બતાવ્યું હતું. ઉપર રમજીના રંગથી બે હોઠ ચીતર્યાં હતા.

જોનારની જિજ્ઞાસા જાગી ઊઠતી. એ પ્રશ્ન કરી બેસતો. જાણકાર જવાબ આપતો, કહેતો : 'મેના નામની ગાંડી સુતારણે પોતાના પાગલ પતિના સ્મરણુમાં આ મઢી બનાવી છે.'

'અરે, ગાંડું તે વળી ગાંડાનું સ્મારક બનાવે ? ખરું ભાઈ, વાત કંઈક વિચિત્ર જ હશે ! ને મારો અનુભવ છે, કે સંસારની વિચિત્ર વાતોમાં જ કંઈક સત્યનો અંશ રહેલો હોય છે.'

'તો સાંભળો વાત !'

[ ૨ ]

**જાંબૂના** વનની પાછળ વસેલા જાંબુડિયા નામના ગામમાં થોડા વખત પહેલાં એક નામીચો કારીગર રહેતો હતો. મનસુખ એનું નામ. લક્કડકામનો—નકશીકામનો—ભારે નિષ્ણાત. પેટની રોજી માટે જાવા, સુમાત્રા, ને પછી ઠેઠ આફ્રિકા સુધી રખડી આવેલો. એની બનાવેલી કાષ્ઠપૂતળીઓએ અનેક મહેલ ને મંદિર શોભાવ્યાં હતાં. એના બનાવેલા નકશીભર્યાં છત્રપલંગો ગૃહસ્થોના ઘરમાં પ્રદર્શનની વસ્તુ બની ગયા હતા. લોકોએ એ છત્રપલંગોનું સ્થાન શયનગૃહોને બદલે દીવાનખાનામાં નક્કી કર્યું હતું. રાજાઓનાં રંગભવનો અને સિંહાસનો મનસુખની કારીગરી વગર ફિક્કાં લાગતાં.

જાતનો એ સુતાર હતો. નાની ઉંમરે માબાપ મરી ગયેલાં. મોટી ઉંમરે રળતો, કમાતો ગયો, બે પૈસાનો પાસે જીવ થયો એટલે

એની જ નાતના એક સુતારે પોતાની પુત્રી 'આશા' એને આપી. ગામડાગામનાં માણસો સાહિત્યમાં તો શું સમજે, પણ બાપદાદાના વારાથી ચાલતાં આવેલાં નામો પાડતાં. આશાને સાવકી મા હતી, ને સાવકી માને પનારે પડેલી છોકરીના સુખની શી આશા? સંસ્કારની તો વાત જ શી! છોકરીને જેનો સદા ખપ રહે છે ને જેના પર એનું બળ ટકે છે એ સૌન્દર્યની તો કોણ ખેવના રાખે? વાળ તો સુઘરીના માળા! બોલવાનું ઠેકાણું નહિ! હસે તે કેવી વિચિત્ર રીતે! કપડાં તો પહેરતાં જ કોને આવડે!

પરણીને પહેલે દહાડે આવ્યાં, એટલે મિત્રોએ મશ્કરી કરી: 'અલ્યા, શું સુતારની નાતમાં છોડીઓનો દુકાળ છે, તે આ બાબલું વહોરી લાવ્યો?'

'ચિંતા ન કરશો. હું કારીગર છું. હું જાણું છું કે દરેક વસ્તુને ઘડવી પડે છે. લાકડાનો ગમે ત્યાં પડેલો કદરૂપો ટુકડો ઘડીને મૂર્તિ બનાવીએ, તો પછી લોકો એની કેવી પૂજા કરવા આવે છે? સારો કે નરસો ઘાટ નિપજાવવો એ કારીગરના હાથની વાત છે.' મનસુખે જવાબ આપ્યો.

'અલ્યા, તો તું પણ આ બાબલાનો ઘાટ ઘડજે ને પછી પૂજા કરજે!'

મનસુખે પછી કંઈ જવાબ નહીં આપેલો. પણ બેએક વર્ષે એની વાત સાચી ઠરી. આફ્રિકાનો એક ફેરો મારીને બન્ને આવ્યાં, ત્યાં તો આશા જાણે સમૂળી–ધરમૂળથી બદલાઈ ગઈ; જાણે એ આશા જ નહિ! મોં પરની શ્યામલતા જાણે કોઈએ લૂછી નાખી હતી, વાળમાંથી ગૂંચો કાઢી નાખી હતી, કપડામાંથી બેદરકારી ખંખેરી નાખી હતી! રૂપ તો કેસૂડાનાં ફૂલ જેવું ખીલી નીકળ્યું હતું, ને એમાં ઉપરથી વસ્ત્ર–આભૂષણનો ઠાઠ! ઓછામાં પૂરું હોંશીલા મનસુખે એના ગોરા ગોરા ગાલ પર એક છૂંદણું છૂંદાવેલું. આશા તો ઘણી શરમાયેલી, પણ મનસુખની હઠ પાસે એનું કંઈ ન ચાલ્યું.

આશા સાવકી માને મળવા ગઈ કે માએ તરત ગાલ પરનું છૂંદણું શોધી કાઢ્યું : 'આ ક્યારે કઢાવ્યું ?'

'આફ્રિકામાં !'

'રાણીને રૂપમાં કંઈ ખામી લાગતી હશે ? ઓછાં નખરાં કરો ઓછાં !'

પણ આશાએ તો પછી સાવકી મા માટે, એનાં દીકરાદીકરી માટે આણેલી ચીજોનું પ્રદર્શન ભર્યું. થોડી વારમાં દુર્વાસા બનેલી માતાનો રોષ ગળી ગયો. સહુ એનાં મીઠડાં લેવા લાગ્યાં. બધાં કહે : 'વાહ મારી બેનડી ! વાહ મારી બેટડી ! દીકરીએ દિલ ઠાર્યાં !'

આશાએ મનસુખને જ્યારે આ બધી વાત કરી ત્યારે એ નાખુશ થયો. એણે કહ્યું : 'એવાં નઘરોળને શા માટે આપ્યું ? પાછું લાવવું હતું. ઘરમાં ન રાખત તો ધર્માદા કરી દેત !'

'ગાંડા, સંસારમાં સગાઈ માત્ર આવી છે. સહુ માયાના મિત્ર ! કંચનના ગુલામ ! દૂઝતી ગાય પર બધા દયાવાન ! અને આ કળિકાળમાં કંચનથી પણ જો સગાંનો સ્નેહ ને વહાલાનું વહાલ રહેતું હોય, તોય ઘણું છે !' આશાએ મોટું મન બતાવ્યું.

'આશા, બહુ ભલી ન થઈશ, નહિ તો સંસાર તને આખી ને આખી ખાઈ જશે, ને ઓડકાર પણ ખાશે નહિ. બાકી, તું જો આખું ઘર કૃષ્ણાર્પણ કરી દઈશ તોય નહિ બોલું.'

આશા અને મનસુખ આમ એકબીજાનું મન સમજીને ચાલતાં.

ધીરેધીરે મનસુખના સુખદ દાંપત્યજીવનમાં નવો જીવ વધવાનો શુભ પ્રસંગ પણ નજીક આવી પહોંચ્યો. સાવકી માએ આશાને પોતાને ત્યાં સુવાવડે લઈ જવાનો આગ્રહ કર્યો. મનસુખનો જીવ આશાને આવાં સગાંના હાથમાં સોંપતાં કેમે માનતો નહોતો. પણ ભોળી આશાએ કહ્યું : 'દામ કરે કામ. આ તો બધાં પૈસાનાં દાસ છે ! એ તારી પાસે

હશે ને એમને મળતા રહેશે ત્યાં સુધી એમની સગાઈમાં જરાય ઓટ નહિ આવે! કસાઈ પણ દૂઝણી ગાયને મારતો નથી!'

એક સારા દિવસે, ઘરેણાંથી લદાયેલી આશા પોતાના પિતાને ત્યાં ગઈ. મનસુખે સસરાજીને કહ્યું: 'પૈસા સામે ન જોશો, સ્ત્રીને માટે પહેલી પ્રસૂતિ એ મોટી ઘાત છે. માટે સાચવજો ને જોઈએ તે મંગાવી લેજો. કોઈ વાતે ખેંચ ન રાખશો.'

સસરાજીએ આ વાત ગૃહિણીને કહી. ગૃહિણી ભારે સમજદાર હતાં. જમાઈરાજની ઇચ્છાને માન આપવા માંડ્યું. આજ આ ગામની દાયણ, તો કાલે બીજા મોટા ગામની દાયણો તેડાવવા માંડી. દાયણ ક્યારે આવતી ને જતી એની ખબર ન પડતી, પણ એને આપવાના પૈસા અચૂક ઘરમાં આવતા.

આવાં એક યા બીજા કારણસર મનસુખ જેમ પૈસા આપતો જતો, એમ એને સંતોષ થતો. એને ભરોસો પડતો કે સાસરિયાં દવા-દારૂમાં ને સારસંભાળમાં તો કચાશ રાખતાં નથી.

એક બે વાર એણે આશાને મળવાની ઇચ્છા કરી, તો એની સાવકી માએ કહ્યું કે આશાને આ વાત પસંદ નથી. ગામડા ગામમાં લાજ મરજાદ વધુ. લોક સાંભળે તો ટીકા થાય. મનસુખે મન વાળ્યું. હવે તો છેલ્લા દિવસો હશે...અરે, હવે તો છેલ્લા કલાકો હશે! મારી આશાને......

મનસુખ મનમાં ને મનમાં કલ્પનાનું ઘોડિયું ને કલ્પનાની હેમની પોંચિયું વિચારી રહ્યો.

મનસુખ એકલો એકલો હસી પડ્યો. એ વેળા કોઈએ દ્વાર ઉઘાડ્યું. શું કોઈ સમાચાર લાવ્યું?

'કેમ, શું છે?' મનસુખે દ્વાર પર ધસી જઈને આવનારને પૂછ્યું. પાડોશણની નાની છોકરી સમાચાર લઈને આવી હતી. એણે કહ્યું:

'આશાને પહેલી ને છેલ્લી વાર જોઈ લેવી હોય તો ચાલો! એણે કહ્યું છે, કે અરેરે! આટઆટલા સંદેશા મોકલ્યા તોય મળવા ન અવાયું! લોકલાજ તમનેય ઘેરી વળી! શું આંખથી અળગી ગઈ એટલે અંતરથી પણ ઓસરી ગઈ?'

'શાના સંદેશા? અરે, એ જ મને મળવાની ના કહાવતી હતી ને! એની જ બહેન અને મા મને એમ કહેતાં હતાં!'

'ખોટું. બિચારીને એકે દહાડો જંપવા નથી દીધી. શરૂશરૂમાં કામ કરતી રહે તો ઝટ છેડાછૂટકો થાય એમ કહી ઢસરડો કરાવ્યો: પછી ખાટલે પડી તો ઢોંગ છે, એમ કહી ભાવ ન પૂછ્યો. મનસુખલાલ, જલદી કરો, પછી આશાબહેનનું મોં પણ નહિ જોવા પામો!'

મનસુખ દોડ્યો; સસરાના ઘરમાં શ્વાસભેર પેઠો. સહુએ આવી ઘેલછા છોડી દેવા કહ્યું, પણ તે ન અટક્યો.

'આશા ક્યાં છે?' મનસુખે બૂમ પાડી.

'મનસુખ! વહાલા!' ઊંડાણમાંથી એક ક્ષીણ અવાજ આવ્યો. મનસુખ એ તરફ ગયો. એક અંધારી ઓરડીમાંથી એ ક્ષીણ અવાજ આવતો હતો. નાક ફાડી નાખે તેવી ભયંકર દુર્ગંધ ત્યાં ફેલાઈ રહી હતી, ને ધુમાડા આડે કંઈ દેખાય તેમ નહોતું.

મનસુખ અંદર ધસ્યો. આંખો કંઈ કામ કરી શકે તેમ નહોતી. અચાનક સળગતી સગડીમાં એનો પગ પડી ગયો. એક ઝીણી ચીસ એના મોંમાંથી નીકળી ગઈ ને આગળ ધસ્યો. એણે જોયું કે એક જીર્ણ ખાટલા પર, મેલાં ગોદડાંમાં આશા બેફામ પડી હતી!

'આશા!' મનસુખે ચીસ પાડી. પણ સામેથી જવાબ ન આવ્યો. આશાના હોઠ છેલ્લી વાર ધીમાધીમા ફફડીને સ્તબ્ધ થઈ ગયા હતા. એની આંખો કોડા જેવી સફેદ ને સ્થિર હતી.

'આશા!' મનસુખે ફરી વાર બૂમ મારી.

'મનસુખલાલ! બાળકબુદ્ધિ ન કરો! તમારી અને એની લેણાદેણી પૂરી થઈ. અરેરે, બિચારી ભર્યાં ઘરનું પૂરું સુખ પણ ન ભોગવી શકી.'

'શું એ મરી ગઈ?' ને મનસુખ સૂધબૂધ ગુમાવી બેઠો. 'આશા! આશા!' બોલતો નીચે ઢળી પડ્યો.

એ પછી જીવનાર માટે સદા બેદરકારી બતાવનાર સંસાર, મરનાર માટે જે ખબરદારી રાખે છે, એ શરૂ થઈ. સારું ઓઢણ, સારું પોઢણ, સારી ચિતા, ઝાઝેરાં સગાંસંબંધી! મોટી કાણમોકાણ! જોરથી રોવુંકૂટવું! મરનારીને જુદે જુદે વહાલસોયે નામે યાદ કરવી, લાગણીના ધોધ ને માયાનાં આક્રંદ!

પણ મનસુખ જ્યારે મૂર્છામાંથી જાગ્યો ત્યારે, એ એક ચોખ્ખા ઓરડામાં પથારી પર પડ્યો હતો. એના દાઝેલા પગ પર પાટો વીંટાળેલો હતો, ને માથે લાલ ગુલાબી ફેંટો હતો. કપાળમાં કુંકુમનો ચાંલ્લો હતો, ને સામે જ ગોળની થાળી પડી હતી.

એક વાર મનસુખે સ્મૃતિનો દીપ પેટાવવા પ્રયત્ન કર્યો. કપાળમાં મોટો ચાંલ્લો ચોડી ફરતી આશા, હીંચોળાતું મેનાપોપટ કંડોરેલું ઘોડિયું ને સોનારૂપાની પોંચિયું! એના નિર્બળ ચિત્તે સાચી પરિસ્થિતિનો તાગ કાઢવા પ્રયાસ કર્યો, પણ એ પ્રયાસ એવો દુ:ખદ નીવડ્યો કે ફરી એ બેભાન બની ગયો.

મોડી રાતે એ જાગ્યો. ફરી થોડી વાર વિચાર કરતો રહ્યો, ને ફરી બેભાન બની ગયો. વળી પ્રભાતની તાજગીમાં એ ફરી જાગ્યો. એ વેળા અનેક સગાંવહાલાં ત્યાં વીંટળાઈ વળ્યાં હતાં. સહુ આશ્વાસન આપવા લાગ્યાં ત્યારે એ એટલું બોલ્યો :

'અરેરે! ભોળી આશા માનતી હતી, કે કસાઈ પણ દૂધ દેતી ગાયને મારતો નથી. તમે તો એથીય ભૂંડાં નીકળ્યાં—દૂધ દેતી ગાયનેય હણી નાખી!'

આટલું બોલી એ ફરી બેભાન બની ગયો. આ ક્રમ ચાલુ જ રહ્યો. બીજી તરફ સગાંવહાલાં મરનાર પાછળની વિધિ અચૂક રીતે ઊજવી રહ્યાં હતાં. ભલા, આશાનો ભોળો આત્મા ત્યાં હોત તો જરૂર કહેત : 'હશે, હશે! જીવનાર પ્રત્યે નહિ તો મરનાર પ્રત્યે પણ આટલું વહાલ સંસારમાં ઘણું છે!'

ફરીફરીને મૂર્છા પામતા મનસુખ માટે કુટુંબના ઘરડેરા વિચાર કરવા બેઠા. એમણે નક્કી કર્યું કે સારી સારી બેચાર કન્યાઓ બતાવીને મનસુખનું જલદી સગપણ કરી દેવું. એનું મન કોઈ સ્ત્રીમાં ઠરશે એટલે સ્વસ્થ થઈ જશે. પુરુષને વળી સ્ત્રીનો શોક કેટલા દી! સ્ત્રી ન મળી તેટલા દી! અલબત્ત મનસુખમાં જરા લાગણીવેડા વધુ છે!

આ વાતની ચર્ચા ચાલી એટલે કહેણ ઉપર કહેણ આવવા માંડયાં. ભલા, મનસુખ જેવો વર અને એના જેવું ઘર કયાં મળે! ઘેર ડાયરો જામવા માંડ્યો. પણ આશાની સાવકી માએ ઘૂમટો કાઢી, ઓશરીમાં થાંભલાની આડશે ઊભા રહી, સહુને ડાયરામાં કહી દીધું:

'જુઓ! હું આશાની સાવકી મા હતી, પણ અમારાં હેતપ્રીત સગી મા–દીકરી જેવાં હતાં. એ ગઈ ત્યારથી મને ખાવુંય ભાવતું નથી. આંખમાં ઊંઘ નથી. જીવને ચેન નથી. ભલા ભગવાને એના કરતાં મને...' ને આટલી વાત કહી એણે બેચાર ડૂસકાં ખાધાં. કુશળ ભાષણ કરનારની જેમ આ સંસારની ભામિનીઓ જ્યારે જરૂર પડે ત્યારે આંખમાં આંસુ આણી શકતી. તેણે આગળ ચલાવ્યું:

'જુઓ, મારી આશા મરવાની છેલ્લી ઘડીએ હતી, ત્યારે એણે કહેલું : 'બા, એ છોકરા જેવા છે! મારી તો ચિંતા નથી, પણ એમની ચિંતામાં મને મરવું ગમતું નથી; પણ જિવાડવું કે મારવું એ તો ભગવાનના હાથની વાત છે. મને કંઈ થાય તો મારી જગ્યાએ મારી બેન મેનાને દેજો!' મનસુખનાં સાસુજી થોભ્યાં. ને થોડી વારે પોતાની વાતનો ઉપસંહાર કરતાં બોલ્યાં : 'જુઓ, તમને ડાહ્યાઓને

વધુ તો શું કહું? પણ મારી કાચી કળી જેવી દીકરી 'આશા'ની છેલ્લી આશામાં જે વચ્ચે આવશે, એને માથે ચાર હત્યાનાં પાપ!'

દલીલ એવી અદ્ભુત હતી, શાપ એવા ભારે હતા કે મનમાં બધું સમજવા છતાં સહુએ છૂટા પડવામાં સાર જોયો. નગ્ન સત્યની તલવાર પર કપાઈ મરવા કોઈ તૈયાર નહોતું, અને સંસારમાં સ્ત્રી સામે થવું અકારું હતું. એક સ્ત્રીએ ભલભલા પુરુષોને મેદાનમાંથી મારી હઠાવ્યા!

મેદાન હરીફોથી સાફ થયું એટલે સાસુજીએ જમાઈ તરફ લક્ષ આપ્યું. બીજે દિવસે શહેરમાંથી દાક્તરને બોલાવ્યા. દાક્તરે દરદ અને દરદી તરફ પૂરું લક્ષ આપીને કહ્યું:

'દવા તો આપું છું. બનતાં સુધી સારું થઈ જશે. બાકી તો મનનું ભારણ ભારે છે. જો મૂર્છા વળી જશે તો ગાંડપણ વળગશે; ગાંડપણ આવશે તો મૂર્છા વળી જશે.'

દાક્તરનો આ અભિપ્રાય આશાની બહેન મેનાએ સાંભળ્યો. એણે શરમાતાં શરમાતાં માને કહ્યું:

'મા, ગાંડાને વરું?'

'તો શું મેં બધી મહેનત નકામી કરી! ખાર પર લીંપણ કર્યું? આશાને જોઈને તો તું કહેતી કે મા, મારેય આવું ઘર જોઈએ. મૂર્ખી, સોનાની ખાટે હીંચવાનું છે. કોઈ બીજી આવશે તો પછી સાવરણીની સળીય નહિ મળે, અને તારામાં તારાપણું હશે તો ગાંડોય ડાહ્યો થઈ જશે. સતી સુકન્યાની વાત જાણતી નથી? ઘરડા ચ્યવન ઋષિનેય જુવાન કર્યાં, અને રોયો દાક્તર શું કહેતો હતો? જો તો ખરી, મારાં દવાદારૂ! ગાંડાને ડાહ્યો કર્યે છૂટકો કરું છું ને! પેટનાં જણ્યાંનું તો કોઈ મા ભૂડું નહિ વાંછે ને, અભાગણી!' શબ્દોમાં હેત ને ઠપકો બંને સાથે હતાં.

[ ૩ ]

**ભક્તિમાં** ભારે શક્તિ છે. મેનાની માએ મનસુખની જે સેવા-ચાકરી કરી, એવી તો સગા દીકરાનીય કોઈ ન કરે! એણે અશક્યને શક્ય બનાવ્યું. મનસુખ સાજો થયો, ગાંડાનો ડાહ્યો થયો. હવે ફક્ત મહિને–પંદર દહાડે એકાદ વખત મૂર્છા આવી જાય એટલો રોગ બાકી હતો. આટલા સુધારા પછી બાકીના સુધારાની પૂરી આશા હતી, અને આ રીતે ડાહ્યો થયેલો મનસુખ આખરે પુરુષ હતો—ધીરેધીરે આશાની વિસ્મૃતિ અને મેનાનું આકર્ષણ વધવા લાગ્યું.

મેનાની માતા પણ બીજી ચાલાક સ્ત્રીઓની જેમ જાતીય આકર્ષણની જાણકાર હતી. એ અનેક રીતે ટાપટીપ કરીને મેનાને મોકલતી. કદીક મનસુખ હસીને કહેતો:

'આશા આવી ત્યારે વગડાઉ લાકડાનું બીમ હતું. તું તો રૂપાળો ઘડેલો પથ્થર છે. તારા ગાલ પર કેવાં સુંદર છૂંદણાં છે! છૂંદણાંનો મને ભારે મોહ મેના!'

મેના શરમાઈ જતી.

બિચારી મેના! માતાનાં પગલાંને પૂજનારી, એ કહે તેમ કરનારી, એ રસ્તે આગળ વધી.

મનસુખના જીવનના હવે બે ભાગ પાડ્યા હતા. એક ડહાપણનો–એક ગાંડપણનો. ગાંડપણ આવતું એટલે એ તદ્દન જુદો બની જતો; આશા સિવાય જાણે કોઈને ઓળખતો ન હોય.

મેનાને કહેતો: 'લુચ્ચી અપ્સરા! મને લોભાવવા આવી છે કાં?'

મેનાની મા આવતી ત્યારે કહેતો: 'તેં જ દૂધ દેતી ગાયને હણી! તમે તો માત્ર સોનાનાં સગાં! કંચન તમારો કિરતાર. ચોવીસે કલાક એનું ભજન કરો. સંસારમાં કોમળમાં કોમળ લેખાતી સ્ત્રી આટલી દુષ્ટ હોતી હશે? અરે, આંગણાના કૂતરાને પણ આ રીતે કોઈ ન મારે!'

મેનાનો બાપ આવતો ત્યારે મનસુખ કહેતો :

'વિષયી જીવ ! તેં વિષયસુખ માટે બૈરીને માથે ચડાવી. તું બૈરીરૂપ બન્યો, ને એને પુરુષ બનાવી ! નાલાયક, પ્રેમથી તો એકવાર પરણાય. બીજી વાર પરણવું—પછી સ્ત્રી હોય કે પુરુષ—પાપ છે. એ પાપ કર્યું, કર્યું તો કર્યું, પણ તો પછી સાપને કરંડિયામાં ઘાલી તું સાવધ ન રહ્યો !'

પણ મૂર્છા વળી જતાં મનસુખ ડાહ્યોડમરો બની જતો. ગાંડપણમાં જે કામને એ પાપ સમજતો, એ કામ શાણપણમાં એને વ્યવહારુ લાગતું. એ વિચારતોઃ આમ ને આમ સ્ત્રી વગર ક્યાં સુધી જિવાય ? સાજેમાંદે તનતું માણસ કોણ ? ધીરેધીરે એની માનસિક ભૂમિકા પલટાતી ચાલી. મેના તરફ એ ખેંચાઈ રહ્યો. એનો રૂપાળો દેહ એની આંખમાં વસી રહ્યો.

મા દીકરીને સમજાવતી: 'બેટા, ગાંડપણમાં માણસ ગમે તેમ બોલે, એની સામે ન જોઈએ. હવે થોડી ઘેલછા રહી છે, તે પણ નીકળી જશે. તને સોનાના ચરૂની ધણિયાણી બનાવવી છે. આશા તો નસીબની ફૂટેલી હતી. ભાગ્ય વગર કાંઈ ભોગવાય છે !'

'મા, આમાં સાચું શું એ જ હું શોધી શકતી નથી. એ ઘેલછા સાચી છે, કે આ ડહાપણ સાચું છે ? મને તો ડહાપણ કરતાં ઘેલછા વખતે એ વધુ સાચો માણસ લાગે છે.'

'નહિ તો શું પશુ.........લાગે છે !' માએ તાડુકો કર્યો : 'આજકાલની છોકરીઓ શું પાકી છે ! અરે ગાંડી, ધણીને એવો તો વશ કરી લઈએ કે મજાલ શી કે થૂં કે ચાં કરે ! ઘરમાં આવ્યો કે મિંયાંની મીંદડી !'

દીકરી શું બોલે ? એને કહેવાનું મન થયું કે જ્યારે એ ડાહ્યો હોય છે, ત્યારે પશુની જેમ લાલસાભર્યો લાગે છે. ગાંડો હોય છે

ત્યારે માનવતાભર્યો લાગે છે. પણ બિચારી મેના! એના ભાગ્યની વિધાતા એની મા હતી.

એ વિધાત્રીએ એક દહાડો મનસુખલાલને હાથમાં લીધા.

'મનસુખલાલ! સાત પેઢીનું ઘર શું કામ વાસી વાળો છો? અતિથિ–અભ્યાગત આંગણેથી નિસાસો નાખીને પાછાં ફરે છે. આશાએ બાંધેલી પરબ સુકાઈ ગઈ, ને તરસ્યાં ચકલાં ટળવળતાં પાછાં ફરે છે!'

મનસુખલાલ સાસુને સાંભળી રહ્યો. એ અત્યારે ડાહ્યો હતો, નહિ તો હજારહજાર ગાળો સંભળાવત. એનું ડહાપણ કહી રહ્યું હતું, કે દુનિયામાં સાચાં અંધ તો દેખતાં જ છે! વ્યવહારમાં ઢીલું મૂકતાં શીખવું. માણસમાત્રની ભૂલ થાય! ગઈ ગુજરી વિસારતાં શીખવું— એમાં જ આપણી શોભા!

મનસુખલાલને શાંતિથી સાંભળતા જોઈને મેનાની માને પોતાના ડહાપણમાં વિશ્વાસ આવ્યો. અરે, આ જ આત્મવિશ્વાસે એક દિવસ વાઘ જેવા ગણાતા મેનાના બાપને એણે જ બકરી બેં કરી દીધેલો. એ પરણી ત્યારે લોક કંઈ કંઈ કહેતું! કહેતાં કે ગાયને કસાઈવાડે આપી. પણ એ તો મેનાની મા! પુરુષનું એક ચરિતર—સ્ત્રીનાં હજાર ચરિતર! આશાને–પોતાની પહેલી શોકયની–અરે નહિ, નહિ, જીવન-સખીની એકમાત્ર સ્મૃતિને—આંખ સામે કણ કણ થઈને કમોતે મરતી જોઈ, પણ એક હરફ ઉચ્ચારવાની હિંમત બાપમાં ન આવી! એ કમજોર પુરુષ કામિનીનો દાસ હતો!

'મનસુખલાલ, સાત પેઢીનું ખાનદાન તમારું ઘર! એને તાળાં દેવાય એ કેમ સહન થાય? શાસ્ત્રીજી કહે છે, કે પુંનામના નરકમાંથી તરવા માટે પુત્ર જોઈએ જ. જે થયું એને ભૂલી જાઓ. મારી ભૂલ ગણતા હો તો, લો આ મારું માથું ને તમારું ખાસડું! બાકી હું સાચાબોલી છું, એટલે લોકોને કડવી વખ લાગું છું! જો તમારા

તરફ મનમાં અભાવો હોત તો તમારી પેટના દીકરાથીય સવાઈ ચાકરી શું કામ કરત?'

'ખરેખર, શું કામ કરત? એવી શી ગરજ તમારે મારી હતી? અને સારું ઔષધ કડવું જ હોય છે!' મનસુખલાલે વ્યવહારુ બની વાત કરી.

'સો વર્ષના કરે ભગવાન તમને! કોઈએ મને ઓળખી હોય તો તમે! બાકી તમારા સસરાય મને નથી સમજી શકયા! એ તો મને કહે છે કે સ્ત્રી કાંચનની સગી, પુરુષ કામિનીનો સગો! જોકે બિચારા જીવ ચોપડીઓ બહુ વાંચે છે, એટલે આવું આવું બોલે, પણ આપણે તો દુનિયાદારીના જીવ!'

'દુનિયાદારીના જીવ!' મનસુખલાલને સાસુજીનું તત્ત્વજ્ઞાન ભારે રૂચ્યું. એક ન બનવાજોગ વાત બની ગઈ, બની એ ન બનવાની નથી. હવે એને રોજ રોજ સંભારી શા માટે દુઃખી થવું? શાણા માણસે તો આગળનો વિચાર કરવો જોઈએ! અને એ વિચારમાં ઊંડા ઊતરતાં મનસુખને લાગ્યું કે સ્ત્રી—અને તે પણ બહેન, મા કે ભોજાઈ નહિ–પણ પત્ની—માણસના જીવનમાં અનિવાર્ય છે!

'જુઓ, મનસુખલાલ! ઘરનું માણસ એ ઘરનું માણસ! સુખેદુઃખે એ ઘર જાળવીને બેસે. રોગ–શોકમાં એ કામ આવે! પેટની દીકરી ગમે તેવી તોય પારકું ધન! વીરી ગમે તેવી વહાલસોયી હોય તોય ઓશિયાળી! સાસરિયાં સારાં હોય ને મોકલે તો આવે! એ માગ્યું માણસ કહેવાય. વખત થાય કે ચાલી નીકળે. સુખમાં સો સગાં -દુઃખમાં એક ઘરનું માણસ! એ તમને છોડીને કયાં જવાનું હતું? મેં ઘણા તમારા જેવા જોયા છે. વખત હોય ત્યારે ડોડમાં રહે ને પછી એવા પિલાય કે વાત પૂછો નહિ! આજ બે રોટલા માટે લોટ મને આપી જાય–કાલે બીજાને! આંખ–માથું દુઃખે તો પડયા રે ખાટલામાં! પાવળુ પાણી પણ પાડોશી પાય તો પિવાય! જેનાં મોં

બોલાવવા જેવાં ન હોય એની પીઠ બોલાવવી પડે! જેને બૈરી નહિ એને બહોંતેર જણની ગરજ! એક સારી સ્ત્રી બહોંતેર જણની ગરજ સારે.'

'સાચી વાત!'

'તો બોલો, મારી વાત કબૂલ? મહાજન બોલાવું ને ગોળધાણા વહેંચાવું? મારી મેનામાં કંઈ કહેવાપણું હોય તો કહો.'

મેનામાં શું કહેવાપણું હતું! એ તો પૂરી દેખાવડી ને ચબરાક છે. આશા તો પરણી ત્યારે ભૂંડી ઝાંખરા જેવી હતી. વળી મનસુખ તો કારીગર હતો, ઘાટનો ઘડનારો હતો.

'મારી દીકરી તો બગીચાના બુલબુલ જેવી છે. મા થઈને વખાણ કરું એ ઠીક નહિ!'

બુલબુલ શબ્દે મનસુખના હૃદયમાં એક નવો વેગ જન્માવ્યો! એક રોમાંચ પેદા થયો.

[ ૪ ]

એક દહાડો વાજાંગાજાં વાગ્યાં. જાન જોડાઈ, રમણ-જમણ થયાં, ને મનસુખલાલ પરણી ઊતર્યાં. આશાના ભર્યાભાદર્યા ઘરમાં મેના સ્વામિની બનીને આવી.

બંધ ઘરનાં દ્વાર ખુલ્લાં થયાં. અતિથિ-અભ્યાગતને ચપટી આટો મળવા લાગ્યો. ચાલ્યાં ગયેલાં કૂતરાં ને ચકલી-કાબરો પણ આંગણામાં રમતાં થયાં. પરબનાં પાણી છલકાવા લાગ્યાં.

શાણી મેનાએ આવીને ઘર વસાવી દીધું. પુરુષજાત ચંચળ ને ભારે ગરજુ હોય છે. ઘડીમાં જૂની વહુને યાદ કરે, ઘડીમાં નવીને લાડ લડાવે. મન ભૂખ્યું હોય ત્યારે માનવી જુદો, મન ભરાઈ જાય ત્યારે વળી જુદો. ઘડીમાં રાજા રામની જાણે નવી આવૃત્તિ ને ઘડીમાં વળી ગોકુળનો કનૈયો!

દુનિયાદારીની જાણકાર માતાની શિખામણ મુજબ મેનાએ પૂરતી કાળજી રાખી મરેલી બહેનનાં કપડાં-લત્તાં થોડાંઘણાં દાન કરી દીધાં, થોડાંઘણાં સાચવીને પેટીમાં મૂકી દીધાં. મૃત બહેનની કોઈ નિશાની ક્યાંય પણ ન રાખી. મનસુખને પણ આખો દિવસ કામમાં પરોવી રાખવા માટે બાપને કહીને કામકાજનો ગંજ ખડકાવ્યો. આંબાની રૂડી ડાળે વસતા મેના-પોપટ જેવો મેના-મનસુખનો સંસાર સુખી રીતે ચાલવા લાગ્યો.

મા એ જોઈને કહેતી : 'હાશ, હવે દીકરીનું સુખ જોઈ દિલ ઠર્યું. દુનિયામાં મહેનત કર્યા વગર કંઈ મળે છે ? સેવામાં જ મેવા !'

એ 'મહેનત' શબ્દનો મર્મ શોધવા જતાં, એ રસ્તે નકરાં માનવ હાડપિંજરો ખડાં હતાં. સંસારનું વાસ્તવ નગ્ન ચિત્ર ત્યાં હતું. એનો મર્મ શોધવા કોઈ મહેનત ન કરતું, તો આપણે શા માટે કરવી ?

[૪]

**વર્ષાની** ઋતુ હતી. ઝરમર ઝરમર મેહુલો વરસી રહ્યો હતો. આંબાની ડાળ પર મેના-પોપટ પાંખમાં પાંખ ભિડાવી બેઠાં હતાં. અહીં રૂડા ઘરમાં, ઘરનાં દ્વાર બિડાવીને, અંતરનાં દ્વાર ખોલીને રૂપાળી હીંડોળાખાટે મનસુખ અને મેના હીંચી રહ્યાં હતાં. પૂનમના ચાંદ જેવું ગોરુંગોરું મેનાનું મુખ ને કપાળમાં કરેલો મોટો ચાંલ્લો મનસુખના મન ઉપર કામણ કરી રહ્યો હતો.

'મેના, આપણે કેવાં સુખી છીએ ?'

મેનાએ કંઇ જવાબ ન આપ્યો, એ મનસુખની ગોદમાં લપાઈ ગઈ. સુંવાળા સુગંધિત મસ્તક પર મનસુખના હાથ અને આંખ ફરી રહ્યાં. મેનાના ગોરાગોરા ગાલ પર કુંકુમની રતાશ ઊડી આવી. એ રતાશને પી લેવા મનસુખે હોઠ નમાવ્યા. ત્યાં એની નજર એના ગાલ પરના છૂંદણા પર ગઈ.

નીચા નમતા હોઠ અડધે સ્થિર થઈ ગયા.

હવાની એક પ્રચંડ લહરી દ્વારને ખખડાવી રહી. જાળિયા વાટે વીજળી અંદર ધસી આવી. આકાશમાં મેઘનો મોટો કડાકો થયો. મનસુખના મગજમાં પણ એકાએક કડાકો થયો. એની સ્મૃતિ વીજળી જેવી એકાએક ઝગમગી ઊઠી.

'આશા, આ છૂંદણું તો આફ્રિકામાં છૂંદાવ્યું હતું ને?'

મેનાએ હા ભણી.

'છૂંદનારી ડોસીએ શું કહ્યું હતું, યાદ છે?' મનસુખે પૂછ્યું.

'ના!'

'ભૂલી ગઈ? ધુતારી? એટલું ય યાદ ન રહ્યું. કહેતી હતી કે હું તમને ભવોભવમાંય નહિ ભૂલું, ને આ ભવમાંય બેચાર વરસની વાત યાદ ન રહી? શું તારો પ્રેમ છે! જા, જતી રહે! ચાલી જા!' મનસુખ બોલ્યો. એની આંખ ફેરવાઈ ગઈ હતી!

'અરે! તમે કેમ ભૂલો છો? હું આશા નથી. એની બહેન મેના છું.' મેનાએ લાડ કરતાં કહ્યું, ને પોતાના ગોરા ગાલ એના હોઠ પાસે ધર્યા.

'તું આશા નથી? જૂઠી. મનસુખને આશા સિવાય બીજી કોઈ પત્ની નથી. લુચ્ચી! કહે છે, હું આશા નથી! શું તું પરસ્ત્રી છે? ને હું લંપટ છું?' મનસુખ જોરથી હસ્યો ને બોલ્યો: 'ના, ના. તું મને છેતરે છે. તું આશા છે. તને ભલે યાદ ન હોય, મને તો છે જ! એ છૂંદણાં છૂંદનારીએ આપણી મશ્કરી કરેલી! આકાશનો ચંદ્ર ધરતીની ચાંદનીને ચૂમશે ત્યારે આ છૂંદણાં છૂંદનારીને ય યાદ કરશો ને! મેના, તું ભારે ભૂલકણી! તને તો તારાં ઘરેણાંની સંખ્યા યાદ રહે, તને તારી સખીઓનાં નામ યાદ રહે, તને તારાં કપડાંની જોડની ગણતરી ગમે...તું સ્ત્રી!' મનસુખનું ગાંડપણ ઊખળતું હતું.

'હું આશા નથી.'

'તું આશા નથી?' મનસુખ ઊભો થયો. મેનાના મોંને ધારીને નીરખવા લાગ્યો.

'ના!'

'તો તું કોણ છે?'

'મેના.'

'કોની સ્ત્રી?'

'તમારી.'

'જૂઠી, ગળેપડુ. મારી સ્ત્રીનું નામ તો આશા.'

'હું તમારી પત્ની છું. ભૂલી ગયા?'

'જૂઠી, બીજું ઘર શોધી લે. દુનિયાના અન્ય પુરુષો જેવો હું કામી નથી. મારી પત્ની તો આશા.'

'આશા મરી ગઈ, તેને સ્થાને હું આવી.'

'હું મરી જાઉં તો મારે સ્થાને કોણ આવે?'

'એવું ન બોલો. હું તો સ્ત્રી છું. આશાની બહેન છું. હું મેના! ઘડી પહેલાં મારો કેટલો આદર, મને કેટલો પ્યાર તમે બતાવતા! આ તમારાં બનાવેલાં ઘરેણાં! આ તમે આણેલી સાડી! ઘડીમાં બધું ભૂલી ગયા?'

'શું ભૂલું? મેના, આશાની બહેન! મેના. તું આ છૂંદણું ક્યાંથી લાવી? ચોરી તો નથી કરી ને?'

'ના, મારી માએ છૂંદાવ્યું હતું!' મેના ડરી રહી હતી. જે એકાંત ક્ષણભર પહેલાં એને મીઠી લાગતી હતી, તે હવે ભયંકર લાગતી હતી. મનસુખનું ગાંડપણ સળવળી રહ્યું હતું.

'મેના! તું એ જ મેના કે જેણે આશાના સંદેશા છુપાવ્યા હતા, જેણે આશાને વગરમોતે મારી હતી? અરેરે, એની સાથે જ મેં

પ્રેમ કર્યો? શા માટે? અરે, કૂતરાથીય હું નીચ ઠર્યો? મેના! હું કેવો દુષ્ટ છું!'

'ગઈ ગુજરી ભૂલી જાઓ! ઘડી પહેલાં તો તમે કહેતા હતા કે મેના, આપણે કેવાં સુખી છીએ?'

'મેના, સુખી કઈ રીતે? આશા તો મરી ગઇ! હું જીવતો રહ્યો. પાડોશમાં રહેતી પેલી વિધવા નિર્મળાને તેં જોઈ છે? કેટલી ભક્તિ, કેટલી દયા, કેટલી મૃદુતા! જાણે હરતુંફરતું, બોલતુંચાલતું દેવમંદિર! પતિનાં પડખાં તો માત્ર ચાર વર્ષ સેવ્યાં, પણ વિધવા થયા પછી કેવી પલટાઈ ગઈ! એ સ્ત્રી નહિ, દેવી બની! વિષયભોગની દાસી નહિ, સ્વામિની બની બેઠી! સધવા સ્ત્રીઓ રોજ ઝઘડે, રોજ પ્રપંચ કરે, રોજ ગાળો કાઢે, ઘરબારને રાજખટપટ જેવાં કરી મૂકે. ને આ? એક દહાડો એ કહેતી કે સાચો પ્રેમ વિષયભોગને ન નમે, સગવડને ન શોધે! ત્યારે મેં તો તને પરણી મારી સગવડ શોધી!'

મનસુખ જ્યારે ફિલસૂફીની આવી વાતો કરતો ત્યારે મેના સમજતી કે ફરી ઘેલછા જાગી ઊઠી છે. એ એને વારવા આડી-અવળી વાતો કરવા લાગી, પણ ઘણે દિવસે જાગેલી ઘેલછા ઝટ કાબૂમાં આવે તેમ નહોતી.

મનસુખ આવેશમાં આવીને બોલતો હતો. એનું ગાંડપણ પૂરે-પૂરું ઊખળ્યું હતું.

'હું નર મટી ગયો, માણસાઈથી પરવારી ગયો, પશુ બન્યો, તને પરણ્યો. પેલી છૂંદણાં છૂંદનારીએ મશ્કરીએ કરેલી કે આ ગાલ ને આ છૂંદણાં સલામત રહો! એ વેળા તો આશા શરમાઇ ગયેલી, પણ પછી મારું મોં હાથમાં પકડી મને કહેલું: 'અરે, આ મુખ સલામત તો છૂંદણાં બહોત હૈ!' મેં એ વેળા કહેલું કે 'તું શું મને પશુ જેવો માને છે?' ત્યારે આશા હસીને બોલેલી કે 'ના રે! ગમે તેવી દશામાંય તમે મારે મન દેવ છો!'

'મારે મન પણ તમે દેવ છો!' મેનાએ કરગરી પડીને હાથ જોડતાં કહ્યું.

'ના, મેના, ના! પ્રેમની છડેચોક બાંગ પોકારનાર ને પછી તક મળી કે ટપ લઈને પરણનાર પશુ છે; બીજું કંઈ નથી. સંયમ ન જળવાય માટે મેં સગવડ શોધી, પણ પેલી વિધવા નિર્મળા એ વેળા યાદ ન આવી. પિતા વગર આપણે રહી શકીએ, મા વગર રહી શકીએ, ભાઇ-ભાંડુ વગર રહી શકીએ, સ્ત્રી–પતિ વગર રહી શકે, માત્ર પુરુષ કામિની વગર ન જીવી શકે! એ વિષયમાત્રનો ભોગી! છૂટે ખીલે ફરનારો! અને પાછો પ્રેમી હોવાનો દાવો કરે! મેના, હું પશુ છું. મને આશા કેમ માફ કરશે?'

મેના મૂંઝાઇ ગઈ. અરે, આ ઘેલછા કેમ જલદી પાછી વળે? ડહાપણ આવ્યા પછી તો વાંધો નથી, પણ ડહાપણ જલદી કેમ આવે? એણે દોડીને દવાની શીશી આણી. પ્યાલીમાં એ ઠાલવવા માંડી.

'કામિનીમાં હું મોહ્યો. કાંચનનો મોહ તો તમને હતો જ. એણે જ પુરુષને બધે યારી આપી. વાંક બધો મારો. અલબત્ત, આ સંસારમાં કાંચન હશે ત્યાં સુધી માણસને કામિનીઓનો તોટો પડવાનો નથી, પણ જીવન કેવું આત્મઘાતી બની ગયું છે! મેં આત્મઘાત કર્યો. મારે પ્રાયશ્ચિત્ત કરવું રહ્યું! પ્રેમનું તત્ત્વ શું? પેલી વિધવા નિર્મળા સારી કે હું?'

મનસુખે પ્યાલી પીવાની ના પાડી અને કહ્યું:

'મેના, હવે મને દવા પિવરાવી હેરાન ન કર! ફરીથી પશુ ન બનાવ! જ્યાં સુવર્ણના બળથી કામિનીઓ પ્રાપ્ત થતી હોય એ વ્યભિચારી સંસારમાં ને જ્યાં કામિની વગર પુરુષ જીવી શકતો ન હોય એવા અન્યાયી જગતમાં વસવું મને નથી ગમતું. હું મરી ગયો હોત તો...આશા શું કરત? મેના, મારા તનબદનમાં આગ ઊઠી છે. આશાની જ્યાં ભસ્મ છે, ત્યાં ચાલ પહોંચી જઈએ. કદાચ એની

પવિત્ર ભભૂતથી આપણને શાંતિ વળે !' દોડીને મનસુખે દ્વાર ખોલી નાખ્યાં. હવાના સુસવાટા સાથે વરસાદની ઝાપટ અંદર આવી. ઘરનો દીવો હોલવાઈ ગયો.

'મેના, ચાલવું હોય તો ઝટ ચાલ ! અંધારે અંધારે નીકળી જઈએ. કોઈ જોઈ જશે તો પાછાં પકડી આણશે, ખીલે બાંધશે ને ફરી ડાહ્યાં ડહ્યાગરાં પશુ બનાવી દેશે ! કંચન ને કામિની ! એણે જગતને ભમાવી નાખ્યું છે !'

મનસુખે જોરથી દોટ મૂકી. મૂઠીઓ વાળીને ભાગ્યો.

મેના પણ દોડી. વરસાદ ચાલુ જ હતો. મેનાનો પગ સુંવાળી માટીમાં લપસ્યો. એ પડી. પાછળથી આવતી માતાએ એને ઉઠાવી લીધી.

સાબરમતીમાં પાણી વધ્યાં હતાં. નદીઘાટના સ્મશાન પર પાણી ફરી વળ્યાં હતાં.

'મેના, જોયું ને ! મારી આશાની ભસ્મ–તે પણ સરિતા છલ કરીને લઈ ચાલી. તારી માની જેમ એ પણ માતાની જાત ખરીને ! એ એને સાગરમાં નાખી દેશે; બિચારી ખારીધૂધ બની જશે. હું ઝટ રોકવા જાઉં છું !'

મનસુખ પાણીમાં પડ્યો. મેનાનો બાપ એને રોકવા ધસ્યો, પણ પાણી વધતાં હતાં, ને મનસુખની ઝડપ ગજબ હતી. થોડીવારમાં એ અદૃશ્ય બની ગયો.

'મા, મને જવા દે. એ ગયા.'

'બેટા, ગાંડપણ જ એવું છે. ગાંડાની સાથે કંઈ ગાંડા થવાય છે ?'

'આજ મને સમજાયું કે એ ગાંડા હતા ત્યારે જ ડાહ્યા હતા. મા, મને જવા દે, હવે મારાથી નહિ જિવાય !'

'એ તો એમ લાગે, બેટી ! સંસારમાં તો મસાણિયો વૈરાગ્ય

છે. તાજો ઘા વધુ કળે. કાલ તારું મન ઠરીઠામ થશે. બાકી અમને પણ કંઈ આ બધું સારું લાગે છે? બેટી, તને સુખી કરવા ઘણું કર્યું, પણ નસીબમાં સુખ લખાયેલું નહિ, ત્યાં કોનો વાંક કાઢીએ! ગુલાબના ગોટા જેવી બબ્બે દીકરીઓનો ભવ બાળ્યો તોય એક અભાગિયો જીવ સુખી ન થયો!'

અભણ માતાની જીભમાં વ્યવહારનું સત્ય હતું. મેનાએ છૂટવા ઘણું કર્યું, પણ એ છૂટી ન શકી. સહુ રોયાં, કૂટયાં, ધમાધમ કરી ને દોડાદોડ કરી. પણ મનસુખ જીવતો કે મૂએલો ન મળ્યો તે ન મળ્યો.

ધીરે ધીરે વિસ્મૃતિનો પડદો પડવા લાગ્યો.

મેના થોડા દહાડા માના ચોકીપહેરા નીચે રહી. ધીરે ધીરે એનું મન ઠર્યું, અથવા એમ કહીએ કે મરવાના મનસૂબા એણે છોડી દીધા. સંસારમાં એટલુંય ઘણું છે.

મનસુખ તો ગયો તે ગયો. અને ભલા, એવા ગાંડા ચાલ્યા જાય એથી સંસારના ડાહ્યાઓનું ગાડું થોડું થંભે છે!

* * *

વાત કહેનારે છેલ્લે કહ્યું, ચોમાસાની કોઈ મેઘલી રાતે વરસાદ અનરાધાર વરસતો હોય ત્યારે, સ્મશાનઘાટ પાસેની પેલી મઢીમાંથી આવતા રુદનના સૂરો જે સાંભળે છે, એના દેહમાં ફરતું લોહી થીજી જાય છે!

## સોનાની મરઘી

### [ વાર્તા બીજી ]

મુંબઈ બંદરની આભઅડતી ઈમારતોની એક અગાસીમાં પોઢેલા ભોગીલાલ શેઠને આજે સવારે, જાગવાની છેક છેલ્લી ઘડીએ, એક વિચિત્ર સ્વપ્ન લાધ્યું.

કેવું વિચિત્ર સ્વપ્ન! ભોગીલાલ શેઠ જાગતાંની સાથે જ પથારીમાં બેઠા બેઠા ભયથી ચારે તરફ ડોળા ઘુમાવવા લાગ્યા. ઝીણા મલમલના પહેરણ નીચે એમનું હૃદય, કોઈ કાન માંડીને સાંભળે તો મોટરના એન્જિનની જેમ ધખધખ થઈ રહ્યું હતું.

આમ બનવું સ્વાભાવિક હતું, કારણ કે સ્વપ્ન સામાન્ય નહોતું. તેમણે એક વાર દૂર દૂર સાગર પર ને એને છેડે ક્ષિતિજ પર નજર ઠેરવી. આકાશના વિશાળ પટને નિહાળ્યો ને કંઈક શાંતિનો દમ ખેંચ્યો. પણ આજ બેસી રહે પાલવે તેમ નહોતું. તેઓ એકદમ નીચે ઊતર્યા, ને રસોડામાં જઈ ઊભા રહ્યા.

રંભા શેઠાણી ચા પીને સોપારી ખાતાં બેઠાં હતાં. સોપારી કંઈક કડવી હતી, એટલે લાવનાર રામાને અને એના વેપારી મોદીને સવારના પહોરમાં સરસ્વતી સંભળાવી રહ્યાં હતાં. શેઠ સૂર્યવંશી હતા. હંમેશ નવ વાગે ઊંઘમાંથી ઊઠતા. શેઠાણીના પુરાણને કોઈ રોકે તેમ નહોતું. નિરાંત હતી. ત્યાં તો શેઠને દોઢેક કલાક વહેલા ઊઠેલા જોઈ શેઠાણી ચમકી ઊઠયાં.

'આજે આટલા વહેલા કાં? કેમ ક્યાંય જવાનું છે કે શું?' શેઠાણીએ પ્રશ્ન કર્યો.

'હા, હા. હવે એક ઘડી પણ અહીં રહેવું પોષાય તેમ નથી. રામા, ચા મૂકી દે! હું સ્ટેશન પર જઈને ટિકિટ રિઝર્વડ કરાવી આવું છું. આજે સાંજે જ દેશ તરફ ઊપડવાનું.'

'પણ એકાએક શા માટે?'

'જોતી નથી! બ્લૉકના બ્લૉક ખાલી પડ્યા છે! પંખીના માળામાં પંખી નથી. માણસના માળામાં માણસ નથી. હવે એક ઘડીનું પણ અહીં પોષાણ નથી!'

'કયા બ્લૉક ખાલી પડ્યા? હજી તો માળામાં પગ મૂકવાનો માગ નથી. શું શમણામાં ખાલી જોયા?'

'મેં જોયા, અરે, બરાબર જોયા! એમાં મીનમેખનો ફેર નહિ.'

'ક્યાં ને ક્યારે જોયા?'

'ઘેલી થઈ છે. કહું છું, જોયા! સ્વપ્નમાં જોયા. ઊંઘ ઊડવાની છેલ્લી ઘડીનું–પરોઢનું સ્વપ્નું હમેશાં સાચું જ પડે! અહાહા! કેવું વિચિત્ર એ સ્વપ્ન! હવે તો જે ભાગે એ જ ભડનો દીકરો! ચેતતા નર સદા સુખી! મુલતવી રાખ્યાનાં માઠાં ફળ!' અને ભોગીલાલ શેઠે આકાશ, પાતાળ ને સમગ્ર પૃથ્વીને ભેદતી નજર ચારે દિશામાં ઘુમાવી.

'એવાં સ્વપ્ન તો કંઈક આવે, એમાં કંઈ આમ હડાહડ કરીને થોડું નસાય છે? માળાવાળા બધા આપણને મૂર્ખા ઠેરવે, આપણા એકને ત્યાં તો ધાડ નથી આવીને?' રંભા શેઠાણીએ ચાનો પ્યાલો શેઠની આગળ મૂકતાં કહ્યું.

'તમે જલદી નહીં માનો. બૈરાંની બુદ્ધિ પાનીએ. જાગતાની આ દુનિયા છે. જે જાગશે એ જીવશે! આપણે નીકળ્યાં એટલે એક

જણ પણ અહીં રહે તો મને કહેજે! તમે બૈરાં શું સમજો? તમારી બુદ્ધિ કેટલી? બૉંબમારો! બાપ રે, એક એક બૉંબ ત્રણ ત્રણ માઇલની ધરતી શેષનાગની જેમ ડોલાવી દે એવો! એમાંથી આગ નીકળે, ઝેરી ધુમાડો નીકળે, માણસને અડયો કે ભડથું! પાણીમાં પડયો તો પાણી ઝેર! પીધું કે માણસ લીલો કંચન, જાણે કાળા નાગે ડસ્યો. વધારે શું કહું? તમે, કેશવો, નાનાં વહુ, અરુણ ને બાબો બધાં આજે કાઠિયાવાડ મેલમાં ઊપડી જાઓ. હું પણ ત્રણેક દહાડામાં કામકાજ આટોપી આવી પહોંચું છું.'

શેઠ ઉતાવળમાં ને ઉતાવળમાં, ચાનો ઠરી ગયેલો કપ ઊંચો કરી એક શ્વાસે ગટગટાવી ગયા. દાતણ કરવાની વિધિ આવતી કાલ પર બાકી રહી.

'કંઈક બાંધવું–છોડવું ખરું કે નહિ? આ તે ઘર છે કે બાવાનો મઠ? જવું હશે તો ત્રીજે દહાડે સાથે જ જઈશું. આવા વખતમાં તમને એકલા મૂકીને જવું કેમ ગમે?'

'નહિ તો તમે આડો હાથ દેશો કાં? શેઠાણી! આપણે વભા-વાળા, જાડા કુટુંબના ધણી, ચેત્યા સારું. એ ઝરમરિયો તમારો કે મારો સગો નથી લાગતો. આપણા મા'ત્માજીએ પણ છાપામાં લખી દીધું છે કે ગામડાં ભેગાં થઈ જાઓ! હજી તો લાંચરૂશ્વતે, રેયેફૂટે ટિકિટું મળે છે; પછી તો એય રામ રામ! આ તો વાણિયાભાઈની અગમ બુદ્ધિ! બીજા બાપડા આમાં સમજે પણ શું? સો વાતનો સાર એક વાતમાં કહું, કે 'પહેલો તે વહેલો' સમજજો.'

'પાંચ વર્ષે દેશમાં જઉં છું, તો કંઈક કેળાં, કંઈ દાડમ, કંઈ મેવો, કંઈ હલવો તો લેતી જાઉં ખરી કે નહિ? કે પછી બાવો ઊઠયો બગલમાં હાથ!'

'થાકયાં બાપ, આ બૈરાંની જાતથી! મરવા ટાણેય મદરાસિયું પહેરવાનું મન કરે. ભગવાને શું જાત ઘડી છે! સમજાવી પટાવીને

કહું છું, તોય માનતી નથી. અરે, હલવો માહિમ સ્ટેશને મળશે ને કેળાં વલસાડથી લઈ લેવાશે. બૈરાં કીધાં એટલે પત્યું. ચૌદમા રતન વિના સીધાં ચાલે જ નહિ !' ભોગીલાલ શેઠની શાંતિથી સમજાવતી જીભ હવે રાજા પાર્ટમાં આવી.

પોતાનાં જેઠાણીની મદદે દેરાણી ઘૂમટો કાઢીને કંઈ કહેવા આવતાં હતાં, ત્યાં શેઠે પોતાનો વીટો પાવર હાથમાં લઈ સર્વ સત્તાધીશના અન્વયે હુકમ છોડયો: 'બસ, હવે હું તમારું કે નાનાં વહુનું —કોઈનું સાંભળવાનો નથી. હું નાહીને ટિકિટ રિઝવડ કરાવવા જાઉં છું. સાંજે મેલમાં સહુને ઊપડવાનું છે, એમાં જોશી કે ટીપણાની જરૂર નથી.'

ઝરમરના બોંબમારાનું શું પરિણામ આવત તે કહેવું મુશ્કેલ હતું, પણ શેઠના શબ્દ-બોંબે શેઠાણીની સુંદર આંખો આંસુથી છલકાવી દીધી.

છતાં સહુને ઊપડયા સિવાય છૂટકો ન હતો, કારણ કે શેઠને આજે સવારે સ્વપ્ન લાધ્યું હતું.

[ ૨ ]

**સ્વપ્નના** પ્રથમ ફળ તરીકે રંભા શેઠાણી આખરે દેશ તરફ ઊપડયાં. સવારે સિંહની જેમ ગર્જારવ કરતા શેઠ સાંજે વહાલસોયા સ્વામીનાથ બની ગયા હતા. વારે વારે પત્ની સાથે તારામૈત્રક સાધતાં સાધતાં, તેમણે આજે ટિકિટ રિઝવડ કરાવવાનો, એમાં માસ્તરને હોશિયારીથી ને ઉદારતાથી લાંચ આપ્યાનો, કુલીને ખરા બપોરથી જગ્યા રાખી લેવા સમજાવ્યાનો જે ઇતિહાસ કહ્યો, તે ખરેખર રોમાંચક અને ગમે તેવાને શેઠની ઉદારતા ને કુનેહ માટે માન ઉપજાવે તેવો હતો.

'તમે બૈરાં માણસ ! વાતમાં સમજો શું ? આજે તો બે પગ

મૂકવા જેટલીય જગ્યા ભલભલા લખ્ખોપતિને પણ મળતી નથી! જુઓ, સવારે અમદાવાદ સ્ટેશને ચાપાણી કરી લેજો ને પછી વીરમગામ ગરમાગરમ રસોઇ જમી લેજો. ગાડી બે કલાક મોડી છે, એટલે બરાબર જમવાની વેળાએ જ પહોંચશે! આજે તો બળદગાડીનો ભરોસો રાખી શકાય, પણ રેલગાડીનો ન રખાય.'

'અમારી ચિંતા ન કરશો, પણ તમે શરીર સાચવજો. મારો તો જીવ અહીં છે, ને ખોળિયું દેશમાં જાય છે. તમને ભાયડા માણસને દરેક વાતનો ઉધામો ભારે હોય. આમ મનમાં આવ્યું તો આમ ને આમ આવ્યું તો આમ! ધોહ ભારે! જુઓ, ત્રીજે દહાડે ગાડીએ ન બેઠા તો મારે ખાવુંપીવું હરામ...' શેઠાણીના મોટા ગોરા ગાલ પર અશ્રુ આવીને મોતી બની ગયું.

'તમે બૈરાં માણસ! વાતમાં જ ન સમજો!' ભોગીલાલ શેઠનું શેઠાણી સાથેના વાર્તાલાપ વખતનું આ વાકય તેમણે તેવીસમી વાર ફરી ઉચ્ચાર્યું, ને કહ્યું: 'જુઓ, કેશવો ઉંમરલાયક થયો છે. ત્રણ–ચાર કન્યાનાં કહેણ છે. તમે જરા તપાસમાં રહેજો. હળવે હળવે વાતચીત ચલાવજો.'

'તે શું મારા કેશવાને ગળે ગામડિયું ભોથું વળગાડવાનો તમારો વિચાર છે?'

'ગાંડી તે ગાંડી જ રહી. હું તો કહું છું કે બૈરાંની બુદ્ધિ પાનીએ તે આનું નામ! વહુ તો લાવવી છે, અને તે પણ શહેરની–ફાંકડી સોનાની મરઘી જેવી! પણ એવો કોઈ બેટીનો બાપ હાથ પડે ત્યારે ને! એ પહેલાં જે કોઈ સામાન્ય ગરીબ ઘરવાળા આવે એમને પાછા ન જવા દેવા. માલ જોવામાં શો વાંધો? માલ કેવો વહોરવો તે તો આપણી મરજી ઉપર છે ને? વાતમાં વાત એટલી કે કોઈને ઘસીને ના ન પાડવી. વાત ધીરે ધીરે વળ પર ચઢવા દેવી. પછી તો આપણે

જે લેવાની છે એ લેવાની જ છે! આ તો એડવરટાઇઝમેન્ટ–જાહેર-ખબર, જાહેરખબર!' શેઠે આંખનો ભારે ઉલાળો માર્યો.

'ભાયડા માણસની વાતું જ ન્યારી છે!' શેઠાણી શેઠની હોશિયારી પર વારી ગયાં.

'અને જુઓ, દેશમાં જઈને બે જંઈ છૂટે હાથે ખરચજો. લોકને મોહ બંધાય એવી રહેણીકરણી રાખજો. બાકી તો કોઈ કોઈની તિજોરી જોવા થોડું જાય છે!...એં, આ ડબરો લેતાં જાઓ.'

'શેનો ડબરો?'

'એ તો છે! તમે બૈરાં માણસ એમાં શું સમજો? છે તો પારકી થાપણ! બિલાડીના પેટમાં ઘી રહે તો બૈરાંના પેટમાં વાત રહે! એ તો વખતની વાત વખતે. ઘીના ઠામમાં ઘી પડી રહેશે. આ તો 'ઑન' છે.'

શેઠે 'ઑન' શબ્દ એવો ઉચ્ચાર્યો કે શેઠાણી કંઈ ન સમજ્યાં. સમજ્યા માત્ર એટલું કે મોડુંવહેલું આપણને પચે એવું આ ધન છે.

એમણે ડબરો સાચવીને મૂકી દીધો, ને તડામાર તૈયારી કરવા લાગ્યાં. મનમાં ને મનમાં એમને શંકા જન્મી કે શેઠ સ્વપ્નના કારણે દેશમાં તગડે છે કે આ ડબરા–બચકાને કારણે! છતાં એ ખુલાસો કરવામાં જોખમ ઘણું હતું. ગમે તે કારણે જવાનું અનિવાર્ય હતું જ, માટે નિઃશંક થઈ શેઠાણી તૈયારીમાં લાગ્યાં.

તે જાણતાં હતાં કે વાણિયો તણાય તોય લાભે લોભે!

રંભા શેઠાણીના અલવિદાના સમાચારથી આખો માળો ખળ-ભળી ઊઠ્યો. સ્વપ્ન! સ્વપ્ન! અરે, એની તે ખાતરી શી રીતે થાય? કેટલાંકે કહ્યું, સ્વપ્ન ખોટાં. કેટલાંકે કહ્યું સ્વપ્ન સાચાં. તમામેતમામ સપનાંને સાચાં માનનારાં કુટુંબો ને સપનાંને ખોટાં માનનારાં કુટુંબો વિમાસણમાં પડી ગયાં.

શેઠ બહાર જઈ આવ્યા. ને બીજા બે કરંડિયા ભરી લાવ્યા. એક તાર પોતાના સાળાને કર્યો. એક કાગળ ગામના પંચાતિયા પરભુ શેઠને લખ્યો; એમાં જણાવ્યું કે 'હવે કેશવલાલનું કરી લેવું છે. બાદીકરો ત્યાં આવે છે. સારાં ઠેકાણાં ચીંધશો. હવે તો બંધ વાળવો છે. જમાનો કેવો છે, જાણો છો ને? દીકરા–દીકરીને બહુ મોટાં થવા દેવામાં સો ટકાનું જોખમ છે. કર્યું એ કામ, ભજ્યા એ રામ. પરભુ શેઠ, કહ્યું છે ને કો જાણે ભાઈ કલકી!'

બધું બરાબર કરીને શેઠે કાઠિયાવાડ મેઈલમાં સહુને વિદાય કર્યાં. તારની ને કાગળની માહિતી આપી કેશવાને બાળકબુદ્ધિ છોડી જરા ભારમાં રહેવા સૂચન કર્યું!

ભોગીલાલ શેઠના ઘર–પરિવારનો બોજો વહી જવા જ્યારે કાઠિયાવાડ મેલે પાવો વગાડી હાંકી મૂક્યું, ત્યારે હજાર જણની વચ્ચે શેઠ–શેઠાણીએ ફરી એકવાર નેત્રપલ્લવી નચાવી લીધી.

[ ૩ ]

**શુક ભાદરનો** પુલ વટાવીને, ભોગી શેઠના કુટુંબપરિવારને વહેતી ગાડી જ્યારે આગળ વધી, ત્યારે ધીરે ધીરે ડબ્બામાં એ પ્રદેશનાં પરિચિત સ્ત્રી–પુરુષો ચઢતાં-ઊતરતાં હતાં. સારી જગ્યા જોઈને અડ્ડો જમાવી બેઠેલાં શણગાર શેઠાણી ભારે રોબ-દોબથી વાતો કરી રહ્યાં હતાં. ઘડીમાં દેરાણીને બે વેણ શિખામણનાં કહે, ઘડીમાં સ્ટેશને સ્ટેશને ચા–પાણી લાવતા કેશવાને ધમકાવે, ઘડીમાં બાબાને બે પીપરમેંટ આપે ને એની વાદે વાદે લેવા આવતા અરુણને સાલા–સૂવર કહી ધમધમાવી નાખે. ધાક ધમકી દબદબાવે! એમનો મીઠો, તીણો ને છટાદાર સ્વર આખા ડબ્બામાં પડઘા પાડતો!

ભોગી શેઠનું મુંબઈમાં રાજ્ય ચાલતું હોય કે ન હોય, એમના ઘરમાં કોનું ચલણ હતું એ પણ કોણ જાણે, પણ અહીં તો આખા ડબ્બામાં શણગાર શેઠાણીએ રાજ જમાવ્યું હતું! ઉંમર તો પાંત્રીશેક

વર્ષની હતી, પણ બાંધી દડીનું ઘાટીલું દેખાવડું શરીર હતું. મુંબઈના પાણીએ એમાં ગોરાપણું ઉમેર્યું હતું; ને શહેરી ટાપટીપે એમાં ફેશનની સજાવટ કરી હતી.

જોનારની આંખ ને વાત કરનારનાં મન શણગાર શેઠાણીનાં રૂપ, છટા ને રોબ પાસે ઠરી જતાં ને એ જ્વલંત પ્રતિભાને નમી પડતાં.

રેલગાડીઓમાં હમેશાં જોવાય છે તેમ આવી પ્રતિભાઓ વગર-સત્તાએ રાજ ચલાવતી હોય છે. આજુબાજુનાં તમામ માણસોને એ વશવર્તી કરી નાખે છે.

કોઈ જુવાનિયા સ્ટેશને સ્ટેશને એમને માટે પાણી લાવવાની સેવા બજાવવામાં આનંદ લે છે; કોઈ એમના બાબાને માટે ઘોડિયું બાંધવાની સેવા મેળવવા માટે બે પગે સજ્જ હોય છે; કોઈ પોતાની પાસેની પીપરમીંટ કે ખાવાનું આપી એમનાં બાળકોને પોતાની પાસે ખેંચી એ રૂપપ્રતિભાની સત્તાને જાણે-અજાણે સલામી આપે છે! કોઈ સામાનની હેરફેરમાં હોંશે હોંશે મજૂર બની બેસે છે! પણ એથી અહીં કોઈ વચ્ચે બૂરી ભાવનાને સ્થાન હોતું નથી. સૌંદર્યની નિખાલસ સત્તાનું માત્ર પ્રદર્શન રચાય છે. પુરુષ ને પ્રકૃતિનો સ્વયંસિદ્ધ શાસિત સિદ્ધાંત અહીં ફલિત થાય છે. અને આ બધું નગરનિવાસી જનો માટે છે. નહિ તો કોઈ ઘૂંઘટપટધારિણી ગામડાની ગોરી કે કાઠિયાવાડની સ્ત્રીને એટલી સેવા માટે પૂછવામાંયે ભારે જોખમ રહેલું હોય છે, ને ભૂલે ચૂકે બૂઢાંખમ બૈરાંને પગ અડી ગયો તો મરવા જેટલું જોખમ ત્યાં ખડું હોય છે!

'આ તે માણસને ખાવાનું પાન છે કે બકરાંને ચાવવાનાં પાંદડાં છે!' શણગાર શેઠાણીએ પોતાના ચિરંજીવી કેશવાને ધમકાવતાં કહ્યું: 'જોતો નથી, આ ચા પણ શું લાવ્યો છે! જાણે ચોળાનું ઓસામણ! આ કોંગ્રેસવાળા દુનિયા આખીના કાયદા કરે છે. તે આના કાયદા કેમ કરતા નથી?' શણગાર શેઠાણીએ કોઈ ભાષણ-

કર્તાની અદાથી પોતાનો ગોરો ગોરો હાથ ઊંચો કર્યો. આખા ડબ્બાને ક્ષણભર લાગી ગયું કે આઝાદ ફોજનાં કોઈ વીર નારી અહીં આવી બિરાજ્યાં છે!

'કોંગ્રેસવાળાની વાત ને, હા બેન!' ડબ્બામાં બેઠેલા જીવા ઘાંચીએ અને વસ્તા શેઠે ટહુકો પુરાવ્યો. વાટ ખુટાડવા માટે એમને સરસ વિષય મળી આવ્યો. હેમલા ઢેઢથી માંડીને ઉજી ડોશી સુદ્ધાંએ રાજ-કારણની બાબતમાં પોતપોતાનું પાંડિત્ય દર્શાવવા માંડ્યું.

પં. નેહરુના ભાષણની આલોચના, વલ્લભભાઈનું વીરત્વ, પાકિસ્તાની પ્રધાનોની ચાલબાજી, કંટ્રોલના કેર ને કપાસિયાની મોંઘવારી સુધી ચર્ચાઓ ચાલી.

કયા અમલદારના સાળાએ કેટલા લાખ એકઠા કર્યા. કયા બાંધકામમાં ચૂનાને બદલે માટી ઘાલી કંટરાકટર ને ઇજનેર બધો લાડવો જમી ગયા. આવી અનેક વાતો વહી નીકળી. વાત કરનાર દરેક જાણે પોતે જોયેલી વાત ન હોય તેમ કહેતો.

'સરકાર આપણને પૂછે તો હમણાં સૂઝ પડે! અરે, અમારા મુંબઈમાં કેટલીક વાતું એવી ચાલે છે કે અમને બૈરાં માણસને સમજણ પડે પણ સરકારનાં માણસોને ન પડે!' શણગાર શેઠાણીએ ઉપસંહાર કર્યો, ને કેશવાને ટપાર્યો: 'જા ને, સારી સોપારી હોય તો લાવ ને!'

'બેન, એમાં ખાટશો નહિ! મારા બેટા ખોરીદાટ આપશે. એ ચાર ટુકડા હું આપું.' પડખે બેઠેલા અમૃતલાલ મોદીએ ખિસ્સામાંથી ટુકડા કાઢી સામે ધર્યા. થોડીક આનાકાની પછી જાણે અમૃતલાલ મોદીને ઉપકૃત કરતાં હોય તેમ શણગાર શેઠાણીએ કળાભરી રીતે બે ટુકડા લીધા. ટુકડા લેનારી સુંદર આંગળી પરની હીરાની વીંટીઓ ઝગઝગાટ કરી ઊઠી.

'મુંબઈમાં વેપાર હશે ?' અમૃતલાલ મોદીએ વાર્તાલાપની તક ઝડપી.

'હાં, પેઢી !' શણગારે ટૂંકો જવાબ આપી વાર્તાલાપ ત્યાં પૂરો કર્યો. પણ અમૃતલાલ મોદીનાં સહધર્મિણી સમુ વહુ, કે જેઓ છોકરાંને ચામાં બોળીબોળીને ગાંઠિયા ખવરાવવામાં પડયાં હતાં, તેમણે પતિદેવને ધીરેથી ગળામાંથી અવાજ કાઢીને કહ્યું : 'અજાણ્યાં બૈરાં સાથે વાત કરતાં શરમાતા નથી ! મૂઆં આ શહેરી બૈરાંનેય લાજમલાજો હોતો નથી. ભાયડાના હાથોહાથ લે છે !'

સમુવહુએ પોતાના શીલની રક્ષા માટે સંસારના પુરુષો માટે માત્ર વહેમ ને ઘૃણા કેળવી હતી. અને બંને પતિપત્નીએ એકબીજાની સદોદિત ચોકી કર્યાં કરીને, બિલાડી–કૂતરાની ખાસિયત રાખતું દાંપત્ય નભાવ્યું હતું. તેમણે પતિને વિશેષ સંપર્ક સાધતો વારવા, પોતે શણગાર સાથે સીધો સંપર્ક સાધ્યો.

'બેન, કેટલાં જણ્યાં છે ?' જૂના જમાનાની સ્ત્રીઓ વચ્ચેના વાર્તાલાપનો પહેલો પ્રશ્ન સમુએ પૂછ્યો.

'ત્રણ !' શેઠાણીએ પોતાને સોપારીના દૂધભર્યાં ટુકડા પૂરા પાડનાર સદ્‌ગૃહસ્થની વહુ પ્રત્યે વાતચીતની ઉદારતા દર્શાવી.

'બાબો તો પાંચ વર્ષનો હશે ? એના પછી...'

'એના પછી શું ? પછી આપણો તે મનખો હશે કે નહિ ? અમારી મુંબઈમાં તો હવે બે જણ્યાં થયાં કે બસ ઓપરેશન કરાવી લે ! નહિ તો માણસમાંથી જતાં રહીએ, બેન !'

સમુવહુ કે જેનું સાતમું સંતાન ખોળામાં ધાવતું હતું ને આઠમું ઓધાનમાં હતું, એણે પોતાની ધાર્મિકતા દર્શાવતાં કહ્યું : 'પણ એમાં પાપ નહિ ?'

'એ બધું તમને ગામડિયાં ભોથાંને સોંપ્યું ! અમારી મુંબઈમાં

એવા વેવલાવેડા ન ચાલે! અરે, આ નાનો બાબો અઢી વરસનો થયો ત્યાં સુધી ન સિનેમામાં જવાય, ન નાટકમાં, ન હરવાફરવા જવાય કે ન છૂટે મોંએ ખવાય! અમે તો કંટાળી જઈએ, અમારી મુંબઈમાં તો...'

'તમારી મુંબઈની વાત ન્યારી છે, બેન!' સમુવહુ પોતાનો રોબ ન બેસાડી શકયાં. એણે પણ અધીનતાથી વાતો શરૂ કરી: 'આ કેશવલાલ પહેલા પેટના હશે? શું ઉંમર થઈ?'

'સત્તરની.'

'સંબંધ કર્યો કે નહિ?'

'કરવો જ છે ને, બેન! એ માટે તો ખાસ ખર્ચો કરીને દેશમાં આવી છું.'

'તો ઝટ રૂપિયો વટાવો ને, બેન!'

'વટાવવો તો છે, પણ જરા જાણી લઈએ. જોઈ લઈએ. એમ દેખતી આંખે કંઈ કૂવામાં પડાય!'

'અહીં તો જાણી જોઈને શું, દીવો લઈને દેખતી આંખે કૂવે પડનારાં છે, બેન! જરા પીળું પીળું જોયું, રૂપબાઈના ખણખણાટ ભાળ્યા–કે ભુરાંટા પડયા છે! આપણા કાઠિયાવાડમાં દીકરિયુંનો તોટો કયાં છે? બેન, સાચું કહું છું, આ ગુજરાતમાં દીકરા–દીકરીના દુકાળ! એક પોળ, જ્યાં હું ઊતરી હતી ત્યાં ત્રીસ ઘરમાં દશ નખ્ખોદિયાં! અને આપણે ત્યાં તો રામજીની માયા! એક કહેતાં અનેક! ફૂવડના માથામાં જૂનો તૂટો હોય તો આપણે ત્યાં જણ્યાંનો તૂટો હોય! આ મારી ઓળખાણમાં જ ચાર કન્યાઓ છે, પણ તમને શહેરવાળાંને તો...'

'શહેરવાળાં થયાં એટલે શું? પોતાનો દેશ કંઈ મટી જાય છે?' શણગાર શેઠાણીએ પોતાના પતિદેવની સૂચનાને યાદ કરીને કહ્યું, ને સમુવહુ સાથે સંબંધ વધારવા ભાતાના ડબ્બામાંથી હલવાનો કકડો લઈને એના ધાવણા બાળકને આપ્યો.

'બેન, હલવો તો કપાસિયાના તેલનો બને! છોકરાંને ઉધરસ થાય!' સમુવહુએ બાળકને હોંશે હોંશે હલવો ખવરાવતાં જરા ટકોર કરી. એની કાતર જેવી જીભથી આટલું બોલ્યા વિના ન રહેવાયું!

'ન જોયાં હોય તો ચોખ્ખાં ઘી ખાનારાં! છે શરીર પર લોહીનો છાંટો! અને મને જુઓ!' શણગાર શેઠાણીએ પોતાનો માંસલ બાહુ ઊંચો કર્યો.

'બેન, એ તો મને સુવાવડોએ ચૂસી લીધી, નહિ તો કુંવારી હતી ત્યારે જોવી હતી તમારે? બે ભેંશુંની છાશ એકલી ધમકાવી નાખતી!' સમુવહુએ પોતાના ભૂતકાળનું ગૌરવ રજૂ કર્યું.

'જુઓ! અમારી મુંબઈમાં તો અમે ચોખ્ખું ઘી વાપરીએ! ચોખ્ખું એટલે ભેળસેળ વગરનું–વેજીટેબલ! ધંધામાં હજારોની ઊથલ-પાથલ કરનાર 'એ' કહે છે, કે આપણે વાણિયાના દીકરા હજારોનાં દાન કરી દઈએ, પણ છેતરાઈ ને પૈસો પણ ન આપીએ. આપણે એ રીતે મૂર્ખા નથી બનવું: ગાયના દામ આપી ગોધો નથી લેવો! એક તો માલ ખરાબ લાવવો ને ભાવ ચારગણા આપવા. એના કરતાં ચોખ્ખું 'ડાલડા' શું ખોટું? ફિલમમાં 'ડાલડા'ના કેટલા ગુણ બતાવે છે, બેન!' શેઠાણીએ પૂરું ભાષણ આપ્યું!

'ફિલમ–બિલમ તો તમારા શહેરમાં રહી. અમારે તો ઘરમાં જ રોજ ફિલમું થતી હોય છે, બોન!'

'તમને કાઠિયાવાડીઓને જિંદગીની જ સમજ ક્યાં છે? અમારી મુંબઈમાં તો અમે એક અઠવાડિયામાં બે વાર તો ફિલમમાં જઈએ, જઈએ ને જઈએ! સંસાર ને છોકરાં તો ભવનાં લાગ્યાં! દર રવિવારે ભાયડા સાથે ચોપાટીની ભેળ જમી, પુરોહિતમાં પાતરાં–ખમણ ખાઈ પછી ફિલમમાં જઈએ. બુધવારે બપોરે ત્યાંના ફિલમવાળા બૈરાંના 'શો' રાખે એમાં બહેનપણીઓ સાથે જઈએ! આપણો પણ જીવ છે ને!'

'કહે છે કે તમે રવિવારે રાંધો જ નહિ?' સમુવહુએ સાંભળેલી મુંબઈની મોજોને સાચી ઠરાવવા માંડી.

'ચૂલાને પણ એક ટંક વિસામો જોઈએ કે નહિ? એ દહાડે જાઓ તો ભેળ-પૂરીવાળા પર ગુજરાતી બૈરાંનો દરોડો!' છટાથી વાત કરતાં શણગાર શેઠાણીના માથા પરનું મલીર ખસી ગયું. પોમેડથી ચકચકતો કાળો ભમ્મર, સોનાની બો-પીનોથી ઓપતો કેશકલાપ, પોતાની શોભા વિસ્તારી રહ્યો. એમાં નાખેલું પણ અત્યારે ચિમળાયેલું જબાકુસુમનું ફૂલ આખા ડબાને પોતાની પ્રતિભાથી ખેંચી રહ્યું!

સંસારમાં જેની સત્તા ચાલતી હોય, એની ભલે ચાલે, અત્યારે અહીં આ ડબ્બામાં શણગાર શેઠાણી પોતાની સત્તા ચલાવી રહ્યાં હતાં!

[ ૪ ]

**શણગાર** શેઠાણીની છઠી સવારીના સ્વાગત માટે નાનકડા સ્ટેશન પર સારી ભીડ હતી. શેઠાણીનો ભાઈ ઓઘડ આજે બાર દહાડે દાઢી કરાવી, નવું અંગરખું ચઢાવીને આવ્યો હતો, ને ગામમાં જે મળ્યા તેને કહેતો આવ્યો હતો કે ભોગી શેઠ આવી રહ્યા છે; ભાણિયા માટે કંકુ ને કન્યા વરવા આવે છે.

પંચાતિયા પ્રભુદાસ પણ સવારથી કેડ બાંધીને મેદાને પડ્યા હતા. પેઢીના નામનું છાપેલું કાર્ડ સહુને બતાવતા બતાવતા કહેતા, 'ભાઈ, ભોગી શેઠ આખરમાં તો સમજે કે પ્રભુદાસ વગર કંઈ ન થાય. વેવિશાળ જેવી વાતમાં પૂછ્યાં ઠેકાણું મારા સિવાય બીજું કોણ? અને હું પણ, ભલે મારું કીધું થતું હોય તોય, ખોટું ન બતાવું. આ કામમાં તો હજાર રોગીદોગી મળે. આપનારને તો સોનાના ચરુ પર અને ઘીની દેગડી પર દીકરીને બેસાડવાની છે! આવા વખતમાં આવાં વર ને ઘર બેય, દીકરીનાં પૂરાં ભાગ્ય હોય તો જ મળે.'

નમાલી વાતને પણ મોણ નાખી માલવાળી કરવાની કળા વર્તમાનપત્રો પ્રભુદાસ પાસેથી શીખ્યાં, કે પ્રભુદાસ વર્તમાનપત્રો

પાસેથી શીખ્યા, એ અણઉકેલ્યો કોયડો રહ્યો છે. પણ જ્યારે પ્રભુદાસ શેઠ એમ કહે કે બે પડકમણાંની ચોપડી સિવાય છેલ્લાં બત્રીસ વર્ષમાં કંઈ પણ સાહિત્યને સ્પર્શ્યો હોઉં તો હરામ, ત્યારે તો આ બધું માન તેમને જ આપવું ઘટે !

અને એનું પ્રત્યક્ષ પ્રમાણ સ્ટેશન પર હાજર રહેલા નાગરિકો હતા. વખતચંદ શેઠ પોતાની મોટર સાથે હાજર હતા. મોટરનો ખાસ ઉલ્લેખ આ જમાનામાં યોગ્ય નથી એ અમે જાણીએ છીએ. પણ વખતચંદ શેઠની મોટર પડદામાં રહેનારી પદ્મિનીની જેમ ભાગ્યે જ બહાર દેખાતી. કોઈ માગવા આવે તો બરાબર એ જ વખતે પેટ્રોલ ખૂટી પડે. ને વખતચંદ માગનારની સામે આ સરકારની રીતિ—નીતિ માટે એવી ચર્ચા ચલાવે કે પેલો આવનાર માગવાની વાત ભૂલી જાય. કોઈ ભલો માણસ પેટ્રોલ લઈને આવે તો શૉફર જ ગૂમ થાય. અને પછી હાલના માથે ચઢેલા નાલાયક નોકરો માટે એવું પુરાણ ચલાવે કે ન પૂછો વાત ! કોઈ વળી માથાનો થઈને શૉફર અને પેટ્રોલ બંને લઈને આવે તો, શેઠ વળી નવી તરકીબ અજમાવી કહે, 'ભાઈ! પેટ્રોલની ટાંકી કાણી છે. અડધે રાખે તો હું ન જાણું !' વખત જોઈને જ ઊગતા ને આથમતા ચંદ્ર જેવા વખતચંદ શેઠની ચકચકિત મોટર આજ સ્ટેશન પર હાજર હતી. નક્કી કોઈ સારા મહેમાન આવે છે, એવી રેલવેના નોકરોને ખાતરી થઈ ગઇ હતી.

શહેરના પૂનમચંદ શેઠ ચા-પાણી ને નાસ્તા સાથે હાજર હતા. ભોગી શેઠનું ઘર અવાવરુ હોવાથી જમવાનું પણ પોતાને ત્યાં રાખ્યું હતું. કોઇની બળતી આંગળી પર થૂંકવાના પણ પૈસા લે એવા પૂનમચંદ, આજ સાટાપેંડા લઇને આવ્યા હતા. અને એવા તો બીજા બેત્રણ સદ્‌ગૃહસ્થો હતા, જે કદી કોઈને બે સારા શબ્દે બોલાવવામાં ઘસાઈ જતા, તે આજ મીઠીમધુરી વાતો કરી રહ્યા હતા.

આ બધો પ્રતાપ કોનો હતો ? દીકરીનો ! ઉકરડીનો! સાપના

ભારાનો ! પ્રભુદાસ શેઠ કહેતા કે ભગવાને જો આવાને ત્યાં દીકરીઓ આપી ન હોત, તો બીજા રાજા રાવણ થઈને રાજ કરતા હોત. પૂછ્યાનો જવાબ તો કેવો, પણ સામા મળ્યા તો ઊંચે જુએ પણ કોણ? એ તો આવાનો ગર્વ ભાંગવા જ ભગવાન પોતે દીકરીઓને એમને ત્યાં જન્મ આપે છે ! એમાં ય જરા કાળી કે ખોડખાંપણવાળી હોય તો કોઈ ગરીબનાં ભાગ્ય જાગ્યાં સમજવાં.

ગાડી ફક્ત બે કલાક મોડી હતી, એટલે બધાને વાતચીત માટે સારો સમય મળી ગયો. ને વાતચીતમાં ને વાતચીતમાં વખત ક્યાંય વીતી ગયો ને ગાડી આવી પહોંચી. સહુએ ડબ્બે ડબ્બે શોધખોળ કરી મૂકી ને શણગાર શેઠાણીને શોધી કાઢ્યાં. ડબ્બામાં ખુલ્લે મસ્તકે બેઠેલાં મદભર્યાં શેઠાણીએ જરા લાજ ખેંચી, ને હળવે સાદે મજૂર બોલાવ્યો.

'મજૂર–બજૂરની જરૂર નથી. અમે આટલા બધા છીએ ને ! લ્યો ભાઈ હાથોહાથ ! એમાં કંઇ ઘસાઈ નહિ જઈએ !' રતિલાલ શેઠે લાગ જોઈને સોગઠી ફેંકી. એ ન ચા લાવ્યા હતા, ન મોટર ! ખાલી હાથે હતા; એટલે આ રીતે જાતમહેનત ઝિંદાબાદ કરી આગળ નામ નોંધાવ્યું.

શણગાર શેઠાણી આછા આછા મલીરના ઘૂંઘટપટમાંથી કેશવાને સંબોધીને બોલ્યાં : 'કેશવ ! રતિલાલ ભઇજીને કહે કે તમે તકલીફ ન લેશો, મજૂર ક્યાં નથી ?'

'અરે, મજૂર તો બોલાવવા જેવા નથી. એ ક્યાં ઓછા લાકડે બળે એવા છે ! મૂળાના પતીકા જેવા રૂપિયા ત્રણ માગશે.'

ચપોચપ સામાન બહાર લેવાઈ ગયો. પણ પેલા મોટરવાળા વખતચંદ શેઠ પૂછવા લાગ્યા કે ભોગીલાલ શેઠ ક્યાં છે ?

'કેશવ, વખતચંદ ભઇજીને કહે કે પેઢીનો પથારો ભારે, અને માથે જવાબદારી ઘણી, એટલે એકદમ કેમ નીકળાય ?' શેઠાણીએ કહ્યું.

'પણ ધણી વગરનું તો ધોળકા કહ્યું છે ને! પાછું તમારે સરાદ પહેલાં તો જવું હશે; શેઠ હોય તો બધું જુવે-જાણે!' પૂનમચંદ શેઠે ચા-પાણી ફોગટિયાં તો નહિ જાય, એ શંકામાં કહ્યું.

શેઠાણીએ સોનાનો ચાવીનો ઝૂમખો કેડેથી કાઢીને ફરીથી ત્યાં ભરાવતાં કહ્યું: 'પ્રભુદાસ શેઠ ક્યાં પારકા છે? વળી મારો ભાઈ ઓઘડ માહિતગાર છે. ને વળી આમાં ખરું તો બૈરાંને જ જોવાનું ને જાણવાનું! ભાયડાએ તો પાછળથી કંકુમાં પાણી ભેળવવાનું!'

'ખરી વાત છે, બેનની!' પાછળ ઊભેલા ડામર શેઠે કહ્યું. 'જોવાનું કરિયાણું ને કરિયાવર! એમાંય આજકાલના જુવાનિયા તો કરિયાણું જ જુએ. કાળીકૂબડી હોય ને ગમે તેટલો કરિયાવર લાવે, પણ કરવાની શું? મુંબઈમાં રહેવાનું છે!'

ડામરના સામાન્ય લાગતા આ વાકયે વખતચંદ શેઠને કાળઝાળ લાગણી જન્માવી. પોતાની દીકરી શશિકલા જરા વર્ણે શ્યામ હતી. એમને વહેમ પડ્યો કે ડામર મારા પર તીર તાકે છે. વળી એની છોકરી રૂપાળી, દેખાવડી છે, એમ આ રીતે કહેવા માગે છે! એમનો પિત્તો ઊછળી આવ્યો.

'બધું જોવું પડે, અલ્યા ડામર! એકલી રૂપાળીને કંઇ બજારમાં ઊભી રાખી ઈનામ લેવાનું નથી.'

'એ હું ક્યાં કહું છું, શેઠ સાહેબ? બાકી હા, શેઠિયાની છોડીઓ હમણાં નાટક-ચેટકમાં ભાગ લે છે, પગે ઘૂઘરા બાંધી નાચે છે. એમને ઈનામ મળતું હશે. બાકી અમારી દીકરીને તો ઘરબહાર પગ મૂકવો કેવો!'

ચર્ચા વધુ ગંભીર થઈ જાત, પણ પ્રભુદાસ શેઠ વચ્ચે પડ્યા. એમણે સામાન માટે ઘોડાગાડી મોંઘી પડતાં, હાથલારી બાંધી ને ડામર સાથે એને રવાના કરી. મોટરમાં ઓઘડ અને શણગાર શેઠાણીને

સપરિવાર રવાના કર્યાં. વખતચંદ શેઠે ગાડી ભાડે કરી પંચાતિયા પ્રભુદાસને બોલાવી સાથે બેસાડ્યા, ને કહ્યું:

'પ્રભુદાસ, આ કઢીબગાડ ડામરથી ચેતવા જેવું છે. એની છોકરી જરા દેખાવડી છે. મુંબઇના જીવ દેખાવ જોઈને અંજાઇ જાય છે, એટલે તમને પહેલેથી કહી રાખું છું. તમારી દીકરી સમજજો.'

'શશિકલા શું ભણી છે?'

'પાંચમી અંગ્રેજી.'

'મેટ્રીક તો કરાવશો ને?'

'જુઓ ભાઇ, આગળનો વિચાર તો મુરતિયો જેવો મળે તેના ઉપર છે. જો કોઇ કહેશે, આગળ ભણાવો તો મેટ્રીકમાં પહોંચાડું, બી. એ. પણ કરું. ને કોઈ મુરતિયો કહે, ના, ના, મારે તો ઘરકામમાં હોશિયાર જોઈએ, તો પાંચમી પણ પૂરી ન કરાવું!'

'પણ મુરતિયો કહે, ભણાવો તો?'

'તો કહે ત્યાં સુધી. મારી ક્યાં ના છે!'

'પછી દીકરીને એટલી ભણાવો તો પછી જમાઇને વધુ ભણવું હોય તો વિલાયત ન મોકલો? સુધરેલા મુરતિયા કર–કરિયાવરની ના પાડે છે, પણ ભણવા માટે વિલાયત-યાત્રા કરવા પાંચ, પંદર જરૂર માગે.'

'પૈસાદારોને પણ પૈસાની હાયવોય બળી છે. અરે ભાઇ, આપીએ. પણ કહે છે કે વિલાયત જનારા દારૂ, પરમાટી ને પરસ્ત્રી–ની બાબતમાં વિવેક રાખતા નથી!'

'કેવી જંગલી જેવી વાતો કરો છો? શેઠ, એ વહેમ કાઢી નાખો. કહો, છે કબૂલ વિલાયતનું ખરચ!'

'કબૂલ છે, ભાઈ!' વખતચંદ શેઠે, કોઇ ચામડી ઉતરડતું હોય એવા ભારે અવાજે કહ્યું.

'તો ભિખારી ડામરિયો ઝખ મારે છે.' પ્રભુદાસ શેઠે ભાર–પૂર્વક કહ્યું.

ઘોડાગાડી વેગમાં ચાલી. વખતચંદ શેઠનું હૈયું પણ વેગમાં હતું. જમાઈ એક સુધરેલો, બીજો જૂનવાણી—બેમાં કયામાં વધુ ખર્ચ આવે એનો અડસટ્ટો મનમાં ને મનમાં તેઓ કાઢતા હતા.

[ ૫ ]

**શણગાર** શેઠાણી જાણે સ્વયં ગામની દીકરીઓના ઉદ્ધારક બનીને આવ્યાં હતાં. દીકરીઓ મોટી થવાથી વર્ષોથી તરફડી રહેલાં મા-બાપ માટે શણગાર શેઠાણી આષાઢ મહિનાની પહેલી વાદળીની જેમ વરસી રહ્યાં હતાં. સવાર થતું ને બારણા પાસે બેચાર દીકરીના બાપ ખડા જ હોય. ઘરમાં મોટરના પેટ્રોલ જેટલું પાણી ભલે ન હોય, પણ ભલા માણસો મોટર બાંધીને આવીને ખડા હોય. ને બે હાથ જોડી પોતાની કન્યાને જોવા પધારવા માટે આગ્રહ-આજીજી કરતા હોય.

'ભાઈ, મુરતિયા ક્યાં રેઢા પડ્યા છે? અને તે વળી શહેરમાં રહેનારા તો મળવા મુશ્કેલ! તેમાંય બે પૈસાના જીવવાળા તો શોધ્યા પણ ન જડે! આ તો હામ, દામ ને ઠામ ત્રણે-કયો દીકરીનો બાપ એ ન ઇચ્છે!'

શણગાર શેઠાણીનો ઘણોખરો સમય આ પરીક્ષાઓમાં વીતી જતો. અને એ રીતે ધીરે ધીરે એમણે ટાળી ટાળીને માત્ર બે કન્યાઓ ઉપર નજર ઠેરવી હતી: એક વખતચંદ શેઠની દેખાવડી નહીં એવી શશિકલા પર ને બીજી ડામર શેઠની રૂપભરી કન્યા કમળા પર. એક ઠેકાણે ઢગલાબંધ કંચન હતું, બીજે ઠેકાણે રૂપે રંગે રૂપાળી કામિની હતી.

જાણે કંચન અને કામિની હોડે ચડ્યાં! શું લેવું ને શું છાંડવું?

અને આમ છતાંય, વારકો-ડિ-ગામાની જેમ, નવી નવી કન્યાઓની શોધ અને પરીક્ષા તો ચાલુ જ હતી. શણગાર શેઠાણીની કુશળતા પણ એવી હતી કે જેવા ઘેર જતાં તેવાં બની જતાં. કોઈ ગરીબ ઘેર જતાં તો કહેતાં:

'જુઓ ને, હું તો સામાન્ય ઘરની કન્યાને પસંદ કરનારી છું. મન દઈને કામ તો કરે. વળી ગરીબ સગાં સુખેદુઃખે ઊભાં રહેનારાં! આપણું પોટલું એ લઈ લે, એમનું પોટલું આપણે લઈ લઈએ. હું પણ ક્યાં તાલેવંતના ઘરની છું કે તાલેવંત વેવાઈ શોધું!'

સામાન્ય સ્થિતિવાળી કન્યાનાં માબાપને લાગતું કે નક્કી આપણું કામ થઈ જશે. પણ કોઈ તાલેવંતને ત્યાં જતાં તો વળી શેઠાણી નવું સંભાષણ કરતાં. તેઓ કહેતાં:

'ભૂખડી બારશ જેવાં સગાં શા કામનાં? દીકરી લીધી એટલે જાણે એમનો ગુનો કર્યો! છાશવારે ને છાશવારે મદદ માગવા આવી ઊભાં રહે! અને એક વાર ના પાડો એટલે થઈ રહ્યું. ગામ આખામાં વગોવી નાખે. વળી બાઈ, સરખે સરખાં હોઈએ તો જ શોભીએ! વભો પણ કોઇ વસ્તુ છે ને!'

ને વળી ઓછું ભણેલાંને ત્યાં જાય તો કહે: 'ભણેલી લઈને ક્યાં પેઢીએ નામુંઠામું લખવા બેસાડવી છે! ભણેલી છોડીઓનાં ચરિતર હું જાણું છું. આખો દહાડો કાગળ લખવામાંથી ને ચોપડીઓ વાંચવામાંથી નવરાશ મળે તો ઘરકામમાં ચિત્ત ઘાલે ને!'

ને વળી કોઈ શિક્ષિતને ત્યાં જાય તો નવો રાગ આલાપે અને કહે: 'ભાઈ, આ જમાનામાં ભણતર વગર કંઈ ચાલવાનું છે? વહુ સંસ્કારી ને સુશિક્ષિત હોય તો આખા ઘરને અજવાળે. બે ઘડી નવરાશ મળે તો સારાં પુસ્તકો વાંચીને સંભળાવે તો ખરી! આજે સંસ્કારલક્ષ્મીઓની સાચી જરૂર છે.'

આ રીતનો સમન્વય કરી શકવાથી શણગાર શેઠાણી એક સુંદર હવા જમાવી શક્યાં. ને રોજ રોજ કહેણ વધતાં ચાલ્યાં. અને જેમ કહેણ વધતાં ચાલ્યાં તેમ હરીફાઈઓ, લાગવગો, ધમાલો વધતી ચાલી. જે આવે એ પોતાનો પક્ષ મજબૂત કરતો જાય, ને સામા પક્ષની વાત ધરમૂળથી કાપતો જાય. શેઠાણી પણ લોલમાં લોલ પુરાવતાં જાય. પણ ધીરે ધીરે એમનું મન પણ એવું અનિશ્ચિત

બનતું ચાલ્યું કે નિર્ણાયક શક્તિ ડગી ગઈ. આ કન્યા લેવી કે પેલી? કોઈમાં કંઈ તો કોઈમાં કંઈ! કોઈમાં કંઈ લાભ તો કોઈમાં કંઈ લોભ!

અને કન્યા જોવાનું પૂરું થયું એટલે સહુ તેમને ઘેર આવવા લાગ્યા. આમ તો માત્ર સાદા પાણીથી ચલાવી લેનારાંને હવે તો ચા–પાણી કર્યા વગર છૂટકો નહોતો. ખાંડનો તો દુકાળ હતો. એક બે વાર સેકેરીનનો પ્રયોગ કરી જોયો, પણ એક બટકબોલાએ મોં પર કહી દીધું :

'બેન, ચામાં મુંબઈની સાકર વાપરતાં લાગો છો? અમને આદત નહિ એટલે ગળોના સત્ત્વ જેવી લાગે. એના કરતાં તો ગોળ વાપરો તોય સારું.'

શેઠાણી બિચારાં ખોડ ભૂલી ગયાં—સેકેરીન વાપરવાની. બીજે દહાડે કાળાબજારમાંથી ખાંડ ખરીદી ને એ દહાડે જે આવ્યા તેમની પાસે કાળાં બજાર વિષે ઉગ્ર ચર્ચાઓ કરી. આ ગામમાં શણગાર શેઠાણીના રૂઆબથી પણ ન અંજાય એવા જીવ પણ હતા. જીવનને કડવી રીતે જીવનારા તેઓ જીભમાં પણ કુહાડાની ધાર રાખતા. તેઓ સ્પષ્ટ કહેતાઃ 'ભલા પ્રતાપ એ કાળાબજારના છે કે ફૂલે પૂજાઓ છો, નહિ તો શેઠાણી ક્યાંય માથે છાણાં વીણતાં હોત!'

ગમે તેમ પણ શણગાર શેઠાણીને હવે આ ગામ પર અભાવ થઈ ગયો, ને જલદી કામ પતાવી નીકળી જવાની તાકીદ કરવા લાગ્યાં. ત્યાં તારવાળો સમાચાર લાવ્યો કે ભોગીશેઠ કાલે આવે છે! એની પાસે તાર નહોતો, પણ મોઢામોઢના સમાચાર હતા! વગર ખર્ચે તારમાસ્તર સમાચાર લે અને આપે, એ ભોગીશેઠની આબરૂને લીધે!

ગામમાં આ સમાચાર પ્રસર્યા કે ફરીવાર વાતાવરણમાં તેજી આવી ગઈ. ઓઘડ કહેવા લાગ્યો કે 'હવે મારા બનેવી આવે એટલે

વાત ખીલે બંધાશે. બાકી તો અમે ભાઈ–બહેને બધું નક્કી કરી રાખ્યું છે !'

'ઓઘડભાઈ, આજ તમારી બોલબાલા છે !' ગઈ કાલે અડધા પૈસાની બોણી વગરના ઓઘડભાઈ આજ ઉપાડ્યા ઊપડતા નહોતા ! જ્યાં જાય ત્યાં એમનાં ચા–પાણી સાચાં !

આ ગામોમાં ગરજ પડે માણસોમાં ગળપણ વધી જતું. બાકી તો મરતાને પવાલું પાણી પાવા પણ કોઈ નવરું નહોતું !

બીજે દિવસે ગામમાં ભોગી શેઠની પધરામણી થઈ, ત્યારે સ્ટેશન પર સ્વાગત કરનારાઓનો રાફડો ફાટ્યો હતો. પણ આશ્ચર્યની વાત એ હતી કે શેઠ થર્ડ કલાસમાં હતા. આજકાલના સદ્‌-ગૃહસ્થો તો સેકન્ડ કલાસ વિના સફર ન કરતા. સ્ટેશન પર ઊતરતાંની સાથે ભોગી શેઠે ખુલાસો કર્યો :

'ભાઈ, જમાનો શું વિચિત્ર છે ! અત્યારે જોખમવાળા માણસે ફર્સ્ટ કે સેકન્ડમાં મુસાફરી કરવા જેવી નથી. ઊઠતી બાદશાહી ને બેસતી બાદશાહીમાં બહુ ચેતીને ચાલવા જેવું !'

શું ભોગી શેઠનું ડહાપણ ! આ મુંબઈગરા માનવી પર બધા વારી ગયા. એનાં સોનાનાં બટન પર, સોનેરી ફ્રેમવાળાં ચશ્માં પર ને મોટા મોટા નંગવાળી વીંટીઓ પર ને છપ્પન ઇંચિયા કોટ પર સહુ આફરીન બની ગયા.

પણ અચાનક ગામનો કોદર કારભારી સેકન્ડ કલાસમાંથી ઊતરીને આવતો સામો મળ્યો. એણે ભોગી શેઠને જોતાં જ કહ્યું :

'શેઠ, ત્યાં મુંબઈના સેંટ્રલ સ્ટેશન પર પોલીસના બે માણસો તમારી પૂછપરછ કરતા હતા.'

ભોગી શેઠ ઘડીભર છોભીલા પડી ગયા, પણ બીજી જ પળે મિજાજ સમાલીને બોલ્યા : 'હા, હા, એ તો એક સબજજ સાહેબ

સાથે ઘર જેવો સંબંધ છે, સાંભળ્યું હશે કે હું જવાનો છું એટલે છોકરાં માટે પોલીસો સાથે હલવો મોકલ્યો હશે. મારે તો જાણો જ છો કે ૨૪ કલાકનો દિવસ ને ૪૮ કલાકનું કામ. મળવું હોય તો બિચારા જજ સાહેબ પણ સામે પગલે ઘેર આવે.'

કોદર કારભારીને આ જવાબથી સંતોષ ન થયો, પણ એણે ચર્ચામાં પડવાનું મુનાસબ ન ધાર્યું! આ આખા વરઘોડાને એની રીતે આગળ વધવા દઈ, પોતે ચાલતી પકડી.

[ ૬ ]

**ભોગી** શેઠ અને શણગાર શેઠાણીની પહેલી મુલાકાત ભારે ઊર્મિભરી હતી. આખી રાત શેઠાણીની વાતો ચાલી. એમણે કેમ મુસાફરી ખેડી, કેમ ગામમાં સ્વાગત થયું, કઈ કઈ કન્યાઓ જોઈ, એમાં કયા ઘર પર મન ઠર્યું, અને ચા-પાણીમાં કાળાંબજારની કેટલી ખાંડ ખપી ગઈ વગેરે વાતો કરી; ને છેવટે પોતે આ ગામથી કેવાં કંટાળ્યાં છે, ને કાલે બધું પતાવી મુંબઈ ચાલ્યા જવું છે, વગેરે પણ સાથે સાથે કહ્યું.

ભોગી શેઠ અત્યાર સુધી લગભગ ચૂપ હતા. હવે તેમણે મુંબઈની ફેશન પ્રમાણે શેઠાણીને નામથી બોલાવતાં કહ્યું:

'શણગાર, હવે તો મુંબઈને છેલ્લા રામરામ!'

'શા માટે?' શણગારને માથે જાણે વજ્ર પડ્યું, 'શું ઝરમરિયો આવી પહોંચ્યો?'

'એમ જ સમજો!' શેઠે ટૂંકામાં પતાવ્યું.

'પણ મુંબઈથી તો હાલમાં કોઈ આવતું નથી, ઊલટાં આવેલાં પાછાં મુંબઈ જાય છે!'

'એ બધાં મૂરખાં છે! વારુ શણગાર! પેલો ડબરો તો સાચવીને રાખ્યો છે ને?'

'પાણિયારાની પછવાડે ધરબી દીધો છે.'

'એમાં તો તારામાં કહેવાપણું નથી. શણગાર, સાચું કહું છું, કે ત્રણ હજારને બદલે છ હજાર ખર્ચ્યાં હોત, તોય તારા જેવી ઘરરખુ બૈરી ન મળી હોત.'

'ખાટી ગયા છો ખાટી! લોકનાં બૈરાં જુઓ તો સમજણ પડે! પણ વારુ, આપણી ઓરડીના સરસામાનનું શું?'

'બધું ગુડસમાં આવે છે. જાજરૂ જવાનાં ડબલાં સુદ્ધાં લેતો આવ્યો છું. હવે તો દેશમાં ઠરીઠામ થઈશું.'

'પણ અત્યારથી બોલી ન વળશો. કેશવાનો બધો ખેલ ખલાસ થઈ જશે. મેં કન્યા જોઈ છે. એકને ત્યાં કંચન છે, બીજી રૂપમાં સીનેમાની નટી છે. અહીં તો ફૂવડના માથાની જૂઓની જેમ કન્યાઓ ઊભરાઈ ઊઠી છે. અને સહુ ગામડા–ગામના મુરતિયા છોડી, શ્રીમંત, શહેરી ને સુધરેલા ઉંબરે દીકરીઓનાં કપાળ વધેરવા ખડે પગે ઊભા છે. હવે મોતીની પરીક્ષા કરી નંગમાં જડી દો, એટલે પત્યું.'

'કેશવાને ઓથ થાય એવું કોઈ ઘર છે કે નહિ?'

'એવું છે વખતચંદ શેઠનું ઘર. પણ કન્યા જરા શામળી, મોઢે શીળીના ચાઠાવાળી ને હાથે કંઇ ખોડ! બાકી સાહ્યબીમાં કોઈ વાતે મણા નહિ!'

'મારે તો સોનાની મરઘી જેવી વહુ જોઈએ. બીજી વાત નહિ! વારુ, હવે વાતનો બેચાર દહાડામાં બંધ વાળી દઈએ.'

રાત પૂરી થવા આવી હતી, શેઠાણીને મુંબઈના દરવાજા બંધ થયાની વાતથી નવી મૂંઝવણ ઊભી થઈ હતી, એટલે વિશેષ ચર્ચા આગળ ન ચાલી. પણ પરશાળમાં પડ્યો પડ્યો સરવા કાનથી વાર્તાલાપ સાંભળી રહેલો કેશવો પોતાના પૂજ્ય પિતાશ્રીના છેલ્લા શબ્દો

પરથી કંઇ તારણ ન કાઢી શક્યો. વાણિયો મગનું નામ આપતો નહોતો. પિતાજી 'સોનાની મરઘી જેવી વહુ'ના વાક્યથી દેખાવડી કન્યા લાવવા માગતા હતા કે કાળી પણ પૈસાદારની પુત્રી લાવવા માગતા હતા?

ભોગી શેઠ જ્યારે શેઠાણીએ દાબેલો ડબરો તપાસવામાં મગ્ન હતા, શણગાર શેઠાણી મુંબઈ અને ઝરમરિયાના તોફાન વિષે વિચારમાં ડૂબેલાં હતાં; ત્યારે કેશવો પોતાની ભાવિ જીવન-સહચરીની ચિંતામાં પડ્યો હતો.

[ ૭

**ભોગી શેઠની** ગામમાં પધરામણી થયા પછી, મુંબઈથી એમના સ્નેહી સબજજ સાહેબના ચારપાંચ લિફાફા આવી ગયા. એ વાર તો થાણા પરથી પોલીસ જાતે આવીને આપી ગયો. ભોગી શેઠે અંગ્રેજીમાં લખેલા એ પત્રને સહુની સામે ફોડતાં કહ્યું:

'છે તો હજાર–પંદરસોના પગારવાળો સાહેબ, પણ મારા વિના ચા પણ ન ભાવે. ભારે આગ્રહ કરીને લખે છે કે, જલદી આવો. બિચારા જીવ! એને આપણા વટવ્યવહારની શી ખબર! એકવાર કેશવાના સગપણની વાત કરી તો કહે: 'મારી ફેમીલીમાંથી એક બ્યુટીફુલ ગર્લ લાવી દઉં.' મેં કીધું, 'સાહેબ, હજી અમારે બાપદાદાના ગામમાં રહેવું છે. એ ફૂલ ને બ્યુટીફૂલ અમને ન પોસાય! અમારું ખોરડું તો આખી નાતમાં આગળ!'

જેટલા સાંભળનારા હતા એ બધા હસી પડ્યા. એમાં અંગ્રેજી જાણનાર કોઈ નહોતા. એટલે સહુ કાગળની મહોરછાપ જોઈ કહે, 'ભોગીભાઈ, અમે તો આ રાખોડી રંગના કાગળથી બહુ બીએ. વગર ટાઢે ટાઢ ચડે, ને તમારે તો લખાપઢી જ એમાં થાય!'

'મારે એકાદ વાર મુંબઈનો આંટો થશે જ. હવે વાતનો જલદી બંધ વાળવો પડશે.'

'તમે હા કહો એટલી વાર. અહીં તો એક કહેતાં એકવીશ હાજર છે. હાથણી કોના ઉપર કળશ ઢોળે છે, એની જ રાહ જોવાય છે.'

'તમારે સહુએ મને મદદ કરવાની છે. મારી તો મતિ જ મૂંઝાઈ ગઈ છે.' ભોગી શેઠે જરા મૂંઝવણનો ડોળ કરતાં કહ્યું.

'ગામને મૂંઝવી નાખો એવા તો તમે જ છો, ભોગીભાઈ! અને વળી અમારાં શણગારભાભી! ભગવાને અસ્ત્રીનું ખોળિયું આપ્યું, નહિ તો કોઈ રાજનાં દીવાન થાય તેવાં છે.'

'મશ્કરી મૂકો હવે!' ભોગીશેઠે કહ્યું ને અંદરથી કોફીના કપ મંગાવ્યા. છેલ્લા દિવસોમાં કંઈક ખાંસી રહેતી હતી: એટલે વૈદે ભોગીશેઠને ચા બંધ કરાવી હતી. ઘરમાં ચા થાય એટલે ભોગી શેઠ પીધા વગર ન રહે! છેવટે ઘરમાંથી ચાને જ દેશનિકાલો દીધો હતો. અને ત્યારથી બેઠકમાં કોફી પીરસાતી. ગામના લોકોને કોફી ન ફાવતી, એટલે ચા–પાણીનું ખર્ચ એકદમ કમી થઈ ગયેલું. શણગાર શેઠાણીને મૂંઝવતો કાળા બજારની ખાંડનો પ્રશ્ન શેઠે આ રીતે બાહોશીથી હલ કર્યો હતો.

ભોગી શેઠે કોફીનો કપ સહુની સામે ધર્યો. બધાએ ડોકું ધુણાવી ના ભણી. 'કોયદાન (કવીનાઈન) જેવી લાગે છે તમારી કોફી, ભાઈ!'

'તમને આદત નહિ એટલે; બાકી તો નીરોગી ભારે. ચા તો લોહીનું નકરું પાણી કરી નાખે, ને આ તો લોહીમાં ગરમી આણે. વૈદરાજને મેં કહ્યું કે 'હું ચા ન પીઉં પણ ઘરમાં ચા રાખું તો શો વાંધો? મોટું ખોરડું–હજાર જણ આવનારા. ચાના પાણીમાંથી પણ જાઉં? તો એ કહે કે એ વાત જ નહિ. ચાનો પડછાયો પણ ઘરમાં નહિ. ને આવનારા કંઈ ચા પીવા તમારે ત્યાં આવતા નથી! એમણે ચા ભાળી હોય છે.' ભોગી શેઠે કહ્યું.

'ખરી વાત! ખરી વાત!' દાયરાના ચારપાંચ જણા બનાવટી રીતે હસ્યા. તેઓ મનમાં તો વિચારતા હતા કે મારો બેટો મુંબઈગરો અમને ગામડિયાં ભોથાં સમજી બનાવ્યે જાય છે! પણ શું કરીએ! ભગવાને એને ઘેર જુવાન દીકરો આપ્યો છે, એને બદલે જુવાન દીકરી આપી હોત તો રંગ જામત!'

'વારુ! વારુ!' ભોગી શેઠે કૉફીના ડબલ કપ ચસકાવતાં કહ્યું, 'હવે વાત ખીલે બાંધી દઈએ. ઘરમેળે બપોરે વિચાર કરીને સાંજે રૂપિયો ને શ્રીફળ વધાવી લઈએ.'

જે! જે! કરતો દાયરો વીંખાયો.

સાંજની ભારે ઉત્સુકતાભરી રાહ જોવાવા લાગી. કેટલાય દીકરીના બાપ છેલ્લા મરણિયા પ્રયાસો કરી રહ્યા. ગામડેગામથી પણ કન્યાવાળા ચાલ્યા આવતા હતા. એમને પણ દીકરીને મુંબઈની મહેલાતોમાં મહાલતી જોવી હતી. ગામના મશ્કરા તેઓને કહેતા :

'અલ્યા, બળિયા સાથે શું કામ બાથ ભીડો છો? અહીં ભલભલા વા ખાય છે, ત્યાં તમારો તે નંબર ક્યાં લાગે તેમ છે? હા, એક વાત બને. રાજા જેમ એક રાણી પરણે ને સાથે દાયજામાં દસ દાસી લઈ જાય, એમ દાસી તરીકે દીકરીને વરાવો. ભઈલા, આમ અવાયા પડો મા. આપણા જોગું ગોતી લ્યો. એમાં જ મજો! આ તો મોભ, એને વળગતાં ટાંટિયા ઊંચા થઈ જશે.'

આમ અકળામણો દિવસ ટોળટપ્પાંથી વીતતો ચાલ્યો. પેઢીએ, મેડીએ, ચકલેચૌટે, દહેરાસરે, અપાસરે, એક જ વાતની ઇંતેજારી જોવાતી હતી કે ભોગી શેઠે કોનો રૂપિયો ને શ્રીફળ વધાવ્યું. સટ્ટાની રૂખ નીકળે તેમ આની પણ રૂખ નીકળતી હતી. પણ અચાનક એક પોલીસ ભોગી શેઠના ઘર તરફ જતો જણાયો ને થોડીવારમાં સમાચાર આવ્યા, કે ભોગી શેઠને આજ અણધાર્યું મુંબઈ જવાનું થવાથી રૂપિયો મુંબઈથી પાછા આવ્યા લેશે.

નિરાશા લઈને એ સાંજ ઊગી. સાપના ભારા જેવી દીકરી· ઓનો એકે બાપ આજે ખુશ ન થયો. ભોગી શેઠની સવારી મુંબઈ ભેગી થઈ. છએક દિવસે પાછી આવી. પણ શેઠના ચહેરા પર નૂર ઘણું ઓછું હતું. આવતાંની સાથે જ એમણે શણગાર શેઠાણીને બોલાવીને કહ્યું : 'કેશવાની વાતનો અબઘડી નિકાલ કરી નાખવો જોઈએ.'

'મેં કયે દહાડે ના પાડી ?'

'તો ઓઘડને કહે કે વખતચંદ શેઠને બોલાવી લાવે.'

'શું શશિકલાને પસંદ કરવી છે ? જરા શામળી નહીં પડે ? છોકરાના મનને ગમશે ? કેશવાને બતાવી જોશું ?'

'ઊજળી તોય રાત ! ગમે તેવી હોશિયાર તોય સ્ત્રી ખરીને ! સ્ત્રીની બુદ્ધિ પાનીએ. મેં તને નહોતું કહ્યું કે મારે તો સોનાની મરઘી જેવી વહુ જોઈએ.'

'સોનાની મરઘીનો અર્થ હું જ સમજી નથી : રૂપાળી વહુ કે પૈસાદાર વહુ ?'

'એનો અર્થ તને વખતે સમજાશે. પણ શશિકલા લાવીએ તો તને વાંધો નથી ને ?'

'મને શું વાંધો હોય ? પણ જરા શામળી તો ખરીને !'

'એ તો તું જરા ઊજળે વાન છે, એટલે તારી પાસે કંઈક શ્યામ લાગે. બાકી તો શહેરનાં પાણી પીશે, જરા ઘસીને નાહશે, ધોશે, એટલે રંગ ઉઘડશે. વારુ, ઓઘડ ક્યાં છે ?'

હા કહેતાં હાજર થનારો ઓઘડ હજૂરમાં જ હતો. હમણાં દેવની સેવાપૂજાને બદલે એણે બેન-બનેવીની ઉપાસના આદરી હતી. એનેય પોતાનું ઘર માંડવાના ઓરતા હતા. એ જઈને તરત વખતચંદ શેઠને તેડી લાવ્યો.

ભોગી શેઠ એમને લઈ એકાંતમાં બેઠા. વાતનો પ્રારંભ કરતાં કહ્યું: 'શેઠ, બૈરાં માણસને તો જાણો છો ને! કહે છે કે કન્યા શામળી છે. પણ એ બિચારીને શી ખબર કે વખતચંદ શેઠ કોણ?'

'જુનવટની વાત છે, જાણે એને મન લાખની અને ન જાણે એને મન રાખની.' વખતચંદ શેઠે ઓશિયાળું મોં કરી કહ્યું.

'બૈરાં માણસ શું જાણે? સગો એવો જોઈએ કે અડચણ ઓપટી વખતે કામમાં આવે. વખતે પાંચપચીસની ભીડ હોય, તોય કાઢે.'

'ખરી વાત છે, સંપત્તિ સગાંને કામ ન આવી તો એ સંપત્તિ શા ખપની?' વખતચંદ શેઠે સ્વાભાવિકતાથી કહ્યું.

'આ જુઓને! આઘે ક્યાં જવું? આજની જ વાત. મુંબઈમાં લશ્કરનો માલ પાણીને મૂલે હરાજ થાય છે. મેં બે હજાર મોટર-સાયકલોનો સોદો કર્યો છે. રૂપિયા બે લાખ જોઈએ. દોઢેક લાખનો તો મેં બંદોબસ્ત કર્યો છે, રહી હવે પચાસ હજારનો વળ ઉતારવાની વાત.'

'તમારે તો ભાઈ લાખે લેખાં! એ તો દલગજો તમ મુંબઈ વાળાનો, અમારાથી એવાં સાહસ ન થાય.' વખતચંદને લાગ્યું કે રેલો કદાચ પગ નીચે ન આવે.

'સાહસ વગર લક્ષ્મી ક્યાં છે? વારુ વારુ. વખતચંદ શેઠ, તમારે મને જરૂર પડે તો પચીસ-ત્રીસની મદદ કરવી જોશે.' ભોગી શેઠે વાતનો વળ બેસાડી સીધું આક્રમણ કર્યું.

'હેં! ત્રીસ હજાર!' વખતચંદ શેઠને હવે ભાન આવ્યું કે મુંબઈગરાનો જાદુ પોતાના પર ચાલી ગયો છે. એ એકદમ અકળાઈ ગયા.

'મૂંઝાશો મા. કહો તો હજાર મોટરસાયકલો તમારા નામ પર લખી દઉં. આ તો ઈશ્વર કરશે, તો આવતી કાલે સારાં સગપણે

સંધાઇશું. પણ આજ નાણી જોયું કે કોણ આપણું સુખદુઃખનું સાથી છે. અને સગવડ ન હોય તો કંઇ નહિ...'

વખતચંદ શેઠ ભારે કફોડી હાલતમાં મુકાઈ ગયા; શું કરવું તેની કંઈ સમજણ ન પડી, અચાનક જ બોલાઈ ગયું કે ' ના ના, ભોગી શેઠ, જ્યારે જોઈએ ત્યારે મંગાવી લેજો ! તમારા જ છે ને.'

' ઓઘડ આવશે.' ભોગી શેઠે જવાબ વાળ્યો.

' અને રૂપિયો–શ્રીફળ ? '

' બસ, જોશીને બોલાવો. એ કહે ત્યારે.'

બંને શેઠિયાઓ હસતા હસતા જુદા પડ્યા.

[ ૮ ]

**ઘણા** દિવસથી સિનેમા જોવા મળ્યો ન હોવાથી અકળાઈ ઊઠેલો કેશવો, છેલ્લા દિવસોથી, પોતાના ઘરમાં ચાલતો ' સોનાની મરઘી 'નો ખેલ જોઈ રહ્યો હતો. એણે મા–બાપની પુરાણકાલીન આમન્યા તોડી હતી–ને જ્યાં તેઓ એકાંતમાં મળતાં ત્યાં ખૂણે ખાંચરે –ડામચિયા નીચે કે ઉપર ભંડારિયામાં ભરાઈ બધો વાર્તાલાપ સાંભળ્યો હતો.

એ જેમ જેમ બધું સાંભળતો ગયો તેમ તેમ એના મનના બધા મનોરથો ઊડી જવા લાગ્યા. પોતાને ફાંસવાનું કોઈ કાવતરું યોજાઈ રહ્યું હોય તેવી તેને ખાતરી થઈ.

આજ સવારથી એ સિનેમાનાં ગીતો ગાતો, સિનેમાની ભાષામાં કંઇ ને કંઈ લવતો હતો. ' ઇધિર હમારા ક્યા હાલ હૈ, કોઇ હમસે ભી તો પૂછે ? '

' છોડ દે યે દુનિયાદારી ! ' સિનેમાનું પાત્ર જાણે એને આવીને કહી રહ્યું હતું. કેશવાએ શિક્ષણમાં પુસ્તકો કરતાં ચિત્રપટો તરફ ભારે ચાહ કેળવ્યો હતો. એટલે પાઠ્ય પુસ્તકો સિવાયનાં બીજાં પુસ્તકોથી એ અસ્પૃશ્ય રહ્યો હતો. એની ભાવનાનું ઘડતર સિનેમાએ, લાગણીનું

તંત્ર ફિલ્મી ગાયનોએ ને ચિત્તતંત્ર સિનેમાનાં નટ-નટીઓએ ઘડ્યું હતું. અચાનક એને જોશ આવ્યું ને એ બોલી ઊઠ્યો.

અય દુનિયા બતા, અય દુનિયા બતા
હમને બિગાડા હય ક્યા તેરા ?

આ ગાયને એને જોશ આપ્યું. ત્યાં તો બીજું ગાયન એની યાદદાસ્તમાં ચમકી ઊઠ્યું.

દૂર હટો અય દુનિયાવાલો,
હિંદુસ્તાન હમારા હૈ !

કેશવાએ બારણાને જોરથી ધક્કો દીધો. ફડાક અવાજ કરતું બારણું ખૂલી ગયું. મનમાં કોઈ અફર નિર્ણય સાથે કેશવો બહાર નીકળી ગયો.

ભોગી શેઠનો પાટવી કુંવર કેશવો હડી કાઢીને ગામપાદરના મેદાનમાં આવી ઊભો. ખુલ્લી કુદરત ચારે તરફ વિલસી રહી હતી. મોર કળા કરતા ગામના અવાડા પર બેઠા હતા. કેશવાએ એકવાર મન મૂકીને શ્વાસોચ્છ્વાસ લીધા; ઘરના ખટપટી વાતાવરણમાં ગૂંગળાતા એના ચિત્તે શાન્તિ અનુભવી. અરે ! આ તે ઘર છે કે રાજ-ખટપટનું ધામ ! માબાપ છે કે રાજરજવાડાનાં દીવાન ! એ પોતાના ભાવિ જીવન વિષે વિચાર કરવા લાગ્યો. એને ડામર શેઠના સ્ટેશન પરના શબ્દો યાદ આવ્યા :

‘ એ વાત જોવાની—કરિયાણું ને કરિયાવર. એમાંય આજ-કાલના જુવાનિયા તો કરિયાણું જ જુએ. કાળી કૂબડી હોય-પછી ગમે તેટલો કરિયાવર લાવે તોય શું કરવાની ? આ તો મુંબઈમાં રહેવાનું છે.’

કેશવાને વખતચંદ શેઠની બનારસી સાડી ઓઢીને દેવદર્શને જતી શશિકલા યાદ આવી. એક મિત્રના ઘરમાં છુપાઈને એણે એને

જોઈ લીધેલી. બીજી તરફ ગાંસડો કપડાં લઈને નદીએ ધોવા જતી ડામર શેઠની કમળા નજર સમક્ષ તરી આવી. પહેલીમાં નામથી વિરુદ્ધ રૂપ હતું. બીજીમાં નામ પ્રમાણે રૂપ હતું. જો કરિયાણું વહોરવાનું હોય તો કમળા બરાબર! કરિયાવર લેવાનો હોય તો શશિકલા યોગ્ય હતી!

પિતાશ્રીનું વલણ શશિકલા તરફ હતું. અલબત્ત, કેશવો જાણતો હતો કે એમાં પિતાને જેમ પૈસાની સગવડ મળતી હતી, તેમ પોતાને પણ ધંધા માટે તૈયાર જામેલી પેઢી જડતી હતી. એ જાણતો હતો કે પિતાજીએ મુંબઈમાં લોચો-લાપસી વાળ્યાં છે, એટલે ત્યાં જવાય એવું રહ્યું નહોતું. ક્ષણભર કેશવાનું મન શશિકલાની પસંદગી પર પોતાની સંમતિની મહોર મારતું લાગ્યું! કેટલાં સુખ-સગવડ! કેટલાં માનપાન! એના ફિલ્મી મગજે તરત જ ગીત શોધી કાઢ્યું:

નાચ લે, ગા લે મના!
ખેલ લે, ખા લે મના!
મેરો મન ડોલ રહ્યો રે!
મેરો મન નાચ રહ્યો રે!

કેશવાએ મુંબઈમાં અનુભવ કર્યો હતો કે ભણેલાગણેલાઓ જ પૈસાદાર સસરાની શોધમાં ફરતા હતા. ઝટ નોકરી અપાવે, તરત વિલાયત જવાનું ખર્ચ આપે: ને પછી પેઢી પર પાળેલા કૂતરાની જેમ સોનાની સાંકળે બાંધે: એ જ એમનો લગ્ન પાછળનો હેતુ હતો. ને માબાપો પણ દીકરીને ભણાવવાના મોહમાં ભણાવે જાય છે. પછી ભણેલા સિવાય બીજા એમને ગમતા નથી. અને ભણેલા આ રીતે વરવિક્રય કરતા ફરતા હોય છે.

કેશવો આ જમાતના ચારપાંચ જણાના સંસાર જાણતો હતો. સંપત્તિની દૃષ્ટિએ ઠીક—બાકી સંસારની દૃષ્ટિએ ત્રાહ્યતોબા! બેન ભાષણો કરે ને ભાઈ લેકચર આપે, બાકી ઘરમાં ઉંદર-બિલાડી

જેવું! કેટલાકને તો બૈરીના દાસ બનીને—સસરાના આશ્રિત બનીને જીવન ગુજારવું પડતું! સત્ત્વ અને સ્નેહ વિનાનું એ જીવન—જીવવામાં સાર શો!

કેશવાનો અંતરાત્મા ફફડાટ કરી ઊઠ્યો. એના દિલમાં કમળાની છબી દોરાઈ ગઈ. સુખમાં સાથે શોભે એવી, દુઃખમાં ઘરકારભાર ચલાવે તેવી! રાણીની રાણી ને દાસીની દાસી! વળી કમળાના મનને હું પતિ-પરમેશ્વર જેવો લાગીશ; શશિકલા સમજશે કે પોતાના બાપે સંપત્તિથી ખરીદેલો વર છે, એટલે એને મન ખાસદાર જેવો લાગીશ. મારા પુરુષાર્થની છાપ એના પર નહિ પડે! સદા નભાવવા જેવો લાગીશ!

પણ દુર્બળ માણસોનું મન એવું છે, કે ઝટ ખીલે બંધાતું નથી. નિશ્ચયની પળ આવે કે આ ડાળે ને પેલી ડાળે કૂદ્યા કરે છે. કેશવાનું મન એમ કૂદાકૂદ કરી રહ્યું. એ વ્યગ્ર બનીને ચારે તરફ નિહાળી રહ્યો. અચાનક એની નજર દૂર નાની ઘોડી પર બેસીને જતા ડામર શેઠ તરફ ગઈ. કિંકર્તવ્યમૂઢ બની ગયેલ કેશવાથી બૂમ પડાઈ ગઈ:

'ઓ ડામર કાકા!' ગામડામાં વૃદ્ધને 'એ ડોસા' એવા તુચ્છકારથી નહિ પણ 'કાકા' જેવા માનભર્યાં શબ્દે સંબોધવાનો સંસ્કારી રિવાજ છે.

ડામર શેઠે ઘોડી જરા વાળીને પાસે લીધી: 'કેમ છો કેશવલાલ! ઘેર તો કંકુ ઘોળાઈ રહ્યાં છે, ને તમે અહીં કેમ?'

'શું કહું?' કેશવાની જીભ થોથરાઈ ગઈ.

'કેશવલાલ, જે કહેવું હોય તે વિના સંકોચે કહો. કુંવારી કન્યાના સો વર ને સો ઘર. એ તો વિધાતા જ્યાં કંકુમાં પાણી ભેળવે ત્યાં ભળે. મને કંઈ ખોટું નથી લાગ્યું કે મારી દીકરીનો રૂપિયો-શ્રીફળ કેમ ન લીધાં. એ તો જાણીતી વાત હતી કે મારી

પાસે તો કરિયાણું હતું, કરિયાવર નહિ. વારુ, વારુ, કેશવલાલ, મારી વાત જવા દઉં તો કંઈ ખોટું પણ થયું નથી. ધીકતી પેઢીના ધણી બનશો. જમ અને જમાઈ–એ બે મળ્યા વગર ફદિયું છોડે એવો વખતચંદ નથી.' ડામર શેઠે પોતાનું હૈયું ખોલ્યું.

'મારે કરિયાણું જોઈએ છે.'

'તમારી વાત સાચી છે, પણ થોડો ફેર છે. આજનો કોઈ ભણેલો જુવાનિયો એકલું કરિયાણું માગતો નથી. કરિયાવર માટે તો એ મરી પડતો હોય છે. કારણ કે આજનું ભણતર માણસને હરામનું ખાવાનું શીખવે છે.'

'હું હરામ હાડકાંનો નથી; મા-બાપથી દબાયેલો છું—નહિ તો મારું પાણી બતાવી દેત!'

'પાણીની વાતો તો પુરાણા જમાના સાથે ગઈ,' ડામર શેઠે જરા હૈયાની વરાળ ખાલી કરી ને જવાની રજા માગી: 'કેશવલાલ, હું હવે જઈશ.'

'ક્યાં જશો?'

'પડખેના ગામમાં એક મુરતિયો છે. કમળા અને એની મા ત્યાં ગયાં છે. સગામાં સગા જેવું છે. વાત નક્કી થયા જેવી છે. આ હું જાઉં એટલે પતી જશે. આ છૂટછાટના જમાનામાં દીકરીઓને બહુ મોટી થવા દેવામાં ભારે દહેશત છે.'

'પણ હું તૈયાર છું, ડામરકાકા!'

'તમે બાળક છો. તમારાં બા–બાપાના હાથમાં તમારી લગામ છે!'

'પરણવાનું મારે છે કે મારાં બા–બાપાને!'

'અત્યારે તો એમને પરણવાનું લાગે છે. મુંબઈમાં ગોટા કરીને આવ્યા છે, તે એનું ઠેકાણું વખતચંદ શેઠ વગર કોણ પાડે તેમ છે!

નહિ તો રૂપના અરીસા જેવાં શણગાર શેઠાણી શશિકલાને પસંદ કરે, વારુ?'

'કાકા, હું કહેતાં શરમાઉં છું, પણ કહું છું કે આપની પુત્રી સિવાય મારે બીજી મા-બહેન સમાન છે.' કેશવો સિનેમાની સ્ટાઇલિમાં ગર્જી ઊઠયો.

'આ જમાનામાં વળી બહેન-ભાઈનું કયાં રહ્યું છે? બહેન કહેનારો જ વૈરી કરી બેસે છે. એ તો મોયલી વાતો!'

'મારા પર ભરોસો કરો.' કેશવાએ પોતાનાં સુંદર ઝુલ્ફાં ઊંચાં કરતાં દૃઢ સ્વરે કહ્યું, 'હું જાન આપી દઈશ.'

'બાપથી વિરોધ કરશો તો કયાંયના રહેશો નહિ!'

'પરવા નહિ.'

ડામર શેઠે અત્યાર સુધી માવડિયા માનેલા કેશવામાં રતી ભાળી. એમણે કેટલાક સવાલ-જવાબ કરી, તેની પાસે વખતચંદ શેઠ ઉપર ચિઠ્ઠી લખાવી, ને કહ્યું:

'કેશવલાલ, થઈ જાઓ આ ઘોડી ઉપર સવાર. દૂરના સ્ટેશનેથી ગાડીમાં બેસી મુંબઈ પહોંચી જાવ. મહિનો રાહ જોઈશ. આવશો તો કંકુ ને કન્યા આપીશ, નહિ તો ફોક!'

કેશવો ઘોડી પર સવાર થઈ ગયો. ડામર શેઠ પગપાળા આગળ વધ્યા.

[ ૯ ]

**ભોગી શેઠે** ઘરની પરશાળમાં ભારે બિછાત કરી હતી. આજ તેમણે મહામહેનતે વૈદ્ય પાસેથી ચાની છૂટ મેળવી હતી. નિમંત્રણ અપાઈ ગયાં હતાં. નાણાંવાળાનાં સૌ સગાં, એ ન્યાયે આખું ગામ ઊતરી પડવાનું હતું. પણ ભોગી શેઠ વારંવાર ડોક ઊંચી કરીને જોતા હતા કે ઓઘડ રૂપિયા લઈને કેમ ન આવ્યો!

'આ તમારો ઓઘડ તે ઓઘડુ જ રહ્યો. એને ક્યારે અક્કલ આવશે? રૂપિયા લઈને સીધા ઘરભેગા થવું જોઈએ કે નહિ?' ભોગી શેઠે તપીને શણગાર શેઠાણીને કહ્યું

'બળ્યું, તમારો સ્વભાવ ક્યારે સુધરશે? જુઓ, મારા એકના એક ભાઈને કોડીનો ન કરી નાખશો. કેશવાનું ઊકલ્યું કે તરત તેનું ઉકેલવાનું છે. લોક સારાં સગાં શા માટે શોધતા હશે? મારે પણ મારા બાપનું ઘર ઉઘાડું રાખવું હશે ને!'

'પણ પૈસાના કામકાજમાં આવી લાપરવાઈ!' શેઠે અવાજ બદલ્યો.

'સામાવાળો આપે ત્યારે લઈને આવે ને! બિચારાને બેસાડી રાખ્યો હશે ને કહ્યું હશે કે મુનીમજી મસાણ ગયા છે.'

'તું તો તારા મનથી ઘોડા ગાંઠ!' ભોગી શેઠે વાત ટૂંકી કરી. એમને લાગ્યું કે બૈરાં માણસને બહુ મોં શું લગાડવાં!

હવે તો નાતીલાઓ આવવા શરૂ થયા હતા. જોતજોતામાં તો પરસાળ ચિકાર થઈ ગઈ. અને આંગણામાં પાગરણ પાથરવા માંડ્યાં, પણ ઓઘડ તો ન દેખાયો તે ન જ દેખાયો.

વખતચંદ શેઠને રૂપિયો ને શ્રીફળ લઈને આવવાનો સમય થયો. મોટરનો ધમધમાટ પણ કાને પડ્યો. ભોગી શેઠે માન્યું, કે ઓઘડ મોટરમાં સાથે આવતો હશે. મોટર નજરે પડી ને અચાનક શણગાર શેઠાણીએ હાંફળાં-ફાંફળા આવીને કહ્યું :

'કેશવો ઘરમાં નથી.'

'હમણાં આવશે. એના મિત્રોને નિમંત્રણ આપવા ગયો હશે. હરખપદૂડો છે તમારો કેશવો!' ભોગી શેઠે જવાબ આપ્યો. પણ તેમનું ધ્યાન ઓઘડ તરફ હતું ને ઓઘડ ખરેખર મોટરમાંથી ઊતર્યો. તેણે આગળ આવીને ભોગી શેઠના કાનમાં કહ્યું :

'મુનીમ મસાણે ગયા છે. કોઈ નજીકનું મરી ગયું છે.'

'મરનારને અત્યારે જ મરવું સૂઝ્યું—ઘરણ ટાણે સાપ કાઢ્યો. હાં. હાં. હાં. પણ વખતચંદ શેઠ ક્યાં?'

'એ નથી આવ્યા. એમના ભાઈ નવલચંદ આવ્યા છે. ભાણેજ કેશવની તેમના પર કંઈ ચિઠ્ઠી છે. તમારી સાથે વાત કરવા માગે છે.'

'ભાણેજ કેશવની ચિઠ્ઠી! એ વળી ચિઠ્ઠી લખતાં ક્યાંથી શીખ્યો? શું બાફ્યું હશે? અરે રે, ઘણી મહેનત કરીએ છીએ તોય કંઈ તાલ બાઝતો નથી, તકદીરનો સિતારો પાંસરો નથી.'

વખતચંદ શેઠના નાના ભાઈ નવલચંદે આવીને ચિઠ્ઠી ભોગી શેઠના હાથમાં મૂકી. ભોગી શેઠ વાંચવા લાગ્યા. એમાં લખ્યું હતું કેઃ

'તમારી શશિકલા મારે મા-બહેન સમાન છે, હું એક છોકરી સાથે પ્રેમમાં છું. તમારી દીકરીનો ભવ બગાડવા માગતો નથી. હું હાલમાં દૂર ચાલ્યો જાઉં છું. શોધશો તોપણ સાંપડીશ નહિ.

તમારો કેશવ.'

ભોગી શેઠને પૃથ્વી ને આભ એક થતાં લાગ્યાં. એમણે શેઠાણી તરફ ચિઠ્ઠી ફેંકી ને કહ્યું:

'આ સિનેમાએ છોકરાંઓનું નખ્ખોદ કાઢ્યું: જોયો ન હોય તો પ્રેમ કરવાવાળો! લાવો, લાવો, રૂપિયો ને શ્રીફળ. હું સ્વીકારી લઉં છું.'

'શેઠ, અમારે દીકરી કૂવે નાખવી નથી!' અને આ શબ્દો સાથે, મધપૂડા પર પથ્થર પડે ને માખીઓ ગણગણી ઊઠે એમ, બધા નાતીલાઓ ધમાલ મચાવી રહ્યા. ભોગી શેઠનું બ્લડપ્રેશર વધી ગયું. એ પથારી પર પટકાઈ પડ્યા.

ન જાણે—પડતા પર જ પાટું પડે છે! બરાબર આ સમયે મુંબઈથી ચાર સદ્‌ગૃહસ્થો ભોગી શેઠનું ઘર પૂછતા આવ્યા. સગપણમાં

ભાગ લેવા સબજજ સાહેબ કે બીજા મહેમાનો આવ્યા હશે, એમ સમજી સહુ તેમને ભોગી શેઠ પાસે લઈ ગયા.

ભોગી શેઠ પથારીમાં પડ્યા હતા. તેમને જોતાં જ પેલાઓએ કોઈ પીળું કાગળિયું કાઢ્યું ને તરત ખિસ્સામાંથી બેડીઓ કાઢી હાથે પહેરાવી દીધી. વડા સદ્‌ગૃહસ્થે કહ્યું : ' મુંબઈની પેઢીઓમાં ઘાલમેલ કરી નાસી આવેલા ભોગી શેઠને પકડવાનું વારંટ છે. અમે છૂપી પોલીસનાં માણસો છીએ. એમણે પોલીસને ખોટા કાગળો લખી ખૂબ બનાવી છે, લાંચરૂશ્વત આપી ભારે રમત રમ્યા છે.'

સહુ વીજળી પડે તેમ અવાચક બની ગયા.

બપોરે જ્યારે આ બધો વરઘોડો મુંબઈ જવા નીકળ્યો ત્યારે આખું ગામ એકઠું થઈ ગયું. બધા એકી અવાજે કહેવા લાગ્યા : ' મારો બેટો મુંબઈગિરો ! આખા ગામને બનાવવા નીકળ્યો હતો, તે પોતે બની ગયો. બિચારા વખતચંદ શેઠની દીકરી કૂવે પડતાં બચી ! '

*

શણગાર શેઠાણીની હાથવેંતની જીભ મૂંગી થઈ ગઈ. એમણે ઘૂમટો ખેંચી મોં વાળ્યું. આજે એમની સોનાની મરઘી એક પણ ઈંડું મૂક્યા વગર મરી ગઈ હતી.

સારા યા નરસા—પણ દિવસો વીતી ગયા.

એક દિવસ છાપામાં ભોગી શેઠ અને શણગાર શેઠાણીની સહીથી જાહેર ખબર દેખાણી. એમાં લખ્યું હતું,

' ભાઈ કેશવ !

' તું જ્યાં હો ત્યાંથી પાછો આવ. તારી મરજી મુજબ કરીશું. આપણી લાજ પ્રભુએ રાખી છે.'

# ગંગા ગટરમાં

## [વાર્તા ત્રીજી]

**વસંતની** એક સંધ્યા મોડી મોડી આથમતી હતી. નાનાં નાનાં વગડાઉ ફૂલોએ હમણાં જ સુગંધમય શ્વાસ વહાવવો શરૂ કર્યો હતો. નવોઢાના ભાલપ્રદેશપરના કુંકુમતિલક જેવો સૂરજ ગામડા ગામની સીમોને માથેથી આથમતો હતો.

શહેરી જીવનના દવથી બળેલો સુમન, જ્યારે સાબર ઓળંગી પોતાના ગામપાદરના આંબાવાડિયામાં પ્રવેશ્યો, ત્યારે રબારી રૂપો વાંસળી વાતો વાતો ગાયની પીઠ પર આવતો સામો મળ્યો.

સંધ્યાનો સૂરજ નાની ટેકરીઓ પાછળ ઊતરતો હતો. લીલી-છમ હરિયાળી પર ઠંડો પવન વાતો હતો. સુમન આ ગામડાગામનું રતન હતો. નાનપણથી શહેરમાં ગયેલો ને એ પૈસે સુખી થયેલો. શહેરમાં એનાં માનપાન ઘણાં હતાં. પોતાનાં ધંધાદારી મંડળનો તો એ પ્રાણ હતો જ, પણ ત્યાંના જાણીતા સંસ્કૃતિ પ્રચારક મંડળનો પણ એ મહામંત્રી હતો. શહેરની માંદગીને ગામડાંની હવાથી દૂર કરવા એ આજ પોતાને ગામ આવતો હતો.

દાક્તરે એને બેફિકરું આનંદી જીવન ગાળવા શિખામણ આપી હતી. છતાંય ન જાણે એનો સ્વભાવ એવો થઈ ગયો હતો કે આખો દિવસ મન ખિજવાયેલું જ રહેતું. એમાં વળી સાબરમતી ઓળંગતાં

ગાડાનો એક ગળિયો બળદ જરા પાણીમાં બેસવા ગયો. ગાડાવાળાએ પૂંછડાને એવો વળ દીધો કે બળદ થઈ ગયો ડાહ્યો ડમરો ! પણ આમ કરતાં ભીંજાયેલા પૂંછડાના છાંટા ઊડ્યા ને સુમનના ઢાકાની ખાદીના રૂપિયા પાંત્રીસના ધોતિયા પર પડ્યા, ત્યારથી સુમનનું મન ધોતિયામાં જ હતું. આછો આછો બળાપો થયા કરતો હતો, કે રખેને કોઈ ડાઘાવાળું ધોતિયું જોઈ જશે, તો શું કહેશે ? એણે જરા ગાડાવાળાને ધમકાવવા માંડ્યો, ટુંકારો કર્યો. તરત ગાડાવાળો ગર્જી ઊઠ્યો.

‘ જુઓ શેઠ, ટુંકારો કર્યો તો મારે ને તમારે નહિ બને. અમને કંઈ શહેરના મજૂર-બજૂર જોયા ? પરસેવો પાડીને પૈસા લઈએ છીએ, દયાદાનમાં દેતા નથી. બાકી જો મેં જાણીબૂજીને તમારાં કપડાં બગાડ્યાં હોય તો મા કાળકા મને ખાય.’

ગાડાવાળાનાં સ્ટેટમેન્ટ, સ્પીચ ને આર્ગ્યુ—નિવેદન, ભાષા ને દલીલ—એવાં હતાં કે સુમન બળી બળીને મનમાં ખાખ થઈ ગયો. એ આ હૈયાશોકમાં હતો, ત્યાં તો રૂપાએ દૂર દૂરથી રામરામ કર્યાં ને ગાયને જોરથી હાંકી નજીક આવ્યો. સુમને પોતાનું બગડેલું બગલાની પાંખ જેવું, ગળીની ગરવાઈથી ભરેલું ધોતિયું દબાવવા માંડ્યું. ત્યાં તો રૂપો આવીને સુમનભાઈને ગળે બાઝી પડ્યો. સુમનનું આ જંગલી રીતથી માથું ધમધમી ઊઠ્યું, જોરથી બોલી જવાયું :

‘ યુ જંગલી ! ’

‘ તે એમાં નવું શું કીધું, સુમનભાઈ ? ’ ને ભોળો રૂપો જોશથી હસ્યો ને વગડો ગાજે એટલા જોરથી બોલ્યો.

‘ ભાઈસાબ, દુઃખ લાગે તો માફ કરશો,’ ગાડાવાળાએ વખત જોઈને વાત મૂકી, ‘ પણ તમને શે’રવાળાને ગાળો બોલવાની બહુ આદત ! આપણે ત્યાં હલકા વર્ણ વઢવેડ કરે ત્યારે આવી ગાળું કાઢે !’

'ભાઈ વીસા, શહેરીને બિચારાને આખો દી બળાપાથી કામ ! ઘડિયાળના કાંટાની જેમ બે ટાંગા લઈ આખો દી દોડધામ કરવાની. રસ્તામાં મોટરવાળા પર ચિડાય, દુકાનમાં નોકર પર, રસોડામાં રસોઈઆ પર, કામમાં ઘાટી પર ને છેલ્લે બાકી બચે તે બૈરી પર ! ચિડાવું, ચિડાવું ને ચિડાવું ! એમને ત્યાં છાપામાંય નકરા બળાપાના સમાચાર. સવારના પહોરમાં ભગવાનના નામને બદલે દેશ આખાના હૈયાબળાપા ! તેમાં પાછાં અડધાં તો ગપ્પાં ! આપણે આખો દી હાથ બાળીએ; એ આખો દી હૈયું બાળે !' રૂપાએ ભારે ડહાપણ ડોળ્યું ! એના બોલવામાં છટા હતી, ભણતરની છાંટ પણ હતી.

'રૂપા, કેટલું જોરથી બોલે છે ? અરે ! આટલું ઉતાવળું તે હસાતું હશે ! જમાના પ્રમાણે જરા તો સુધર !' સુમને બીજી વાત પર લક્ષ ન આપતાં પોતાનું ગૌરવ અખંડિત રાખ્યું.

'સુધરવાની ક્યાં ના છે, સુમનભાઈ ? બાકી જોરથી શું કામ નો હસીએ. કંઈ કોઈના વાંક ગુનામાં છીએ ? જુઓ, અહીં તો શરમ એ વાતની — ચોરીની ને લબાડીની !'

'શહેરમાં તો ચોરી ને લબાડીનાં જ બજાર હોય છે, રૂપા !' ગાડાવાળાએ મનની ખીજ કાઢી, 'અને વળી ગામડાંનાં માણસ તો એમને મન જાણે બેપગાળાં જાનવર !'

'વીસા, તું શહેરી થઈ ગયો લાગે છે. કોઈ વાતનો ઝટ છેડા-છૂટકો કરીએ. બે અક્ષર આપણને કોઈએ કીધા તો તુંય છાપાવાળાની જેમ 'ચરચા,' ચલાવે છે. હાં, હાં, સુમનભાઈ, આ ગામડાગામને શા દુઃખે યાદ કરવું પડ્યું, ભલા ?' રૂપાના અવાજમાં હેત હતું.

'રૂપા, તારી દલીલો કેટલી સચોટ છે ! જો તું પણ મારી સાથે શહેરમાં આવ્યો હોત, વધુ બે ચોપડીઓ ભણ્યો હોત, તો બધા ભૂલી જાત કે તું રબારી છે ! આપણે બેય બાળગોઠિયા હતા. તારા બાપાએ પૂરી ચાર ચોપડીય તને ન ભણાવી, ને તને સાંઢ્યું ( ઊંટ ચારવા )માં

મૂક્યો. હું શહેરમાં ગયો. ત્યાં બધી વાતે સાહ્યબી છે, પણ સાલી તબિયત જરા ઢીલી ઢીલી રહ્યા કરે. બે મહિનાથી શરીરમાં લોહી ઓછું થયું છે.'

'ખાતાં—પીતાં લોહી ઓછું ?'

'ભૂખ જ ક્યાં લાગે છે ?'

'ભૂખ ન લાગે ? કામ કરીએ ને ભૂખ ન લાગે, એ તો નવી નવાઈની વાત ! ભાઈ, ત્યારે શહેરમાં તો જોઈ જોઈને હરખો મારા લાલ ! શું મારી મેટી ભપકાવાળી દુકાનો ! પણ આ તો ખાવાપીવાનું એરસલ્લા ને સૂઈ રહેવાની મજા !' આનંદી રૂપો વળી ખીલી ઊઠ્યો.

'સારામાં સારા દાક્તરની દવા લીધી, પણ લોહી છાંટોભાર ન વધ્યું તે ન વધ્યું. દાક્તર થાક્યો. કહે : તમારા ગામે હવાબદલે જાઓ !' સુમને પોતાની સાચી બીના રજૂ કરી.

'ભલે આવ્યા સુમનભાઈ! મારાં સધીમા ખમ્મા કરે તમને ! એં...' રૂપાએ હાથનો લહેકો કર્યો,—એનું ચાંદીનું કડું શહેરીની રિસ્ટ વૉચની શોભાને વીસરાવી રહ્યું.—'અહીંનું પાણી તો માના ધાવણ જેવું છે. સુમનભાઈ, માનો તો એક વાત કહું. આવ્યા છો ત્યારે હાલો મારી સાઢ્યું (ઊંટ)માં. સાંઢ્યું તો શક્તિમાનો અવતાર કહેવાય. ભગવાને જ આપણા જેવાને પીવા મળે માટે એ દૂધને દહીં ને ઘી બનતું રોક્યું છે. બસ પીઓ ને પીઓ ! પીઓ તો નકરું લોહી ! લોહી ! દાક્તરના સોયા તો બાપ, તમે સુધરેલા ખમી શકો, એના કરતાં તલવારનો ટચકો સારો !' રૂપાએ કહ્યું.

'રૂપા, જંગલમાં આથડવું એ અમારું કામ નહિ. ખુલ્લામાં રહીએ તો શરદી લાગે ને 'ન્યૂમોનિક' થઈ જવાય. તાપમાં ફરીએ તો લૂ લાગે ને 'સનસ્ટ્રોક' લાગી જાય. છાણમૂતરની ગંધ અમારાથી ન સહેવાય.'

'એવું ન બોલશો, સુમનભાઈ! છાણમૂતરની ગંધ તો નીરોગી. આપણા બાપદાદા એમાં જ મોટા થયેલા ને સો વરસનાં આયખાં ભાળેલાં. આ પવિત્ર ગોમૂતરની ગંધ તો સારી. પણ બાપ, તમારી ગટરૂંની ગંધ તો! તોબાની તાળી! આખું ઘર બાસ મારે. મારા ગળે તો રોટલોય ન ઊતરે.'

'જંગલીનો જંગલી જ રહ્યો.'

'વળી પાછી ગાળ કાઢી!' ગાડાવાળાએ કહ્યું.

'વીસાભાઇ, જેવું જેમનું ભણતર! એમની ગાળ ને ઘીની નાળ! તું જાણતો નહિ હોય કે સુમનભાઈ આપણા પેમાશેઠ પંચના દીકરા થાય,' રૂપાએ ગાડાવાળાને કહ્યું.

'પેમાભાઈ પંચના દીકરા? અરે, પેમાભાઈ પંચ જેવો માણસ આ કળજગમાં થવો ક્યાં? અમારી લાજ એમણે ઘણીવાર રાખેલી. સુમનભાઈ, વધારે ઓછું બોલાયું હોય તો માફ કરજો! અજાણ્યું ને આંધળું સરખું!' ગાડાવાળો ઢીલો પડી ગયો. એના મોં પર સંબંધની લાલી ઉભરાઈ આવી.

'લો બીડી,' સુમને પણ ઉદારતા દાખવી, ને સુંદર નાજુક રૂપપેટીમાંથી સિગારેટ કાઢીને ધરી.

'ના ભાઈ ના. એનાથી ઉધરસ થાય છે. તમે તમારે ફૂંકો. અમે હોકલી ભરીએ છીએ.' રૂપાએ પાઘડીની બેવડમાંથી ચલમ કાઢીને વીસાને ભરવા આપી. એક તરફ સિગરેટ સળગી, બીજી તરફ ચલમ ઝગી. જૂની પુરાણી વાતો કરતા સહુ આગળ વધ્યા.

ગામપાદરની આંબલીઓ હવે દેખાતી હતી, ને કૂદકા મારતા વાનરો સંધ્યાને છેલ્લી સલામી આપી રહ્યા હતા. મંદિરમાં આરતીની ઝાલર બજી રહી હતી.

[ ૨ ]

**દિવસોને** વીતતાં કંઈ વાર લાગે છે? અનેક સગવડવાળા ગામડામાં સુમનને પહેલાં તો ન ગમ્યું. બિલકુલ અણઘડ લોક—કૂવાના દેડકા જેવા. બાપનું બારમું, બૈરીનું સિમંત ને નાંતના વરા સિવાય કોઈ વાતમાં રસ જ નહિ! જમાનો કેટલો આગળ વધ્યો એનું એમને કંઈ ભાન જ નહિ.

છાપાં વાંચવાની વાત કહીએ ત્યારે કહે, 'ભઈશાબ, રોજ સવારમાં એ મહોકાણિયું શું વાંચવું?' જમાનાનું એમને ભાન જ નહિ! ઉકરડાં જેવાં ગામ, ફુવડ જેવી સ્ત્રીઓ, બોધા જેવા પુરુષો! કાલ જાઉં કે આજ ચાલ્યો જાઉં, એમ સુમનને થયાં કરે.

શહેર જેવી કડક મીઠી લશ્કરી ચા અહીં ન મળે. હજામ તો છ દહાડે આવતો ને તેય પાડામૂંડ. ધોબીને કપડાંના સળ પણ સારા પાડતાં ન આવડે. બે વાર તો પચાસ પચાસ ના કોટ બાળી નાખ્યા. ન સભા, ન સોસાયટી, ન નાચ-ગાન; જીવનમાં જાણે પાડોશીની બણખોદ વિના રસ જ નહિ!

અને વળી મોટો ડર એ કે એકાએક તબિયત બગડી તો એકે સારો દાક્તર કે એકે સારાં મોટાં ઈન્જેકશન અહીં ન મળે! આ જંગલી ગામડામાં જંગલી વૈદ મળે. પૂરો ઊંટવૈદ! દવામાં ડામ, ઝાડનાં મૂળિયાં કે સૂંઠ-મરી ને તુલસીનાં પાનનો ઉકાળો!

પણ બધું ધીરે ધીરે થાળે પડતું ગયું. અનેક અગવડો હોવા છતાં, સુમનને શરીરે નરવાઈ આવી. પહેલાં પાશેર દૂધ પણ પેટમાં નાખી શકાતું નહિ, ત્યાં હવે ઠીક ઠીક ભૂખ લાગવા માંડી. શહેરમાં રાત ને દહાડો પંખા વિના રહેવાતું નહિ, પણ અહીંના આંગણાની છૂટી હવાએ ભારે ઊંઘ લાવી દીધી, અને ત્યારથી સતત બે વર્ષનો માથાનો દુઃખાવો સારો થઈ ગયો. સફેદ કાચ જેવો સુમન રાતી રાણ્ય જેવો

બનતો ચાલ્યો. સાદો આહાર ને શાન્ત મીઠી ઊંઘ એને રામબાણ ઔષધ જેવાં લાગ્યાં.

દાક્તરની એકે વાર જરૂર ન પડી. એક વાર કંઈક છાતીમાં ગભરામણ જેવું લાગ્યું ! સુમન તો બ્લડપ્રેશર, હાર્ટડીસીઝ, ટ્યૂમર, પેરાલીસીસ એવું એવું કંઈ કંઈ બડબડવા લાગ્યો ને ઘડીમાં જાણે જીવ હાલ્યો જશે, એમ કરવા લાગ્યો. દાક્તર ! દાક્તરના પોકાર પાડવા લાગ્યો.

પડખેના શહેરમાંથી દાક્તરને તેડવા ઘોડું દોડાવ્યું. એટલામાં પાડોશનાં એક ડોશીમાએ કહ્યું : ‘પેટમાં વા ભરાયો હશે. જરા વાસંચળ આપો. પેટે હીંગ–સાબુનો ખડ કરો.’ એમ કર્યું ને સુમન તો થોડીવારમાં સાજો થઈ ગયો.

દાક્તર આવ્યા એવા ગયા. ડોશીમા કહે : ‘શહેરી માત્ર બાયલા. જરા રોગ થયો કે જાણે મરવા પડ્યા !’

ગમે તેમ પણ સુમનની તબિયત લાઈન પર આવી. રૂપાએ ભારે સેવા કરી. એક તો એનો બાળસાથી, વળી બટકબોલો ને લહેરી ! ગામડામાં આવા માણસની જરૂર. કહો તો સવારથી સાંજ સુધી, પાઈની પણ આશા વગર, પ્રેમથી મજૂરી કર્યા કરે.

વહેલી સવારે દૂધનાં ફીણથી છલકાતો લોટો લઈ હાજર થાય, ને કહે : ‘સુમનભઈ, શેડકઢું દૂધ છે. ચહકાવી જાવ.’

‘અલ્યા, પણ ગરમ કર્યા વગર ? એમાં ન જાણે કેવાંય જંતુ હશે ! દૂધ જેવું અમૃત છે, એવું ઝેર પણ છે.’

‘સાહેબ, એ જંતુ–બંતુ શહેરમાં રહ્યાં. ત્યાં તો માના ધાવણ પણ ક્યાં સારાં રહ્યાં છે ! દૂધનો તો અમારો કોઠો. એનાથી કોઈ મરી ગયું નથી જાણ્યું. તમ તમારે આ શેડકઢું ચહકાવો ને ! હમ્ મારા બાપલા !’

'અલ્યા સાંઢ્યનું તો નથી ને ?'

'અરે હોય ? મારા સમ,' ને પછી ધીરેથી રૂપો કહેતો, 'ગોરી ગોરી ગધેડીનું છે !'

સાંઢ્ય, ગાય, ઘોડી કે ગધેડી—જે કહો તે—ના દૂધથી સુમનનું શરીર બંધાયું. હવાથી, પાણીથી, શુદ્ધ ખોરાકથી કે હાયવોય વિનાના જીવનથી પણ સુમનનો કાયાપલટો થયો. અને કાયાપલટો થતાં મન-પલટો પણ થયો. નિર્બળ મન કંઈક સ્વસ્થ થયું. વાતવાતમાં મરવાના વિચાર દૂર થયા. એ નિર્ભય બન્યો. સંસ્કૃતિપ્રચાર માટે એને આ ક્ષેત્ર યોગ્ય લાગ્યું. એને થયું, કે જે ગામે મને નવજીવન બક્ષ્યું, એ ગામને મારે પણ કંઈ બક્ષિસ આપવી ઘટે.

ગામના કૂવા ઊંડા હતા. એણે મહેનત કરી ફંડ એકઠું કર્યું. સરકાર પાસેથી સબસીડી લાવી નળ નંખાવ્યા. રસ્તા સુધરાવી વીજળીના દીવા મુકાવ્યા. નાનીશી રાત્રિશાળા ખોલી. કેટલાક હોંશિયાર છોકરાઓને છાત્રવૃત્તિ આપી શહેરમાં ભણવા મોકલ્યા. બેકાર સ્ત્રી–પુરુષોને શહેરમાં રોજીએ રાખ્યાં. સુમન ગામનો દેવતા બન્યો.

ગામડા ગામની મહોબ્બત મનમાં ભરીને, સુમન એક દહાડો શહેરમાં આવ્યો. ગામને પણ એના તરફ ભાવ રહી ગયો હતો. સહુએ સુમનને ભારે વિદાયમાન આપ્યું.

[ ૩ ]

**સુમનના** દિલમાં એક નિરધાર હતો, કે દર વર્ષે દશબાર દહાડા પોતાના ગામમાં જઈ આવવું. પણ શહેરનાં કામકાજ એવાં લપિયાં હોય છે કે કામ એક કલાકનું, વિચાર બે કલાકનો ને રસ્તો ચાર કલાકનો. સુમન જવા–આવવા નવરો જ ન પડ્યો.

ધંધા ઉપરાંત સંસ્કૃતિ પ્રચારમંડળનું કામકાજ ખૂબ વધી ગયું હતું. વારંવાર પોતાના ગામને સંભારીને એ કહેતો : 'શહેરમાં શરીર

વિનાની મજા છે, ગામડામાં મજા વિનાનું શરીર છે. એક ઠેકાણે કંચન છે, બીજે ઠેકાણે કાયા છે.'

સુમન હાલમાં ખૂબ કામકાજમાં રોકાયેલો હતો, ત્યાં એકાએક એના ગામથી ચિઠ્ઠી આવી કે વીજળી અને પાણીના મશીનને ભારે નુકસાન થયું છે, માટે જલદી આવો! ગામમાં કાળો અંધારપટ પથરાઈ ગયો છે, ને પાણી વિના માછલાની જેમ માણસ તરફડે છે!

અરે, ગઈ કાલનાં સ્વતંત્ર માનવી થોડી સગવડ મળતાં આટલી બધી અગવડમાં આવી પડયાં! સુમનને અનિચ્છાએ પણ જવું પડ્યું. ગામ પહોંચ્યો ત્યારે તેણે જાણ્યું કે આ નળ અને વીજળીના યંત્રને નુકસાન કરનાર ગુનેગાર તરીકે રૂપાને પકડવામાં આવ્યો હતો. મશીનોના તો ભુક્કેભુક્કા બોલી ગયા હતા.

'ભલો ભોળો રૂપો? અરે, એ ખિજાય તો સામે મોંએ બે લાકડી મારી લે, પણ આવાં કામ ન કરે અને એમાંય ગામના અહિતમાં તો એ ઊભો પણ ન રહે.' સુમને પોતાના બાળગોઠિયાની વતી બચાવ કરવા માંડ્યો, ત્યાં તો રૂપો જ વચ્ચે બોલી ઊઠ્યો:

'સાહેબ, મારે તમારી વકીલાતનું કામ નથી. તમે અહીંનાં છોકરાંને ભણવા શહેરમાં મોકલ્યા, તો વકીલ બની ગામમાં કજિયા ઘાલ્યા. કહે છે બધું કાયદેસર કરો! પંચ નકામું છે! હું કહું છું, મેં ગુનો કર્યો છે. સજા ફરમાવો!'

'રૂપા, ભલા આદમી! તેં આ શું કર્યું?'

'શેઠ, તમે તમારું નામ સારું કર્યું, પણ ગામનું નામ બગાડ્યું.'

'બગાડ્યું કે સુધાર્યું?' ગામના આગેવાનો ગુસ્સે થઈ બોલી ઊઠ્યા, 'મારો હારો રોંચો છે ને!'

'જે કહો તે. પણ શેઠે ગામનું સારું કર્યું નથી.' રૂપો તો જડભરતની જેમ એક જ વાત ફૂટ ફૂટ કરવા લાગ્યો.

'ભલા માણસ, એમ સમજ કે મેં ગામનું ખરાબ કર્યું, પણ તેં શા માટે ગામનું અહિત કર્યું ?'

'મેં તો ગામનું હિત કર્યું છે.'

'ભારે અવળચંડો ! કેવી રીતે હિત કર્યું ? મને સમજાવ તો.'

'સુમનભાઈ, તમે શાણા થઈને કાં સમજતા નથી ? એક ચીજ કોઈને ગુણ કરે, ત્યારે એ જ ચીજ બીજાને અવગુણ કરે. શહેરની વાતો શહેરમાં સારી, ગામડાની ગામડામાં. નહિ તો પેલા કાગડા ને બગલા જેવું—'માથું રહે શેવાળમાં ને ઊંચા રહે બે પગ'—થાય. તમે અહીંની કેટલીય વિધવા ને ગરીબ શીલવંતી સ્ત્રીઓની રોજી ટાળી. વીજળી આવી, એટલે લોટ દળવાની ઘંટી આવી. દળણાં-ભરણાં પર નભતી બિચારી વિધવા અનાથ સ્ત્રીઓની રોજી ટળી. અહીં તે કાંઈ મિલો છે કે સંચે કામ કરવા જાય.' રૂપો ફિલસૂફની અદાથી વાત કરતો હતો.

'તમે નળ લઈ આવ્યા. એટલે પાણી ભરવાનું, દળવાનું ગયું. ગામની બૈરીઓ નાજુક બની. ગામમાં દાક્તર આવ્યો. શેઠ સાહેબ, તમારા શહેરની જેમ અહીં ભીખ માગતાં કોઈને ન આવડે. અહીં તો નોધારાનો આધાર ઘંટી ને પાણી !

'તમારા શહેરમાં જે મોટો જડજ થઈ બેઠો છે એ જેશીંગની મા જુવાનીમાં રાંડેલી. ઘરમાં પાણીના ગોળા સિવાય કશું હતું નહિ. આ ગામનાં દળણાં દળી ને પાણી ભરી એને જડજ સાહેબ બનાવ્યો.' રૂપાએ વાતનો મર્મ ખુલ્લો કર્યો.

'પણ ઓ રૂપા ! તારે આ નુકશાન કરવાની જરૂર નહોતી. મને કહ્યું હોત તો હું પોતે જ નળ ને વીજળી કાઢી નાખત !'

'શેઠ, તમારી વાત સાચી છે. પણ હુંય માણસ છું. કોઈ ઘરની બૈરી ઉપાડી જાય ને હું પોલીસ પાસે રોતો રોતો રિપોર્ટ લખાવા બેસું, તેવો સુધરેલો નથી. એ તો મારવા–મરવાના મામલા ગણાય. સાહેબ, એક

વાત એવી જોઈ કે મારો આતમો કકળી ઊઠ્યો. જરા બાજુમાં આવો તો કહું. કોઈ ગરીબની લાજનાં લૂગડાં જાહેરમાં ફેંદવાં સારાં નહિ. આ તમારા મશીનને હું મશીન નથી ભાળતો, પણ દૈત્ય દેખું છું.'

સુમનને અસંસ્કારી લાગતા રૂપામાં સંસ્કાર ભરેલા લાગ્યા. એણે રૂપાને પોતાના ઘરમાં બોલાવ્યો ને બધી વાત ચોખ્ખા શબ્દોમાં કહેવા આગ્રહ કર્યો.

રૂપો કહે : 'વાત કરતાં દિલ માનતું નથી, પણ તમે તો સગા ભાઈ જેવા છો. સાહેબ, તમે ઘંટી-પાણીનો ધંધો ભંગાવ્યો એટલે આ ગામની કેટલીક વિધવાઓને શહેર ભણી મોં કરવું પડ્યું. તમારા પૈસે શહેરમાં ભણવા ગયેલા શહેરીઓએ એમને શહેરનો રસ્તો ચીંધ્યો. બિચારી કોઈ ઘરબાર છોડવા ચાહતી ન હતી, પણ પેટમાં સવા વેંતનો ખાડો એટલે કરે પણ શું ? મને કમને ચાર-પાંચ જણી શહેરમાં કમાવા ગઈ.

'એમાં અમારી નાતની એક સ્ત્રી હતી. નામ એનું ગંગા. નાનપણમાં ઢોરમાં જાતાં અમારી વચ્ચે પ્રીત થયેલી. પણ અમારાં મા-બાપે અમને બીજે વરાવ્યાં. ગંગા સાસરે ગઈ ત્યારે મારગમાં હું મળ્યો. એ કહે : 'રૂપા, હવે તું મારો ભાઈ થયો. ફિકર કરીશ નહિ. સાચી પ્રીત ભાઈ-બેનની. વીરા-વીરીની પ્રીતે જીવશું હો !'

'પરભુની મરજી હશે તે ગંગાનો ધણી મરી ગયો. એ વિધવા થઈને અમારા ગામમાં આવી. ઘણાએ એને નાતરે જવા કહ્યું, પણ એ મારા પરની પ્રીતને કારણે ક્યાંય ન ગઈ! ધોળી દૂધ રાતો ને કેશુડાથી રંગાયેલા વગડામાં અમે સાથે ફર્યાં, પણ રૂંવાડામાંય કામ કેવો ? મનના મેલની વાત કેવી ? સતિયાની વાતો માંડીએ ને લહેર કરીએ. એ મને કહે : 'રૂપા, ભલે કોઈ આપણને ન દેખતું હોય, પણ ભગવાન તો દેખે છે ને !' ખાંડાની ધારે અમે સતિયાં રહ્યાં. પણ આ મશીન આવતાં એનો ધંધો તૂટ્યો. ભૂખે મરતી ગંગા નછૂટકે શહેરમાં ગઈ

'શહેરનું રૂપ તો વિષ્ણુ ભગવાને મોહિનીરૂપ ધર્યું હતું એવું. સુરઅસુર સૌને લોભાવે. કામધંધો તો ઝટ મળી ગયો. પગાર પણ મનમાન્યો મળ્યો. થોડા દહાડા તો અમરાપુરીમાં વાસ કર્યા જેવું લાગ્યું. વચ્ચે ગંગા ને શહેરમાં કમાવા ગયેલી બીજી સ્ત્રીઓ ગામમાં આવી-ભારે રૂઆબથી. ચારવાર ચા ગાળે, સિનેમાનાં ગીત લલકારે, કપડાંનો તો ભભકો ભારે! એ બધી શહેર તરફ પાછી વળી ત્યારે બીજી પચ્ચીસેક સ્ત્રીઓ એમની સાથે ગઈ.

'સુમનભાઈ, નસીબની વાત છે, કે એકવાર હું શહેરમાં ગયો. પણ શું વાત કહું? શહેર તો પૈસાદારને પોષાય એવું. મધ્યમ વર્ગ માટે તો જાણે ચૂડેલના વાંસા જોઈ લો! કેવાં ગોબરાં ઘર! અરે, અમારાં ઢોર પણ એમાં ન રહે. ખાવામાંય હીણામાં હીણું, ફક્ત તેલ-મરચાંનો જ સવાદ. ચોખ્ખું ઘી દૂધ તો જોવા ન મળે. પછી હાડકાં કામ શું કરે?

'શહેરની વાત જ અજબ. ઘરમાં કાન-ગોપીના ફોટા જોઈને સુમનભાઈ, તમે જ કહેલું કે આને કાઢી નાખ! પણ ભઈસાબ, તમારા શહેરમાં ઘેરઘેર ને બજારેબજારે, નાનીમોટી ચીજવસ્તુ પર નટડીઓની નખરાળી ને નાગી છબિયું જોઈ—અને વળી એને 'કલા, કલા' કહી સન્માનતા શહેરીઓ જોઈ—મને ભગવાનની લીલાની છબિયું ખોટી ન લાગી. માણસનાં મન સરખાં છે. એને આવું કંઈક જોઈએ. પછી સારા નામે કે ખોટા નામે!

'વળી તમે શહેરી ચોખ્ખા કહેવાઓ, પણ ગંદકી તમારી પડખોપડખ બેઠી છે. તમારું રસોઈઘર, દેવઘર ને શૌચ જવાનું બધું પડખોપડખ! ભગવાને કેટલી મોટી ધરતી બનાવી, પણ શહેરમાં તો માણસ પર માણસ ખડકાયું છે! અમૃત આપનારી ગાયને બાંધવા માટે પરશાળ નથી, તુલસીક્યારો રોપવાને આંગણું નથી; જ્યાં જીવન એટલે હાયવોય ને બળાપો; જ્યાં માણસ માણસ રહેતો નથી, પણ

મોટરનું પૈડું થઈ જાય છે—બળ્યું એ શહેરમાં તે શું કામ જતા હશે! માંદા પડવા ને મરવા ?

'એ પણ ઠીક ! મેં ગલગોટા જેવી ગંગાને જોઈ તો જાણે ભૂંડી ભૂખ ! આંખની ચારે તરફ કાળાં ડાભાં ને ખોંખો તો મટે જ નહિ ! મોંમાં ભૂંડી વાસ આવે. ઝટ નીકળી આવવાનું દિલ થયું. પણ બધાએ આગ્રહ કરીને રાત રોકયો. પણ એ બાફમાં, એ ગૂંગળામણમાં રાત શેં નીકળે ? વળી એ દિવસે કામે ગયેલી ગંગા મોડે સુધી ન આવી. રાત જુગ જેવડી થઈ પડી.

'મોડી રાતે અકળાઈને સીધી સડકે ફરવા નીકળ્યો. પણ થોડે દૂર જાઉં છું ને જોઉં છું તો ગટરના ખૂણામાં એક બાઈ કંઈ બબડતી પડી હતી, ને પાસે પડેલો એક ઇસ્કી મરદ કંઈ કંઈબીભત્સ ચાળા કરતો હતો. હું પાસે ગયો ને જોયું તો ગંગા ! એ નશામાં હતી. એના મોં-ગાલ પર ઊઝરડા હતા, કપડાંનું ઠેકાણું નહોતું. મારા મગજમાં કંઈક કડાકો બોલ્યો.

'રે શાણી ગંગા! તારા આ હાલ! આખરે ગંગા ગટરમાં!

'ભાઈ, શું કહું તમને ? હું ઘડીએક પણ ત્યાં ઊભો રહી શકયો નહિ. માર ખાધેલા કૂતરાની જેમ પૂંછડી દબાવી ભાગ્યો. મારગમાં વિચાર કર્યો કે આ બધી વીજળી ને નળની જ મોંકાણ ! એ ન હોત તો ગંગા શહેરમાં કમાવા જાત નહિ ને આ અનર્થ થાત નહિ ! આ વિચારે મનને ગરમ કરી મૂકયું- અહીં આવી મનની બધી દાઝ મેં વીજળી-પાણીના મશીન પર કાઢી. સુમનભાઈ, આ થઈ મારી વાત. હવે તમારે જે કરવું હોય તે કરો ! હું આ બેઠો. કાળે પાણીએ મોકલવો હોય તો મોકલો, ફાંસીએ દેવો હોય તો ફાંસીએ દો.'

સુમનભાઈ શું કરે ? એ મનમાં ને મનમાં સંસ્કૃતિપ્રચારકમંડળ માટેનું એક ભાષણ તૈયાર કરી રહ્યા ! ! !

## સાંકળી ફઈબા

### [ વાર્તા ચોથી ]

**અમારા** દાદા ભારે પ્રતાપી હતા. ઘેર ત્રણ ત્રણ દીકરા, ઢોર દુઝાણાં સારાં, ખેતર–પાદર પણ ઠીક, ધંધો–ધાપો પણ સમા પ્રમાણે કસવાળો. રહેવા ફળીવાળું મેડીબંધ ઘર ને ચઢવા જાતદાર માણકી ઘોડી. પાંચમાં પુછાય તેવા ને નાતમાં નાક લેખાય તેવા. રસોડામાં એક પંગતે પચીસ જણ જમવા બેસે. વાઢીએ ઘી પિરસાય ને દૂધે વાળુ થાય. એ કાળે આટલી સાહ્યબી હોય એટલે બધો ઘો ઘો !

દાદા બધી વાતે સુખી હતા. એમની સંસાર–વાડી લીલીછમ હતી. પણ એક વાતની એમના મનને ભારે ખેંચ રહ્યા કરતી. દીકરા તો ત્રણ હતા, પણ કસુંબલ ચૂંદડી ઓઢનાર દીકરી એકે નહોતી !

દીકરીની તેમને ભારે ઝંખના !

ગામલોક, સગાંવહાલાં સહુ, દાદાને દીકરી ન હોવા બદલ ભાગ્યશાળી લેખતા, ત્યારે દાદા નિ:શ્વાસ નાખતા. કોઈ કહેતું, કે 'દાદા, દીકરી દીકરી શું કરો છો ? જમ શોધવો ને જમાઈ શોધવો બેય સરખું છે. જમનું પેટ તો ભરાય, પણ જમાઈનું પેટ ભરાયેલું જાણ્યું છે કદી ? તમે તો ભાઈસાબ ! પરભવમાં પાંચે આંગળીએ પરમેશ્વર પૂજ્યા હશે.'

દાદા બહુ સવાલજવાબ કરવા ટેવાયેલા નહિ. વાતો સાંભળીને હસે.

અમને ખબર છે કે દાદાએ દીકરી માટે જાતજાતની બાધા-માનતાઓ પણ રાખેલી. દર અજવાળી પૂનમે ચક્રેશ્વરી દેવીને ચૂંદડી ચઢાવે : પણ ચૂંદડીની ઓઢનારી એમને ત્યાં અવતરે જ નહિ !

લોક આ જાણીને હસતું, કોઈ કહેતું : ' દાદા, લોક તો દીકરીને 'પથરો પેટ પડ્યો ' એમ કહે, ને તમે કાં દીકરી દીકરી ઝંખો ? '

' લોક તો ગાંડું છે. લોકને જોઈને જીવીએ તો જિવાય નહિ. ભાઈ, શું કહું તમને ? મારા બાપનેય દીકરી નહોતી. વીરા-વીરીનાં હેત તો અમૃત વીરડી જેવાં ! એવા જ બાપ-બેટીના હેતભાવ ! આ સવારથિયા સંસારમાં બહેનડી ને બેટડી, ખારાપાટની મીઠી જળવીરડી ! ' દાદાના શબ્દોમાંથી જાણે ભાવ ટપકતો.

લોક આ ડાહ્યા દાદાની ગાંડી ઘેલછા પર હસતાં, પણ દાદા કહેતા : ' મારે તો જેમ ડાબી-જમણી બે આંખો એમ મારી નજરમાં દીકરા-દીકરી બેય સરખાં. એમાંથી કોઈ આપણને સ્વર્ગ અપાવી દેવાનું નથી. લેણાદેણી હોય એટલી લેવાય-દેવાય. કોનાં છોરું ને કોનાં વાછરું, સંસારમાં તો સહુને સ્વાર્થનો સ્નેહ છે. દીકરી મોટી થશે ને સાસરે જશે. દીકરા મોટા થઈને, કમાતા થઈ પોતાની વહુને લઈ જુદું ઘર માંડશે. દીકરી તો આપ્યું લેનારી, પણ દીકરા તો પેટી-પટારા, સંચ, ખાતાંપતરાં સંધુ શોધ્યા કરવાના, બધુંય લેવા ઝંખવાના, ને લીધે જંપવાના. એમને નહિ મળે તો કરડવા દોડશે. એ વેળા દુ:ખના દહાડા નહિ ખૂટે ! ભગવાન તો વળી માગ્યાં મોત આપે જ ક્યારે છે ? એ દી એકલવાયા બૂઢા બાપના થાક્યાપાક્યા હૈયાની આળ-પંપાળ કોઈ કરશે તો દીકરી કરશે '

' ઘરડે ઘડપણ દીકરા તમને પાળશે, દીકરી નહિ ! દીકરી ગમે તેવી હોય, તોય પારકા ઘરની લક્ષ્મી.' કોઈ દાદાને ખિલવવા વચ્ચે ટકોર કરતું.

દાદા ખીલી ઊઠતા ને બોલતા. 'જેમને જિંદગી આખી પાલવ્યા, ઢોરઢાંખર, ખેતરપાદર, આબરૂ ને ઘર આપ્યાં, તે આપણને બે ચાર વર્ષ પાલવશે, એમાં તે શું પાડ કરશે? બાકી હું કંઈ પુત્રના બારણામાં પાંજરાપોળના ખોડા ઢોરની જેમ પડ્યો રહી, આપ્યું ખાનાર આદમી નથી. હાથેપગે સાજાતાજા ભગવાન ઉપાડી લે, એટલે રંગ રહી ગયો સમજો!'

આવા તેજસ્વી દાદા! ગમે તેમ પણ દાદાની આ ઇચ્છા મોડી મોડી પણ ફળી. એમને ત્યાં ચૂંદડીની ઓઢનારે અવતાર લીધો. દાદાએ ઘરમાં કંસાર રંધાવ્યો. શેરીમાં ગોળ વહેંચાવ્યો. દીકરીના વળી જન્માક્ષર કેવા? ઘેર જોશી તેડવા કેવા? દાદાએ દીકરીના જન્માક્ષર કરાવ્યા ને નામકરણ કરતી વખતે કહ્યું:

'જુઓ, નામ એવું પાડો કે કોઇની નજર ન પડે. મારે એ સાત ખોટની છે!'

સહુએ નામ પાડ્યું સાંકળી.

દાદા ખુશ થઈ ગયા. કહે, 'વાહ, ભારે નામ. મારા સંસારની એ સાંકળ. બસ લો, આજથી નીમ લીધું કે સાંકળીના રૂડા વીવા ઊજવી, સંસારમાંથી જીવ ખેંચી લઇશ. પછી આપણે ભલા ને દેરાં-અપાસરા ભલા!'

દાદાએ ભારે લાડથી દીકરીને ઉછેરી. સાંકળી બા ઉંમરલાયક થતાં દાદા પંડે વર ને ઘર શોધવા નીકળ્યા. અને ભલા આવા પ્રતાપી દાદા જેને ઘેર જઈને કહેણ મૂકે, એ તો સાક્ષાત લક્ષ્મીને સામે પગલે ચાંલ્લો કરવા આવી જ સમજે ને!

સાંકળીબા માટે ઘર ને વર પસંદ થઈ ગયાં. ખોરડું મોટું, ગામ મોટું, નામ મોટું, વભો ભારે, મૂરતિયો જુઓ તો કેલૈયા કુંવર જેવો.

ફેર જે ગણો તે એ કે એ થાનકવાસી, દાદા દેરાવાસી.

એક અમૂર્તિપૂજક, બીજા મૂર્તિપૂજક! બંને એક દેવ, એક ધર્મના પૂજારી. એક ઝાડની બે ડાળ. બંને વીશાશ્રીમાળી વાણિયા.

એ વેળા ધરમનું જ્ઞાન ઓછું, અમારા ગામનો એક છોકરો સંસ્કૃત ભણવા ગયેલો. સહુ કહે, 'ભાઈ તો બામણિયા વિદ્યા ભણવા ગયો છે.' પણ એ જુવાનીમાં ગુજરી ગયેલો. એટલે ફિરકાબંધીની સરહદો બંને વચ્ચે સાવ ઉઘાડી!

જૈનવાણિયા ને વૈષ્ણવવાણિયા વચ્ચે પણ દીકરીની લેવડદેવડ છૂટથી થતી. એક બીજા વચ્ચે છૂટથી જા–આવ. એકબીજાના ધાર્મિક કે સામાજિક ઉત્સવો, એકમેકના મુનિરાજો, એકબીજાના વરઘોડા, એક-મેકનાં જમણો ને પરસ્પરના મરણપ્રસંગો–સહિયારા હતા.

દાદાને જ એક થાનકવાસી મુનિ પર ભારે ભાવ! નવરા પડ્યા કે એમની પાસે જઈને બેસે, ધરમની વાતો કરે: નીમવ્રત લે! અમારા બાપા ને કાકા વચ્ચે મઝિયારી મિલકતની વહેંચણીમાં કજિયા એમણે ન થવા દીધા.

દાદાએ ડંકાનિશાનની ચોટ પર સાંકળી બાનાં લગ્ન કર્યાં ત્યારે અમે દૂધપીતાં નાનાં બાળ હતાં. સાંકળીબાને સાસરે વળોટાવતાં, ખોળામાં શ્રીફળ પૂરતાં, દાદીમાએ શ્રીફળને બદલે અમને પૂર્યાં.

સાંકળીબાએ હસીને કહ્યું: 'મા, ચીકાને હું લઈ જઈશ.'

પણ દાદીમાની આ મશ્કરીને પાડોશણે સારી ન માની. આગળ જતાં સાંકળીબાને કંઈ સંતાન ન થયાં, ત્યારે ઘરડી ડોશીઓ કહેતી; 'માની ભૂલ દીકરીને નડી. શ્રીફળના બદલે દીકરાને જ ખોળામાં પૂરેલો. મા રાંદલ તો ત્રણ કાળનું જાણનારાં! જીવતાં જાગતાં જોગમાયા! એ કંઈ મશ્કરી સાંખે.'

રિસાયેલાં રાંદલ માને મનાવવા ઘણું કર્યું, પણ સાંકળીબાને

સંતાન ન થયાં તે ન થયાં. અને જેમ સંતાન ન થયાં તેમ દાદા-દાદીનાં હેત નાગરવેલ જેવી સુકુમાર દીકરી પર ઊભરાતાં રહ્યાં.

દીકરી કંઈ દૂરને દેશાવર તો દીધી નહોતી, પણ આગગાડી એ વેળા હજી બધે ઠેકાણે આવી નહોતી. ત્રણ દહાડાના રસ્તે સાંકળીબા દીધેલાં. તોય દાદા–દાદીને દૂરની વાટ લાગે. છતાંય એક વાતની ભારે મજા. સાંકળીબાનું સાસરું સાધુ અતિથિની સેવા કરનારું. કોઈ મુનિ-રાજ આવ્યા, પછી એ દેરાવાસી હોય કે થાનકવાસી પણ તેડી લાવી ભારે વૈયાવચ્ચ (સેવાચાકરી) કરે! એ મુનિરાજો જ્યારે અમારા ગામમાં આવે ત્યારે દાદા ખાસ સાંકળીબાના સમાચાર પૂછે. વાત-વાતમાં એમ પણ પૂછે કે 'સાંકળી કાંઈ સુકાયેલી તો નહોતી લાગતીને!'

મુનિરાજ કહે: 'શેઠ, દીકરી દીધા પછી પણ મનની આ ખેંચતાણ શી! આ તો અર્જુનના ધનુષ્યનું બાણ! ફેંક્યું, એ ફેંક્યું, પછી કંઈ પાછું ખેંચાય છે!'

'તમે ન સમજો સ્વામીજી. આ તો મનની પ્રીતું છે. લોઢાની સાંકળ તોડવી સહેલ છે, પણ સ્નેહની સાંકળ કાચા સૂતરની હોય તોય તોડવી મુશ્કેલ છે.'

પણ એ પછી તો વર્ષો વીતી ગયાં. અમે પણ મોટા થયા ને ભણવા બેઠા. દાદાની આંખે ઝાંખપ આવી, ને લાકડીને ટેકે ચાલવા માંડ્યું. હિસાબ કિતાબમાંય હવે ઝાંખા અક્ષરો એમની નજરે પડવા ન લાગ્યા.

[ ૨ ]

**એક દહાડો** રૂખી રબારણને વટલોઈ લઇને ડહેલીમાંથી જતી જોઈ દાદાએ પૂછ્યું, 'કોણ એ?'

રૂખી દાદાની લાજ કાઢે. દાદીએ કહ્યું: 'એ તો રૂખી છે.'

'વટલોઈમાં શું આપ્યું?'

'એ તો દૂધ છે.'

'દૂધ આપ્યું ? કાં ?'

'રોજ વધારો પડ્યા કરે છે: ને સાંકળી ગઈ ત્યારથી વલોણું કરવાનું મન થતું નથી. આ છોકરાંઓને પણ દૂધ ઓછું ભાવે છે. પછી દૂધનો વધારો રહે એને શું કરવો ? રૂખીને આપી દઉં છું.'

'પણ સાધુ મુનિરાજના પાતરામાં (પાત્રમાં) શું આપો છો ?' દાદાએ જરા કડક અવાજે કહ્યું.

'હવે તો સાધુ-મુનિરાજ ક્યાં છે ? પાશેર દૂધ પણ એમના પાતરાને જતું નથી. આપણા મુનિરાજો હાલમાં આ તરફ ઓછા વિહરે છે.'

'શું કહે છે તું ? જ્યાં રોજ પાંચ શેર દૂધ જતું ત્યાં આજે પાશેર દૂધ પણ નહિ ?'

'તમારે અપાસરે ક્યાં જવું છે તે ખબર પડે ! કાલે દેરાવાસીનો સંઘ ભેગો થયો હતો. સહુ કહેતા કે ચીકાના દાદા આખો દહાડો થાનકે પડ્યા રહે છે. જરા ધરમમાં ઊંડા ઊતરે તો સારું !'

'સમજ્યો ! સમજ્યો ! એટલે જ થાનકમાં દશ દશ સાધુ હોવા છતાં તમારે ત્યાંથી પાશેર દૂધ પણ ઓછું થતું નથી ! શેઠાણી, (દાદા ખિજાય ત્યારે દાદીને શેઠાણી કહેતા) ત્યારે તમે ધર્મમાં ઊંડાં ઊતર્યાં ખરાં ! જુઓ, મારે મન કોઈ જાતનો વેરો-વંચો નથી ! હું ધર્મમાં ઊંડો ઊતર્યોય નથી. જ્યાં મન ટૂંકું થતું હોય ત્યાં ઊંડું ઊતરવુંય નથી !'

'વ્યાખ્યાનમાં જતા હો તો બધી સમજ પડે.

'આવી વાતો તો ઉપરથી ખુદ ભગવાન આવીને કહે તોય વખ જેવી લાગે. હેત-પ્રીત વધે, મનના મદ ગળી જાય, એકબીજાના દુ:ખે દુ:ખી થવાય ને સુખે સુખી થવાય, મહેમાનને ને મુનિને આપીને

આરોગીએ-આવો મારો ધરમ ! બાકી પોથી–પાનામાં તો મારો જીવ ગૂંગળાઈ જાય છે ! હું તો ધૂડી નિશાળે ત્રણ ચોપડી ભણેલો.'

'ભાયડાનો જીવ ધરમમાં ઓછો ખૂંચે, બાકી પંચ–પાડામાં લડવુંવઢવું હોય તો તમારું કામ ?' દાદીએ ટૂંકામાં સંભળાવ્યું.

'ધરમનો ઈજારો તમે બૈરાંએ સુવાંગ (આગવો) રાખ્યો છે, કાં ?' દાદાએ જરા મશ્કરીનો ડોળ કરતાં કહ્યુઃ 'વાહ ડાયલી ! દીકરી થાનકવાસીને ત્યાં આપી બેઠી છો, એનું શું ?'

'જુઓ, ગઈ તિથિ તો જોશી પણ વાંચતા નથી. ગનાન (જ્ઞાન) ન હોય ત્યાં સુધીના ગુના માફ. જાગ્યા ત્યાંથી સવાર.'*

દાદા કંઈ ન બોલ્યા. એમને એ ગનાન (જ્ઞાન) ગમતું ન લાગ્યું. એ એટલું જ બોલ્યા :

'ડોશી, હવે કળજગ બેઠો એમ લાગે છે, માનવીનાં મન હવે વાડામાં વીરડા ગળાવવા માંડ્યાં. વાડામાં વસે એ વીરડાનાં નીર આરોગે, બીજાં બધાં ઊભાં ઊભાં વા ખાય.'

[ ૩ ]

**દિવસોને જતાં** કંઈ વાર લાગે છે ? એ દિવસો પણ નજીક આવી પહોંચ્યા હતા, જ્યારે દાદાને કોઈ નવી દુનિયા તરફ દડમજલ કરવાની વેળા થઈ ગઈ હતી ! કેવળ તિથિની જાણ નહોતી. દાદા પણ ગામતરે જવા તૈયાર થઈને બેઠા હતા.

*આ વાર્તાનાં પાત્રોમાં જેમ જૈન સમાજના બે ફિરકા સ્થાનકવાસી–દેરાવાસી વચ્ચે રોટી સાથે બેટીનો પણ વ્યવહાર હતો, એમ જૈન અને વૈષ્ણવો વચ્ચે પણ રોટી બેટી વ્યવહાર હતા; આજે પણ છેઃ આ વાર્તાને એ રીતે પણ ઘટાવી શકાય છે. એ વેળા સાંકળમાં ગૂંથાયેલી અનેક કડીઓ હતી. આજના ભણેલા ગણેલા યુગમાં એ સાંકળની પ્રત્યેક કડી સ્વતંત્ર વ્યકિતત્વ ખોળી રહી છે !

છેલ્લું જીવતર ઉજાળવા દાદીમાએ ભારે ઉછરંગ બતાવવા માંડ્યો. અઠ્ઠાઈ ઉત્સવ શરૂ કર્યો ને દેરાસરમાં પ્રતિમાજી પધરાવવાનું નક્કી કર્યું. સહુ સગાંવહાલાંને તેડાવ્યાં. કંકોતરીઓ લખી.

દાદા તો વિવાહની કંકોતરીઓ જેને જેને લખાતી, એમનાં નામની નોંધ રાખતા. એ નોંધનો ચોપડો લઈને બેઠા. અમે છોકરાઓ સામે લખવા બેસી ગયા. દાદા જોર જોરથી લખાવે જાય. જોતજોતામાં કંકોતરીઓનો ઢગલો થઈ ગયો. ત્યાં દાદી આવ્યાં: 'અરે! આ ઊંધું ઘાલીને શું લખવા માંડ્યું! દેરાવાસી સિવાય બીજાને લખશો, તો કોણ આવશે?'

'કોણ નહિ આવે? બધાય આવશે. કોને ત્યાં સારા-માઠા પ્રસંગે હું ગયો નથી?'

'એ વ્યવહારની વાત, આ ધરમની વાત.' દાદીમા જાણે દાદાને ડહાપણ દેતાં હોય તેમ બોલ્યાં.

'તે ધરમ શું શેર ઘી લાવ્યો!' દાદા જૂની ઢબે બોલ્યા: 'આ દેરાસરની થાપના વખતે વાણિયા, બામણ ને વૈષ્ણવ: ભાવસાર, લુહાર ને સુતાર: તમામ વરણ જમી હતી.'

'એ વાત જુદી હતી. એ વેળા ધરમમાં કોણ સમજતું હતું? જુઓ. હાથે કરીને તમારું નાક નીચું કરવું હોય તો કરો, બાકી હું તો થાનકવાસીમાં ફક્ત સાંકળીના સસરા સિવાય બીજા કોઈને કંકોતરી લખવાની ના પાડું છું.'

આખરે સ્ત્રી જીતી, પુરુષ હાર્યો. સાંકળીના સાસરે કંકોતરી ગઈ, પણ એ કંકોતરી ગઈ તેવી પાછી આવી!

કાં? શું સાંકળી નહિ આવે?

ના ના.

માણસ ખાસ તેડવા ગયું. પણ સાંકળી ફઈબા ઉત્સવ પર ન આવ્યાં તે ન આવ્યાં.

[૪]

**આભઊંચા** ડુંગરા કદી નીચા નમતા નથી. અમે દાદાને પણ કદી આમ વાતવાતમાં ઢીલાઢસ થઈ જતા જોયા નહોતા. દાદા સાંકળી ફઈબાના સાસરેથી આવેલો સંદેશો વાંચી ઉદાસ બની ગયા. એમને ઓચ્છવમાં આનંદ ન રહ્યો. પણ વખત વર્તીને હૈયું કઠણ કર્યું ને બધું કામકાજ પતાવ્યું. જમવા વખતે પંગતમાં બેસવા ભારે આગ્રહ થયો. દાદાએ ભારે આનાકાની કરી, સહુને બે હાથ જોડી ના કહી. અનેક બહાનાં કાઢ્યાં, પણ એમનું ન ચાલ્યું.

બધા જમનારા પાટલેથી ઊભા થઈ ગયા, ને ખાવું અગરાજ કરવા લાગ્યા, એટલે દાદાને બેસવું પડ્યું.

ભાણાં પિરસાયાં. પિરસણિયા મેસૂબના તાસ ઉપાડી પીરસવા લાગ્યા, કોઈને ચાર કટકા, કોઈને આઠ, કોઈને બાર! દાદાની થાળીમાં જેવા બેએક કટકા મૂકવા ગયા કે દાદાએ આડો હાથ ધર્યો.

'મને ન મૂકશો, ભાઈ.'

'કાં દાદા?'

'તબિયત ઠીક નથી.'

'તબિયતને શા ઘા વાગ્યા છે? અમને ખાવા દેવું છે કે નહિ!' દાદાના સમોવડિયા પશવા ભઈજીએ સંભળાવ્યું.

'સહુ ભાઈઓ સુખે જમો! એ માટે તો આ મહેનત કરી છે. હું નહિ લઉં. મને માફ કરો.'

'કાં?'

'પશવાદાસે કીધું તે કારણસર. દિલ પર ઘા વાગ્યા છે. કોને કોને દેખાડું!'

'અમે કંઈ ન સમજ્યા. ચોખ્ખું કહો.'

દાદા જરા ગળગળા થઈ બોલ્યા: 'ભાઈઓ, સાત ખોટની

મારી લાડકી દીકરી સાંકળી ત્યાં રોટલો ને કઢી જમે, ને હું-જમ જેની પાંગતે (ખાટલે) બેઠો છે, એ બૂઢો મેસૂબ-ચૂરમાં જમું? એના કરતાં અંગારા ન ઘાલું મોંમાં!' દાદાની ધીરજનો બંધ એકાએક તૂટી ગયો. આંખો આંસુથી છલકાઈ ગઈ. સહુ મોં વિકાસીને જોઈ રહ્યા.

આટલું બોલીને દાદા તો પંગતમાંથી ઊભા થઈ ગયા. ઘર તરફ ચાલી નીકળ્યા. અમે જોયું કે સદા ટટાર ચાલતા દાદા કેડેથી વાંકા વળીને ચાલતા હતા.

આજ ઊંચો ડુંગર આજ ઝૂકી રહ્યો હતો. રે આજ તો મેં ડોલતા ડુંગરા દીઠા જો, એવું થયું.

ઘેર આવીને હીંચકે બેઠા. દાદી એમનું મનદુઃખ ઓછું કરવા આવ્યાં ને બોલ્યાં: 'સાંકળી ન આવી, એમાં આટલું બધું માઠું શાનું લગાડી બેઠા છો? અસતરીની જાત. અડચણ આભડછેટ હોય તો ન પણ આવે.'

'શેઠાણી, મને વરસ સાઠ ઉપર થયાં છે, પણ મારી બુદ્ધિ નાસી ગઈ નથી. ખોટું ખોટું મન મનાવશો નહિ.' દાદાએ મક્કમ અવાજે કહ્યું: 'હાથે કરીને વખનાં ઝાડ વાવીને હવે અમ્રતફળની આશા રાખશો મા! આપણે ચાર દીનાં મહેમાન, પણ છોકરાંને આખું આયખું કાઢવાનું છે!'

દાદી ચૂપચાપ ઊભાં સાંભળતાં હતાં. દાદાનો પિત્તો ફાટે ત્યારે ન બોલવામાં નવ ગુણ સમજતાં. દાદાએ આગળ ચલાવ્યું, 'તને ઘરડે ઘડપણે લહાવા લેવાના ઓરતા થતા હતા. એમાં તું કોઈની ચઢાવી ચઢી ગઈ. હું તને કહેતો હતો કે અત્યારે ધરમનું રહેવા દે, વખત વર્તતાં શીખ! દૂધથી ભરેલા ઘડામાં ઝેરનું ટીપું નાખનાર પેદા થયા હોય ત્યારે ચેત! જમવું-રમવું હોય તો આપણું જીવતાં જગ તિયું (જીવતું માણસ પોતાનું કારજ કરે તે) કરીએ, જમીએ, રમીએ! પણ તું કહે, ના, મારે તો ઓચ્છવ કરવો છે. એમાં એક પંથ ને

દો કાજ થાય. જમાય, રમાય અને સાથે ધરમપુણ્ય થાય. શેઠાણી, તમારો ધરમ સગવડિયો. ખરે ખોટ ખાનારો. આજ મેં ખોટ ખાધી. સહુને પ્રેમભાવથી ભેટનાર સમાજમાં હવે એવો વખત આવશે કે કોઈ એકબીજાનો પડછાયો લોપવામાં પણ પાપ સમજશે. મોં નિંદાના મળથી ખરડાયેલાં રહેશે. તિરસ્કારની બદબૂ એમાંથી છૂટશે. આ ભેદભાવ સુખશાન્તિ હરામ કરશે. માણસ ધરમી થશે, પણ માણસ નહિ રહે. આ ભેદભાવ એક દહાડો સહુનું નખ્ખોદ કાઢશે.'

દાદી ચૂપ રહ્યાં. સ્ત્રી હમેશાં પુરુષની, એમાં પણ પતિની અમુક કમજોરીઓ જાણતી હોય છે. દાદીએ માન્યું કે એમને તો વાતનું વતંગડ કરવાની ટેવ છે. કાલે મન હળવું થઈ જશે. ઉત્સવ કરવામાં કંઈ ખોટું થયું નથી. કોઈ કંઈ કારણસર ન આવ્યું, એમાં કંઈ ખાટુંમોળું થયું નથી.'

દાદાએ એ દહાડેથી ક્યાંય જવુંઆવવું બંધ કરી દીધું. વારંવાર કહે; 'અરે, ધરમને નામે એક ભાણામાં જમનારાઓમાં ડખો ઘાલ્યો, ભૂંડું થાજો આ નવા ગનાનનું!' વળી દાદા વિચારે ચઢી જાય, ને બોલે: 'એમાં ગનાન પણ બિચારું શું કરે? ટૂંકા મનનાં માનવીનો જમાનો આવ્યો. સહુ ભણશે વધુ, જાણશે વધુ, અહીં બેઠાં દેશપર-દેશની વાતો કરશે, પણ પેલું પાલીનું મન પાવળા જેવું થઈ ગયું, તે નહિ સુધરે!'

[ ૫ ]

**ઉત્સવ** પૂરો થયે અમારાં સાંકળી ફઈબા આવ્યાં, પણ જાણે એ ફઈબા જ નહિ! મોં ઊતરી ગયેલું. મન હારી ગયેલું. આવ્યાં એવાં દાદાની પાસે ઢગલો થઈને પડ્યાં. રોતાં રોતાં બોલ્યાં.

'દાદા, દીકરી કૂવે નાખી.'

સાંકળી ફઈબા પહેલાં ખૂબ રોયાં, ધરાઈને રોયાં! પછી શાન્ત થઈને બોલ્યાં.

'પિતાજી, મારે દેવદર્શન કર્યા વિના મોંમાં પાણી પણ ન નાખવાનું નીમ, પરણ્યા પહેલાં મહારાજે જીવતોજીવતની બાધા આપેલી. મારાં શાણાં સાસુ રોજ કહે, 'વહુ બેટા, દેરે જઇ આવો. કામ તો થયા કરશે. વહેલુંમોડું આપણે જ કરવાનું છે ને!' બધી વાતે લીલાલહેર હતી. હું મારી સાસુજી સાથે થાનકે ઉપદેશ સાંભળવા જતી. આપણા અપાસરે મારાં સાસુ પણ આવતાં. બધી વાતે સાહ્યબી હતી; ત્યાં તમારા ઉત્સવની કંકોતરી આવી. એ અરસામાં મારા સસરોજી થાનકેથી આવીને એક દહાડો કહે, 'અરે, આપણો ધરમ તો વિચારો. મનખાદેહ મળ્યો છે કે મળશે! વહુથી દેરે ન જવાય.'

કોઈ કાંઈ ન બોલ્યું, પણ મારા મનમાં ફાળ પડી. 'અરે, કદી નહિ ને આજ આ વાત ક્યાંથી નીકળી! મારે તો દર્શનનું નીમ. બીજે દહાડે પણ બઈજી દહેરે જવાનું બોલ્યાં નહિ, મારે ઉપવાસ કરવો પડ્યો. ત્રીજો દહાડો પણ નકોરડો ગયો. સાસુજીને વાતની જાણ થઈ. એ બોલ્યાં: 'વહુ બેટા! મારા મનને તો કંઈ ખેંચ નથી, પણ સહુને આ ભણતરવાળાઓએ ભૂત ભરાવ્યાં છે.'

'બઈજી, પણ મારે તો દર્શનનું નીમ છે.'

'બેટા, નીમ આપનારે સમજીને નીમ આપ્યું હોત તો સારું. પાડેપાડા લડે ને ઝાડનો ખો નીકળે. વારુ, પાછલી ખડકીએથી જઈ આવો, ઝટ પાછાં વળજો! તમારા સસરોજી ભારે લપી છે.'

થોડા દહાડા એમ ચાલ્યું. પણ જતે દહાડે વાત ફૂટી. બંને પક્ષ તરફથી વગર પગારના ચાડિયા–ધરમની જાસૂસી કરનારા–ચાડી ખાવા ફરતા હતા. સસરાજીને જાણ થઈ. એમને અંગેઅંગે આગ લાગી ગઈ. તેમણે મારાં સાસુને ઊધડાં લીધાં: 'ઘરમાં રહો છો કે વનમાં? આ વહુએ તો મહાજનમાં આપણનેય મોળા પાડ્યા. આમન્યામાં ન રહે એ વહુ–દીકરી શા કામની? સોનાની પાળી ભેટ ઘલાય, પેટમાં ન ખોસાય.'

રાતે 'એમણે' મને ધમકાવી.

મેં કહ્યું : 'મારે નીમ છે.'

એમણે કહ્યું : 'નીમ નહિ ચાલે. જો કે મને પોતાને તો કંઈ વાંધો નથી, પણ અત્યારે ભારે ચડસાચડસી ચાલે છે. એકબીજાને બાપે માર્યું વેર થયું છે. એકએકનો પડછાયો લેતા નથી. ધરમ જુદો, થાનક જુદાં, મુનિમહારાજ જુદા, વરઘોડા જુદા ને વિવાહ જુદા. તમને બૈરાંઓને શું ખબર પડે? થાનકવાસીની પેઢી પરથી મૂકેલા રૂપિયા પણ ઉઠાવી લેવા માંડ્યા છે. હવે તો એકબીજાની છાંટ પણ લેવામાં પાપ મનાય છે.'

'અને એ ઉઠાવેલી રકમો અમારા ગામના વશરામ ખોજાને ત્યાં વ્યાજ ખાવા મંડાવવા માંડ્યા છે. ખોજો તમારો સગો અને...'

'એ' મારી વાત વધુ વાર ન સાંભળી શક્યા. મને ઠોઠથાપલી કરી. પિતાજી, એ તો કરે. મને એનું દુઃખ નથી, ચાહે તો કટકા કરી નાખે. એક હરફ કાઢું તો કહેજો. જાણું છું કે હું કયા બાપનું ફરજંદ છું!' વાત કરતાં કરતાં સાંકળી ફઈબાના ચહેરા પર ગર્વની રેખાઓ તરી આવી. થોડીવાર શ્વાસ ખાઈ એમણે વાત આગળ ચલાવી.

'આ ધમાચકડી ચાલતી હતી, ત્યાં તમારી કંકોતરી આવી. બળતામાં ઘી હોમાયું. મેં જવાની રજા માગી તો કહે : 'અરે, વહુને હાલવા-મહાલવાનો શોખ હોય તો અહીં કંઈ ઓચ્છવ કરીએ, પણ હાથે કરીને આપણું નાક વઢાવવા નહિ દઈએ. આ બધું ઊભું કરનાર-કરાવનારને હું જાણું છું. દેરાવાસીઓની આખા મલકમાં ફાટ વધી છે.'

'મારા બાપને મન તો બંને સરખા છે.' મેં કહ્યું.

'એ બધી ફોગટની વાતો છે. બાપ સારા તો વળી મા પાકાં. થાનકના મુનિને હવે ઉંબરે પણ ચડવા દેતાં નથી!'

'પિતાજી, સસરાજીની આ વાતો હું સાંખી ન શકી. વહુ થઈ એટલે એમને શું મારાં માબાપને ભાંડવાનો અખત્યાર મળી ગયો ? જેવાં એમનાં માબાપ, એવાં સહુનાં. એ દહાડે ઘરમાં મહા-ભારત જાગ્યું. એ ઓલવવા મેં મારું નીમ તોડ્યું ને ઘી–દૂધની બાધા કરી. ન જાણે એ બાધા આ ભવે છૂટશે કે પરભવે !' સાંકળીબાએ વાત પૂરી કરી.

અમારાં દાદીમા છણકી ઊઠ્યાં: 'સાંકળી, આપણે ઘેર આપણો ધરમ! એને ઘેર એનો ધરમ. તું તારે દેરે અપાસરે જજે. જોઉં, એ બધાં શું કરે છે ?'

'શેઠાણી, ઠંડાં થાઓ !' દાદા વચ્ચે બોલ્યા. ને પછી સાંકળી ફઈબા તરફ જોઈને કહ્યું : 'સાંકળી, બેટી, તેં ભૂલ કરી. જે ઘરમાં જઈએ, એ ઘરનાં નિયમ–વ્રત પાળીએ. તારી ડોશીને હું ઘણું સમ-જાવતો, પણ મારાથી કરમના લેખમાં મેખ ન મરાણી. ન જાણે તારા જેવી કેટલીય દીકરીઓ એક અવતાર પૂરો થાય ત્યાં સુધી અમને શરાપ્યા (શાપ આપ્યા) કરશે. અમે ધરમના થાંભલાઓએ એમને માબાપના વિજોગ કરાવ્યા. એ થાકેલી–હારેલી મૃગલીઓને પિયરનાં ઝાડવાં દેખવાં દૂર કર્યાં.'

'પણ બાપુજી, મારા નીમનું શું ?'

'નીમ આંખ માથા પર. તારું નીમ હું રાખીશ, તારે તો ઘરનો આચાર રાખવાનો. હવેથી તારે ઘી–દૂધ ખાવાનાં. સ્ત્રીની જાતને તો બમણો ઘસારો. ઘી–દૂધ વગર ન ચાલે. બાકી દીકરી, જો તું મને પૂછતી હોય તો કહું. ઝાઝાં શાસતર જોયાં નથી, પણ ટૂંકી વાત જાણું છું, જો મન ચંગા તો કથરોટમાં ગંગા. શું તારો બાપ તને, એ જીવતો હશે–નજર સામે હશે ત્યાં સુધી તારો પૂજ્ય રહેશે ? ને ત્યાં સુધી જ તને યાદ આવશે ? પછી તને યાદ પણ નહિ આવે ? બધાં મનનાં કારણ છે ! દહેરાંને માનનાર શું દેવને માનવાની

ના પાડે છે? ના ના બેટી! એના બાહ્ય આકાર માટે એ ઝઘડો છે. બાકી મારા, તારા ને એમના સહુના અંતરમાં એ જ જ્યોતિ બિરાજી રહી છે. મંદિર જવું કંઈ ખોટું નથી. ચોખ્ખા વાતાવરણમાં મન ચોખ્ખું થાય છે. મન ચોખ્ખું કરવા માટે તો આ બધી ચોપડીઓમાં ઉપદેશ છે. બાકી ન જવાય તો હારી ન જવું. બેટી, મનને મંદિર બનાવ, ત્યાં પણ તને એ પરમ જ્યોતિનાં દર્શન થશે!'

'એ કેમ બને?' સાંકળી ફઈબાએ પૂછ્યું.

'બેટા, રોજ સામાયિક તો કરે છે ને? આંખ મીંચીને બે ઘડી એ દિવ્ય જ્યોતિનું ચિંતવન કરજે. જોતજોતામાં મન ઝળાંહળાં થઈ ઊઠશે. અંતરમાં દીવડા ઝાકમઝોળ બળવા લાગશે.'

સાંકળી ફઈબા કંઈ વિશેષ ન બોલ્યાં, પણ દાદા એમના રિવાજ મુજબ બોલ્યા; "સાંકળી, એક બાપ હતો. એને ત્રણ દીકરા હતા. સહુ ભેગા રહેતા. કોઈ વાર લડતા, વળી પાછા ભેગા રમતા, જમતા ને બાપની પેઢી ચલાવતા. મઝિયારાની વાતો થતી પણ મઝિયારો વહેંચવાની કોઈની હિંમત નહોતી ચાલતી. કોઈ ડાહ્યા મળ્યા ને તેમણે મઝિયારો વહેંચ્યો. કહ્યું, ભલે રસોડાં જુદાં કરો, અલગ રાંધી ખાઓ પણ પેઢી પર એકસંપ થઈને બેસો, તોય ઘણું. પણ મને ડર લાગે છે કે હવે એ જ દીકરાઓ બાપની પેઢી બંધ કરી, પોતપોતાની આગવી પેઢી કાઢી ન બેસે?"

આ વાત ખાસ ન સમજાઈ, પણ સાંકળી ફઈબાનું ચિત્ત દાદાની સમજાવટથી શાન્ત થયું.

[ ૬ ]

**વર્ષો પછીની** વાત છે. દાદી ભારે પુણ્યશાલી એટલે રાતે ચૂડે ને રંગભીની ચૂંદડીએ ગુજરી ગયાં. ડહાપણના અવતાર દાદા પણ થોડે દહાડે શાન્તિપૂર્વક સંસારમાંથી અલોપ થઈ ગયા.

સાંકળી ફૈબાનો સંસાર સુખરૂપ ચાલે છે. ફૈબાને હવે અંતરમાં કોઈ વાતની ઓછપ નથી. સાસુ-સસરો ગુજરી ગયાં છે. દેર–જેઠ કોઈ છે નહિ. બધી વાતે સાંકળી ફૈબા સ્વતંત્ર છે. ફુઆ એમને રીઝવવા ઘણીવાર કહે છે :

"જાને, પજુસણ છે તો દહેરે જઈ આવ. તારા પિયરનો તો એ આચાર છે ને ?'

સાંકળી ફૈબા કંઈ ઉત્સાહ નથી દાખવતાં. કહે છે: 'મારા બાપ કહી ગયા છે કે મન ચંગા તો કથરોટમાં ગંગા ! હા, એક શરત કરો તો જાઉં.'

'શી શરત ? ધરમમાં પણ શરત ?'

'હા, હા, શરત ? આપણને જો દીકરી થાય તો દેરાવાસીમાં આપવી.'

ફૈબા ને ફુવા સામસામાં હસે છે : પણ કર્મની ગતિ જ એવી કે ફૈબાને કંઈ સંતાન ન થયાં. સંતોષી ફૈબા કહેતાં; 'આ મારા ભત્રીજા જ મારી માએ ખોળામાં પૂરેલા. એ જ મારા દીકરા છે !'

આવાં ફૈબા પણ વખત આવતાં ચાલી નીકળ્યાં. ફુઆ ભર-સંસારમાં એકલા રહ્યા. એમનાં કમાડ વસાયાં.

અમારા એ પૂજ્ય ફુવા ઘણે દિવસે થોડા વખત પહેલાં મળ્યા. એમની આંખોમાં હર્ષનાં અશ્રુ ઊભરાયાં. જૂની વાતો હોંશભેર યાદ કરી, ને કહ્યું :

'ચીકા, અમને લાગે છે કે હવે કળિયુગ બેઠો, તમારાં ફૈઈ સતયુગનાં માણસ. સતયુગનાં માનવી સાચાં. આ પેલા અમારા જૂના ઝઘડાની જ વાત કરું. જ્યારે તમારાં ફૈબાને મેં એ વાત કરેલી ત્યારે તો એ હસીહસીને ઢગલો થઈ ગયેલાં.'

અમને એ ઝઘડાનાં મૂળ જાણવાની ખૂબ ઇચ્છા હતી.

કિંવદન્તી હતી કે એ ધર્મનો ઝઘડો નહિ, પણ વેપાર વણજની વઢવેડ હતી.

એક મોટી પેઢીના દેણાલેણાનો ને નાની નાની પેઢીઓના વેપારનો એ ઇતિહાસ હતો.

ફુવાએ માંડીને વાત કહી : 'વાત એવી બનેલી, કે અમારે ત્યાં કેવળચંદ ને કપૂરચંદ બે ભાગિયા હતા, એક દેરાવાસી ને બીજો થાનકવાસી. કેવળચંદની સાળી કપૂરચંદ વેરે, એટલે બંને સગપણમાં સાઢુ થાય.

'કહ્યું છે, કે સગપણમાં સાઢુ ને જમણમાં લાડુ. બંનેએ રંગુનમાં સાથે પેઢી ખોલી. લાખો કમાયા. લખમી આવ્યાં એટલે એનાં લખ્ખણ બતાવ્યા વિના રહે? બંનેના મનમાં શંકા-કુશંકા પેઠી. વહેમનાં વધીને ઝાડ થયાં. ચીકા, બધા રોગોની દવા છે પણ વહેમની દવા નથી. આખરે બંને લડ્યા. લડતાં લડતાં બંનેએ પેઢી ખોઇ. પૈસા લઈ દેશમાં આવ્યા. ચડસાચડસીએ ચડ્યા. એકે વરઘોડા જમણ કર્યાં તો બીજાએ સામાં કર્યાં. વ્યવહારની રીતોમાં—ચડસા-ચડસીમાં ન ફાવ્યા તો ધરમને હાથમાં લીધો. વેપારીને મન તો બધેય વેપાર. ધરમને નામે મનના મમતને વધારવા લાગ્યા, એમાં ભણેલા-ગણેલા ભળ્યા. માયા દેખીને તો મુનિવર ચળે! આ માયાએ બંનેને જુદા કર્યા ને એ ઝઘડો ચાલતો ચાલતો દરેક દેરાવાસી અને થાનક-વાસીના ઘેર આવ્યો. એકનો ઝગડો અનેકમાં પેઠો. પછી તો એક-બીજાની આંખો લડવા માંડી. કપૂરચંદને ત્યાંથી થાનકવાસીઓએ રૂપિયા ઉપાડ્યા. કેવળચંદને ત્યાંથી સામાવાળાએ. બંને સાફ થઈ ગયા. આજે એક ખોજાની બેય જણા મેતાગીરી કરે છે! સંપે રહે છે ને જંપે જીવે છે. બેય સમજ્યા કે ઘરમાં ધનનો મદ ન ઘાલીએ. પણ એમણે વાવેલાં વખનાં બીજ ફાલ્યાં છે! હુંય એમાં ઝડપાયેલો. પણ તારી ફઈ ભોળું ને ડાહ્યું માણસ. એણે ઝાઝી

ખેંચતાણ ન કરી ! હું તો ઠોંટથાપલી કરી બેઠેલો પણ એ સતયુગના માનવીએ ખમી ખાધી, તો જીવતાં નરક જોવા ન મળ્યું ને સ્વર્ગની સાહ્યબી માણી. બાકી કેટલાયનાં ઘર હાલ–બેહાલ થઈ ગયેલાં હું જાણું છું. ચીકા, તારી ફઈ ડાહ્યું માણસ. એવાં સાગરપેટાં માણસ આ છાલિયાપેટાં જમાનામાં ક્યાં થવાનાં છે ?'

વાત કરતાં કરતાં વૃદ્ધ ફુવાની રૂપેરી પાંપણો પર જૂનો ભૂતકાળ સજીવન થઈ રહ્યો હતો.

મેં કહ્યું : 'ફુવા, ભૂલ્યા ભમ્યા તોય તમે તો સારા હતા. ન જાણે રેલના બે જુદા જુદા પાટા જેવા અમે ક્યારે ભેગા મળીશું? અનેક અગનગાડીઓ ભકભક કરતી વહી ગઈ, પણ પાટાની જુદાઈ હજી ચિરંતન છે. અને એ ચિરંતનતાને અમે અમારી સંસ્કૃતિ સમજી ફુલાતા ફરીએ છીએ.'

ફુવાની આંખોમાં ફરી પાણી ભરાતાં હતાં. અચાનક થોડે દૂર હોહા સંભળાણી.

અમારી નજર તે તરફ ખેંચાઈ. જોયું તો થાનકના ઓટલે રમતાં નાનાં છોકરાંઓનું ટોળું વઢવેડ જમાવી બેઠું હતું. છોકરાં એકબીજાને એવાં ઝનૂનથી બાઝી પડ્યાં હતાં કે છોડાવ્યાં છૂટતાં નહોતાં. વાત એવી બની હતી કે શેરીશેરીનાં છોકરાં અંદરોઅંદર વાદ વદતાં હતાં કે કોણ મોટું–તપા કે ઢુંઢિયા ? આજની ચળવળમાં જેવી સૂત્રાત્મક (સ્લોગન) ભાષા વપરાય છે એવી ભાષામાં એકે જોશથી કહ્યું :

'તપાની તલવાર !'

છોકરાંઓએ સાદ ઝીલી લીધો.

બીજાએ કહ્યું. 'ઢુંઢિયાનો ધોકો !'

છોકરાંઓના અમુક પક્ષે એ સાદ બમણા વેગથી ઝીલી લીધો.

એક પક્ષ કહે, 'અરે, તલવારથી તો સડાક લેતું તમારું ગળું ઉડાડી દઈએ !'

બીજો કહે, 'ઉડાડ્યા, ઉડાડ્યા, અમારો લાલિયો ધોકો જોયો છે? તમે તલવાર કાઢો કે તરત ઝૂડીએ એટલે તલવારના ડફ દઈને કટકા !'

તલવાર વધે કે ધોકો ?

દલીલબાજીથી છોકરાં કંઈ નક્કી ન કરી શક્યાં, પણ ઝનૂન એવું વ્યાપ્યું કે બે પક્ષ જુદા વહેંચાઈ ગયા ને પ્રત્યક્ષ લડાઈથી કોણ મોટું એનો નિશ્ચય કરવા લડવા લાગ્યાં.

વાહ, વાહ, બાળકોમાં પણ શું અપૂર્વ ધર્મની પરિણતી જાગી છે !

અમે બંને પક્ષને મહામહેનતે સમજાવ્યા, ને છૂટા પાડ્યા. અમે કહ્યું. 'આ છોકરાંમાંય શું ઝનૂન વ્યાપ્યું છે? છૂટાં પાડતાંય પરસેવો ઊતરી ગયો.'

'ચીકા, પરસેવાની ક્યાં પરવા કરે છે? આ જુદાઈ ફેડવા માટે તો હવે અનેકોને ઊનાં ઊનાં લોહી અર્પણ કરવાં પડશે.'

અમે વિચારમગ્ન બની સાંભળી રહ્યા. અરે ! એક નાનાશા સહ્ય કે અસહ્ય કાર્યનો પડઘો શું આટલો મોટો હશે? આગામી પેઢીએ કરવાનાં પ્રાયશ્ચિત્ત શું પહાડ જેવડાં મોટાં હશે?

# છેલ્લું વીલ

## [ વાર્તા પાંચમી ]

**જેમ** વા સાથે વરસાદના આગમનથી વિનાશકારી ઝંઝાવાતની આગાહી કરી શકાય તેમ, ત્રીજી વારના ટાયફૂડ પછી, અને એમાં પણ બે દહાડાથી ફેફસાં ધમણની જેમ ચાલતાં હોવાથી, આખરે ભેગાં મળેલાં સર્વ સ્વજનોએ એકમતે નિર્ણય કર્યો કે દરદીની જિંદગીની આશા ઓછી છે; રોગીને આસાયેશ રહે એવી સુશ્રુષા કરવી.

જ્યાંથી સાંજનો સુંદર પ્રકાશ ઘરમાં આવતો, ત્યાં—પશ્ચિમની બારી તરફ—મારી ક્ષીણ આંખો લાગેલી હતી. આકાશના આસમાની ઓઢણા પર હજી પીળું સોનું પથરાયેલું હતું, ને બારી વાટે દેખાતી લીમડાની કંચનવર્ણી ડાળો હજીય ડોલીને મનને આનંદ આપી રહી હતી.

આ પશ્ચિમાકાશ સામે નીરખી નીરખીને, રૂમઝૂમતી હવાની લહેરે નર્તતી આ ડાળો જોતાં જોતાં મેં મારી કેટલીય નવલો સરજી હતી. ભેજને કારણ ફૂલી જવાથી ભાગ્યે જ બંધ થતી આ બારીએથી રાતે આકાશી પરીને, ગુપ્ત સંવનનની પ્રિયતમા બનીને આવતી, નીરખી હતી. એના તિલકમાં રહેલા ચંદ્રે ને ઓઢણામાં રહેલા તારકોએ મને અધીરયૌવના કે અભિસારિકાઓની કલ્પના આપી હતી. આ આકાશમાં રચાતી વાદળનગરીમાંથી હું મારા વીરત્વની રતાશથી

શોભતા નાયકને અને મસ્ત પયોધરવાળી ફૂલગુલાબી નાયિકાઓને શોધી લાવ્યો હતો.

પણ અહીં એક વાતનો પ્રશ્ન કદાચ કોઈ કરી બેસશે : શું મને સાહિત્યજગતે લેખક તરીકે સ્વીકાર્યો હતો ? મારી કોઈ કૃતિ પર સરકારી પુરસ્કાર મળ્યો હતો ? કોઈ કૃતિ વિવેચન-વિવરણમાં અગ્રસ્થાન પામી હતી ? કોઈનું આંતરરાષ્ટ્રીય ભાષામાં ભાષાંતર થયું હતું ? અસ્તિત્વના આ મહાવિવાદમાં મારે ના જ કહેવી રહી અને અસ્તિત્વમાં અસ્તિત્વ ગણો તો ક્રિકેટસંઘના બારમા ખેલાડી જેટલું હતું.

'ઈશ્વર છે કે નથી ?' એવા સનાતન વિવાદની જેમ એનો પણ નિર્ણય થવો શકચ નથી. પણ હા, સાહિત્યજગતના કેટલાક મહારથીઓ કહેતા કે તમે લેખક છો : ને પ્રકાશકો સદા બીજા પુસ્તકની માગણી કર્યા કરતા એટલે સત્ય કે ભ્રમ; પણ હું મારી જાતને લેખક માનતો.

હું લેખક કેમ બન્યો, એ વિષે કોઈએ પૂછપરછ નથી કરી. પણ જો આ મોતની ગાળીમાંથી નીકળ્યા ને જીવ્યા તો વળી એનોય ખુલાસો કરીશું, મરતા માણસે તો બધી પેટછૂટી વાત કરવી જોઈએ.

સંધ્યા આથમી ને જાણે મૃત્યુનો ઘોર અંધકાર મને વીંટળાવા લાગ્યો. લીલી લીમડાની ડાળો પણ હવે કાળીમેશ બની હતી ને બારી પર રમતી છેલ્લી પ્રકાશરેખા પણ દર્દભરી વિદાય યાચતી હતી. જાણે ફરી એ પ્રકાશ ને આ પ્રાણનું અહીં મિલન અસંભવ હતું.

અચાનક મારા કમજોર બાવડામાં કંઈક તીક્ષ્ણ શસ્ત્ર ભોંકાયું. દાક્તરની પીચકારીનો એ સોયો હતો, કે મૃત્યુ પછી સજા કરવા આવનાર અસુર પરમાધામીનો ધગધગતો લોઢાનો સળિયો હતો. એનો કંઇ નિર્ણય ન કરી શકાયો. અસ્તિત્વના અંધકારમાં હું ઊંડો ને ઊંડો ઊતરતો ચાલ્યો.

કોઈ મોટી પોકનો અશ્રાવ્ય નાદ ગુંજી રહ્યો. રંગભૂમિના પ્રેક્ષકોની વિદાય વેળાએ થતો ઘોંઘાટ ને વિદાય પછી પ્રસરતી મૃતશાન્તિ

જેવી શાન્તિ થોડીવાર પથરાઈ રહી. હું મૃત્યુના અગોચર સાગરમાં ડૂબતો ચાલ્યો. અનંત વિગ્રહો, અસીમ વેદનાઓ ને દુઃખદ પીછેહઠો જાણે સરી ગઈ; ને કોઈ અજાણી શાન્તિ-સુંદરી મને બાહુપાશમાં વીંટી રહી.

મૃત્યુનો અગોચર સાગર દેખાયો. ત્યાં પહાડ જેવડા મગરમચ્છોની દંતાવલિ દેખાતી હતી, પણ લેણદારોની દંતપંક્તિ કરતાં એ સુંદર લાગી. ચરબી ભરેલા જળહાથીની કાયા ત્યાં જુગુપ્સા ઉપજાવતી હતી, પણ શ્રીમંત શેઠજીની ફાંદ કરતાં સૌમ્ય ભાસી; ને શાર્ક માછલીના તીક્ષ્ણ ભાલા જેવાં શીંગડાં ત્યાં ભોંકાવા તૈયાર હતાં, પણ બેવફા સ્વજનો અને બેપરવા વિવેચકો કરતાં ઓછાં કાતિલ ભાસ્યાં.

ન વમળ છે, ન વડવાનલ છે. ન સપાટીને સદા ભેદતી તરંગાવલિ છે. અગોચર ઘોર સુંદર વાતાવરણ છે. ઘોર અંધકારના તળિયે સુંદર મોતી ચમકતાં હતાં. હું તે તરફ ધસ્યો. પણ કોઈએ ધક્કો મારી મને પાછો ઉપર ધકેલ્યો.

ક્ષીણ આંખો ફરીથી ઊઘડી. કોઈ મૃદુ હાથ મારા લલાટ પર ફરતો હતો. ધીરેધીરે સ્મૃતિ આવતાં જોયું કે સહુ બેઠાં હતાં તેમ ને તેમ બેઠાં હતાં. મારો એક હાથ દાક્તરના હાથમાં હતો, મારે બીજે પડખે એક વકીલ મિત્ર બેઠા હતા. થોડીવારે એમણે મિષ્ટ અવાજે મને આશ્વાસન આપવા કહ્યું:

‘ જુઓ, છેલ્લા ઈંજેકશન પછી ઘણો સુધારો છે. કોઈ વાતથી ડરશો નહીં.’

‘ કોઈ વાતથી ડરતો નથી.’

‘ જુઓ. કાલે સાજા થશો ને સો વર્ષ જીવશો; પણ અગમચેતી સારી. વીલ કરી લીધું હોય તો ઠીક.’

‘ ઠીક,’ મેં ઉત્તર વાળ્યો.

'કોઈને કંઈ કહેવું છે?'

મેં બે હાથ જોડ્યા.

'તમારી મિલકતમાં શું......'

છાજલી પર પડેલા કિતાબોના ગંજ સામે આંગળી કરી, ને ખૂણામાં પડેલા પતરાના ત્રણ ટ્રંક બતાવ્યા. ને વકીલમિત્રનું મોં પાસે ખેંચી કહ્યું: 'પૈતૃક સંપત્તિ સોળ વર્ષે તજી છે, અને ધંધો કોઈ ફાવ્યો નથી: એટલે મત્તામાં બીજું કંઈ નથી.'

'એવું કાં?'

'આપકર્મીના આદર્શને સારુ'

'કાંઈ વીમો?'

'બે હજારનો છે, પણ છેલ્લાં ત્રણ પ્રીમિયમ ભરાયાં નથી'

'સોનું-દાગીનો?'

'ઘરમાં હોય તે. હા, બેબી ગયે વર્ષે માંદી પડી ત્યારે બીમારીમાં ખર્ચ થયેલું. હવાફેર માટે એને આબૂ લઈ ગયેલા. ખર્ચા માટે બંગડી ગીરો મૂકેલી. રૂપિયા લગભગ ભરાઈ ગયા છે. થોડાક બાકી હશે.' આટલું બોલતાં શ્વાસ ભરાઈ ગયો.

દાક્તરે આંખ મીંચીને પડી રહેવા કહ્યું.

આસાયેશ વળતાં ફરી આંખ ઉઘાડી. થોડીવારે વકીલમિત્રે પૂછ્યું:

'દસ વર્ષથી લેખકનો ધંધો કરતા હતા, તો ઘણું લખ્યું હશે?'

'રોજના નવ કલાક લેખે,' મેં જવાબ વાળ્યો.

'તો તો ઘણું હશે. તમારા ગ્રંથોની થોડી નામાવલિ?'

'લખ્યું તો ઘણું છે, પણ મોટે ભાગે બીજાના નામે.'

વકીલમિત્ર ચમક્યા. તેઓ બીજા પ્રશ્ન દ્વારા ઊલટતપાસ કરવા જતા હતા, પણ દાક્તરે મુદ્દાસર પ્રશ્નો પૂછી જલદી પતાવવા કહ્યું:

'તમારા નામથી કેટલાં લખ્યાં ?'

'બારથી પંદર.'

'બધા પર તમારો હક છે ને ?'

'ના, માલ માલ તો બીજા જમી ગયા, થોડા ફુસકા રહ્યા છે, ને તેય એક પ્રકાશક મિત્રની પ્રેમકૃપાથી.'

'વારુ, તમારું કંઈ લેણું-દેણું ? હિસાબ–કિતાબ ?' ને આ પ્રશ્ન સાથે મગજમાં જાણે ગરમીનો પારો ચડ્યો. જે હોઠમાંથી હ્રસ્વ ને દીર્ઘની પૂરી સંભાળ સાથે શબ્દો નીકળતા હતા ત્યાં ત્રુટક ઉચ્ચાર શરૂ થયા. સ્પષ્ટ બોલવાનો ફરી ફરી યત્ન કર્યો. સહુને લાગ્યું કે સન્નિપાત જ્વરનાં લક્ષણો દેખાય છે.

મેં શ્રમના ભારથી આંખ બંધ કરી લીધી.

થોડી વારે ફરી જાગ્યો, આ વેળા સહુ શાન્ત હતાં. મેં જ વાતનો આગળ દોર સાંધ્યો :

'વકીલ મશાય, હું જીવું છું કે મરી ગયો છું, એની પૂરી સ્મૃતિ મને રહી નથી. ગ્રીષ્મના તાપથી તપેલાને વર્ષાની કો વાદળી શાન્તિના જળે છાંટી રહી હોય તેમ લાગે છે. છતાંય મને મરી ગયેલો માનો તોપણ—મરેલાની ઇચ્છા સમજીને પણ—આટલું ટપકાવી લો ! મારું વીલ—વસિયતનામું—જેમાં કોઈને કંઈ આપવાનું નથી, કોઈને કંઈ લેવાનું નથી, છતાં મરનારના આત્માની શાન્તિ માટે એની ઇચ્છા જાણી લેવી તમારે માટે અનિવાર્ય છે. સંસારના સુખ માટે કંઈ કરી શક્યો નથી. પણ આટલું કરી શકું તોય ઘણું છે. લખો.'

'તમે જીવો છો. શુદ્ધ બુદ્ધિમાં છો. લખાવો.' વકીલે કહ્યું.

'જુઓ, કાળો સાડલો નહિ !'

'ક્યારે ?' વકીલે આશ્ચર્યથી પૂછ્યું.

'મારા મર્યા પછી. કોઈ કાળો સાડલો ન પહેરે, એ પૈશાચિક પોશાકથી મને નફરત છે!' મેં જરા બળથી કહ્યું.

'વારુ, પછી—'

'માતાના પેટ જેવો અંધારો ખૂણો નહિ!'

'તમે મૃત પતિની પાછળ પત્નીએ પાળવા જોઇતા રંડાપાના ખૂણાની વાત કરો છો?' વકીલે સ્પષ્ટ કર્યું.

'જી, હા! કંકણના ભુક્કા નહિ, કંકુનો ઉચ્છેદ નહિ.'

'તમે મરણને લગ્ન સમાન લેખો છો?'

'ના જી. લગ્ન સમારંભ છે. મરણ પવિત્ર યજ્ઞ છે. હિન્દુ સંસારનો પુરુષ જીવતાં તો સ્ત્રીને કેદીની જેમ રાખે છે, પણ મર્યા પછી તો સ્ત્રીને માટે એ નરક સર્જે છે. પુરુષનું મૃત્યુ સ્ત્રીને ડગલે ને પગલે શાપરૂપ બને છે. કૃતઘ્ન પુરુષ આ પાપમાંથી કયે ભવે છૂટશે? જેણે મારી આજીવન એકભાવે સેવા કરી, એને મૃત્યુ પછી આવું ભારે અપમાન કદી નહિ આપું. માટે કહું છું, કાળો કે રાતો ઘેરો સાડલો નહિ, કંકણના ભુક્કા નહિ, ખૂણો કે ખાંચરો નહિ.'

'શાન્તિ રાખો, ભાઈ સુમનલાલ,' એક વૃદ્ધ જ્ઞાતિજન વચ્ચે બોલી ઊઠ્યા. એમને આ વાત ન રુચી, બાપદાદાના વારાથી ચાલ્યા આવતા રિવાજોને કંઈ ઉવેખી શકાય!

'શાન્તિ તરફ તો જઈ રહ્યો છું, પણ પાછળ મારા નિમિત્તે અશાન્ત ન થાય, તે માટે બંદોબસ્ત કરવા માગું છું. જુઓ કાણ કે કૂટણ નહિ: કારજ કે જમણ નહિ.' મારા અવાજમાં ન જાણે અજાણ્યું બળ આવ્યું હતું.

'એ તો જેમ થતું હશે તેમ થશે.' જ્ઞાતિજને ટૂંકામાં કહ્યું. 'જેમ સારું લાગશે તેમ થશે.'

'કોને સારું લાગે તેમ થશે? મરનારને કે મરનારની પત્નીને કે તમને સહુને? વધુ બોલી શકાય તેમ લાગતું નથી, પણ એટલું કહું

છું કે પત્ની મર્યા પછી પતિ જે આચારો કરે, એ જ આચાર પતિ મર્યા પછી પત્ની તરફ થવા દેજો. એને જગતમાં નકામી ન બનાવશો. પળે પળે એની કમનસીબીની યાદ ન આપશો. અપશુકનિયાળ ન બનાવશો. એક કીમતી જીવનને ઊકરડે ન નાખશો. મારા જીવનનું સાથી! સુખદુઃખનું સંગાથી! અજોડ વફાદાર મિત્ર. એને બેવફા નહિ બનું, નહિ બનું!'

'વાયડલ લાગે છે!' એકે ધીરેથી કહ્યું.

હું તો બોલતો જ ગયો. રખે ફરી બોલાય કે ન બોલાય. 'ઘરમાં એને હાથે શુકનનું તિલક કરાવજો. એને હાથે લગ્નના માણેકથંભ રોપાવજો. પતિ મર્યા પછી સંયમથી જીવનાર સ્ત્રી જેવી પવિત્રતાની મૂર્તિ સંસારમાં બીજી કોઈ નથી. સંયમ કેટલો અશક્ય છે, એ પુરુષ સમજે છે. મારી આ ઇચ્છા છે, એની સામે થનારને ચાર હત્યાનાં પાપ...એને દીકરીથી પણ દીવો નહિ રહે.'

ઓરડાનો દીવો બહાર લઈ જવાયો, ને થાકેલો હું ફરી બેભાન બની ગયો! ફરી કંઈ તીક્ષ્ણ શસ્ત્ર ભોંકાયું.

[ ૨ ]

**નિશાના** ગયબી ઘૂમટમાં બેઠી બેઠી કોઈ સુંદરી સુંદર ગાન છેડતી હતી. એના ઝંકાર મોડી રાતે મારા મંદ બનેલા શ્રવણપટ પર અથડાવા લાગ્યા. લીંબડાની ડાળ પર એક ઘુવડનું બચ્ચું તાજો આહાર જમીને ઓડકાર ખાતું બેઠું હતું. એનો ભયંકર અવાજ પણ, આ વિસ્મૃતિની પળે અતિ મીઠો લાગ્યો. જાણે મૃત્યુનગરીનો પ્રવાસી પાછો ફર્યો હતો.

કલ્પનાનો વ્યાપાર કરવાની દશ દશ વર્ષની આદત કંઈ આજે છૂટે? કલ્પનાના જગતમાં ઉછાળ આવ્યો જાણી કોઈ સભા ભરાણી છે ને પેલું ઘુવડ પ્રમુખસ્થાને બિરાજ્યું છે. એણે મને પહેલો પ્રશ્ન એ કર્યો, કે 'તું લેખક કેમ બન્યો તે વાત કહેવાની બાકી રાખી છે, તો હવે

સ્પષ્ટ કર ! અથવા આવા અસ્થિર અને અચોક્કસ ક્ષેત્રમાં કેમ ઝંપલાવ્યું ને આવા લોકમાં લેખક બનવાનો વિચાર કેમ કર્યો તે કહી દે !'

મેં સ્વસ્થ રીતે, પ્રમુખ સાહેબની બિહામણી આંખો સામે ન જોતાં કહ્યું :

'હવે છેલ્લે છેલ્લે એ કહી દઉં. મરતા માણસને મન-ફાવે તે કહેવાની છૂટ હોય છે. સાહેબ, મારા કુળમાં કોઈ લાંબું નહોતું ભણતું. સરસ્વતી પણ લક્ષ્મી કાજે પૂજાતી. આજે તો સર્વ ગુણ સુવર્ણમાં આવી વસ્યા છે. પણ કેટલાક સરસ્વતીપૂજક બ્રાહ્મણોની સંગતે ભણવાનો ચસકો લાગી ગયો. એ ચસકાને કારણે જન્મભૂમિના નાના એવા સુંદર ગામડાને છોડી દૂર દૂર નીકળી ગયો.

'ભણીને પાછો આવ્યો ત્યારે મામાએ પોતાની કરિયાણાની પેઢીમાં છ આની ભાગ તૈયાર રાખ્યો હતો. થડા પર બેસી જાઉં તેટલી વાર હતી. એક નાના ગામના કારભારી પિતાએ પણ અસીલોની દાવાઅરજીઓ લખવી ને વર્ષમાં બે વાર સાહેબ બની વિઘોટી લેવા જવું; એમ વર્ષે એકાદ હજારની આવક સહેજે થઈ જાય એવી જોગવાઈ કરી રાખી હતી. લખાણ મુદ્દાસર કરવાની આવડત હતી. અક્ષરો મોતીના દાણા જેવા હતા. કામ હાથ પર લઉં એટલી વાર હતી. એક એવા સજ્જન મારા સસરા પણ બનવા તૈયાર હતા કે જેમની સટ્ટાની પેઢી ત્રણ ત્રણ વખતના દીવાળાથી સદ્ધર બની હતી. શરત એ હતી કે એ પેઢી હું સંભાળું. અર્થાત્ કામિની અને કંચન બન્ને હાજર હતાં !

'કયો ધંધો લેવો એનો નિર્ણય કરવાનું મેં થોડા દહાડાની આસાએશ પછી મુલતવી રાખ્યું. રોજ સાંજ–સવાર ગામમાં ને બપોરના પાદરમાં ફરવાનું રાખ્યું. મૂળ તો નાનકડું ગામડું પણ આજ એની રોનક પલટાઈ ગઈ હતી. પાણીના નળ ચારે તરફ નંખાઈ

ગયા હતા ને ગામમાં નાનો સરખો બાગ પણ થયો હતો, અનાજ દળવાની એક ઘંટી, અડધા ગામની ઊંઘ ઉડાડી નાખે તેવા અવાજથી ચાલતી હતી.

'પરબડીની જગ્યાએ પાણીની ટાંકી નંખાણી હતી ને ચોરામાં મોટું દવાખાનું થયું હતું. જાલમસંગ નામના એક મોટા ગરાસદારના દીકરાએ હોટલ ખોલી હતી, ને થાળીવાજું આખો દહાડો ગાણાં ગાતું હતું. પાસે જ કૃપાશંકર ગોરના દીકરાએ પાનબીડીની દુકાન ઉઘાડી હતી. એક કલાલ પણ પાદરના ભાઠામાં દારૂની દુકાન ખોલીને બેઠો હતો. નિશાળ એકની બે થઈ હતી.

'સુંદર ગામ સારી પ્રગતિ કરી રહ્યું છે, એમ કરશન રબારીથી લઈ કૅમ્પના અમારા રેસિડેન્ટ સાહેબ સુદ્ધાં કહેતા હતા. છતાં ગમે તેમ પણ મારો જીવ ગામમાં નહોતો ઠરતો; વારંવાર પાદર તરફ નીકળી જતો.

'આજ અચાનક મથુર પટેલના ખેતરે જઈ પહોંચ્યો. પદ્મિનીની આંગળીઓ જેવી ચોળાફળી લૂમીઝૂમી રહી હતી. આસોપાલવના ઝાડ નીચે રખેવાળી માટે એક ઝૂંપડું હતું. મેં ત્યાં જઈને ખખડાવ્યું તો અંદરથી ઉતાવળા ઉતાવળા પટેલ બહાર આવ્યા. એમની આંખો લાલઘૂમ હતી. મેં ધાર્યું કે ઊંઘમાંથી ઊઠ્યા હશે, પણ પાસે આવતાં ભારે બદબો આવી. રામજી મંદિરના આ પાકટ ભગત ખૂબ પ્રગતિ કરી ચૂક્યા છે, એની ખાતરી થઈ ગઈ. આવો–બેસોનો વ્યવહાર થયો.

'એટલામાં ઝૂંપડીની પાછળ કંઈ ખળભળાટ થયો. ઝૂંપડીની પાછલી ભીંતના પૂળા ખસેડી એક બાઈ બહાર નીકળતી હતી. મેં તરત ઓળખી લીધી, ને કહ્યું:

'ઓહો, સોનાં બેન ?'

'હા, ભાઈ, ક્યારે આવ્યા ?' એના મુખ પર ક્ષોભ દાબવાની રેખાઓ હતી. એણે ધીરેથી કહ્યું : 'આ ભારો ઉપડાવશો ?'

સોનાં અમારે ત્યાં દળણું-પાણી કરતી. પણ એ વખતની સોનાં ને આજની સોનાંમાં પરિવર્તન હતું. મેં ભારો ઉપડાવ્યો ને સાથે સાથે ચાલ્યો. મથુર પટેલ સાથે વાતો કરવાનું કંઈ મન ન થયું. એણે થોડી ચોળાફળી લેવા કહ્યું, પણ મને જાણે એમાં રસ હણાયો લાગ્યો.

રસ્તે જતાં સોનાંએ થોડીઘણી વાતો કરી:

'ભઇલા, હવે પેટ ભરવાં દોહ્યલાં થયાં છે! ગામમાં મેડીમાળિયાં વધ્યાં એમ દખના દી આવ્યા. આ નળ ઘાલ્યા ને અમારું તો પાણી ભરવાનું ટળ્યું. આ દળવાની ઘંટી આવી ને અડધી રાંડીરાંડોને કમોતે મારી. ભઈલા, મારોય ધંધો ટળ્યો. વળી આ ઘાસ-પૂળા કરીને ચલાવું છું, તેમાંય ઊંચ વર્ણે તો ઢોર કાઢી નાખ્યાં. નીચ વર્ણ તો જાતે ચાર લેવા જાય, પણ પેલા ખાટકી લોકો હજી ઠીક ઠીક ભાવ આપે છે.'

'પણ સોનાં બેન, મને ભાઈ સમજે તો પૂછું? આ તો તારી ને મારી વચ્ચેની વાત છે,' આત્મીય બનતાં મેં પ્રશ્ન કર્યો.

'હવે પૂછી વાત! તારા પૂછ્યા પહેલાં સમજી ગઈ છું. જો માણેકો શહેરમાં ભણે છે. શહેરનું ભણતર એટલે ખરચના ખાટલા! મહિને પાંચ મોકલવા પડે છે. લાવવા ક્યાંથી? ને મારી પાસે શું માલમિલકત છે, તે મને કોઈ ધીરે? મથુર પટેલ ભલો છે. બે મહિના તો એમ ને એમ આપ્યા પછી...ભાયડાની જાત ને વળી વાંઢો. મેં એની માગણી સ્વીકારી. બાકી તો તું જો તો-મારા સરખી બીજીને તો એકભવમાં અનેક ભવ થાય છે. મારે તો આ મૂઆ મથુરીઆ વગર બીજા ભાઈ-બાપ છે. જૂઠું બોલતી હોઉં તો મા જોગણી મને ભરખે! મારા એકના એક......'

'હાં, હાં, સમ ખાવાની જરૂર નથી.' ને કેડથી ભાંગેલા જેવો

હું ઘર તરફ પાછો ફર્યો.

'શહેરમાં વ્યભિચાર તો શોખ બન્યો હતો, પણ ગામડામાં શું એ જરૂરિયાત બનીને આવ્યો હતો? શહેરના લોકો...તો સુધરેલા ખપવા બારમાં જઈ દારૂ ઢીંચે, પણ આ લોકો...શું ફિકર-ચિંતા ભૂલવા દારૂ પીએ?

'થોડા દિવસો અકળામણમાં વીત્યા. વળી એક દહાડો હૃદયાકાશ પર શોકનું એક કાળું વાદળ ઊમટી આવ્યું.

'અમારા ઘર પછીની પાંચમી ગલીએ એક વોરા કુટુંબ રહેતું. પતંગ, ફટાકડા, ફુગ્ગા, ખજૂર એવું એવું વેચે! વોરાજી પહેલાં ગુજરી ગયેલા એટલે એની પત્ની દુકાન ચલાવે. એનું નામ મરિયમ. અમે એને 'મરિયમ બૂ' કહીને બોલાવતા. એને ત્રણ દીકરા હતા, સુલતાન, જમાલ ને ફીકો. પહેલા એ મારી સાથે નિશાળમાં હતા.

'આજ બપોરે અચાનક મરિયમ બૂ ભેટી ગયાં. હાથમાં કાગળ લઈ કચેરીમાંથી ચાલ્યાં આવે. જોતાં જાણે ઓળખાય નહિ. ઈજાર પર દશ થીંગડાં, ને ઓઢણી તો સાવ સાદી. મેં બૂમ મારી:

'મરિયમ બૂ?'

'કોણ બાપ!' ક્ષીણ આંખો મારી તરફ ફેરવી મને તરત ઓળખી લીધો. 'બેટા, ક્યારે આવ્યો? ખુદા તને ઉમરદરાજ કરે! દીકરા, કચેરીમાં ગઈ હતી. જોને, રાજાસાહેબ કહે છે, કે તારું ઘર આપી દે, તને નવી જમીન આપીએ. બધા મહાજનો વચ્ચે મુસલમાનનું ઘર ઠીક નહિ. જોને બેટા, આટલા દહાડા ઠીક હતું ને આજે આ અઠીક ન જાણે ક્યાંથી થઈ ગયું?'

'પણ આપણો ચકુ અહીંનો દીવાન તો થયો છે ને?'

'બેટા, ચકુ તો ભણીને બારીસ્ટર થઈ આવ્યો. હવે તો એ વાત જ કાં સાંભળે છે? ગોરા અમલદાર અને એ આખો દહાડો કંઈ

ગોટપીટ કર્યા જ કરે. કંઈ બેટબોલ રમે. કંઈ મરઘાંબતકાં મારે. આપણા ગામમાં પહેલાં આવું નહોતું. કોઇ કહેવા જાય તો જંગલી, ઢેમ ગમાર કહી મોં તોડી લે. બેટા, અત્યારનું ભણતર જ ભૂંડું લાગે છે. માણસને માણસ રાખતું નથી. મારો સુલતાનીઓ, એમાં જ ગયો !'

'કેમ ?'

'શહેરમાં ભણતો હતો. એક દહાડો અહીં આવ્યો ને કહેવા લાગ્યો : 'મા, હિંદુ ને મુસલમાન બે જુદા. આ આપણી અને એમની વચ્ચે બાપે માર્યું વેરઃ ને કંઈ કંઈ જૂની પુરાણી વાતો કરી ગયો, મારે માટે તો આ વાત નવી હતી, અહીં તો અમારા પીરને હિન્દુ માનતા ને અમે હિન્દુની હોળી–દિવાળી કરતા, પણ ન જાણે આ નવતરનું ભણતર કે બે પડોશી એકાએક એક રાતમાં એકબીજાના દુશ્મન બની ગયા : ને બેટા, એ નાદમાં કહે છે કે શહેરમાં હિંદુ–મુસ્લિમ લડ્યા ને મારો સુલતાનીઓ એમાં ઝબ્બે થઈ ગયો, ને બેટા, જમાલ પણ ગયો.'

'જમાલને શું થયું ?'

'હું દર શીતળા સાતમે તારે ત્યાંથી ટાઢું લાવીને ખાતી, પણ આ વર્ષે કંઈક આળસ ને કંઈક મતભેદ જેવું એટલે ન ગઈ. તાકડે ગામમાં શીતળાના વા વાયા ને એમાં મારો જમાલ ગયો.'

'મને દુનિયાનું ચક્કર ઊંધું ફરતું લાગ્યું. મેં કહ્યું : 'મા, હું ચકુભાઈને મળીશ ને તમારા માટે બધું બરાબર કરાવી દઇશ. તમે નિરાંતે રહેજો.'

'વાહ, બેટા ! આખી જિંદગી આ ઘરમાં કાઢી. સુલતાનનો બાપ અહીં જ સૂતો, હવે નવા ઘેર જતાં મન કેમ માને ? આટલું ખોરડું જીવતાં સુધી ટકી રહે એટલે બસ.'

'બીજે દહાડે ચકુભાઈને મળ્યો; પણ ત્યાં તો અમલદારી વર્તાવ

જોવા મળ્યો. એ રાતે ઊંઘ ન આવી. થોડુંક દાવાઅરજી જેવું લખાણ લખ્યું હતું. તે રાજની કચેરીને બદલે સવારે એક છાપા પર મોકલ્યું.

'ત્રીજે દિવસે તો એણે ચમત્કાર સર્જ્યો. છાપું ગામમાં આવ્યું કે કચેરીમાં ફફડાટ વ્યાપી ગયો. છાપું એટલે જાણે મહાકચેરી! સરકારી કચેરીથી પણ મોટી કચેરી! ચકુભાઈ પોતે એ રસ્તેથી નીકળી મરિયમ બૂને આશ્વાસન આપી ગયા. મને લાગ્યું કે છાપાં બહુ અસર કરનાર છે. તેમાં પ્રગટ થયેલો એક લેખ તલવાર કે બંદૂક કરતાં વધુ અસર ધરાવે છે.

'મને ઉત્સાહ વ્યાપ્યો. સોનાંના જીવન પરથી એક દર્દભરી કથા લખી. વર્તમાનપત્રોમાં મોકલી. એ પ્રગટ થઈને ખૂબ પ્રશંસા પામી. એક પ્રકાશકે તો એ વાર્તાને પુસ્તક રૂપે પ્રગટ કરવા માગણી કરી ને થોડાક રૂપિયા પણ મોકલ્યા.

'એક દહાડો મેં નિર્ણય કર્યો કે મારા આદર્શો મુજબ સાહિત્ય-સર્જન કરવું: ને એ માટે સ્વતંત્ર રીતે સાહિત્યોપાર્જનની કમાણી પર જ જીવવું.

'મારા મિત્રે ચેતવ્યો કે ' અલ્યા, ' કલમને ખોળે ' એ વિચાર દેખાવમાં ભારે રૂડો છે, બાકી તો નર્મદ જેવા વીરની ગરદન કપાઈ ગઈ, તો તું કિસ ખેતકી મૂલી! માટે ડાહ્યો થઈને નોકરી કર ને બચતના વખતે કલમ ઘસ્યા કર. સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે–સો ગુણ સોનામાં. પૈસા પાસે હશે તો પાંચમાં પુછાઈશ ને તારી વાતને વજન મળશે, બાકી ઘણી ભૂખડી– બારશો–હજામો અસ્ત્રા ઘસે–એમ કલમ ઘસ્યા કરે છે. કોઈ એમનું સાંભળતું નથી.

'વાત સાવ સાચી હતી. મારું મન બેસી ગયું. વાણિયાના દીકરાને વળી વાયદાના બજાર સાંભર્યા. સટ્ટાની સોનાની મેડીઓ યાદ આવવા લાગી. લાડી, વાડી ને ગાડીની બધી જોગવાઈ ત્યાં દેખાવા લાગી. પણ ત્યાં તો બનવાકાળ!

'એક તંત્રી મહાશયે મને શહેરમાં તેડાવ્યો ને વાતવાતમાં એના છાપાનો લેખક પણ નહિ, સહતંત્રી બનાવી નાખ્યો ! એક તો ઘેલો ને પછી ભાંગ મળી !

'આમ મેં લેખક બનવાનો ગુનો કર્યો.' મારો કલ્પનાવિહાર ખૂબ લાંબો ચાલ્યો, ને જ્યારે પૂરો થયો ત્યારે પ્રમુખ સાહેબ ધ્રુવક-રાજને ચકલાં ઘેરી વળે એવું પરોઢ થયું હતું.

ફરી હું નિર્બળ બની મૃત્યુમૂર્છામાં પડી ગયો.

[ ૩ ]

**આખરે** મૃત્યુ આવી ગયું રે લોલ!

આત્માનું પંખી પિંજરમાંથી ભાગવા દિવસોથી ફફડાટ કરતું હતું, એ મુક્ત થયું. મેં પણ છુટકારાનો દમ ખેંચ્યો. દુઃખમાત્રનો નિમિત્તભૂત આ દેહ ! એ છૂટ્યો, સાથે ઘણું ઘણું છૂટ્યું.

સગાંસ્નેહીઓએ મારા એ અળખામણા દેહને કચકચાવીને બાંધ્યો ! પૂરતાં લાકડાંથી પ્રજાળવાના નિશ્ચયસાથે ઘરબહાર કાઢ્યો, ત્યારે મને નિરાંત થઈ! હાશ કાશ ગઈ! આ હજાર મુસીબતોને નોતરનારી દેહની લપ છૂટી !

હળવે હળવે હું સ્વૈરવિહાર માટે બહાર નીકળ્યો.

એલિસબ્રીજના પુલ પર આસમાનમાંથી ધુમાડો નીચે ઊતરતો હતો, ને સાબરમતીના નાના ઝરણ પર જ્યારે એ ધૂમિલ સંધ્યા આથમતી હતી, ત્યારે સપ્તર્ષિના આરે એક ચિતા ધાંય ધાંય જલતી હતી.

હું આનંદથી નાચી ઊઠ્યો. અરે, સંસારની પ્રશંસા ને નિંદાનું સાધન તો આજ નાશ પામ્યું. વાહ, ભાઈ વાહ ! આ દેહ જ દુનિયામાં અંતરાયરૂપ છે !

પણ ત્યાં મારા આનંદમાં કોઈએ ભંગ પાડ્યો. સામેથી આવતા એક ભાઈ મને ભટકાયા. એમણે પૂછ્યું :

'પેલો લેખક અહીં જ રહે છે કે ?'

'કેમ, એનું શું કામ પડ્યું છે ?' મેં પૂછ્યું.

'એની સાથે લખતનો કરાર થયેલો છે. વખત બમણો ચાલ્યો ગયો પણ હજી એણે એકેય ચોપડું આપ્યું નથી.' આગંતુકે રોષ ને ઘૃણામાં કહ્યું. એ ભાઈના મનથી લેખક કોઈ ચોપડી જણનારું યંત્ર હતું. ચાલુ કર્યું કે ટપોટપ પડવા માંડે.

'ભાઈ, એ બિચારો સખત માંદો હતો.'

'સખત માંદો ? પૈસા લેતાં માંદગી નડતી નથી ?'

'માંદગી હોય તો જ પૈસા લે ને ? વળી એ જરા ઊર્મિપ્રધાન છે, એટલે ઓછું લખી શકે છે. લખવું એ કંઈ ચવાણું ફાકવું નથી!'

'બધા ચાળા છે ચાળા, એને દુનિયામાં કોણ જાણતું પણ હતું ? મેં જ જાણીતો કર્યો. આમ કરશે તો લબાડ ઠરશે ને પછી કોઈ આંગણે ઊભો નહિ રાખે.'

પેલા ભાઈનું મોં જોઈ હું મોરની જેમ નાચી ઊઠ્યો, ને જવાબ દીધા વગર આગળ વધી ગયો. જીવનભર ચિંતા ને ખેદ, વ્યાકુળતા ને વિહ્વલતા અનુભવનારા મનને આજે મોકળું મેદાન મળ્યું હતું.

યોજનોના યોજન ફરી વળ્યો : કોઈ વાર ચકલાની પાંખ પર બેસી, કોઈ વાર વાદળીના ઉદરમાં પેસીને, હવાની સાથે ડોલતો ને પ્રકાશની સાથે નર્તતો. એક બુલબુલની ગોદમાં ભરાઈ એનું ગીત સાંભળ્યું. એક ગરુડની પીઠે બેસી આખી દુનિયાનું ઉડ્ડયન કર્યું, વાહ શું સુંદર સૃષ્ટિ છે! વળી પૃથ્વી તરફ કોઈ પૌદ્ગલિક સ્નેહ મને ખેંચી લાવ્યો.

એક ઠેકાણે જોયું તો એક પ્રકાશક મારા પુસ્તકોના હક્ક મારા કુટુંબને સુપ્રત કરી રહ્યા હતા. અરે, વિઘ્ન માત્ર આ દેહનું હતું. એ નથી તો આ પ્રકાશક મારા તરફ કેવી સહાનુભૂતિ દાખવે છે? જીવન કરતાં તો મૃત્યુમાં બહેતરી લાગે છે!

હર્ષની એક કીકિયારી કરી આગળ વધ્યો. વાયુની સાથે સરસાઈ કરનારો મારો વેગ હતો. આગળ ગયો, જોયું તો એક ઠેકાણે ગંભીર મુખમુદ્રા ધારણ કરીને કોઈ મંડળી બેઠી હતી. ત્રણ કલાકથી એક ભારે મુદ્દા પાછળ મગજનું દહીં થઈ રહ્યું હતું.

કલાને ખાતર કલા કે ધ્યેયને ખાતર કલા?

આદર્શવાદી સાહિત્ય સાચું કે વાસ્તવવાદી સાચું?

માણસના ઊજળા મન નીચે વસતી કાળાશ કાઢીને બતાવવી એ સાહિત્યનું ધ્યેય કે કાળા માનવીના હૈયામાં વસતા ઊજળા રંગો પકડવા તે!

ઊંટનું મોં મારવાડ ભણી હોય એમ આ બધાનાં મોં સાત સાગર પારના દેશો તરફ હતાં. એકાએક ઝઘડો થઈ ગયો. સહુનાં મોંમાંથી વાઘરીવાડમાં અનુભવાતી સરસ્વતીનો એક નવો પ્રવાહ વહી નીકળ્યો.

આખરે તેવીસ વર્ષથી ચાલતી આ ચર્ચા આગામી ત્રણસો વર્ષ માટે મુલતવી રહી.

એક સભ્યે અચાનક ઊભા થઈ કહ્યું: 'તાજેતરમાં ગુજરી ગયેલા લેખકને માટે કંઈ થવું જોઈએ.'

બીજાએ-ત્રીજાએ એને ટેકો આપ્યો.

એકે વિરોધ કર્યો. 'એ છીંકણી નહોતો સૂંઘતો તો લેખક કેમ કહી શકાય?'

બીજાએ ટેકો આપ્યો. 'હા સાહેબ, વસ્તુ વિવાદગ્રસ્ત છે. એ

બહુ મૂળા ખાતો હતો, એવા મૂળાખાઉનું સન્માન કરીએ તો આપણા વાઙ્મયની કિંમત શી ?'

શોરબકોર સમાવવા પ્રમુખ મહાશયે ઘંટડી વગાડીને કહ્યું : 'વસ્તુને હું પણ વિવાદાસ્પદ માનું છુ.'

આ વખતે એક ખૂણામાંથી વિરોધનો ગણગણાટ થયો, પણ એ પક્ષ નાનો હતો. અવાજ તરત દબાઈ ગયો. અહીં 'રિલેશન–સંબંધો'નું પારાયણ ચાલ્યું. એના આ મોભાદાર મોવડીઓ સાથે સારા રિલેશન નહોતા.

પ્રમુખ મહાશયે આગળ વધતાં કહ્યું : 'જુઓ, એ લેખકનાં સર્જનોમાંથી કયાં એનાં ને કયાં એનાં નહિ, કયાં પ્રમાણિક ને કયાં અપ્રમાણિક, કયાં સાહિત્યિક મૂલ્યવત્તાવાળાં ને કયાં નહિ, કયાં યુગની સાથે જીવી શકે તેવાં ને કયાં અકાળે આપઘાત કરે તેવાં, વગેરેનો નિર્ણય કરવા આપણા મશહૂર ત્રણ વિવેચકોની એક સમિતિ નીમું છું. તેઓ યોગ્ય સમય સુધી તેના પર વિચાર–વિનિમય કરી આ કમિટી આગળ પોતાનો નિખાલસ ને વિદ્વત્તાભર્યો અભિપ્રાય પ્રગટ કરે. તે પછી જે યોગ્ય હશે તે થશે. આ સભાને બરખાસ્ત જાહેર કરું છું.'

એ મહાન વિવેચક મહારથીઓ પોતાના પર આવેલી કપરી ફરજ બજાવવા કૃતનિશ્ચય બન્યા, ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો. ભલા, દૂધમાંથી પોરા શોધનાર તમારા હાથે કાલિદાસ, શેક્સપિયર, પ્રેમાનંદ કે શામળ–કોઈની કૃતિ ગરબડમાં પડ્યા વગર બચી નથી, તો મારે માટે બચવાની આશા શી ? દેહ છોડ્યો તો દેહાભિમાનવાળી વસ્તુઓ પણ શા માટે ન છોડવી ?

રમતિયાળ હું–મારા ઘરના આંગણામાં આવ્યો. ત્યાં એકત્ર થયેલા લોકોમાં ભારે મૂંઝવણ જાગી હતી.

કેટલાક મરનારના સ્વભાવ વિષે ટીકા કરતા હતા. અરે, આવું તે વીલ કરાય ! પાસે પૈસા કે માલમિલકત હોય તો તો આપવા-લેવાની વાત કરવી એ ઠીક. બાકી વીલમાં આવું તે લખાતું હશે !

ન રડવાના રાગ, ન કૂટવાની કરામત !

—અને ખાવાપીવાની વાત જ નહિ ! જીવતાં ય ખાધું નહિ-મરતાં ખાવા દીધું નહિ ! એ વિના આવા ઊજળા મોતની ઉત્તર-ક્રિયાનો રંગ જામે પણ કેમ ?

સ્ત્રીઓ મૂંઝાતી હતી-કાળા સાડલા વગર શોક-પ્રદર્શન કેમ થાય ? રડવું શી રીતે ?

ચૂડાકર્મ વગર-લાડકા રંડાપાની યોજના વગર-મરનારનું મોત કેમ શોભે ! એની મૃત્યુની સિદ્ધિ કેમ હાંસલ થાય !

ભારે મૂંઝવણ ! ભારે મૂંઝવણ !

હું તો હસી હસીને બેવડ વળી ગયો.

જિંદગીમાં ઘણું લખ્યું-લખાવ્યું હતું, પણ આ વીલ જેવું તો નહિ જ ! ભલેને, મારું લખેલું તમામ સાહિત્ય કચરાપેટીને યોગ્ય ઠરે, આ એક વીલ જીવતું રહે તોય ઘણું છે. જુવાનો એનું અનુકરણ કરી પોતાના માટે ઘડીને તૈયાર રાખે તોય મારું લખ્યું-જીવ્યું સાર્થક !

ને હું કૂદીને મારા મમત્વના કારણભૂત દેહને ખાખ થતો જોવા સપ્તર્ષિને આરે આવ્યો. શ્મશાનમાં સોંપો પડી ગયો હતો. નદીનાં આછાં નીર મંદમંદ વહેતાં હતાં, ને ત્યાં વસતાં કૂતરાં પણ માણસનાં હાડકાંને બદલે-એમણે મૂકેલા ધૂળમિશ્રિત લાડવા આસ્વાદતાં થયાં હતાં ! યુગે યુગે આદતો પણ બદલાય છે !

ફરીથી વાયુની લહરી પર ચઢીને હું ચાલી નીકળ્યો. કેવો હલકો ! કેવો હળવો ! જાણે શરદની એક ચંચળ ફૂલવાદળી !

૪ ]

ઇસુ ક્રાઈસ્ટની જેમ, નવા વર્ષે હું અચાનક જાગી ઊઠ્યો. પાસે બેઠેલાઓએ કહ્યું : 'ધનતેરશથી ભારે જ્વરમાં તમે મૂર્છિત હતા. ભગવાને સહુની લાજ રાખી.'

'દાક્તર સાહેબની ભારે મહેનત હતી.'

જાગતાંની સાથે બેઠો થયો. શરીર ખંખેર્યું !

'હં, હં, પરિશ્રમ ન લેશો.'

'હવે કશું નહીં થાય. જુઓને નવા વર્ષની કેવી સુંદર ઉષા ઊગી રહી છે. એનું સ્વાગત કરીએ–નવી રીતે !'

હું હસ્યો, ને જગત જાણે મારી સાથે હસતું લાગ્યું.

પ્રકાશની એક લાંબી રેખા પૂર્વ દિશાના જાળિયા વાટે 'નવ વર્ષાભિનંદન' કરવા અંદર રમતી રમતી આવતી હતી.

# રામાયણની નિર્વાસિતા

## [ વાર્તા છઠ્ઠી ]

**દંડકારણ્યનાં** જંગલોમાં, ગોદાવરી નદીને તીરે, દેવ જેવો સુંદર પુરુષ અને દેવી જેવી લાવણ્યભરી કોઈ સ્ત્રી આવી વસ્યાં હતાં. બરછટ ચામડીવાળા, ચીબા નાકવાળા ને કાળા વર્ણવાળા જનપદોના પ્રદેશમાં સુરેખ અવયવોવાળાં, સુડોલ નાકવાળાં ને ચંપાકળી જેવા ઉઘડતા વર્ણવાળાં એ સ્ત્રી–પુરુષ હતાં.

વનનાં દેવ–દેવી જેવાં એ દીપતાં હતાં. કદી કાને કેસૂડાનાં કુંડલ પહેરતાં, તો કદી માથે આમ્રમંજરી ઘાલતાં. કેશના અંબોડા તો સહુ જેવા હતા, પણ કેશગુંફનની એમની કલા અનોખી હતી.

પુરુષની કાન્તિ ભર્યાં ભર્યાં પુષ્કરાવર્ત મેઘ જેવી હતી, ને સ્ત્રી ઇન્દ્રધનુના રંગો જેવી સુરંગી હતી. જનપદનાં વાસી ભીલ ને ભીલડીઓ, રાક્ષસ ને રાક્ષસીઓ, ભૂતો, વાનરો, રૂક્ષો ને પિશાચો આ રૂપકડાં નરનારને જોવા ટોળે વળીને આવતાં.

યથેચ્છવિહારી આ પ્રદેશ હતો. આ પ્રદેશની પ્રણાલિકા એવી હતી કે સ્ત્રી કોઈ સુંદર નરને જુએ કે તેની પાસે જાય, તેને આમંત્રે, સાથે રહે, ને મોજ કરે !

પુરુષ કોઈ સુંદર સ્ત્રીને જુએ કે એને વિલાસ માટે આમંત્રે. આમાં કોઇ પ્રત્યવાય ન ચાલે. પ્રત્યવાય ખડો થાય તો સબળ હંમેશાં

જીતી જાય. 'सत्यमेव जयते'ના બદલે 'बलमेव जयते'નો અહીં અબાધિત શાસનધારો હતો.

સામાન્ય જનસમુદાયની વાત તો ઠીક, પણ રાક્ષસરાજ લંકેશ્વર રાવણની બહેન શૂર્પણખા જ આ રૂપાળા પુરુષની દેહલાલસામાં પડી. શૂર્પણખા જેવી રાક્ષસસુંદરીને વરવાની ઇચ્છા ન હોય તોપણ કોણ એને ના પાડે ?

પણ આ રૂપાળા વિચિત્ર પુરુષે હિંમતથી કહ્યું: 'મારી સ્ત્રી સિવાય બીજી સ્ત્રીને હું સ્પર્શતો પણ નથી !'

વાહ રે વાહ સ્પર્શ્યાસ્પર્શ્યમાં માનનારા ! અરે ! આ ચોખલિયો આવ્યો ક્યાંથી ! મનગમતાં મળ્યાં તો રમ્યાં, જમ્યાં ને જુદાં પડ્યાં : એમાં વળી નિયમ ને બંધનની આ જાળ શી !

પણ બીજી પળે એ રાક્ષસસુંદરીને આત્મનિરીક્ષણ કરતાં તરત સમજાઇ ગયું કે જેના પડખામાં પેલી મધપૂડા જેવી મીઠી સ્ત્રી બેઠી હોય—એ મને કેમ સ્વીકારે ?

એણે પેલી રૂપકડી ટચૂકડી સ્ત્રીને હાંકી કાઢવા પ્રયત્ન કર્યો, તો તેમાં સ્વયં રાક્ષસપુત્રી શુર્પણખાને ઘાયલ થઈને નાસી છૂટવું પડ્યું !

છંછેડાયેલી નાગણના તાળવામાં વિષનો ફૂંકાર હોય છે. છંછેડાયેલી સ્ત્રીના અંગ—પ્રત્યંગમાં કાળી નાગણનું કાતીલ વિષ ઊછળતું હોય છે. શૂર્પણખાએ લંકાધીશ રાજરાજેન્દ્ર રાવણને કહ્યું:

'ભાઈ, તારે યોગ્ય સ્ત્રી દંડકારણ્યમાં આવી છે. બિચારી કોઈ ભિખારીને પનારે પડી છે. વિચિત્ર છે એમના નિયમ ને ઉપનિયમ ! એ સૌંદર્યભરિતા અનાથ સ્ત્રીને તું સનાથ કર !'

શૃંગારરસને વીરરસનો અધિરાજ, શૌર્ય અને સૌંદર્ય આ બેમાં જ જીવનની અભિવ્યક્તિ નિહાળનાર રાક્ષસરાજ દશાનન રાવણ એ સુંદરીને મેળવવા સજ્જ થયો. અરે, કઈ રૂપસુંદરી આ સામર્થ્ય, આ વૈભવ, આ સાહ્યબીને વરવા ના પાડશે ?

પણ વિદાય થતા વીરાને, તાજો અનુભવ લઈને પાછી ફરેલી વીરીએ ચેતવ્યો :

'બળ ન વાપરીશ, વીરા! એથી સ્ત્રીનું કોમળ અંતઃકરણ ચિરાઈ જાય. વળી આ તો ચોખલિયા! ઝટ તો તારો સ્વીકાર નહિ જ કરે! માટે બળથી નહિ, છળથી કામ લેજે. સાપ મરે નહિ ને લાઠી ભાગે નહિ. પુરુષને હાનિ ન પહોંચે ને સ્ત્રી તારા હાથમાં આવે એમ કરજે.'

આ શિખામણ પાછળનું શૂર્પણખાનું હૈયું રાવણ સમજતો હતો.

રાવણે મોટી મોટી મૂછોને વળ દેતાં કહ્યું : 'બેન, સ્ત્રીને કેમ વશ કરવી, એ ત્રિલોકવિજયી રાવણને તારે શીખવવું નહિ પડે. સ્ત્રીઓ પોતાનો પતિ ધનધાન્યાદિથી પૂર્ણ હોય તો પ્રીતિ દાખવે છે, ને જો વિષમ દશામાં હોય તો એની સાથેનો સ્નેહ કાચા તારની જેમ તોડી નાખે છે. એ વીજળી જેવી ચપળા હોય છે ને શસ્ત્રની ધાર જેવી, સ્નેહબંધ છેદવામાં તીક્ષ્ણ હોય છે. નિંદિત કર્મ કરવામાં તેનો વેગ વાયુ કિંવા ગરુડના વેગ જેવો હોય છે. છતાં ય તારી શિખામણ જરૂર લક્ષમાં રાખીશ.'

'ભાઈ, ત્રિલોકવિજય સહેલો છે, પણ સ્ત્રીવિજય એટલો સરળ નથી.' શૂર્પણખા આખરે તો સ્ત્રી હતી. ભાઈના એ શબ્દોમાં એ પોતાના સ્વાભિમાનને ઘસાતું જોઈ રહી.

રાક્ષસરાજ રાવણે મારીચ નામના પોતાના વિશ્વાસુ જનને બધો વૃત્તાંત જાણી લાવવા આજ્ઞા કરી.

[ ૨ ]

**એ કાળે** શીલ અને સૌંદર્ય માટે વિદેહની કન્યાઓ ભારે પ્રખ્યાત હતી. એમાં પણ મિથિલાના રાજવી જનકની પુત્રી સીતા અદ્ભુત હતી. પિતાની વિદ્વત્તા, સંસ્કારિતા ને સમર્પણશીલતાનો વારસો સીતાકુમારીને વર્યો હતો.

સૌંદર્ય હમેશાં શૂરવીરતાને વરે, એ જગજૂનો કાયદો હતો. શૌર્ય વિના સૌંદર્યને વરવું એમાં ભારે જોખમ હતું, અને તેથી જ લોકો કહેતા કે 'રૂપવતી ભાર્યા શત્રુ!'

સૌંદર્ય ને શૌર્યનું દ્વંદ્વ તો ચાલુ જ હતું. ત્યાં વળી જનકરાજે સંસ્કારિતાને ઉમેરી! સૌંદર્ય હોય, શૌર્ય હોય પણ સંસ્કારિતા ન હોય તો શું? એવા કઠોર–જડ પુરુષને પોતાની સીતાકુમારી ન વરે!

આ વાત પર, આ મુદ્દા પર, જનકરાજે પોતાની પુત્રીને વરવા આવતા લંકેશ્વર રાવણને પણ પાછો વાળ્યો. ત્યાં શરીર હતું, બુદ્ધિ હતી, પણ હૃદય ન હતું. હૃદય વિના સંસ્કારિતા કઈ ભૂમિમાં પાંગરે?

અને ભલા લંકેશ્વર રાવણ જેવાને પાછા વળવું પડ્યું તો બીજાની શી ગણતરી! રાજાઓનાં લોચન લાલ બન્યાં. પણ વસાહતોમાં ભારે પરિવર્તન ચાલી રહ્યાં હતાં-એટલે એ વાત જલદી વિસારે પડી ગઈ.

આખો દેશ ઉપરથી નીચે થઈ રહ્યો હતો. સંસ્કારી લેખાતા રાજવીઓએ યજ્ઞો પ્રવર્તાવ્યા હતા. યજ્ઞ એટલે આહુતિ. પર કાજે ધન, દોલત ને દેહની પણ આહુતિ. આવા યજ્ઞ સંસ્કાર–પ્રવર્તનનું અંગ હતું. ત્યાગ, ભક્તિ ને પરમાર્થની ત્રિવેણી એમાં હતી. શરીર, બુદ્ધિ ને હૃદયનો ત્યાં ત્રિવેણીસંગમ હતો.

માત્ર શૌર્યમાં માનતા રાક્ષસોને આ ન ગમ્યું. તેઓએ યજ્ઞભંગને પોતાનું વ્રત બનાવ્યું.

બીજી બાજુ યજ્ઞમાં માનનાર બ્રાહ્મણ ને ક્ષત્રિયો વચ્ચે શ્રેષ્ઠત્વનો ભારે વિવાદ તો ખડો હતો જ! યજ્ઞ અને યુદ્ધ બંનેમાં ક્ષત્રિયો બ્રાહ્મણોની સરસાઈ કરતા, ને બ્રાહ્મણો પણ ક્ષત્રિયોની સામે કેડ બાંધતા. બ્રાહ્મણવીર પરશુરામે યુદ્ધો–અજબ યુદ્ધો–કરી બતાવ્યાં હતાં, ત્યારે ક્ષત્રિયવીર વિશ્વામિત્રે અજબ યજ્ઞો આરંભ્યા હતા. અને આ

યજ્ઞની રક્ષા માટે પોતે જ પોતાના હાથે અયોધ્યાના બે રાજકુમારોને પોતાની પાસે રાખીને તૈયાર કર્યા હતા.

એ રાજકુમારોએ યજ્ઞોને નિર્ભય બનાવવામાં પોતાનું પૌરુષ વાપર્યું, ને ભવિષ્યના કાળમાં યજ્ઞના વિરોધીઓના નાશ માટે પ્રતિજ્ઞા કરી.

આ કુમારોની શક્તિ અને સંસ્કારિતાથી પ્રસન્ન થઈ, જનકે રાજકન્યા સીતા વડા કુમાર રામચંદ્રને વરાવી. એમણે શિવશક્તિના ધનુષ્યને તોડી શૌર્યની પરીક્ષા આપી, ને ક્ષત્રિયોના હડહડતા દુશ્મન પરશુરામને સંસ્કારિતાથી પ્રસન્ન કરી વિષ્ણુધનુષ્યની પ્રાપ્તિ કરી!

અયોધ્યાના આ રાજકુમારની બાલ્યાવસ્થાની સિદ્ધિઓએ આખા દેશને મુગ્ધ કરી નાખ્યો. સૌંદર્યસુકુમારી સીતાની ને વૈષ્ણવી ધનુષ્યની પ્રાપ્તિએ ફરી રાજકુળોમાં વિદ્વેષનો અગ્નિ પ્રગટાવ્યો. રામની સંસ્કારિતાની અનેક પરીક્ષાઓ લેવાવા લાગી.

પહેલે જ પગલે પિતૃવચનનું પાલન ને સત્યરક્ષા વિષે કસોટી આવીને ખડી રહી. પિતાએ પોતાની જુવાન પત્ની કૈકેયીને બે વચન આપ્યાં હતાં. એમ તો કયો પુરુષ પોતાની જુવાન પત્નીને રીઝવવા શાં શાં વચનો નથી આપતો? પણ આ તો વચનમાંથી ભભૂકતો વહ્નિ પ્રગટ્યો.

એ વચન પાછળ રાજ રમત ગોઠવાઈ ને રમાઈ. એક વચનથી રામને ૧૪ વર્ષ વનવાસ, બીજા વચનથી ભરતને સિંહાસન!

ભલા પિતાનાં ગાંડાં–ઘેલાં વચન ખાતર કંઈ રાજગાદી છોડી દેવાય? અને કદાચ રાજ છોડી દેવાય, તોપણ નગરનિવાસ છોડી વનવાસ કોણ સેવે?

વાહ, વાહ, ઘાટ તો ઠીક ઘડાયો. ગુરુ વિશ્વામિત્રની શિક્ષા કેવો લજ્જાભાર વેઠશે ને જનકરાજે જેમાં સંસ્કારિતા જોઈ, એ રામનો

કેવો ઉપહાસ થશે ? અરે, માણસ તે છેતરે તો માણસ છે. એમાં સંસ્કાર આવ્યા એટલે શું દેવ થઈ ગયો ?

પણ મશ્કરી કરનાર થંભી ગયા. બીજે જ દિવસે રામ સહુની વિદાય લઈ વલ્કલનાં વસ્ત્રોમાં દેશનિકાલ માટે તૈયાર થયા. ન બનવાનું પૃથ્વી પર બનતું હતું. પરમ આશ્ચર્યની સીમા તો ત્યાં હતી કે ભાઈ લક્ષ્મણ પણ સાથે જતો હતો, ને સૌંદર્યભરી સીતા પણ વલ્કલના વેશમાં પતિના પગલે ચાલવા તૈયાર થઈ હતી.

સીતા કહેતી હતી : ' જ્યાં પતિ ત્યાં સતી ! '

લોકો માનતા હતા કે આ તો નાટક છે ! કાલે રામ પાછા આવ્યા સમજો ! પણ દિવસો વીત્યા, રામ પાછા ન આવ્યા, તે ન જ આવ્યા.

વચનના સાદા અર્થનું નહિ, એના ગર્ભિતાર્થનું પણ રામ પાલન કરવા લાગ્યા. કેટલાય એમને પોતાના ગ્રામનગરમાં વસવા વિનંતી કરતા, પણ વનવાસી રામ તો અગોચર જંગલોમાં જઇ વસ્યા.

લક્ષ્મણ અને સીતા સાથે છે, બધા યજ્ઞયાગ કરે છે, ને યજ્ઞવિરોધી લોકોને હરાવે છે. રાક્ષસકુળોનો અને યજ્ઞવિરોધીઓનો નાશ કરનાર ગુરુ અગસ્ત્યના આશીર્વાદ પામ્યા, વિદ્યા પામ્યા ને શસ્ત્ર પણ એમની પાસેથી પામી રામ આજે દંડકારણ્યમાં આવી વસ્યા.

આવાં રૂપાળાં, નાજુક ને ઘાટીલાં નરનાર ભાગ્યે જ આ પ્રદેશમાં આવે છે ! એકબીજા પ્રત્યેનો સ્નેહ, પાડોશી પ્રત્યેનો નેહ ને જીવન જીવવાની એમની કળા અનોખી છે !

[ ૩ ]

**રાક્ષસરાજ** રાવણે બધો વૃત્તાંત સાંભળ્યો, ત્યારે એને પોતાનું અપહરણનું કાર્ય અનેક રીતે યોગ્ય ભાસ્યું. એક તો એક કાળે એ પોતાની ઈપ્સિત સુંદરી હતી. વળી યજ્ઞપૂજકોની એ કન્યા હતી: ને

પોતે યજ્ઞોનો વિરોધી હતો, આ રીતે પણ સીતાને ઉઠાવી જઈને, એ યજ્ઞના હિમાયતીને શિક્ષા કરવાનો પોતાનો ધર્મ અદા કરી રહ્યો હતો.

વળી આર્યોના ભયંકર ગુરુ અગસ્ત્યનો ચઢાવ્યો એ રામ ચઢયો હતો, માટે એની સાન ઠેકાણે લાવવાની પણ જરૂર હતી. ઉપરાંત એણે રાક્ષસોનો નાશ આરંભ્યો હતો, એ રીતે પણ એને સજા કરવામાં એ ન્યાયી હતો.

એણે પોતાની વિદ્વાન, બળવાન ને શાણી રાક્ષસસભાને પૂછ્યું કે આવા લોકોને શિક્ષા થવાની જરૂર ખરી કે નહિ? સહુએ સંમતિ આપી, પણ ન જાણે કેમ, કંકરથી પહાડ ડરી ગયો! જે રાવણે રોજ બળ અજમાવ્યું હતું. એણે આજ છળનો પ્રયોગ કર્યો.

મૃગયાના શોખીન ક્ષત્રિય રામની નજર સામે સુંદર મૃગ લાવીને હાજર કર્યો. એમને સુલલિત માંસની તો સ્પૃહા હતી જ પણ એ મૃગનું ચર્મ પણ સીતાની કંચુકી માટે અપૂર્વ હતું. ગૌરવર્ણી સીતાના વક્ષઃસ્થળ પર સુવર્ણવર્ણો મૃગચર્મનો કંચવો કેવો ઓપે! સીતાનું મન પણ એ મૃગચર્મ પાછળ ઘેલું થઈ ગયું. આ લાલસામાં વેગવંત મૃગની પાછળ રામ ગયા. ને મૃગયાના શોખીનો કોઈ દિવસ એમ કંઈ જલદી પાછા ફર્યા છે, કે આજે ફરે? રામને વાર લાગતાં લક્ષ્મણ પણ ભાઈને શોધવા ગયો.

રાવણે એ તક ઝડપી લીધી અથવા એણે જ માનસશાસ્ત્રનો અભ્યાસ કરીને શિકાર કરવાની આ રીત યોજી હતી. એણે પર્ણકુટી-માંથી સીતાને ઉપાડી. સુકુમાર સ્ત્રી આ શક્તિના પુંજ પાસે શું અને કેટલું કરી શકે? કઠોરતા ને સુકુમારતા શ્રીફળ ને આમ્રફળ જેવી છે. શ્રીફળને છૂંદવા જનાર આમ્રફળ પહેલું છૂંદાઈ જાય છે. પણ છૂંદવાની શક્તિથી શ્રીફળની મહત્તા વધતી નથી ને આમ્રફળની ઘટતી નથી!

રાક્ષસરાજ રાવણનો સામનો કરતાં કરતાં સીતા બેભાન બની ગઈ. રાવણ એને લંકામાં લઈ ગયો. રાવણને શ્રદ્ધા હતી કે માયા

દેખીને માનુનીનું મન ચળી જશે! આ રાજમહેલો, આ વિલાસગૃહો, આ વિહારસ્થલો, આ આભૂષણો, આ આસવો, પેયો ને ખાદ્યો પાસે કઈ સ્ત્રી પુરુષની ચરણકિંકરી નથી બની? કંચનના લોભે કઈ કામિની લોભાણી નથી? આપોઆપ એ વશ થઈ જાય છે.

પણ ધીરે ધીરે રાજા રાવણને ખાતરી થઈ કે આ સ્ત્રી દેહથી ભલે સુકુમાર હોય, પણ મનથી વજ્ર જેવી છે. એણે માન્યું કે હમેશાં તાજા ઘા રૂઝવવા માટે સમયની જરૂર છે. સમય સમયનું કામ કરી જાય છે. એને પ્રતિકૂલ વર્તીને નહિ, અનુકૂલ રહીને જીતું.

વિલાસની સામગ્રી ચારે તરફ ખડકીને વચ્ચે સુંદર સીતાને બંદીવાન બનાવી. સ્ત્રીને આકર્ષવાનું સંપૂર્ણ શાસ્ત્ર અહીં સક્રિય બન્યું, પણ સીતા તો અજબ સ્ત્રી નીકળી. કેટલીક વાર તો એની તેજસ્વિતા પાસે ત્રિલોકવિજયી રાવણને પણ નમી જવું પડતું. રામ પછી સીતાએ પોતાના સંસ્કારની અહીં પરીક્ષા આપી.

ત્યાં તો અચાનક રામનો દૂત લંકામાં આવી ગયો ને સીતાની ભાળ મેળવી ગયો. થોડા દિવસો વીત્યા ન વીત્યા ત્યાં રામનો સાંધિવિગ્રહિક અંગદ પણ સુલેહની વિષ્ટિ ચલાવી ગયો. પત્નીહરણનું દુઃખ સમજનાર રાજા સુગ્રીવ અને તેનો પરાક્રમી મંત્રી હનુમાન રામની વહારે ધાયા હતા.

પણ રાવણ તો પોલાદી હૈયાનો આદમી હતો. એની સભાએ, એનાં સગાંએ કહ્યું કે રામને સજા કરવા માટે સીતાના અપહરણની જરૂર નહોતી. છતાં ય કહેનારા માત્ર કહેનારા જ હતા, ને કહીને પોતાના માણસની ભૂલ ચલાવી લેનારા હતા.

એક જણ જ એ અન્યાયનો વિરોધી નીકળ્યો. એનું નામ વિભીષણ!

એણે કહ્યું, 'આ તો એક ગુનાને મિટાવવા તમે બીજો ગુનો કર્યો.' પણ મદાંધ ને બળવાન લોકો કદી સમજ્યા છે કે આજે સમજે?

સત્યનો ઉપાસક વિભીષણ અન્યાયનો પક્ષ તજી ચાલી નીકળ્યો! અરે, ગયો તો ભલે ગયો, સાગરમાંથી એક બિંદુ બહાર ચાલ્યું જાય તેથી એમ નમતું આપીએ તો રાજનાં કાજ કેમ ચાલે!

ટૂંક સમયમાં યુદ્ધનાં દુંદુભિ ગાજ્યાં. રાક્ષસરાજ રાવણના અજેય મનાતા યોદ્ધા હણાતા ચાલ્યા. રાવણ આ સ્ત્રીના તેજનો એ પ્રભાવ માની શંકિત બન્યો. બળવાન હમેશાં બહુ વહેમી હોય છે. એણે બલાત્કારનો પ્રયાસ છાંડી મનામણાં શરૂ કર્યાં. રામ ને લક્ષ્મણનાં ખોટાં શબ લાવીને પણ એણે સીતાની હૃત્તંત્રી ખળભળાવી મૂકી, પણ સીતાએ તો એક જ વાત કરી :

'આ દેહ રામને અર્પણ થયો. હવે ખોળિયામાં જીવ છે ત્યાં સુધી બીજાને અર્પણ નહિ થાય!'

રાવણ થાક્યો. બીજી તરફ યુદ્ધ ઉગ્ર બન્યું. ભાઈ, પુત્ર વગેરે રણમાં રોળાયા. પોતે રણાંગણમાં આવ્યો, પણ બગડેલી બાજી એનાથી પણ ન સુધરી.

રાવણ પણ રણમાં પડ્યો.

રામે લંકાનો કબજો કર્યો!

ભલા, આ વેળા નિર્વાસિતા સીતાનો આનંદ એના સાગરસમા હૈયામાં પણ કેમ સમાય? પતિને મળવા એ મલીન વેશમાં જ ને કશાય અંગરાગ વગર જ આગળ વધી!

પણ પતિદેવ રામનું કહેણ આવ્યું, 'સ્નાન કરી શુદ્ધ થઈ, અંગરાગ કરીને આવો!'

રે! નારીનું હૃદય! એની અધીરતા કોણ ક્યારે સમજ્યું છે, કે આજે સમજે?

[ ૪ ]

**મહા-દૂત** હનુમાને યથાસમય શ્રીરામને નિવેદન કર્યું કે 'સીતાજી આવી રહ્યાં છે!'

પણ રામ તો હતા ત્યાં ને ત્યાં ઊભા રહ્યા.

વિભીષણે કહ્યું : 'સીતાજી આવી પહોંચ્યાં છે!'

શ્રીરામ તોય સ્તબ્ધ બની ખડા રહી ગયા. એ પ્રિયાને મળવા અધીર ન બન્યા, બલ્કે તેમના મુખ પર ગ્લાનિની એક આછી વાદળી પથરાઈ ગઈ. તેમણે શાંત, ધીર ને સ્વસ્થ શબ્દે કહ્યું :

'સીતાને મારી સમીપ લાવો.'

કમલવદના સીતા આજ ચાલતી નહોતી, પણ ઊડતી હતી. એનું મન આપોઆપ નાટારંભ કરી રહ્યું હતું. પણ એણે શ્રીરામને જોયા—શાંત, સ્વસ્થ, હિમાચલ જેમ અકંપિત! ત્યારે અંધારી રાતમાં વાદળી ગળી જાય, એમ એનું હૈયું ગળી ગયું! એના કલ્પનાના મિનારા એકદમ ભૂકંપનો વેગ અનુભવવા લાગ્યા.

શાંતમૂર્તિ શ્રીરામના મુખમાંથી વાણી સંભળાઈ. એમાં ક્યાંય પ્રેમની ઉષ્મા નહોતી, ઉપેક્ષાની હાડ ગાળતી શીતળતા હતી. રામ બોલ્યા :

'ભદ્રે, મેં પુરુષકાર પરાક્રમને યોગ્ય કાર્ય કર્યું છે, ને શત્રુનો પરાભવ કર્યો છે. મારું પૌરુષ જગતને વિદિત થયું છે, ને મારો શ્રમ આજ સફળ થયો છે. જે પુરુષ અપમાન પામી, એને પોતાના તેજથી માર્જન કરતો નથી, એ જીવ્યો તોપણ શું ને મર્યો તોપણ શું? મને લાગેલા અપવાદને મેં મહાઉદ્યમ દ્વારા ને મારા સ્નેહીજનોના બળ દ્વારા દૂર કર્યો છે. સૂર્યવંશ પર લાગેલા લાંછનને મેં સર્વથા ધોઈ નાખ્યું છે.'

પતિનાં વચનને અમરસુધા લેખતી સીતા સમજી ન શકી કે પોતાના આત્મસખા રામ આ સંભાષણ શા માટે કરી રહ્યા છે! અરે, હિજરાયેલી પત્નીના કુશલવર્તમાન પૂછવાને બદલે આ આત્મપ્રશસ્તિ કાં રચી રહ્યા છે?

શ્રીરામ થોડીવાર થોભ્યા, ને પુનઃ બોલ્યા :

'હે સીતે ! આંખના દરદીને ઝળહળતો દીપ પ્રતિકૂળ લાગે છે, તેમ આજે તું મને પ્રતિકૂળ ભાસે છે ! જેના ચરિત્ર વિષે શંકાસ્થાન પેદા થાય એ સ્ત્રી કેમ કરીને પ્રિય લાગે ?'

સીતાનું ધીરજ ધારી રહેલું હૈયું એ કઠોર વાણી ઝીલી ન શકયું. એના મસ્તિષ્કમાં એકાએક ધડાકા ઊઠયા. રામવાણી આગળ વધી:

'તું એમ ન માનતી કે મેં આ બધો શ્રમ તારે માટે કર્યો છે ! મેં આ બધું મારા કુળનું લાંછન મિટાવવા, સૂર્યવંશની કીર્તિ નિષ્કલંક રાખવા માટે જ કર્યું છે. તારાં અંગોને શત્રુએ સ્પર્શ કર્યો છે. એની કામભરી આંખોથી તું નીરખાઈ છે. પરગૃહમાં રહેલી સુંદર સ્ત્રી કદી સુરક્ષિત રહી છે ? બિલાડીના કબજામાં આવેલું દૂધ કદી અસ્વાદિત રહી શકે ખરું ? આવી સ્ત્રી ગમે તેવી સુંદર હોય તોપણ એને કયો પતિ સંઘરે ? અને તો પછી રાક્ષસ તથા પિશાચ કુલોમાં ને આર્ય કુલોમાં શો ફેર રહે ? માટે હે સીતે, હું તને મુક્ત કરું છું. દશે દિશા તારા માટે ખુલ્લી છે. ઇચ્છા પડે ત્યાં ચાલી જા !'

સીતાનાં સુંદર નેત્રોમાંથી શ્રાવણના આકાશમાંથી મેઘ વરસે એમ આંસુ ઝરી રહ્યાં. શ્રીરામે સીતા તરફ નિહાળ્યા વિના આગળ બોલવું ચાલુ રાખ્યું:

'હે મનોહારિણી સ્ત્રી, તારું રૂપ જોઈને રાવણ કાંઈ એમ ને એમ બેસી રહ્યો ન હોય ! તળાવકાંઠે જઈ કોણ તરસ્યું રહે ? માટે મારે અર્થે તું ત્યાજ્ય છે. આ લક્ષ્મણ છે, ભરત છે, સુગ્રીવ છે, શત્રુઘ્ન કે વિભીષણ છે, ગમે તેના પર તારું મન સ્થિર કર !'

આ શબ્દોથી ઝરઝર ઝરઝર વરસતા સીતાના વિશાળ નયનાકાશમાં ભયંકર વીજળી ને ગર્જનાઓ થવા લાગી. નિરાધાર સીતા

જે રાક્ષસ જેવા રાવણની પાસે હિંમત હારી ગઈ નહોતી, એ આજ દીન–હીન બની ગઈ.

અનાથ અબળા શું કરે? સીતાએ છૂટે મોંએ છાતીફાટ રુદન આરંભ્યું. દિશા ને કાળ કંપી ઊઠ્યાં. રણયોદ્ધાઓનાં હૈયાં પણ વીંધાઈ ગયાં. છતાં શ્રીરામ સ્વસ્થ મને ખડા હતા. હિમાચલની નિશ્ચલતા ત્યાં હતી.

રુદનદ્વારા ભર્યું અંતર ખાલી કરીને સીતા ગદગદ્ કંઠે બોલી:

'હે શૂર! સામાન્ય પતિ પણ પોતાની સાધારણ સ્ત્રીને ન કહે તેવાં વચનો તમે મને કહ્યાં છે! સામાન્ય સ્ત્રીઓની જેમ તમારી પ્રાણેશ્વરીને ન કલ્પો. રાવણનાં અંગોનો મને કદાચ સ્પર્શ થયો હોય, પણ એમાં હું લાચાર હતી. એ દોષ મારો નહિ, વિધાતાનો જ હતો. જે વાત મારે અધીન નહિ એ માટે મને લાંછન કેવું?' સીતા જરા થોભી ને પછી બોલી:

'મારું હૃદય મારે સ્વાધીન હતું, એમાં રામ સિવાય બીજાનું રટણ થયું જ નથી. મને પહેલાં જ ખબર હોત કે રામ મારો ત્યાગ કરશે, તો આ વ્યર્થ જીવિતને આજ સુધી શું કામ ધારણ કરત? ને તમ સહુને યુદ્ધનો શ્રમ પણ શા માટે લેવા દેત?'

દુઃખિયારી સ્ત્રીને સ્વાભાવિક એવી નિર્ભયતાથી સીતા આગળ બોલી: 'હું જનકપુત્રી છું, યજ્ઞભૂમિમાં જન્મેલી છું, પતિવ્રતા છું. તમે આદરણીય એવા મારા પતિવ્રતને આદર આપવાને બદલે અનાદર આપ્યો છે. મારું શીલ, મારી ભક્તિ એ બધા પર પાણી ફેરવ્યું છે! હવે મારા જીવિતનો કોઈ અર્થ નથી.'

સીતાએ રામ તરફથી મોં ફેરવી લીધું, ને લક્ષ્મણ તરફ જોઇને બોલી: 'વીરા લક્ષ્મણ! મુજ દુખિયારીને કાજે તમે બધાએ ઘણું કર્યું છે. જે સ્ત્રીને સંસારમાં પોતાનો કહેવાય એવો સ્વામી નહિ, એના જીવનમાં કશું જ નહિ! જીવિત અને મૃત્યુ એને મન બંને

બરાબર છે. છેલ્લું એક કામ કરો. વીરા લખમણજી! દુખિયારી ભાભીને કાજે એક ચિતા યોજી આપો. ભડભડતા હૈયાને એ ચિતાની જ્વાલાઓ અનહદ શાંતિ આપશે. નિરાધાર, નિર્વાસિત સ્ત્રીનું છેલ્લું શરણુ કાં જળ કાં અગ્નિ છે!'

બિચારા લક્ષ્મણજી! શું બોલે? લાલઘૂમ આંખે એ મોટાભાઈ તરફ જોઈ રહ્યા, પણ જાણે મોટાભાઈ સીતાની આ માગણીમાં સંમત હોય એમ લાગ્યું.

ચિતા ખડકવામાં આવી. જ્વાલાઓ ભડભડ કરતી ભભૂકી ઊઠી. સીતાએ બે હાથ જોડી કહ્યું: 'હે અગ્નિદેવ, જીવન કરતાં પવિત્રતા મને વધુ પ્રિય છે. પવિત્રતા જાય પછી દેહ ટકાવી રાખ-વાનો કંઈ અર્થ નથી. હે નિરાધારના આધાર વહ્નિદેવ! હું કલંકિની હોઉં તો ભસ્મસાત કરશો, ને શ્રીરામ વિષે એકચિત્ત હોઉં તો રક્ષા કરજો. પાપ ને પવિત્રતાની પરીક્ષામાં કંઈ બાકી ન રાખશો.'

આટલું બોલી સીતાએ નિઃસંકોચ રીતે અગ્નિમાં પ્રવેશ કર્યો, પણ બધાના આશ્ચર્ય વચ્ચે એ અણિશુદ્ધ બહાર આવ્યાં. અગ્નિએ જાણે પોતાનો બાળવાનો સ્વભાવ બદલી, પાળવાનો સ્વભાવ ધારણ કર્યો. બધી જનમેદની જયજયકાર કરી ઊઠી. સહુએ એકત્ર થઈને શ્રીરામને પવિત્ર સીતાના સ્વીકાર માટે પ્રાર્થના કરી.

પ્રચંડ મેઘ જેમ પહાડ તરફ ધસીને જલવર્ષા કરી મૂકે તેમ શ્રીરામ ધસ્યા, સીતાને ઊંચકીને વિશાળ વક્ષઃસ્થળમાં સમાવી દીધી. અત્યાર સુધી રામ રાજા હતા. એ પળે એ પતિ બન્યા, ને પત્ની સીતાને વહાલ કરી રહ્યા.

[ ૫ ]

**દાંપત્યસુખના** દિવસો બહુ લાંબા ન ચાલ્યા. સીતાદેવી અયોધ્યાના રાજમહાલયમાં શ્રીરામ સાથે બહુ સમય ન વસી શક્યાં.

પળો તો ખરેખર આનંદની આવી હતી. સીતાજી ગર્ભવંતાં હતાં, પણ શ્રીરામે લંકાના રણમેદાન પર જે શંકા જન્માવી હતી, એ શંકા અગ્નિ-પરીક્ષા પછી પણ ચૂડેલની જેમ ઘૂમતી હતી.

એકવાર ગમે તે રીતે બોલાયેલા શબ્દોનું પણ શું સામર્થ્ય છે! શ્રીરામના મનમાંથી ધોવાયેલી શંકાની કાલિમા આખરે અનુદાર લોકહૃદયમાં પ્રવેશીને બોલી ઊઠી.

'શ્રીરામે સેતુ બાંધ્યો, દાનવ–દમન કર્યું, ને રાવણસંહાર કર્યો : એ બધાં કીર્તિવંત કાર્યો કર્યાં: પણ સીતાનો સ્વીકાર કર્યો એ ખરેખર અપકીર્તિનું કામ કર્યું.

'રાજા તો ધર્માધર્મનો નિશ્ચય કરનારો છે. રાજા જે પ્રમાણે વર્તે તેમ પ્રજા વર્તે છે. આ રીતે સ્ત્રી સ્વતંત્ર થશે, પરઘરમાં વાસ કર્યાનું પ્રાયશ્ચિત્ત નહીં કરે, તો આર્યકુળોમાં અધર્મ મચશે.

'શું ભલા, રાવણે સીતાને સ્પર્શ પણ નહિ કર્યો હોય? અને પરપુરુષનો સ્પર્શ પામેલી પત્નીનો સ્વીકાર પણ કેમ સંભવે? રાજાને વળી સ્ત્રીઓનો ક્યાં તોટો છે? એક કહેતાં એક હજાર. એક એકને ભુલાવે એવી. પછી શંકિત ચારિત્ર્યવાળી સ્ત્રીને સંઘરે શો લાભ? આર્ય પુરુષોનો એમાં કયો મહિમા?'

વાહ રે સંસાર! જ્યારે રામે એને શુદ્ધ પ્રમાણી ત્યારે પ્રજા એને અશુદ્ધ પ્રમાણવા લાગી! રાજા રામનું વ્રત તો પ્રજારંજન હતું! પ્રજા માટે સીતા તો શું, પોતાનો પ્રાણ પાથરવા પણ એ કટિબદ્ધ હતા!

મંત્રણાસભાને એમણે આમંત્રી. અભિપ્રાય પૂછ્યો. સભા 'હા' કે 'ના' કશુંય ન બોલી! શ્રીરામ સમજ્યા કે પ્રજા સીતાના પુનઃ ત્યાગમાં સંમત છે, ફક્ત મારી શરમ એમને સ્પષ્ટ કહેતાં ખાળે છે.

શ્રીરામ કર્તવ્યપાલનમાં મેરુ જેવા અચળ હતા. ફરી વાર

સીતાનો ત્યાગ થયો. ગર્ભવતી અવસ્થામાં વનજંગલમાં એમને છોડી દેવામાં આવ્યાં.

સગર્ભા સુકુમાર સીતાને ઉપર આભ ને નીચે ધરતી રહી!

નિર્વાસિતા સીતાને વાલ્મીકિ નામના કવિએ આશ્રય આપ્યો. આર્યકુળની શોભા સમાન સીતાને પોતાના આશ્રમની શોભા બનાવી. સીતાએ અહીં બે પુત્રોને જન્મ આપ્યો. દુખિયારી માતાએ પોતાનું જીવનસુખ પુત્રોમાં જોયું. એમાં એ પોતાનું દુઃખ-દૈન્ય વીસરી ગઈ. કુદરતે સ્ત્રીને ઘણી રીતે કમજોર બનાવી, આ રીતે સબળ બનાવી છે. સીતાએ પુત્રોને પિતાના જેવા પરાક્રમી બનાવ્યા.

રે! યજ્ઞમૂર્તિ સીતા! જીવનને તેં યજ્ઞરૂપ બનાવ્યું. બીજી તરફ શ્રીરામે અયોધ્યામાં યજ્ઞ શરૂ કર્યો. યજ્ઞમાં તો રાજાને પડખે રાણી જોઈએ. શ્રીરામને લગ્ન કરવા માટે અનેક કહેણ આવ્યાં, પણ એમણે સીતા સિવાય બીજી પત્ની વર્જ્ય કહી!

રાજાના જીવનની ચોકી કરતી પ્રજાને રાજાના અંતરદાહની એ દિવસે જાણ થઈ! રાજાને અનેક રાણીઓ હોય. એક ચાલી જાય કે મરી જાય તેથી શું? પણ રાજા રામને તો એક જ સીતા હતી. રામે સીતાને છાંડી ન હતી, બલ્કે પોતાના અર્ધપ્રાણને વિસર્જન કર્યો હતો! યજ્ઞવેદીના અગ્નિ જેવું એમનું જીવન બન્યું હતું!

સીતાને આ સમાચાર મળ્યા, ત્યારે એને લાગ્યું કે પોતાનો આત્મભોગ યોગ્યસ્થળે અર્પણ થયો છે. આવા પતિ માટે તો આટલાં દુઃખ શું, જોઈએ તેટલા ભવ પણ ઓળઘોળ કરવા એ તૈયાર હતી. બંને માનસિક રીતે એકબીજાનાં બની રહ્યાં, પણ એ વિયોગના તાપે બંનેનાં દેહને હાડપિંજર બનાવ્યાં.

એક દિવસ સીતાના ક્ષત્રિય પુત્રોએ યજ્ઞનો ઘોડો બાંધ્યો, ને વીરત્વની પરીક્ષા આપવા મેદાનમાં ઝુકાવ્યું. માતાને એ વિશ્વાસ

આપવા માગતા હતા કે તારી કેળવણી અમે પૂરેપૂરી પ્રાપ્ત કરી છે! પણ આખરે તો બાળકને? એમણે બળિયા સાથે બાકરી બાંધી લીધી.

રે! અશ્વ તો અયોધ્યાના ચક્રવર્તી રાજા રામનો હતો, ને ખુદ રાજા રામ સામે મુખે લડવા પણ આવ્યા. બાળકોએ કહ્યું :

'અમારા હાથમાં ધનુષ્ય હોય, માતા ને ગુરુના આશીર્વાદ હોય, પછી સામે એક રામ હોય કે આખું ગામ હોય તેની અમને પરવા નથી.'

પિતા ને પુત્રોની લડાઈ! કઈ માતા કે પત્ની એ જોઈ શકી છે, કે આ જોઈ શકે? સીતા દોડી! કવિ વાલ્મીકિ ધસી આવ્યા. પરસ્પર પિછાન આપી ને પિછાન લીધી.

શ્રીરામે ગળગળે સાદે કહ્યું : 'પવિત્રતાનાં અવતાર સીતાદેવી! અયોધ્યામાં પધારો.'

સીતાજી એ હાથ જોડી બોલ્યાં :

'હે મનોમંદિરના દેવતા, મારો સમય પૂરો થયો. આરતીના દીપની દિવેટમાં ઘી તે કેટલું હોય? એ ઘી પૂરું થયું. કલંકિત કરાયેલી સ્ત્રીના જીવનમાં ને મૃત્યુમાં મૃત્યુ સુખદ હોય છે: છતાં હું દુઃખદ જીવન જીવી તમારાં ને મારાં આ બાળ માટે!

'હું તો યજ્ઞભૂમિની કન્યા છું. ધૂપસળી જેવું મારું ભાગ્ય છે. આ બાળકોને તમારા જેવાં બનાવી, તમને સોંપું છું. પારકી નીતિની ચોકીદારી કરતી અયોધ્યાની પ્રજાને મારો એક જ સંદેશ છે! એ ધર્મપ્રાણ પ્રજાને કહું છું કે ધર્મ ન ભૂલે! રામ જેવો પતિ પામીને હું તો ગર્વ અનુભવું છું! સંસારમાં સીતા તો અનેક હશે, પણ રામ તો નથી જ નથી! વહાલા રામ! પૃથ્વીની પુત્રી સપ્રણામ વિદાય યાચે છે! પ્રણામ! હે પૃથ્વીમાતા! હે પૃથ્વીમાતા! માર્ગ દે તારી દુહિતાને!'

સીતાએ પૃથ્વી સામે જોયું. આકાશમાં મેઘ ગાજ્યા. પૃથ્વી ચિરાતી હોય તેમ લાગ્યું. ભયંકર કરાડ નજર સામે આવી ઊભી.

શ્રીરામ ધસીને સીતાને પોતાની ભુજાઓમાં ઊંચકી લે, એ પહેલાં સીતાનો દેહ પૃથ્વીના પેટાળમાં સમાઈ ગયો ! પૃથ્વીના પેટાળમાં ઊંડે ઊંડે, નાખી નાખી નજર ન પહોંચે ત્યાં સીતા અદૃશ્ય થયાં હતાં !

રામાયણનું એક મહાન પાત્ર પૃથ્વી પરથી રસાતળમાં ચાલ્યું ગયું ! રહી ગઈ માત્ર રામાયણ !

# ચૌદશિયો

## [ વાર્તા સાતમી ]

ઉનાળાની રાત અરધી વીતી ગઈ હતી; અને કાઠિયાવાડની વેરાન ભૂમિ પર વાતો ઊનો પવન કંઈક શીળો બન્યો હતો. વઢવાણ કાંપના સ્ટેશન પર ઊભેલા ટપ્પાવાળાઓ ઝોકે જતી આંખોને ચાના 'કટીંગ' ( અરધિયું ) ના જોરે અને નવનવા ટોળટપ્પાના રસે જાગતી રાખી રહ્યા હતા.

મોરબીનો મેલ આજે કંઈક વધુ મોડો હતો. કંઈક વધુ મોડો કહેવાનો અર્થ એ કે આ ભૂમિની ગાડીઓમાં લગભગ બધી જ ગાડીઓ શાન્ત સ્વભાવની અને નિરાંતવી ચાલનારી છે; એટલે પા-અડધો કલાકનું મોડું એ કદી મોડું લેખાયું નથી. ઊલટું એ મોડું ઉતારુઓની પ્રશંસા પણ પામ્યું છે. પણ આજે મોરબીનો મેલ ખાસ્સો સવા બે કલાક 'લેઈટ' હતો.

સ્ટેશન માસ્તરે પણ વીઝીટીંગ રૂમમાં નિરાંતે ઝુકાવ્યું હતું, ને ટિકિટ માસ્તર પણ બાર સવાબારમાં કામ પતાવી ખુરશીમાં લાંબા થયા હતા.

'ખાસ્સા સવા બે કલાક!' સ્ટેશનના એક ખૂણે અડોઅડ બેઠેલી બે વ્યક્તિઓમાંથી એકે કહ્યું.

'ફેરીગાળો છે ને! પારસલો ઉતારતાં-લેતાં મોડું થઈ જાય.

વળી કેરીગાળા ભેગો લગનગાળો પણ ખરોને!' બીજી વ્યક્તિએ ગાડી મોડી પડવાનાં કારણો સમજાવવાનો ડોળ કર્યો.

'એ વાત સાચી, પણ આજે ગાડી બહુ મોડી થાય તો આપણો બધો ધાણ બગડે! તને ખબર છે? રાત ટૂંકી ને વેશ ઝાઝા જેવો આપણો ઘાટ છે!'

'આટલી રાત ભેગી એક રાત વધુ. એમ હાયવોય કરે કંઈ કામ થાય?' બીજાએ ઠંડે પેટે કહ્યું.

'હાયવોય ન કરું તો કામ શી રીતે ચાલે? મનસુખ, તું તો સાવ અડબૂથલ જ રહ્યો. વખતના પૈસા છે, વખતના.' વાત કરનારે શકરા-બાજના જેવી તીક્ષ્ણ દૃષ્ટિ ચારે તરફ ફેંકતાં આગળ ચલાવ્યું.

'મનસુખ, હિટલરે આપેલું પંદર દહાડાનું અલ્ટીમેટમ કદાચ જૂઠું પણ પડે, પણ રાંડેલા મૂરતિયાનું અલ્ટીમેટમ કેવળ તેર દહાડાનું. તેરમે દહાડે તો ચાંલ્લા થવા જ જોઈએ. અને એ ન થાય તો પછી થઈ રહ્યું, લખ ચોરાસીના ફેરા! લોક કહે કે કંઈ હશે ત્યારે જ ન થયું ને! પાના શેઠના રંડાપાને આજ અગિયારમો દહાડો છે: કાલ બારમો ને પરમ દિવસે તો ખેલ ખલાસ!'

કાઠિયાવાડની ભૂમિ પર ગામેગામ ને શહેરેશહેર વેરાયેલી ચૌદશિયાની જાતના આ મહાનુભાવ, વાત પૂરી કરે ત્યાં સ્ટેશનનો ઘંટો જોરથી બજી ઊઠ્યો.

'ગાડી છૂટ ગઈ!......'

અર્ધમીંચી આંખે પોર્ટરે બૂમ મારી; અને આ બે મહાનુભાવો થોડી વાર શાન્ત રહી, પાછા વાતે ચડ્યા.

'પેલા લાડકાશેઠની દીકરી જોઈ છે ને! તીડડા જેવી છે, તીડડા જેવી!'

અને તીડ જાતના પ્રાણીની માદાનું નામ લેતાં લેતાં તો આ

ભાવહીણા લાગતા મહાનુભાવોની આંખોમાં કંઈ કંઈ ઊર્મિઓ અને કલ્પનારંગો ઊભરાઈ રહ્યા. લાડકાશેઠની લાડકીનું એક સૌંદર્યભર્યું ચિત્ર બંનેની સામે નાચી રહ્યું.

કાંપની લાંબી–પહોળી શેરીઓમાં થઈને સવારના જેલના મીઠે કૂવે પાણી જતી એ નગરનારીઓમાંથી તેઓએ લાડકાશેઠની લાડકીને જોઈ લીધી હતી. બાપનું ગામ એટલે દીકરી લાજ–મરજાદ ઓછી જાળવે! ઘણી વાર અડધો સેંથો ઉઘાડો રહી ગયો હોય ને લાડકી પાણી જાય! કંઈક ભરાવદાર અને ઊંચું શરીર! ગોળ લાડવા જેવું મોં! માથે તો કેશનો ભારો! કોક દહાડો અંબોડો વાળી ફૂલ ઘાલે તો કોકવાર છૂટી વેણી મૂકી છેડે ફૂમતું લટકાવે!

લાડકા શેઠની લાડકી અમદાવાદની હવા ખાઈ આવેલી; એટલે સુંદરતા કરતાં એની સુઘડતા વિશેષ હતી. એ જોનારની આંખને તરત ઠારી દેતી. લાડકા શેઠને અમદાવાદમાં બીમારી લાગુ પડી ને બિચારા ચાર વર્ષ સુધી પૈસાનું પાણી કરી આખરે ગુજરી ગયા. શેઠ જીવતાં તો ભરમ ભારે હતો, પણ પાછળ વધુ કસ ન નીકળ્યો. શેઠાણી બે દીકરી ને એક દીકરો લઈ કાંપમાં કરકસરની જિંદગી ગાળવા આવ્યાં.

વિધવા સ્ત્રીનો હિંદુસંસારમાં કોઈ છેડો ઝાલનાર નથી. પણ શેઠાણીનો ભરમ ભારે. બાંધી મુઠ્ઠી, એટલે આઘે આઘેનાં સગાં ઉપર પડતાં હિતૈષી થઈને આવ્યાં. પણ જેમ ભીતરના ભેદ ખૂલતા ગયા, એમ લોકોને લાગ્યું કે જેને મધભરેલો મધપૂડો માનતા તે ખાલી નિચોવાઇ ગયેલું મીણનું ખોખું છે, ત્યારે એકે એકે સહુ આઘા ખસતા ગયા.

આખરે છેલ્લે છેલ્લે એક જ જણ એમનો બનીને રહ્યો. અને તે અત્યારે સ્ટેશન યાર્ડમાં મોરબીના મેલની રાહ જોઈ ઉજાગરા

તાણતા ઓતમશેઠ ! પરોપકાર ને પરદુઃખભંજનમાં ઓતમશેઠની જોડી નહોતી. શેઠાણી તેને 'પરદુઃખભંજન વિકરમ'નો અવતાર કહેતાં.

વીસમી સદીના વિક્રમાવતાર ઓતમશેઠ અને એમનો દોસ્દાર મનસુખ બંનેએ આ પછી લાંબા મનસૂબા ઘડ્યા. આ એક રાતની કામગીરી ઉપર ભવિષ્યના ઊજળા ધંધાની, સુખી જિંદગાનીની તેમણે ઈમારતો ચણી. પણ એમનું એ સ્વપ્ન લાંબું ન ચાલ્યું. એ ઈમારત નીચે ઝીણી સુરંગ મુકાતી હોય એવી તીણી ચીસે એમને જાગ્રત કરી દીધા.

ના,–ના, એ સુરંગ નહોતી–મોરબીનો મેલ મોડો મોડો પણ આવે છે, માટે જાગી જવા વાગતો એંજિનનો પાવો હતો. ઓતમચંદે ચોળાયેલા ખેસને ઠીક કર્યો, પાઘડી પર હાથ ફેરવી એક લાંબું બગાસું ખાઈ ટટ્ટાર થઈ ઊભા.

મધરાતના આ મહેમાનોને પકડી પાડતાં વાર ન લાગી. થાન ચોટીલાનો જાડો પહેરવેશ છતાંય અત્યારે આ મહેમાન સજ્જનો પૂર રૂઆબમાં હતા. બે હાથમાં બે હાથ મિલાવી ભેટ્યા, પછી સહુ સ્ટેશનં બહાર નીકળ્યા.

'અલ્યા વશરામ! ટપ્પા તૈયાર છે ને ?' મહેમાનો માટે ટપ્પાની પૂર્વ તૈયારી કરી રાખી હોય તેવા રોફથી ઓત્તમચંદ બોલ્યા, પણ વશરામ્ એવી રીતના પ્રસંગોથી ટેવાયેલો હતો.

'તૈયાર છે, શેઠ ! પણ ચાર પેસેંજરો હો કે !'

'હા, હા, તે હું નથી જાણતો ? એમાં અમે છીએ કેટલા ?' અને ઓતમચંદ શેઠ ગણવા લાગ્યા. 'હું, મનસુખ ને એક, બે, ત્રણ, ચાર મહેમાનો ! હાં, હાં, છ જણાં ! એ તો બે વધતા–ઘટતા ચાલે !'

'પણ શેઠ, પેલો સિપાઈ........'

'હવે કાલો થા મા! એ તો કદી ત્રણે હોય ને કદી વધારે પણ હોય. આખી ગાડી બાંધી પછી એ તો અમે અંદરોઅંદર સમજીને સંકડાઈને બેસીશું. અલ્યા, વખત ઓળખતાં શીખો.'

વશરામ ઓતમચંદનું ઘરાક હતો. ભારે વજનવાળા છ જીવને એક માઈલ ખેંચી જવાનું મહેનતાણું એને વ્યક્તિ દીઠ બે આના મળવાનું હતું–અને એ પણ રોકડું નહિ. લીધેલી રકમના વ્યાજ પેટે ચોપડે જમે થવાનું હતું. એણે કંઈક અસ્પષ્ટ અવાજે બબડતાં ચાબૂક હાથમાં લીધો ને આકાશ સામે એક વાર નજર નાખી ઘોડો હાંકી મૂક્યો.

આકાશમાં તો એકલા તારલિયા હતા–ન જાણે વશરામે શા માટે ત્યાં જોયું હશે?

[ ૨ ]

**કાંપની મોટી**–પહોળી સડક વટાવી, ગટરનાં પાણીથી ભીંજાયેલી શેરીમાં થઈ ઘોડાગાડી એક બેઠા ઘાટના મકાનના દરવાજે આવી ઊભી રહી.

'ભાભી!' ઓતમશેઠે બારણા ઉપર હળવો ટકોરો માર્યો.

ઘરમાં કોઈ જાગતું હોય તેવો ભાસ થયો. એક જ બૂમે બારણું ઊઘડયું ને કાચની ખાપવાળા ફાનસનું અજવાળું પથરાયું. ગૂઢા રાતા સાડલામાં મોં છુપાવીને એક પ્રૌઢ સ્ત્રી આવી. એણે ધીરેથી કહ્યું:

'ગાડી બહુ મોડી આવી લાગે છે!'

'હાસ્તો, પણ હવે એ મોડાનું વહેલું તમારે હાથ છે.' મહેમાનોમાંથી એકે જરા ટકોર કરી.

'મારા રાંડીરાંડના હાથમાં શું? એ બધું તો આ ઓતમશેઠના હાથમાં!'

અને ઓતમશેઠે ખુલ્લા દિલના હાસ્યથી આ વાર્તાલાપ ઉપર પડદો પાડી દીધો. ઘરની મેડી ઉપર બધી તૈયારીઓ કરવામાં આવી હતી. મહેમાનો એક ગાદલા ઉપર ગોઠવાયા.

'ભાભી, ચાની તૈયારી કરો.' ઓતમચંદ શેઠે કહ્યું.

'ના, શેઠ! જુઓ રાત ટૂંકી છે. કાલે સવારે કામ પતવી અમારે દશની ગાડીમાં પાછા ફરવું છે. માટે પહેલાં નક્કી કરો!'

'સવારે થશે, એમાં શી ઉતાવળ છે?' શેઠાણીએ કહ્યું. આ સાંભળી મહેમાનો ઊંચા-નીચા થઈ ગયા.

'ના. તો એ ન બને! સારાં કામમાં સો વિઘ્ન! ગામમાં ચૌદશિયા ક્યાં ઓછા છે? વાતવાતમાં બધું બગાડી મૂકે! અમારે નાક નથી કપાવવું. કેમ ઓતમચંદ શેઠ?'

'સાચી વાત, સાચી વાત, મારા ભાઈ, આ તો વભાવાળાનું ઘર! થાન-ચોટીલામાં પાનાશેઠને કોણ ન ઓળખે! પાંચ પાંચ પેઢીની પૂરી ખાનદાની! અને ભાભી; કંકુમાં પાણી ભળતું હોય તો ભળવા દો ને! શાસ્ત્રમાં કહ્યું છે ને કે શુભસ્ય શીઘ્રમ્!' ઓતમશેઠે પોતાનો મુસદ્દીવટનો બીડો ધીરે ધીરે ખોલવા માંડ્યો.

'આમ આવજો,' શેઠાણીએ ધીરેથી ઓતમચંદને ઓરડામાં બોલાવ્યા અને કહ્યું: 'લોકો વાતો કરે છે, કે પાનાશેઠની ઉંમર બેંતાલીસની છે. તમે જાણો છો ને, લાડકીને આવતા ભાદરવે હજી અઢારમું બેસશે.'

'લોકો શું વાતો કરશે? લોકો તો પેટબળ્યા છે, કોણે બેંતાલીશ કહ્યાં? એ તો હશે ૩૦-૩૫, પણ ખાધે-પીધે સુખી એટલે હાડ ઊકળતું દેખાય! આપણી લાડકી અઢાર-વીસ વર્ષની અને શેઠ ૨૫-૩૦ વર્ષના! આમાં ક્યાં કજોડું છે?' ઓતમચંદ શેઠે લોકોનાં લેણાંદેણાંનાં ખાતાં સરભર કરવાની શક્તિનું અચ્છું પ્રદર્શન રજૂ કર્યું. સત્તરપંચાં પચાણુંની જેમ અઢાર અને બેંતાલીસનો મેળ મેળવી દીધો.

'અને ભાભી, જરા ઓરાં આવો. મેં પાનાશેઠને કીધું છે, કે અમારે દીકરીની પાઈ અને ગાયનું રગત બરાબર છે. અને એમણે પણ કહ્યું કે એની ચિંતા નહિ. તમારી ભાભીનું સુખદુઃખ એ

અમારું સુખદુઃખ. સગાં થયાં તો સગપણ નાણવું જોઈશે ને? રોકડા બે હજાર ભાભીના નામ પર મૂકશું. એ ખાય પીએ ને લહેર કરે.'

'ઓતમચંદ, આનું નામ પૈસા લીધા નહિ તો બીજું શું? મારે તો મુરતિયો જોવો છે.' શેઠાણીએ કહ્યું. પણ એ સાથે જાણે શાન્ત પાણીમાં પથરો પડ્યો!

'એટલે અમે બધા જૂઠા ને? આખરે બૈરીની બુદ્ધિ પાનીએ, એ વાત સાચી. હા, હા, ભાભી! તમારાં કામ આટલા દહાડા કર્યાં એનું આ ઇનામ હશે? હે ભગવાન! શું કળજુગ આવ્યો છે! માણસને માણસ પર ભરોસો નહિ.' ઓતમચંદે એક વાર આકાશ સામે જોયું, પણ પેલા વશરામ ટપ્પાવાળાના આકાશ તરફ જોવામાં અને આમના જોવામાં ઘણો ફેર હતો.

'પણ ત્યારે દીકરી કૂવે નાખું?'

'છિ, છિ, છિ! એવું બોલશો મા. મારે ને તમારે કેટલા ભવ કરવા છે? આપણે તો નિમિત્ત. દીકરીને સુખમાં નાખવી છે. જમાઈ તો જોશો ત્યારે ખબર પડશે. મારા સમ ભાભી...એ કહૈયા કુંવર જેવો.' ઓતમચંદે એક લટકો કર્યો.

'હા, હા, એ વાત સાચી. એકવાર આંખે જોઈ લઉં એટલે મન ઠરે. બાકી તો મારે પૈસોટકો ન ખપે. ઘરઘરાઉ કામકાજ કરીને કમાઉં છું, એવું થોડું વધુ કરીશ. મારે બહુ દુઃખિયાને વળી દુઃખ શું?'

'આંખે જોવાની વાત સાચી, પણ હવે આવેલ મહેમાન પાછા ન જાય. ભાભી, કામકાજના ઢસરડા ક્યાં સુધી કરીશ? લોક જોયું છે? કંઈ કંઈ વાતો કરે છે. એવી વાતો કરાવવી છે, કે આ રકમ લઈ દીકરાને ભણાવી બારિસ્ટર બનાવવો છે?'

ઓતમચંદની જબાને સ્ત્રીહૃદયના મર્મભાગ પર પ્રહાર કર્યો.

એ પ્રહાર અચૂક લાગ્યો. શેઠાણી ચૂપ રહ્યાં. ઓતમચંદે વખત પારખ્યો, અને એણે વધુ અસર કરવા ભાષણ આગળ ચલાવ્યું :

'ભાભી, ડોડે ચઢી હેરાન થઈશ મા! રાંધીસીવીને કોનાં પેટ ભરાયાં છે? પેલી સંતોકડીની વાતો થાય છે, એ ખબર છે? એનો છોકરોય ભણ્યા-ગણ્યા વિના રવડી ગયો. કોઈ કન્યાય આપતું નથી. અને આ ક્યાં આપણે દીકરીના પૈસા લેવા છે, આ તો ભાઈને ભણાવવા આપે છે. હોય એ આપે! અને જમાઈ જોવો હોય તો પછી ક્યાં જોવાતો નથી? કરોને કંકુના.'

'ભલે, તમને હૈયે બેસે તેમ કરો. આ તો મારું બૈરાનું મન. મનમાં હતું તે કહ્યું,' આટલું બોલી ભાભી નીચે ચા મૂકવા ગયાં, ને ઓતમશેઠ મૂછે હાથ દેતા મહેમાનોના ઓરડામાં ગયા.

રાતનો ચોથો પહોર ગળતો હતોઃ આ વેળા દાદર પરથી કોઈ ધીરેધીરે બિલ્લીપગે સરતું જણાયું. ખાનગી વાત જાણવા કોણ ત્યાં આવ્યું હતું?

[ ૩ ]

**રાતના** ગળતા ચોથા પહોરને વખતે દાદર પરથી બિલ્લીપગે સરકનાર કોઈ ચોર-ચખાર નહોતું, ખુદ લાડકી પોતે જ હતી. યૌવનમાં આવેલી કન્યાઓ ખૂણેખાંચરે ભરાઈને જેમ પોતાના ભાવિ પતિ વિષે જાણવા ઇંતેજાર હોય છે, એવી ઇંતેજારી સાથે એ આવી હતી. મનમાં તો સાંજે ગાયેલું ગીત ગણગણતી હતીઃ

"અમે રે ગોરાં, ને રાયવર શામળા!"

કઈ સ્ત્રીને પોતાના ગોરાપણાનું અભિમાન નથી હોતું? મા અને ઓતમચંદની વાતો જાણવાની ઉત્સુકતા જાગવાથી એ નીચેથી દાદર ઉપર આવીને ગોઠવાઈ ગઈ હતી.

અઢાર અને બેંતાળીસનો જે સફાઇદાર તાળો ઓતમચંદે બેસાડી

દીધો, એ તાળો લાડકીને બેઠો નહિ. એ થોડુંઘણું ભણી હતી; અલબત્ત, ભણવાની હોંશથી નહિ પણ ભણેલોગણેલો મૂરતિયો પાછો ન જાય એ હિસાબે મા-બાપે એને નિશાળે મોકલી ભણાવી હતી.

ઘરડાં મા-બાપો આજના નવા ભણતરની સદાસર્વદા છડેચોક નિંદા કર્યા કરતાં, છતાં ભાગ્યે જ એમના કોઈ સંતાનને તેઓ નિશાળે મોકલ્યા વગર રહ્યાં હશે! તેઓ કહેતાં કે આ ભણાવવું ભણવા માટે નથી, પરણવા માટે છે!

એટલે લાડકી કંઈક ભણી હતી. એનું હિસાબી જ્ઞાન બહુ સારું તો ન જ કહેવાય, છતાં અઢાર અને બેંતાલીશ વચ્ચેનો આંતરો એ સમજતી હતી, અને તેમાં પણ એક સ્ત્રી અને એક પુરુષ વચ્ચેનું એ અંતર કેટલું દુઃખદ છેઃ એની ઘણી માહિતીઓ એના નાનાશા કથાકોષમાં સંગ્રહાયેલી હતી

લાડકી ઓરડામાં આવીને ગોદડામાં મોં ઘાલીને પડી. સહુથી પહેલાં તો એણે થોડું રડી લીધું. રડવાના કાર્યથી નિવૃત્ત થઈને એ પોતાના ભવિષ્યનો વિચાર કરવા લાગી. ઓતમચંદને પોતાનો હિતસ્વી લેખવો કે હિતશત્રુ એનો એ નિર્ણય કરવા મથવા લાગી.

દીકરી અને ગાય, દોરે ત્યાં જાય; આ કહેવત લાડકીના કાને ઘણીવાર નાખવામાં આવી હતી. જો કોઈ ઘરડાં પુણ્યશાળી પૂર્વજોનું આ આજ્ઞાવચન હોય તો લાડકીએ તે વિષે ઊંકારો કે ચૂંકારો કરવાની જરૂર નહોતી. અથવા બીજી તરફ ભાઈ બારીસ્ટર બને, એ સુખદ સ્વપ્ન માટે પોતાની તમામ તૃષ્ણાઓ ચગદી નાખી તપ તપવાની પણ જરૂર હતી.

લાડકી ફરીવાર રડી પડી. થોડીવારે એની માતા ઓરડામાં આવી. લાડકી અને એની માની પથારી પાસે પાસે હતી. જુવાન દીકરાની પથારી ગમે ત્યાં પડે, પણ જુવાન દીકરીને મા પથારીમાં પણ રેઢી ન મૂકે. રાતે બે ચાર વાર હાથ ફેરવી જુએ. માતાએ

એકવાર સૂતેલી દીકરીને મમતાથી નિહાળી ને હેતભર્યો હાથ ફેરવ્યો. પણ એ હાથના સ્પર્શથી અમી સીંચાયું કે કાંટા લાગ્યા એનો નિર્ણય લાડકીના નાનકડા પારેવાશા દિલ સિવાય કોઇ કરી શકે તેમ નહોતું.

રોકડા રૂપિયા બે હજાર ! લાડકીની માના દિલમાં કઇંક ટાઢક વળતી લાગી. આ કન્યાવિક્રય તો છે: જ નહિ ! મારે તો ગાયનું રગત ને દીકરીનો પૈસો બરાબર છે. પણ આ તો ગગાના ભણતર માટે ! ગગો ભણશે, મોટો થશે. એના બાપનું નામ કાઢશે, કુળ ઉજાળશે.

એ સુખદ કલ્પનામાં એને ઊંઘનું એક ઝોકું આવ્યું. ત્યાં તો સવારના પહોરમાં વહેલી ઊઠીને ઘંટીએ બેઠેલી સંતોકનો અવાજ આવ્યો. દીકરો દેશાવરમાં ભણતો હતો ને મા દળણાં-રાંધણાં કરી પૈસો મોકલતી હતી. એની જ એક દીકરીને કંકુ ને નાડાછડી બાંધી પરણાવેલી.

આ ઓતમચંદ જ એની પાછળ લાગેલો. એક પોતાના દમલેલ સગાને પરણાવવા મહેનત કરેલી. ઘણી ઘણી લાલચો આપી તોય એ દુઃખિયારી રાંડીરાંડનું દિલ ન પીગળ્યું. નસીબ ફૂટલું કોનું નામ ! ભલે વર દમલેલ હતો, પણ ઘર સોનાથી ભરેલું હતું ને ?

પણ ઓતમચંદનો પડછાયો જેને માથે પડે, એ સુખે શી રીતે જીવી શકે ? એણે બજારમાં વાતો શરૂ કરી, સંતોક જે શેઠને ત્યાં રાંધતી હતી, એની સાથેના આડાવ્યવહારની !

શેઠ હતો ડરપોક, એણે સંતોકને તરત રજા આપી. સંતોક બીજે રસોઇ કરવા રહી, ત્યાં ય ઓતમચંદનો પડછાયો પડયો. ઘરનાં બૈરાંએ જ વહેમે ભરાઈ એને તગડી મૂકી. બિચારી એકવાર તીર્થયાત્રાએ ગઈ, તો ઓતમચંદે એને નામે ભળતી જ વાત શરૂ કરી.

એક દહાડો દુઃખિયારી સંતોક ઓતમચંદના ઘેર જઈ એની સાત પેઢીનું નખ્ખોદ જવાના શાપ આપી આવી. પોતાનું જીવતર

ધૂળ કર્યું એવું એનું મળજો, એની પણ ખુલ્લા દિલે આગાહી કરી. આ બધા ક્ષુદ્ર પ્રયત્નો સામે ઓતમચંદ કેવળ હસ્યો, અને બોલ્યો : 'સતી શાપ દે નહિ ને શંખણીના શાપ લાગે નહિ.'

અપાસરાના મહારાજ પૂર્વભવની જે વાતો કરતા એની ઉપર ઓતમચંદને શ્રદ્ધા હતી કે નહિ, તે હજી કોઈના જાણવામાં આવ્યું ન હતું. છતાંય દુઃખિયારી સંતોકના આ અવાજમાં અને જોરથી ફરતી એની ઘંટીના રવમાં નક્કી કોઈ આવું બળ હશે જ, એની ખાતરી થતી હતી.

હજી ક્ષિતિજ પર સૂરજદેવે પૂરી કોર પણ નહોતી કાઢી કે મહેમાનો આળસ મરડીને જાગી ઊઠ્યા. લાડકીની મા તો એકાદ ઝોકું ખાઈને જ જાગી ગઈ હતી. મહેમાનની સરભરા માટે, દાતણ પાણી, ચા–પાણી ને જમાડવા માટેની અનેક તૈયારીઓ એને કરવાની હતી.

લાડકી પણ ઊઠી હતી. મા બતાવે એમ કામ કર્યે જતી હતી, પણ એનું મન બીજે હતું. પાણી ગાળવા બેઠી તો સંખારાનું પાણી ગોળામાં નાખ્યું ને ગોળાનું પાણી કૂંડીમાં ઢાલવ્યું. ચામાં સાકરના બદલે મીઠું નાખી દીધું. મા ઠપકો આપવા લાગી તો એણે રડી દીધું.

ઓતમચંદ શેઠ વહેલાવહેલા એમના મિત્ર મનસુખ સાથે આવી પહોંચ્યા. તેમણે વેવિશાળ વખતે કોને કોને નોતરાં આપવાં એનું લિસ્ટ તૈયાર કરી રાખ્યું હતું. ગામમાં પોતાના સ્વભાવના ચૌદશિયાઓના ત્યાં જઈ સવારમાં જ જરા ખુશામત, જરા મહેરબાની તો જરા લાલચ આપી આવ્યા હતા.

જો કે આ મંડળ રાજકર્તાઓ તરફથી નિમાયેલું નહોતું, છતાં તેઓની સત્તાનો રાજસત્તા કરતાં પણ વધુ ડર લાગતો, એમની મંડળીના સભ્યોની કોઈ સુપ્રસિદ્ધ નામાવલી તો નહોતી જ, છતાં

સહુની જીભ ઉપર એમનાં નામ અડધી રાતે પૂછો તોપણ હાજર રહેતાં. કોઈ પણ જમણવાર સફળ થશે કે નિષ્ફળ થશે, એ એની વસ્તુઓની સારાસારતા પર નહિ, પણ આ મંડળ સાથેના સારાનરસા સંબંધ સાથે સંકલિત હતું. વેવિશાળના વિષયમાં પણ તેમની આવી જ એકહથ્થુ સત્તા ચાલતી હતી. સારામાં સારાં વેવિશાળો તેઓ ધારે તો ધૂળ મેળવી દેતા; ને ધારે તો આંધળે બહેરું જોડી દેતાં એમને વાર ન લાગતી. દેવગુરુને તો કોઈ નમસ્કાર કરે કે ન કરે, આ મંડળને સહુએ નવગજના નમસ્કાર કરવા જ પડતા.

આ મંડળના સ્વયંનિર્મિત પ્રમુખ-ઉપપ્રમુખ પણ રહેતા. ઓતમચંદ એના પ્રમુખને સવારમાં જ રાજી કરી આવ્યા હતા, એટલે હવે એને કોઈના બાપની સાડીબાર નહોતી!

ઓતમચંદ આવ્યા એવા લાડકીની માએ એમને રસોડામાં બોલાવ્યા, ને લાડકીની સ્થિતિ વિષે ઇશારો કર્યો. ઓતમચંદે કહ્યું:

'પારકી થાપણને પંપાળવી સારી નહિ. એને તો હમણાં સમજાવી દઉં છું. ગાંસડો કપડાં ને ઢગલો ઘરેણાં જોશે, ત્યારે મને કે તમને કોઈને સંભારવાની નથી.'

એમ કહેતાં ઓતમચંદે લાડકીને બોલાવી. લાડકી મહામહેનતે બહાર આવીને ઊભી રહી.

'બેટા લાડકી, બોલ તારે કંઈ કહેવાનું છે? કાકો થાઉં એટલે કંઈ કહેતાં હું શરમાઉં છું, પણ તારે કંઈ કહેવું હોય તો સુખે કહી દે! મહેમાન ઘરેણાંની યાદી માગતા હતા. મેં તો કહી દીધું કે તમારી ગામડાશાહી એમાં નહિ ચાલે. કાં૫ કાં અમદાવાદ, એમાંથી એક ઠેકાણે ઘરેણું ઘડાવવું પડશે. કપડાં પણ આપણે જ પસંદ કરીને લઈ લેવાનાં છે.'

'સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે' સર્વ ગુણ સોનામાં સમાઈ જાય છે, એ અનુભવને લક્ષમાં રાખીને ઓતમચંદ શેઠ લાડકીને સમજાવી

રહ્યા હતા. 'ઝટ જાઓ ચંદનહાર લાવો, ઘૂંઘટપટ નહિ ખોલું!' એની રેકર્ડ એમના મનના ગ્રામોફોન પર ચઢી હતી. ખિજાયેલી સ્ત્રીને મનાવવા માટે જોઈએ શું? માત્ર ગદ્યિયાણાની વીંટી. ચાર ગદ્યિયાણાનો હાર એટલે તો અધધ!

લાડકી ચૂપચાપ ખડી હતી. ઓતમચંદ શેઠને લાગ્યું કે હજી તેના મનનું સમાધાન નથી થયું, એટલે પોતાનું પારાયણ વળી આગળ હાંક્યું:

'આજ સુધી વળી દીકરી જાતને પૂછતું હતું કોણ? આ તો જમાનો જુદો આવ્યો. ઘર ને વર જોવાનાં હોય. ઘર તો ઘરેણાં આવે ત્યારે તારી મેળે જાણી લેજે ને! અને વરમાં કંઈ કહેવાપણું હોય તો મારે માથે. હું એનો જામીન થાઉં. માટે બેટા, ખુશી થા ને હમણાં જ તારે ચા-પાણી લઈને મહેમાન પાસે જવાનું છે માટે જરા તૈયાર થા. કપડાં શહેરની ફેશનનાં પહેરજે. જો કે એમાં મોરનાં ઇંડાને કંઈ ચિતરવાં પડતાં હશે, કાં લાડકી બેટા!' ઓતમચંદની જીભ પર મધ ટપકતું હતું.

લાડકી કંઈ બોલ્યા વિના મૂંગી ઊભી રહી.

ઓતમચંદને લાગ્યું કે લાડકી પીગળી છે, એટલે જરા નજીક જઈ ખભે હાથ મૂકતાં કહ્યું: 'મારે તો તું ને મારી મંજુલા સરખી. દીકરી, જોજે તો ખરી, કાકાને આખી જિંદગી યાદ કરીશ.'

'અરે શેઠ, મોડું થાય છે, હવે ઝટ કરોને!' મહેમાનોનો અવાજ આવ્યો.

'આવ્યો આવ્યો મારા શેઠ! તમારે ઘણી ઉતાવળ હોય પણ આ તો વ્યવહારનાં કામ! ભાઈ, એ તો વીતી હોય એ જાણે.' ઓતમચંદ પોતાની મહેનતનું મૂલ્યાંકન કરાવતા હતા.

થોડીવારે લાડકી ચા ને નાસ્તાની થાળી લઈ મહેમાનો પાસે આવી.

કાંપના સ્ટેશન પર દશ વાગ્યાની ગાડી જ્યારે ધમધમ કરતી હાંફતી હાંફતી આવીને ઊભી હતી, ત્યારે મહેમાનો તમામ કામ માંગલિક કરી માંડમાંડ સ્ટેશન પહોંચ્યા હતા. આજનો દિવસ છેલ્લો હતો. આ વાત વણસી ગઈ હોત તો ભારે થાત ! નાતજાતમાં નીચું જોવા જેવું થઈ પડત.

ઓતમચંદ શેઠનાં ભારોભાર વખાણ થઈ રહ્યાં હતાં. મહેમાનો એમની પીઠ થાબડી થાબડી આભાર માની રહ્યા હતા. આમ તો ઓતમચંદ શેઠ ઓછાબોલા હતા. તેઓ તો કેવળ એટલું જ બોલ્યા :

'શેઠ, સારા સગાના લહાવા લેવા કોને ન ગમે ?'

'એમ છાપરે ચઢાવશો મા. એ તો વખત આવે ખબર પડે.'

'પણ પેલા બે હજારની શી વ્યવસ્થા છે ?'

'હૂંડી બીડી આપીશું તો ચાલશે ?'

'હા, હા, એમાં તમારી હૂંડી માટે શું કહેવાનું હોય ? પણ...' ઓતમચંદે વડેરા મહેમાનને જરા એક બાજુ બોલાવી હસતાં હસતાં કહ્યું: 'જરા ત્રણેક હજારની બીડજો. આ તો તમે છો, એટલે કહેવાય, બાકી બીજા પાસે તો મારી જીભ પણ ન ઊપડે. મારે તો દૂધે ધોઈ પાછા આપવાના. હં હં હં.' ઓતમચંદે ઉપસંહારમાં કાલું હાસ્ય કર્યું. એ હાસ્યમાં શું હતું એનું પૃથક્કરણ કરવું અશક્ય હતું.

'કાંઈ વાંધો નહિ. અમે પહેલેથી એટલો આંકડો નક્કી કરી રાખ્યો હતો.'

આ પછી એકબીજાની પ્રશંસાની વિધિઓ પુનઃ ચાલુ થઈ.

'બગલમાં છરી ને મુખમાં રામ' માટે ટેવાયેલા આ જજમાન મધલાળ લગાડવામાં જાય એવા નહોતા.

આખરે ગાડીએ કાંપના સ્ટેશનમાંથી સરકવા માંડ્યું, 'આવજો, ઓછુંવત્તું માફ કરજો'ના પોકારો ઉગ્ર બન્યા. ગાડીએ વેગ ધારણ કર્યો.

મહેમાનો ગાડીની બેઠક પર બરાબર ગોઠવાયા. વડેરા મહેમાને છૂટકારાનો શ્વાસ લેતાં કહ્યું: 'હાશ, હવે નિરાંત થઈ. કેમ કન્યા કેવી લાગી?'

'કન્યામાં શું કહેવા જેવું હતું? ભાઈ, શાસ્ત્રમાં કહ્યું છે, કે જુવાનીમાં તો ગધેડી પણ અપ્સરા જેવી લાગે. એમાં વળી આ તો અત્યારના જમાનાની છોડીઓ. માથાનાં ગુચ્છાદાર પટિયાં ને એમાં પાશેર તેલ. કાને લટકણિયાં ને નવનવા રંગીન સાડલા, હવે તો કુબ્જાઓ પણ પદમણી દેખાવાની.'

સહુથી કંઈક જુવાન લાગતા મહેમાને શૃંગારશાસ્ત્ર છેડી દીધું. આ વૃદ્ધો, અલબત્ત જુવાનો સામે આવી વાતો પ્રત્યે જબરી સૂગ ધરાવતા, પણ એમના મંડળમાં સ્ત્રીવિષયક ચર્ચા અત્યંત હોંશથી કરતા.

'પદમણીઓ તો ક્યાં રેઢી પડી છે? પણ હા. આપણા જમાના કરતાં આ વાતે બૈરિયું સુધરી ખરી. ચોટલા ને ચાંલ્લામાં જબરી ઉસ્તાદ. આખો દહાડો કંકુ ને કાંસકા સાથે વ્યવહાર! કહો, કન્યા પાનાશેઠને ગમે તેવી તો ખરીને? જશ મળશે ને? જરા ધાર્યા કરતાં ખેંચાવું પડ્યું છે, એટલે પૂછું છું.'

'કેટલી રકમ થશે?'

'બે કોથળી કન્યાની માને, એકાદ કોથળી પેલા ચૌદશિયાને.'

'અને શું આપણી મહેનત એળે જશે? ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધિયાને આટો એવું શા માટે કરો છો?'

'આપણાથી બીજું કંઈ ન થાય. મારે એવું ધન હરામ છે!'

'ત્યારે પાનાશેઠથી આવી છોકરીનો ભવ બગાડાય એ બરાબર? ખોટું લાગે તો માફ કરજો. જ્યારે એક ન કરવા જેવા કામમાં પડ્યા, અને જ્યારે એક માણસ રૂપિયા ખર્ચવા ઊભો થયો છે ત્યારે આપણે શા માટે મૂર્ખા બની બેસી રહેવું? આટલી કોથળીઓ ન સગું–ન –વહાલું એમાં લૂંટાશે, તો એકાદ તમારે ત્યાં આવે તો શું ખોટું? એ ને બદલે ત્રણ કોથળી આપવી પડી હોત તો ઝખ મારીને આપત કે નહિ?'

આમાંના બે જણા પાનાશેઠના જરા દૂરના સગા હતા. છતાં સગાઈ પૈસાના ક્ષેત્રમાં નહોતી સ્પર્શતી. આ વાત બધાના ગળે ઝટ ઊતરી ગઈ. તેઓએ આખરે એ પણ નક્કી કર્યું કે પાનાશેઠ ગરજુ માણસ છે. ગરજ સરી જાય પછી વૈદ્યને વેરી માની લે તો? એટલે કાલનો ઉધારો ન રાખવો. આજે રોકડા કરી જ લેવા. પછી લાગશે એવા દેવાશે. કંઈ આ રૂપિયા કોઇના ચોપડે જમા–ઉધાર તો થવાના નથી! એ તો રાતે સાડલે રાંડ ને પાશેર લઈ ગઈ ખાંડ, એવું જ ચાલે.

આટઆટલી કહેવતો ને શિખામણો સ્મરણમાં લાવી સહુએ નક્કી કર્યું કે પાનાશેઠ પાસેથી ચાર કોથળી લેવાની. ત્રણ કામમાં જાય. એકમાંથી ચાર ભાગ પડે. ભાગે આવતા અઢીસો અઢીસો ચૂપચાપ વહેંચી લેવાના.

આ અઢીસોના જોસમાં 'ટરે'ની મહામોંઘી ચા મંગાવી બધાએ પીધી. પાનબીડાં ને ગોલ્ડફ્લેકની સિગારેટુંના પણ 'ટેસડા' કર્યાં. પાનાશેઠને જે રીતે વાતો કરવાની હતી, તે બધી બરાબર ગોઠવી લીધી.

મહેમાનોએ ઘેર પહોંચી પાનાશેઠને જ્યારે બધી વાતો કરી ત્યારે શરૂ શરૂમાં ચાર કોથળીની રકમે એમને ચમકાવી દીધા; પણ મહેમાનોએ જરાક છૂટથી કન્યાનાં વખાણ કરવા માંડ્યાં ત્યારે શેઠને

હૈયે સંતોષ વળ્યો. બોલ્યા : 'તમે જે કર્યું એ મારે સવાવીસ છે. અરે, લક્ષ્મી તો હાથનો મેલ છે. આજે છે ને કાલ નથી. આ પછી તેઓ શાન્તિથી પોતાની ભાવિ પત્નીનાં આલંકારિક વખાણ સાંભળવા લાગ્યા.

[ ૪ ]

**લાડકીનો** ભાઈ મુંબઈમાં ભણતો હતો. એક દૂર દૂરના સગાને ત્યાં રહેતો, અને જમવા પેટે મહિને દહાડે દશ રૂપિયા આપી જમતો. લાડકીના સગપણની વાતો એણે સાંભળી ત્યારથી એને સંદેહ પેદા થયો હતો. ઓતમચંદ શેઠ એનો ઉપકારી હતો, પણ એની નીતિ માટે રમણીકને સારો અભિપ્રાય નહોતો. એણે એક લંબાણ પત્ર લખી માતા પાસેથી ખુલાસો મંગાવ્યો હતો, પણ ખુલાસાનો જે પત્ર આવ્યો તેથી ઊલટો એનો વહેમ વધ્યો હતો.

એક દહાડો એકાએક તાર મળ્યો. તારમાં બે શબ્દ હતા. 'જલદી આવો,' ને નીચે 'લાડકી'ની સહી હતી.

રમણીક, તાર મળ્યો કે ગાડીએ ચડી બેઠો. એ કાંપમાં આવ્યો. ઓતમચંદ જેવાને આ નવા જુવાનિયાઓનો અનુભવ હતો. વાત-વાતમાં વિવાહની વરસી કરી નાખે એવાં આ ઉછાછળાં છોકરાંથી એ ડરતો. તેઓ સ્ટેશન પર જ સામા લેવા આવ્યા હતા. રમણીકને મીઠી મીઠી વાતોથી મનાવી લેવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

'રમણીક, હવે તારે હૉસ્ટેલમાં રહેવાનું છે, સગાંવહાલાંને ઘેર રહીને વિદ્યાર્થીથી શી રીતે ભણી શકાય ?'

'ઠીક છે.' રમણીકે ટૂંકો જવાબ આપ્યો.

'તારા માટે કાપડ ખરીદ્યું છે. પણ અહીંના દરજીની સિલાઈ તો તું જાણે છે ને? કોથળા સીવવા હોય તો એમનું કામ. મુંબઈમાં સારા દરજી પાસે સિવડાવી લેજે !'

'વારુ !' રમણીકને પોતાના મુરબ્બી ઓતમચંદ શેઠની મહેરબાનીનો ધોધ આમ એકાએક ફાટી નીકળવાનું કારણ ન સમજાયું. છતાં એની કલ્પનાએ સંદેહની દિશામાં વેગ કર્યો. દર કાગળે રૂપિયા મંગાવવા બાબત ઠપકો લખનાર ઓતમચંદની, એકાએક વરસી પડેલી ઉદારતાના, ભીતરના ભેદ પિછાણવા રમણીક અધીરો થઈ રહ્યો.

આ પછી તો ઘણી ઘણી મીઠાશભરી વાતો થઈ ગઈ.

માતાએ પણ પુત્રને અત્યંત પ્રેમથી નવાજ્યો. પોતાની નિરાધારીના આ એકમાત્ર આધારને–વિકસતા પ્રિય પુષ્પને જોઈ જોઈ માતાને કંઈ કંઈ થઈ આવ્યું. છતાં એ પણ કંઈક છુપાવવા મથતી હતી. જેને પ્રથમ પોતે પાપ કલ્પતી, ઓતમચંદના સમજાવ્યા પછી જે પાપને પુણ્યના નવા લેબાશમાં પોતે સ્વીકાર્યું; એ જ પુણ્ય-પુત્રનું મોં જોતાં ફરી પાપરૂપે ડંખવા લાગ્યું.

ઓતમચંદે આજે વહેલી સવારે અમુક સૂચનાઓ આપી હતી. જુવાનિયાઓની રીત વિષે લાંબું ભાષણ પણ ઝાડ્યું હતું.

લાડકી ભાઈને એકાંતે મળી. એણે કહ્યું. 'વીરા, તારું ભલું થતું હોય તો એમાં આડી જીભ નહિ કરું. પણ દાળમાં કાળું લાગે છે. જરા તારી રીતે તપાસ કરજે. આ કોઈનો વિશ્વાસ ન કરજે.'

આખો દિવસ રમણીક ગંભીર રહ્યો. સાંજે મા-દીકરાને એકાંત મળતાં એણે પૂછ્યું:

'બા, લાડકીને કેવું ઠેકાણું મળ્યું ? વર ને ઘર કેવાં છે ?'

'પૂર્વપુણ્યાઈથી સારું મળ્યું છે. ભાઈ, ટૂંકામાં લાડકી ભાગ્યશાળી !'

'મુરતિયાની ઉંમર કેટલી છે ?'

'એ જ, લાડકીને જોગ.'

'યોગ્ય એટલે ?' રમણીકે આંખ ઊંચી કરીને પૂછ્યું. માતાનું ભીરુ મન ધ્રૂજી ઊઠ્યું. એની જીભ લોચા વાળવા લાગી.

'મા, તેં કંઈક ખરાબ કર્યું હોય એમ મને લાગે છે.'

'બેટા, તારાથી મારે શું છુપાવવાનું હોય? તારા ભણતર માટે બે હજાર એમણે ખુશીથી આપ્યા છે. બાકી મારે તો દીકરીનો પૈસો ને ગાયનું રક્ત બરાબર.'

'એટલે ગાયનું રક્ત પિવડાવવા માટે તેં મને પસંદ કર્યો? મા, બેનને કૂવે નાખી, એના પૈસા મેળવીને વિદ્વાન થવા કરતાં ગમાર રહેવું હું વધુ પસંદ કરું છું. એ પાપના પૈસાનું ભણતર મારો નાશ કરશે. બહેનના નિઃશ્વાસ મારો સંસાર ઉજ્જડ કરશે. એ બે હજાર પાછા આપી દે! હું ભણવું બંધ કરું છું. બેન સુખી થાય એ જ મારી ઇચ્છા છે. મા, સાચું કહે, તને મારા સમ છે. મુરતિયાની ઉંમર કેટલી છે?'

પુત્રના આ પ્રશ્નનો જવાબ માતા જલદી ન આપી શકી. એણે બે ચાર વાર બોલવા પ્રયત્ન કર્યો, પણ બોલી ન શકી.

રમણીક વધુ સંશયગ્રસ્ત બન્યો. સારાંશમાં એ એટલી વાત તારવી શક્યો કે માએ મુરતિયો જોયો નથી. ઓતમચંદની જીભ પર ભરોસો રાખ્યો છે. એણે કંઈક વિચાર કરીને કહ્યું:

'મા, મને સંશય થયો છે. મને લાગે છે, કે રૂપિયા પાછા વાળ્યે બેનનું કલ્યાણ નહિ થાય. હું જાતે તપાસ કરીશ–મુરતિયાને નજરે જોઈશ. પછી બીજી બધી વાતો કરીશું.'

અને એ સાંજે રમણીક ગાડીએ ચઢી બેઠો. ઓતમચંદને આ સમાચાર મળ્યા ત્યારે એણે શ્રીગણેશમાં જુવાનિયાઓને ભંડાય એટલી ગાળો ભાંડી; પણ છેવટે તેને લાગ્યું કે કેવળ ગાળ આપવાથી કામ નહિ સરે, આમાં કાઠી મુસદ્દીવટની પણ જરૂર છે.

એ આખી રાત જાગતો જ પથારીમાં પડ્યો રહ્યો.

[ ૫ ]

**મોરબી લાઇનની** કંટાળાભરેલી મુસાફરી પૂરી કરી રમણીક પોતાની બેનના ભાવિ ભરથારને ગામ પહોંચ્યો, ત્યારે સૂરજદેવતા આથમવાની વેળા થઈ હતી.

નાનું એવું સ્ટેશન. સ્ટેશનની છાપરી ઉપર સંધ્યાનાં રક્તવર્ણાં કિરણો રમતાં હતાં. બેએક હરાયી ગાયો અને બે ત્રણ બકરાં આડાં-અવળાં રખડતાં હતાં.

આ સ્ટેશને સામાન્ય રીતે ઉતારુઓ ઓછા ઊતરતા; એમાં પણ સુધરેલા ભણેલાગણેલા તો ઓછા. રમણીકને જોઈ માસ્તરને સહેજે તેના તરફ આકર્ષણ થયું. થોડી વાતચીતમાં તો બંનેને ઠીક પરિચય થયો. રમણીકે રાતની રાત સ્ટેશન પર ગાળવાનો નિર્ણય કર્યો. રાત્રે રમણીકે વિસ્તારથી બધી વાત માસ્તરને કહી. સાથે સાથે માસ્તરને વિનંતી કરી કે મારે પાનાચંદશેઠને નીરખવા છે. તમે મદદ કરો.

સ્ટેશન માસ્તર કંઈક સજ્જન હતા. તેમણે પરમાર્થ ભાવે રમણીકની આ વાત સ્વીકારી અને સવારની ગાડી પસાર થઈ ગયા પછી ગામમાં જવાનું નક્કી કર્યું. સાથે એ પણ નક્કી કર્યું કે રમણીકે માસ્તરના ભાણેજ બનવું, ને એ રીતે વેશ ભજવવો.

અનેક જાતના તરંગોમાં આખી રાત વીતી ગઈ. સવારમાં ગજગામિની સ્ત્રીની ચાલે ચાલતી મોરબી લાઈન રવાના થઈ ગઈ. મામા-ભાણેજના નવા સગપણ-સંબંધથી બંધાયેલા માસ્તર અને રમણીક ગામ તરફ ઊપડ્યા.

હિંદનાં દુર્દશા ભરેલાં ગામડાંઓમાંનું એ એક ગામડું હતું. ગામ બહાર ગંદાં પાણીનાં ખાબોચિયાં ભર્યાં હતાં. પાણીમાં કેટલીક ભેંસો કાદવ ખૂંદતી પડી હતી, ને એને કિનારે બૈરાં પાણી ભરતાં હતાં, અને એમાં જ કપડાં ધોતાં હતાં. અર્ધનગ્ન છોકરાંઓ આજુ-

બાજુ ધૂળમાં રમી રહ્યાં હતાં. કેટલાક ગાંધીવાદીઓ કહેતા કે હિંદ ગામડાંમાં વસે છે, પણ ગામડાં નજરે નીરખનારથી અજાણ્યે બોલાઈ જતું કે 'હિંદનું દુર્દૈવ ગામડાંમાં વસે છે.'

આ ખાબોચિયાં વચ્ચેથી એક નાની કેડી ગામમાં ચાલી જતી હતી. મામા–ભાણેજની જોડી એ રસ્તે આગળ વધી. ગામમાં ભાંગેલી તૂટેલી ચારેક દુકાનો હતી. આ દુકાનો જ આ ગામની ધીરધારની પેઢીઓ કે બૅન્કો હતી. આમાં પાનાશેઠની દુકાન આગળ પડતી હતી. મામા–ભાણેજ બંને ત્યાં આગળ આવી પહોંચ્યા. સ્ટેશન માસ્તરને જોતાં પાનાશેઠ ઊઠી સામે આવ્યા, અને એમને ગાદી પર બેસાડ્યા.

'આ ભાઈ કોણ છે?' શેઠે રમણીક સામે આંગળી કરી પરિચય માગ્યો.

'મારો ભાણેજ છે. મુંબઈથી હવાફેર માટે આવ્યો છે. ગામડાં તો એમને મન નવાઈ! આ કેમેરો લાવ્યો છે. કહે છે, કે ગ્રામ્યજીવનની થોડી છબીઓ પાડવી છે. ભાઈ, આ તો મુંબઈના રહેવાસી!'

'હા માળું મુંબઈ! અલ્યા ભાઈ, કહે છે કે મુંબઇ તો પાણીમાં છે, એ વાત સાચી? મુંબઈ તો ઇંદરાપુરી કહેવાય છે.'

'ના, ના, શેઠ! મુંબઇ નીચે અને ઉપર પાણી; એમ વસેલું છે.' રમણીકે આ જાડી બુદ્ધિવાળા શેઠની મશ્કરી કરી. એ સાથે કેમેરો લાવ્યો હતો. ગામડાં ગામનાં દૃશ્યોના ફોટા લેવાને બહાને એણે પાનાશેઠનો પણ ફોટો લઈ લીધો.

શેઠ તો ખુશ ખુશ થઈ ગયા. ટેશથી ફોટો પડાવ્યો. શેઠની મોટી આગળ પડતી ફાંદ, બેંતાલીસેક વર્ષની અવસ્થા, બેંતાળાં આવવાથી જરા કાચી થયેલી નજર, દશ બાર દિવસે પાડોશના ગામનો હજામ ગામમાં વતુ કરવા આવતો હોવાથી વધેલી ઠીક ઠીક દાઢી!

આ પોતાનો બનેવી! રમણીકના દિલમાં પોતાના બનેવીની કલ્પના આવતાં આગ સળગી ઊઠી. એની આંખો લાલઘૂમ બની ગઈ, પણ મન કાબૂમાં રાખી એણે બધી વિગતો જાણવા માંડી.

'શેઠ, હમણાં આપનું કંઈક સગપણ થવાનું છે ને? હવે ક્યારે ઘોડે ચઢો છો?' સ્ટેશન માસ્તરે વાતનો ત્રાગડો સાંધ્યો.

'જેમ બને એમ જલદી.'

'કન્યા કંઈ રતન શોધ્યું છે, એમ સાંભળ્યું છે.'

'રતન કેમ ન હોય? એં માસ્તર સાહેબ,' શેઠ જરા પાસે ખસ્યા. માસ્તરના મોં પાસે મોં રાખી કહ્યું: 'આ તો તમે ઘરનું માણસ, અને વળી ઠરેલ માણસ એટલે કહું છું. રૂપિયા ચાર હજાર પૂરા કલદાર ગણી આપ્યા છે. કન્યાની ભારોભાર રૂપિયા થશે. ઘરેણું-ગાઠું, કપડાંલત્તાં વગેરેની અમારે ત્યાં તો લાંબી લપ હોય છે. બીજા ચાર સમજો, મારા સાહેબ, એટલે પૂરા આઠ સમજો, આઠ!'

'શેઠ, આવા સમયમાં આટલો બધો ખર્ચ!'

'ભાઈ, ઘરડાપો સુધારવા આટલું ખર્ચ કર્યું. ન બોલાવવા જેવાને બોલાવવા પડ્યા. આવનારી દુઃખી નહિ થાય, એની પૂરી ખાતરી! એં...બે વાર આપણી થાળી ને પથારી સાચવે એટલે વાહ ભાઈ વાહ!' પાનાશેઠના આ શબ્દોની દુર્ગંધે રમણીકને રૂવેરૂવે આગ પેટાવી દીધી. પ્રૌઢાવસ્થામાં આવેલા શેઠની આંખમાં અત્યારે નવી જુવાનીનું તેજ ચમકતું હતું.

રમણીકથી હવે ત્યાં વધુ રોકાવું અશક્ય બન્યું. એણે માસ્તરને કહ્યું, 'મામા, હવે ચાલો, મારે દવાનો વખત થયો છે.'

માસ્તર જયશ્રીકૃષ્ણ કરતા કરતા ઊઠ્યા. રમણીક પણ મનમાં હજાર ધિક્કાર આપતો તેમની પાછળ ચાલ્યો. એના દિલમાં ભયંકર તોફાન મચ્યું હતું.

માસ્તરે ચાલતાં ચાલતાં કહ્યું, ' રમણીકલાલ ! મને લાગે છે કે આવા બબૂચકોની ખો તમારે ભુલાવી દેવી જોઈએ. એનો ઘરડાપો બરાબર સુધારી દો ! ફરીથી કોઈની બેન–દીકરીઓના ભવ ન બગાડે.'

રમણીક કંઈ પણ બોલી શકે તેવી સ્થિતિમાં નહોતો. એ પણ એના દિલમાં આવી જ કોઇ ગડભાંજ ચલાવી રહ્યો હતો. સ્ટેશન પર પહોંચીને એ વધુ ન રોકાઇ શક્યો. એ તરત જ પાછો ફર્યો. આખા રસ્તે એણે પરિસ્થિતિ પર ખૂબ ગંભીરતાથી વિચાર ચલાવ્યો;

આખરે એણે કોઈ નિશ્ચય કર્યો હોય તેમ જણાયું.

કાંપના સ્ટેશને એ ઊતર્યો ત્યારે એનો ચહેરો હસમુખો હતો. ઓતમચંદશેઠ તો હાજર જ હોય. એમણે કહ્યું: ' કેમ ભઇલા, અમે કંઈ તારી બેનનો ભવ તો નથી બગાડ્યો ને ? હાશ, લોકો મારે માથે દોષ દેતા હતા, હવે તો તને જ આગળ કરીશ.'

ઓતમચંદશેઠ કૃત્રિમ હાસ્ય કરતા હતા, રમણીક પણ સામે એવી જ રીતે હસતો હતો. બંને હસતા હસતા ઘેર આવ્યા. લાડકીના દિલને પણ આનંદ થયો. લાડકીની માને તો ઘેર જાણે દિવાળી આવી.

ત્રણેક દિવસ આમ ને આમ ચાલ્યું. ચોથે દિવસે પાનાશેઠના ચાર હજાર રૂપિયા લઇને એક માણસ રૂબરૂ આવ્યો, એટલે રૂપિયા ગણી લીધા. રમણીકે એ બધી રકમ અંદર ભંડારિયામાં મૂકી. ઓતમચંદ શેઠે ખુલાસો કરવો ઠીક માન્યો, કારણ કે રૂપિયા લાવનાર નવો માણસ હતો.

' રમણીક, બે હજાર તમારા, ને બે હજાર અમારા કામધંધા અંગેના છે. પોર કાલાંકપાસમાં જરા ઠીક કમાયા હતા. સદ્ધર પેઢી એટલે હિસાબ બાકી હતો. સંગાથ ભેળા મોકલી આપ્યા. ભલે હમણાં તારે ત્યાં રહે, પછી થઈ રહેશે. અને ભાઈ રમણીક, આ બે હજાર પણ લગ્ન વખતે ચોથે ફેરે આપવાનો રિવાજ હોય છે, પણ

અમારે તો ઘર જેવો સંબંધ અને તારે લગ્નના ખરચ ખૂટણમાં કામ આવે એટલા માટે શેઠે વહેલા મોકલ્યા.'

'તમ શેઠિયાઓની મહેરબાની છે. પછી લઈ જજોને, ભાઈજી!' રમણીકે આભાર માન્યો.

ઓતમચંદ ઘેર ગયા. રમણીક રાતે કંઈક ઉતાવળ કરવા માંડ્યો. એણે માને અને બહેનને એકાંતે બોલાવી પોતાના પ્રવાસનું વર્ણન કર્યું. પાનાશેઠનો ફોટો બતાવ્યો, અને કહ્યું, કે 'શું તમને જમનો ડર નથી? દીકરી વેચવી છે?'

મા સમજી ને રડી પડી. રમણીકે માને અને બહેનને પોતાની સાથે મુંબઇ આવવા આગ્રહ કર્યો. બંનેને તૈયાર કર્યાં. એ વખતે ગમે તેમ પણ પાનાશેઠનો પત્ર આવ્યો, એમાં ઓતમશેઠને ત્યાં બોલાવ્યા હતા. કાગળ તારની માફક સમજવાનું લખ્યું હતું.

શ્રીમંત માણસ સાથેનો પરિચય ખાસ કામનો, એમ સમજી ઓતમચંદ ત્યાં જવા રવાના થયા. જતાં જતાં હિસાબનું કામ આવીને પતાવીશું અને જોખમ જાળવજે, તેમ સૂચના કરતા ગયા.

રમણીક પણ એમની પાછળ મા તથા બહેનને લઈ મુંબઈ ઊપડી ગયો. એણે સારા લત્તામાં મકાન શોધી ભાડે રાખી લીધું. ભરણપોષણ પૂરતાં બે એક ટ્યુશન શોધી લીધાં. ચાર હજાર સીધા બેન્કમાં ખાતું ખોલાવી જમે કરાવી દીધા.

ઓતમચંદ શેઠ ખિજવાયેલા ઝટઝટ પાછા આવ્યા, પણ રમણીક મુંબઈ ગયાનું સાંભળ્યું. કોઈએ કાગળ ખોટો લખેલો, એટલે એમને ખાલી ફેરો જ પડ્યો. કાંપમાં આવીને રમણીકને કાગળ પર કાગળ અને તાર પર તાર કરવા માંડ્યા, પણ કોઇ ન આવ્યું. ઓતમશેઠ મૂંઝાવા લાગ્યા. ત્યાં એક દિવસ તેમને તાર મળ્યો :

'લાડકી ન્યુમોનિયાની બીમારીમાં ગુજરી ગઈ. સહુને ખબર આપો, અમે આવીએ છીએ.'

તાર મળતાં સાથે જ ઓતમચંદને એકસો ચાર ડિગ્રી તાવ ચડી ગયો. હાય બાપ, હવે શું? રૂપિયા પાછા આપવા પડશે. પણ રમણીક પાસેથી બધા પૈસા કઢાવવા કેવી રીતે? તેઓ કાગના ડોળે એની રાહ જોવા માંડયા.

દિવસો પર દિવસો વીત્યા, ફાસ્ટ,-મેલને ટાણે જઈ જઈને ઓતમચંદનાં ખાસડાં ઘસાઈ ગયાં, પણ મુંબઇથી કોઈ ન આવ્યું તે ન આવ્યું.

એમણે તાર કર્યો: 'રમણીક, મારું મોત ભૂંડું ન કરીશ.' છતાં જવાબ ન આવ્યો! કેવો નિષ્ઠુર! ઓતમચંદ જેવા આબરૂદાર માણસને ઝેર પીવાનો વખત આવી પહોંચ્યો. એમના સાગરીતો મુંબઇ પહોંચ્યા, પણ રમણીક કયાં તે કોઇ જાણતું નહોતું! મારો બેટો શું કળિયુગ આવ્યો! હવે કોણ કોનું કામ કરશે?

[ ૬ ]

**પાનાશેઠના** દિલનો વાસના-શયતાન એમને સતાવવા લાગ્યો. એમને મનમાં બે રીતે દુઃખ થતું હતું; એક તો લાડકીના કમભાગ્યનું! અને અહીં માયાની કંઈ ખોટ નહોતી. અમન-ચમન હતાં.

આ ઉંમરે વિધુર થયેલા ઘણા લોકો ત્યાં હતા. અને આવી અર્ધી મજલે વિધુર થવું અત્યંત દુઃખદ હતું. કંઈ વિધુરથી વિધવાને થોડું પરણી શકાય છે? વિધવાઓનાં લગ્નનું દ્વાર પોતાના હાથે જ ભીડેલું. એ વેળા કન્યાની છત. માનેલું કે કુવડના માથાની જૂના ટોળાની જેમ કન્યાઓ ઊભરાતી હોય—ત્યાં વિધવાને શું કરવી છે? પુરુષને તો અણસૂંઘ્યું ફૂલ જોઈએ!

પણ પછી સમજાયું કે આ તો ભારે થઈ. કુમળી કન્યા મેળવવાનું

તો શ્રીમંતોના હાથમાં રહ્યું. ગરીબ વિધુર વા ખાતા રહ્યા! અલબત્ત, કેટલાક શેઠિયાઓ ઘરડેઘડપણ લાકડેમાકડું વળગાડવાના મતના ન હતા, પણ એવી વેળાએ કોઈ નિરાધાર, દુઃખી ને અત્યંત કંગાળ વિધવાઓને રસોઈ કરવા, છોકરાં રમાડવા, દળવા, ભરડવા રાખતા; પણ એને કંઈ લગ્નજીવન ન કહી શકાય. વળી એમાં ભય-સ્થાનો પણ ઘણાં. ત્યારે પરણવાની ઈચ્છા થાય તો? સમાજમાં કુમારિકાઓ હતી, અને તે પણ દશ, બાર કે પંદર આસપાસની. બિચારા એ પ્રૌઢ વરરાજા એમાંથી એકાદને વરવા જાય તો જાણે જુવાનિયાઓની આંખમાં મરચું લાગે.

ધીરે ધીરે મોટી ઉંમરે પર-ણવું-જે છોકરાંનાં ખેલ જેવું હતું, એ હવે જોખમનું કામ બની ગયું.

આટઆટલી મુશ્કેલીઓમાંથી પાનાશેઠનાં કુશળ સગાંઓએ માર્ગ કર્યો હતો, અને લાડકી જેવું કન્યારત્ન મેળવ્યું હતું. ત્યાં હાય વિધિ! આ શો કોપ કર્યો! એમના જેવા દુઃખી પ્રૌઢ તરફ પણ રહેમ ન દાખવી! પાનાશેઠ પોતાના સ્નેહીને લઈ કાંપમાં આવ્યા. ઓતમચંદ શેઠ પણ એક બે વાર મુંબઈ જઈ આવ્યા, પણ ચકલીના માળા જડે તો રમણીકનો માળો જડે.

પાનાશેઠને આવેલા જોઈ ઓતમશેઠને ખરેખર ટાઢ ચડી. ચાર હજારનો હિસાબ કેવી રીતે આપવો?

અને ન આપે તો, આજે જે ગામનો સંઘ એની રાડથી ધ્રૂજે છે, એ કાલે મને છોકરીઓનો દલાલ કલ્પે. અરેરે! ધોળામાં ધૂળ પડવા જેવો વખત આવ્યો. વાઘ જેવો ઓતમચંદ ગરીબ ગાય થઈને પાનાશેઠના પગમાં પડ્યો.

'એ નહિ ચાલે. કાં રૂપિયા, કાં કન્યા!' પાનાશેઠે દમદાટી દીધી.

'કન્યા કંઈ ઝાડે ઊગે છે, તે જઈને તોડી લાવું? મોટી ઉંમરે

મનસૂબા જાગે ત્યારે આવા જ ફજેતફાળકા થાય.' ઓતમે પણ જરા પોત ખોલવા માંડ્યું.

'ઓતમ શેઠ,' પાનાશેઠે સામે વાઘના નખ પહોળા કર્યા: 'એમાં મફત મનસૂબા કયાં કરવાના હતા ? એ તો જર ચાહે સો કર ! મારા ને તમારા વડવાઓ આથી પણ મોટી ઉંમરે પરણેલા ! કળજુગ તો હવે બેઠો.'

આ વેળા ઓતમચંદની દીકરી મહેમાનને ચા આપવા આવી. ચા આપીને ગઈ એટલે પાનાશેઠ સાથે આવેલા વખતચંદ શેઠે કહ્યું.

'તમારી દીકરી કે ?'

'હા.'

'શું નામ છે ?'

'મંજુલા.'

'કેટલી ઉંમર છે !'

'ચૌદેક વર્ષની.'

માટીનાં આ પૂતળાંઓને જીવનમાં વાસનાની તૃપ્તિ અને પૈસાની પ્રાપ્તિ એ સિવાય કોઈ સારો સંસ્કાર મળ્યો નહોતો. વખતચંદ શેઠે ધીરેથી પાસે જઈ કહ્યું :

'જુઓ ઓતમ શેઠ, આ તમારી દીકરી એવી મારી દીકરી. બાકી, લાડકીની જગ્યાએ ચાલી જાય. દીકરી તો ગમે ત્યારે પારકા જણ્યાને હાથ સોંપવાની છે. વળી ઠામઠેકાણું તમારું જોયેલું છે.'

'મારી મંજુલાની વાત કરો છો ?'

'બહાવરા બનશો તો બોબડી બેય ચૂકે એવો ઘાટ થયો છે. શેઠ, આપણી જણી ને પારકી જણી એમાં ભેદ શો ? લાડકી પાનાશેઠને પરણાવી શકાય તો મંજુલા શા માટે નહિ ? બાકી રૂપિયા તો ઓછા આપ્યા નથી. અમારી પાસે તો પહોંચ છે. આખરે પછી તો સરકાર નિવેડો

લાવશે. પણ એમાં શોભા નહિ રહે, તમારી કે અમારી. માટે બાંધી મૂઠી રાખવી સારી છે.'

'હં, હં, વખતચંદ! એવી વાત થાય? ઓતમ શેઠ તો આપણું અંગ છે. ચાર ગયા તો ગયા, આ બીજા પાંચસો ભેળા આપું છું.' ને ગામડાગામના શહુકાર–ચોર પાનાચંદે અજબ કુનેહ બતાવવા માંડી. આવી જ ઉદારતાથી કેટલીય વિધવાઓનાં ઘરબાર એમણે પચાવી પાડ્યાં હતાં.

પાંચસો કલદાર આગળ મૂકી દીધા. ઓતમ શેઠ વિચારમાં પડી ગયા. મંજુલાને ગમે ત્યાં આપવી જ છે ને! અને અત્યારના છોકરી જેવાં પાટિયાં પાડી, લટકમટક ચાલતા જુવાનિયા શું લીલું કરવાના હતા? ખાધે–પીધે સુખી છે અને વળી મારે પણ ઓથ થાય છે.

ઓતમચંદને વિચારમાં પડેલા જોઈ પાનાશેઠે વિશેષ દાબ આપ્યો:

'બોલો, શો નિર્ણય કર્યો?'

ઓતમ શેઠ બેઘડી વિચારમાં પડી ગયા. એકવાર ઘરમાં આંટો મારી આવ્યા. ઘરમાંથી બૈરાંએ જરાક વાંધો કાઢ્યો: 'લાડકીની જેમ શીંગડાં માંડશે તો?'

ઓતમ શેઠ ગર્જ્યા: 'અરે! બૈરાંની બુદ્ધિ પાનીએ, કહ્યું છે તે સાચું કહ્યું છે. બોલે તો જીભ ખેંચી નાખું. આપણા ઘરમાં એલફેલ ન ચાલે.'

થોડીવારે ઓતમ શેઠ બહાર આવ્યા ને બોલ્યા: 'ચોરની મા કોઠીમાં મોં ઘાલશે. મંજુલાનું વેવિશાળ કરશું તમારી સાથે, પણ બીજા પાંચસો ઉમેરવા પડશે. પેલા ચારમાંથી મારે પાઈ હરામ છે. મારો બેટો બનાવી ગયો. પણ એને ય વખત આવ્યે ભરી પીશ. હું કોણ?'

‘ હવે એ વાત જવા દો ! તમને કોઈ બનાવી જાય ? હું નથી માનતો. તમે કંઈ કાચા છો, કે કોઈ તમને છેતરી જાય !’

‘ ભાઈ, હું જૂઠો. તમે કહો એ આજે તો સાચું, બાપ !’

‘ તો કહો કબૂલ ?’

‘ કબૂલ. બાપના બોલથી કબૂલ.’

પાનાશેઠ હોંશભેર લાપસી જમી વિદાય થયા. મહિનો સરાદનો ચાલતો હતો, એટલે ચાંલ્લા આસોમાં થવાના હતા.

[ ૭ ]

**મુંબઈના** એક અજાણ્યા માળામાં વસતા રમણીકનાં પરાક્રમોની માતાને મોડી મોડી ખબર મળી. અચાનક એક વાર થાનકથી આવતાં કોઈ પરિચિત બાઈ ભેટી ગઈ. એણે લાડકીના ગુજરી જવા વિષેનો ખરખરો કર્યો, અને જોઈ લો મજા ! જોવા જેવી થઈ.

મા ધૂંઆપૂંઆ થતી ઘેર આવી. પણ રમણીકે જ્યારે ખુલાસો કર્યો ત્યારે મા પોક મૂકીને રડી. ‘ અરેરે, તેં મારો ભવ બગાડ્યો. મને દેશમાં મોં દેખાડાય એવીય ન રાખી.’

‘ અને તારી છોકરીનો ભવ બગાડતાં તને વાંધો ન આવ્યો ? આ એનો ફોટો ! લાડકીનો કાકો થાય એવો નથી ? મા, તારો આ ભવ તો વિધવાવેશે બગડ્યો. હવે લાજઆબરૂ ખાતર દીકરીનો ભવ બગાડીશ, તો મરતાં તો નરકની વેદના ભોગવીશ, પણ પછી ય સાત સાત ભવ સુધરશે નહિ.’

મા બોલી : ‘ દીકરા ! દુનિયામાં ચાલ્યું આવ્યું છે, તે ચાલે છે. તમે ભાઈ-બહેન નવી નવાઈનાં નીકળ્યાં.’

રમણીક બોલ્યો : ‘ મા, સો ફૂબાની તારી દુનિયા. સો શઠ, બસો મૂરખા ને પાંચસો સ્વારથીઓનો તારો સંસાર ! એમની લાજશરમ કેવી ? છતાં, બહેન હા પાડે તો મારી ના નથી.’

લાડકી કહે : ' મા, મારી નાખ તો હા, બાકી પરણીશ તો નહિ નહિ, ને નહિ.'

રમણીકે એને સાંત્વન આપ્યું. એક ગરીબ ઘરના પોતાના મિત્ર સાથે એનું સગપણ કર્યું. આસો મહિને લગ્ન તો ન નીકળે, પણ એનાં લગ્ન તો થઈ ગયાં. આ દરમ્યાન એને ખબર મળી કે ઓતમચંદ પોતાની દીકરીનું ભવિષ્ય બગાડવા બેઠો છે. પોતાની બેનનું સુધારી રમણીક બીજાનું બગાડવા ઇચ્છતો નહોતો.

એણે કેટલાક જુવાન કાર્યકર્તાઓને વાત કરી. બધા નીકળીને કેમ્પમાં આવ્યા. રમણીકે આવતાંની સાથે વાત કરવા માંડી.

' લાડકી તો જીવે છે. મરી નથી ગઈ. કોઈકે અદાવતમાં આવી ખબર આપી હશે. મુંબઈમાં આવું બહુ ચાલે.'

આ તરફ ચાંલ્લાની તૈયારીઓ ચાલી રહી હતી. એમાં આ સમાચાર મળ્યા એટલે જોઈ લો, ઓતમચંદ શેઠના હાલ !

ઓતમચંદને પૂછે તો કહે મરી ગઈ: ને બહાર ગામમાં જાય તો લોકો કહે : ' આ શું કરવા બેઠા છો ? શું પાનાશેઠને એક સાથે બે પરણાવવી છે ?'

ચૌદશિયા ટોળીના આ નાયકને આખા ભવમાં આજે ગુરુ મળ્યો. બિચારો ન આબરૂનો રહ્યો ને ન ઘરનો રહ્યો. વધારામાં પાનાશેઠના ફોટા સાથે છાપેલું એક હેન્ડબીલ નીકળ્યું; એમાં લખ્યું હતું.

' આ ધૂડને પરણવું છે, કોઈ પોતાની બેન–દીકરી પરણાવશો ?'

અરર, આ તો છોકરાંઓએ ગામ ગધેડે બેસાડ્યું. બાપદાદાની સંચિત કરી રાખેલી આબરૂ સાવ ધોવાઈ ગઈ. ફોટો જોઈને સહુ કહે: ' અરે, આ તો મડાને હાથે મીંઢોળ.'

એકાદે બદનક્ષીની ફરિયાદ માંડવાની વાત કરી, તો રમણીક કહે, 'હવે તો બધાના ફોટા પ્રગટ કરીશ ને તમે કોનાં કોનાં ગળાં કર્યાં એ ય છાપીશ. ભલે જેલમાં જવું પડે!'

અરર...જેલનો ય ડર નહિ, ભગવાન બચાવજો પેલા માતમા આંધીથી, છોકરાંને સાવ આમન્યામાંથી કાઢ્યાં.

હજારોને મૂંઝવણમાં નાખી, ચપટીમાં પારકાની આબરૂને રોળી નાખનાર ઓતમચંદ આજે મૂંઝાયો. એની દીકરી મંજુલાના હાથમાં પણ હેન્ડબીલ આવેલું. એ તો ઝેર ઘોળવા તૈયાર થઈ. પાનાચંદે પણ તોફાન શરૂ કર્યાં. આખરે કોઈ ગામ-ડાહ્યાની સલાહ લઈ એણે ઘરના સાડાચાર હજાર આપી પાનાશેઠને વિદાય કર્યા.

છતાં વીંછીનો ડંખ હજી નિર્વિષ નહોતો થયો. એણે નાત ભેગી કરી. ઘૂડે ઘૂડ મળ્યાં ને નાતબહાર મૂકવા તૈયાર થયા. એ રાત્રે જ રમણીક ગામના પટેલોને મળી આવ્યો અને કહ્યું કે 'નાતબહાર મૂકશો, તો છાપું કાઢીશ ને સંઘ સ્થાપીશ. કળિયુગમાં સંઘમાં શક્તિ છે. મારું તો કંઈ નહિ થાય, પણ તમારા ઘરડાપામાં ધૂળ નાખીશ.'

નાગાથી પાદશાહ આઘા, એમ સમજી નાતીલા જ ભેગા ન થયા. સહુએ ઓતમચંદને કહ્યું, 'તારે બૂઢા ઠચરા અને સાત સાત સંતાનોવાળા બીજવરો તથા રખડતા એકલદોકલો શોધી ચચ્ચાર હજાર રૂપિયા કઢાવી, કુમળી કળી સમી બાળાઓના ભવ બગાડવા છે અને એમાંથી દલાલાં કાઢવાં છે! અમારે તારાં આવાં દુષ્ટ કર્મોમાં શા માટે સાથે રહેવું જોઈએ? શું અમારે એમાંથી કાંઈ ખાવુંપીવું છે કે અમે નાહકના આ પાપમાં પડીએ? કેટલીય બિચારી રોજ તારાં નામનાં છાજિયાં લેતી હશે!'

ખરેખર, ઓતમચંદ ખવરાવતો—પિવરાવતો ત્યાં સુધી નાતીલા

હોંશે કામ કરતા. હવે તો આવા દુકાળને વખતે ઘરમાંથી સાડાચાર હજાર જતાં ઓતમચંદ ખાલીખમ થયો હતો.

ત્રીજે દિવસે એક મોટી સભા ભરાઈ. એમાં રમણીકે ચાર હજાર રૂપિયાનું એક તરુણ સંઘ સ્થાપવા માટે દાન કર્યું. આખું ગામ ધીરે ધીરે વાત જાણતું થયું ત્યારે તેની વાહવાહ કરવા લાગ્યું.

એ વખતથી કાઠિયાવાડના ચૌદશિયા રમણીકના નામે ધ્રૂજવા લાગ્યા. રમણીકનો પડછાયો પડતો ત્યાંથી ભાગી છૂટતા.

કૂવે પડતી કેટલી ય કન્યાઓને નવજીવન મળ્યાં.

# સતી : નવી અને જૂની

## [ વાર્તા આઠમી ]

**દિવાળીની** મોડી રાતના દીવાઓ ધીરે ધીરે આંખ મીંચતા જતા હતા, ને સમી સાંજથી મંડાયેલી ગાનતાનની મહેફિલો હવે મોડી મોડી રંગ જમાવતી જતી હતી. ફટાકડાના દારૂની ગંધ આકાશમાં ચોમેર પ્રસરી રહી હતી, ને કદી કદી ઊંચે ચઢતી ટુક્કલો ઠંડી રાતમાં આકાશમાં જ હરિશરણ થઈ જતી હતી.

નગરશેઠને ત્યાં આજે મિજબાની હતી. પોણોસોથી સો માણસોને જમવાનું નોતરું આપવામાં આવ્યું હતું. વાનીઓની ઉત્તમતા અને વ્યવસ્થાની કાબેલિયત એકી અવાજે સૌ અમલદાર અને સ્નેહીવર્ગમાં વખણાઈ હતી. ચાંદીના થાળ ને ચાંદીના વાટકાઓ તથા કાચના રૂપાળા ગ્લાસોએ બધાના મન પર શેઠાઈની મોહિની જમાવી હતી. અને છેલ્લે જ્યારે પાનબીડાં અપાયાં ત્યારે એની બનાવટ ને સુગંધી મસાલાની પ્રશંસાએ મિજબાનીને માથે મોડ પહેરાવ્યો હતો.

આટલા બધા સુજશનું પાત્ર નગરશેઠ જ હતા, અને સૌ તેમને અનેક વાર મુબારકબાદી આપતાં થાકતા નહોતા, છતાં સાચી વાત જુદી હતી. આ બધી ગોઠવણ નગરશેઠનાં પત્ની પ્રમીલાદેવીને આભારી હતી. તેમની કાબેલિયતે જ આ પ્રશંસાની સૃષ્ટિ રચી હતી.

પ્રમીલા શેઠાણી હમણાં જ સાતમી સુવાવડ ખાઈને ખાટલેથી ઊઠ્યાં હતાં. પ્રભુએ આ વખતે પણ રૂપાળો કંદોરાબંધ દીકરો દીધો

હતો. નાજુક બદનનાં ને અતિ સુકોમળ પ્રમીલા શેઠાણી સાત સાત સુવાવડે તવાઈ ગયાં હતાં, પણ પુત્રના જન્મે એમને આશ્વાસન આપ્યું હતું. સુવાવડના ખાટલેથી ઊઠચે બે જ માસ થયા હતા. પણ આ મિજબાનીમાં વ્યવસ્થાનું કામ નગરશેઠની વિનંતીથી તેમણે માથે ઉપાડી લીધું હતું.

શહેરનાં લાંબાં-પહોળાં શેઠકુટુંબોમાં, વિલાસી શેઠાણીઓના વૃંદમાં પ્રમીલા સતી ને સુશીલા ગણાતી. લગ્ન પહેલાનું ને લગ્ન પછીનું એનું જીવન બહુ જ મર્યાદિત હતું. કવિઓ કાવ્ય રચી શકે, વર્તમાનપત્રો ચર્ચી શકે તેવાં કોઈ સાહસ કે છમકલાં પ્રેમની દુનિયામાં તેમણે કર્યાં નહોતાં.

પ્રાસંગિક આનંદવિનોદ માટે બીજી શેઠાણીઓ પુરુષમિત્રો કે પુરુષ નોકરો સાથે ઠઠ્ઠા કરવાની છૂટ લે છે, તેટલી છૂટ પણ તેમણે નહોતી લીધી. પરણીને સાસુ ને જેઠાણીના સાણસામાં ય સતી ને સુશીલા નારી તરીકેનું પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. નગરશેઠની કીર્તિ એ પોતાની કીર્તિ માનતી. શેઠાણી પતિનું સારું દેખાડવા માટે હજારો પ્રયત્ન કરતી. હાડ-ચામને ગાળી નાખતી. એ સતીએ પતિ રૂપી હિમાળાને પ્રસન્ન કરવા જાત લૂંટાવી દીધી હતી !

રાત ગળતી જતી હતી, ને કામ કરનારાઓની આંખો પણ ઝોલે જતી હતી. પ્રમીલા શેઠાણી ખબરદારીથી કામ કરાવે જતા હતાં: કોઈને દાબથી તો કોઈને રોફથી. પણ આયા પાસે રમતા પોતાના બાળકને ચૂપ રાખવા એને વારે ઘડીએ જવું પડતું. નોકરોને ઝોકાં ખાવા માટે આ સોનેરી તક લાધતી.

આખરે મોડી મોડી રાતે પણ કામ પૂરું થયું. સોનાચાંદીનાં વાસણો ગણી ભંડારમાં મૂકયા પછી જ પ્રમીલાએ પાસે પડેલા કોચ પર જરા શરીર લાંબું કર્યું. સુવાવડોનો એકધારો મારો, સુકોમળ

કાયા અને અતિ પરિશ્રમે-એના દેહનો એકેએક મકોડો ખળભળાવી મૂકયો હતો. અંગેઅંગ તૂટતું હોય તેવો ભાસ થવા લાગ્યો. પણ પ્રમીલાને હૃદયમાં એક આશાનો ઉચ્છ્વાસ ગરમી આપતો હતો, કે મેં મારા પતિની શોભા વધે તેમ બધું કામ પાર પાડ્યું છે.

મિજબાની પછીનો પ્રોગ્રામ સિનેમાનો હતો. ને તે કાર્યક્રમ મુજબ નગરશેઠ સિનેમા જોઈને પાછા ફરતા હતા. તેમની મોટરમાં એક અમલદાર અને તેમનાં પત્ની પણ હતાં. મોટર દરવાજા નજીક આવી પહોંચી ને શેઠ ઊતરી પોતાના બંગલામાં પ્રવેશી ગયા. અત્યારે તેમના મસ્તિષ્કમાં બીજી જાતનું આંદોલન ચાલી રહ્યું હતું. સિને· માના કેટલાક દેખાવો મગજમાં દોડાદોડી કરી રહ્યા હતા.

નગરશેઠે દીવાનખાનામાં પ્રવેશ કરતાં બત્તીની સ્વીચ દાબી અને આખો ઓરડો તેજથી ઝળહળી ઊઠયો. સામે જ પ્રમીલા કોચ પર સૂતી હતી. શેઠની આંખો તેના પર મંડાઈ ગઈ.

પ્રમીલા-એ નવજવાન સુંદરી-પરણીને આવી એ વેળાની વાત શેઠને યાદ આવી. ઘૂંટણ સુધી ઢળતો કાળો કેશકલાપ આજે તો ઘસાઈ ઘસાઈને બહુ જ ઓછો થઈ ગયો હતો. એ ઊપસેલા કપોલમાં આછા આછા ખાડા દેખાતા હતા, ને માંસલ પગની પાનીઓ હવે ઢીલી પડી ગઈ હતી. જે આંખ હંમેશાં ખંજનની ચપળતાથી ચમકયા કરતી, એની આજુબાજુ કાળાશ ઢળ ત જતી હતી.

છતાં એ સુંદર નહોતી એમ નહોતું. ઘાટીલું મોં સહેજ ખાડા પડવાથી વધુ નમણું થયું હતું. અને વાળ ટૂંકા થવા છતાં હજી પોતાની સુંદરતા નહોતા છોડી ગયા. આખા શરીર પર પથરાયેલો તપ્ત સુવર્ણ રંગ પણ જોનારની આંખને ખેંચતો હતો. અને આ વાતે નગરશેઠ ખેંચાયા. એમણે નજીક જઇ પ્રમીલાના દેહને સ્પર્શ કર્યો. શેઠાણીની આંખો ઊઘડી ગઈ.

'કેમ, હજી સૂતા નથી?' શેઠાણીએ વહાલભર્યો પ્રશ્ન કર્યો.

'ના, પણ તું આમ કેમ સૂતી છે?' શેઠે વધુ પાસે જતાં પ્રમીલાને ઊંચકી હાથમાં લીધી. પ્રમીલા એક સતી ને સુશીલા સ્ત્રી હતી. પતિને રાજી રાખવા એ જાત કુરબાન કરનાર વીરાંગના હતી!

રાત સમાસમાટ વહે જતી હતી.

[ ૨ ]

**બે પુત્ર** અને પાંચ પુત્રીઓ વચ્ચે પ્રમીલાને બહાર હરવા ફરવાનો સમય નહોતો. દાક્તરની સલાહ થોડો સમય પિયર જવાની હતી, પણ સતી સ્ત્રી પતિની નામરજીથી ક્યાંય પણ જવા તૈયાર નહોતી. નગરશેઠ આવી સ્ત્રીથી પોતાનો મિજાજ ને ઘરની આબરૂ જળવાય છે, એ સમજતા હતા. રોજ રોજ આવતી મહેમાનોની જુદીજુદી હારમાળાઓને પોતાને શોભીતી રીતે સાચવનાર એ જ સ્ત્રી હતીઃ અને આ જ સ્ત્રી હતી, કે જે મોટું મન રાખી પોતાની વર્તણૂકને ચલાવી લેતી; પોતાની ઇચ્છાતૃપ્તિની આડે કદી દિવાલ ન બનતી.

શેઠ ઘણી વાર કહેતાઃ 'તું શરીર સાચવ ને! દહાડે દહાડે કેવી ફિક્કી પડતી જાય છે!' ને દાકતર–નર્સોને ત્યાં આગ્રહ કરીને એને લઈ જતા.

પ્રમીલા મનેકમને જતી, પણ એ જાણતી હતી કે મારું આરોગ્ય એટલે પતિના આનંદનો નાશ! પોતે તો પતિ માટે જ હતી ને! આ દેહનો એ સિવાય એને વિશેષ ખપ પણ શો હતો!

આબરુ–મોભો એ શેઠને મન મોટી વાત હતી. એ વાતને પૂરી કરવા પ્રમીલાએ સતત કામગીરીમાં પોતાનો ભોગ આપ્યો. બધી શેઠાણીઓ સિનેમાઓનાં બીભત્સ ચિત્રો જોઈ જીવનમાં પણ કલાનાં કંકુછાંટણાં કરતી ત્યારે પ્રમીલા ઘરની જંજાળમાં ગુંથાયેલી પડી રહેતી. બીજી સ્ત્રીઓ પોતાના પતિના વર્તન સામે ખુલ્લે ખુલ્લા પોકાર ઉઠાવતી,

ત્યારે પ્રમીલા પોતાના પતિની આડીઅવળી વાત જાણવા છતાં આંખ આડા કાન કરતી ને કહેતીઃ

'હશે, પુરુષ છે.'

પણ પ્રમીલાની આ સરળતાએ જ પ્રમીલાનો પ્રાણ હરી લીધો. એની તાબેદારીએ, શેઠની જી હાએ એનું આકર્ષણ ઓછું કર્યું. જે મજા આકાંક્ષામાં હોય એ તૃપ્તિમાં હોતી નથી. પ્રમીલાએ શેઠની તૃપ્તિનો જ વિચાર સેવ્યો, ને રોજ મિષ્ટાન્ન જમનારની જેમ–અપ્સરા જેવી પત્ની ઘરમાં હોવા છતાં શેઠનું મન તેના પરથી ઊતરી ગયું. રોજ ને રોજ ભરપેટ મીઠાઈ પણ નમકીન વિના કોણ ખાઈ શક્યું છે!

ચેઇન્જ! પરિવર્તન! સ્વતંત્ર પુરુષ માટે એ આવશ્યક છે.

...ને આઠમી સુવાવડે પ્રમીલાના દેહમાથે દેખા દીધો. અર્થાત્ અન્ય પ્રયોગો કરવા છતાં એ પ્રસુતિ રોકવામાં સફળ ન થયા. શેઠને ભૂંડણની જેમ જણનારી સ્ત્રીથી કંટાળો આવ્યો. એમનું મન પ્રમીલાથી ઉબકી ગયું. હવે પ્રમીલાના સાધારણ પ્રશ્નો સામે ઘુરકિયાં થવા લાગ્યાં ને એકાદ વખત ધોલધપાટ પણ થઈ. પ્રમીલાએ પેટમાં પ્રવેશેલા નવા પ્રાણને જાળવતાં કહ્યું : 'હોય પુરુષ છે, ઘણી જંજાળો માથે હોય, એટલે ગુસ્સો પણ થઈ આવે!'

શાન્ત મહાસાગરની જેમ અનેક તરંગોની થપાટ ખમ્યા છતાં પ્રમીલા મોટા મનની બની રહી, પણ વિધાન જુદું હતું. એનું સુકોમળ શરીર હવે વધુ ઝીક ઝીલી શકે તેમ નહોતું. સાત બાળકો ને એક નવું વધુ બાળક શેઠને હવાલે કરી પ્રમીલા પતિનું નામ-સ્મરણ કરતી આરામગાહમાં પોઢી ગઈ.

બહોળી લાગવગવાળા નગરશેઠનું મકાન સ્મશાનના સાથીઓથી ભરાઈ ગયું. સ્મશાનના માર્ગે બધી વાતોમાં એક વાત એ પણ ચર્ચાતી હતી કે; 'શેઠ હવે કોના ઘર તરફ મહેરબાની કરશે?'

[ ૩ ]

**પચીસ** હજારના પાણીએ શેઠે કંકુના કર્યાં. મધુ–માલતીની ઉંમર તો કંઈ શેઠને યોગ્ય ન કહેવાય, અને વળી ભણતર કેટલું બધું! પણ ભણેલીગણેલી એ છબીલી સુંદરીએ શેઠનું માગું સ્વેચ્છાથી સ્વીકાર્યું. સોનાનું આકર્ષણ શું નથી કરાવતું! હજારો મુફલીસ અને મધ્યમ વર્ગના પ્રેમીઓના વાયદાને કચડીને, જ્યારે તે આ મહાલયના પગથિયે ચડી ત્યારે બધા કહેતા કે મધુ–માલતીના સુંદર પગની પાનીનો લાલ રંગ મેંદીનો ન હતો, પણ એના અનેક ભગ્ન ઘાયલ પ્રેમીઓના ખૂને જિગરનો હતો.

હમણાં છેલ્લા દિવસોમાં મજૂરોનો પગારકાપ કરવાથી તોફાને ચડેલા કામદારોને સમજાવવામાં શેઠને બહુ રોકાવું પડતું હતું, પણ કામ અંતે સિફતથી પતાવી લીધું ખરું.

મજૂરો કહેતા કે આ જમાનામાં આટલા પગારથી અમારું પૂરું થતું નથી–પણ મજૂરોને કયાં ખબર હતી કે આટલા ધનથી શેઠનું પણ પૂરું થતું નહોતું. કીડીને કણ જોઇએ, તો હાથીને મણ જોઇએ. એમાં વળી નવાં શેઠાણી! મોટર, મહેલ ને મોજશોખને વરીને આવેલાં નવાં 'પત્ની!

મજૂરો આમ તો સમજે એવા બુદ્ધિશાળી નહોતા–પણ શેઠે ચાણકયનીતિ વાપરી. ચાર નેતાને ખાનગીમાં રાજી કર્યાં ને વાત કરી પૂરી!

મધુરજનીની પહેલી રાતો અજબ હતી. નવાં પત્નીનું આકર્ષણ ગજબ હતું, એથી પણ એમનું અભિમાન ને ઠસ્સો ઔર હતાં. પ્રમીલાનો પરમેશ્વર પતિ–આ અભિમાની સ્ત્રીનો દાસાનુદાસ બન્યો.

શેઠ લગ્નની ખુશાલીમાં પોતાની 'એક્સ પ્રિયતમા'ની મુબારકબાદી લેવા ગયા. લગ્નનું જમણ ત્યાં પણ ગોઠવાયું હતું. એમાં મોડું

થયું ને નવી શેઠાણીએ માનીતી ચાકરડી પાસેથી બધો ભેદ પામી લીધો. શયનગૃહનાં બારણાં બંધ થયાં. ખંભાતી તાળાં લાગ્યાં.

શેઠ જરા મોડા પણ ખૂબ ઉતાવળમાં આવ્યા, છતાં અફસોસ! બંધ બારણાં ન ખૂલ્યાં. બહુ માથાકૂટ થઈ, પણ છેલ્લો જવાબ મલી ગયો.

'એ નહિ ચાલે! આડાઅવળા ન જવાની પ્રતિજ્ઞા કરો તો જ બારણાં ખૂલે!'

શેઠ આવી વાત જીવનમાં પ્રથમ જ સાંભળતા હતા. તેમણે ઘણો ગુસ્સો કર્યો, બહુ ધમકી આપી, પણ બધું નિષ્ફળ ગયું. સ્ત્રી વજ્જરની નીકળી.

એણે કહ્યું : 'ધમકીબમકી નહિ ચાલે. હું તમને વફાદાર રહેવા બંધાઈ છું. તમે મને વફાદાર રહેવા બંધાયા છો. બહુ કરશો તો કોર્ટે જઇ છૂટાછેડા મેળવીશ ને તમારી પાસેથી જિવાઇ લઈશ, ને તમારા ઘેર રહી તમારા કુટુંબનું જ નાક કાપીશ. મને તો એક કહેતાં એકવીશ હૈયાફૂટા મળશે. હું તમારાં ખાસડાંને પૂજનારી જૂનવાણી સતી નથી. તમે સીધા રાહે ચાલશો, તો હું સીધે રાહે ચાલીશ. તમારી થઈને રહીશ. બાકી એકપક્ષીય કંઈ નહિ બને!'

નગરશેઠના કાનના પડદા આ શબ્દોએ ચીરી નાખ્યા. એમણે પોતાની વર્તણૂક સુધારવાના સોગન ખાધા. દ્વાર ખૂલ્યાં. શેઠ અંદર આવ્યા સોફા પર પટકાઇ પડ્યા ને ગણગણ્યા : 'અરેરે! ક્યાં પ્રમીલા ને ક્યાં મધુમાલતી! ખરી સ્ત્રી ગઇ! સતી ગઈ.'

શેઠે શેઠાણીને એ દિવસે સારી ચાલચલગતના જામીન આપ્યા.

# મનની મેનકા

## [ વાર્તા નવમી ]

હરએક સારંગીના તારમાં જેમ અદૃશ્ય સ્વર વસે છે, એમ પ્રત્યેક માનવીના મનના એક સુંવાળા ખૂણામાં 'એના મનની મેનકા' વસે છે. રાહ હોય છે કેવળ છેડનારની. એ છેડાયા પછી એના રણકાર કોઈ રોકી શકતું નથી.

એ રણકાર ન તો જ્ઞાની વ્યાસ રોકી શક્યા છે, ન તો તપસ્વી વિશ્વામિત્ર રોકી શક્યા છે! સંસારના ઘણા ઘણા મહાત્માને એનો સાદ સાંભળવો પડે છે. જેમ ભીલડીનો સાદ શંકરને સંભળાયો, ને કુબ્જાનો હાથ શ્યામસુંદર શ્રીકૃષ્ણને સંભળાયો. આવો એક સાદ, આવો એક રણકાર, જ્ઞાની સંત, મહાત્મા ટૉલ્સ્ટૉયને એક વાર સંભળાયેલો.

નવવસંતના એ દિવસો હતા.

રશિયાનો જીવલેણ શિયાળો ને સાયબેરિયાના હિમ જેવા પવનો શાંત થયા હતા. જાગીરના સુંદર પ્રદેશ પર, ઊગતા સૂર્યની આછી લાલિમા પથરાતી હતી. ફૂલની વેલો પર પતંગિયાંના ઝૂંડ વળગી ગયાં હતાં. વહેલી સવારથી જાગીરના નોકરો પણ કામે લાગી ગયા હતા.

મહિનાઓથી બરફમાં દટાયેલાં ખેતરો, ઉપવનો ને કૂવાઓ પર કુદરત નવી બહાર જમાવી રહી હતી.

ગાનારાં પક્ષીઓ ઠેર ઠેર ટહુકતાં કૂદતાં હતાં. સુંદર હવા, મનોરમ કુદરતઃ ઊગતા સૂર્યનાં આછાં અછાં કુકુંછાટણાં : સમય જ એવો સુંદર હતો કે જાગીરના નોકરોને કામ કરવામાં પણ મજા આવી રહી હતી. મન મૂકીને ગાવાનું ગમે એવો દિવસ હતો.

આ વિશાળ જાગીરના સ્વામી, 'વન'માં પ્રવેશ કરી રહેલા ઉમરાવદિલના અમીર ટૉલ્સ્ટૉય, સોહામણી કુદરતનું દર્શન કરતા ફરી રહ્યા હતા. એમનો ભલો સ્વભાવ, ઊંચું દિલ ને વખાણવાયોગ્ય ચારિત્ર્યની સુવાસ બધે મહેકતી હતી.

ખેતરના એક ખૂણે થોડે દૂર નાનું એવું ઉપવન આવેલું હતું. એ ઉપવનના એક ખૂણે કામ કરનારા નોકરો માટે ચાલતું નાનુંશું રસોડું હતું. રસોડાના ધુમાડિયા વાટે ધુમાડાના ગોટા આકાશમાં વાદળનગરી રચતા હતા.

જાગીરના સ્વામી, આ ભલા ઉમરાવ બધું જોતા જોતા રસોડા તરફ આવ્યા. પ્રવેશદ્વાર પર ઊભા રહીને અંદર ચાલતું કામ નિહાળી રહ્યા. રસોઈયા ને રસોઈયણો પોતાના કામમાં મશગૂલ હતાં. અચાનક આ વૃદ્ધ ઉમરાવની નજર એક ચપળ રસોઈયણ ઉપર પડી.

એ એના કામમાં મસ્ત હતી. એના ગોરા મજબૂત હાથ થાકચા વગર કામ કર્યે જતા હતા. એના ભરાવદાર માંસલ મુખ પર કારણ વગરનું સ્મિત રમ્યા કરતું હતું. એ નવયુવતી હતી. તંદુરસ્તીનું તેજ એની કાયા પર ચમકચા કરતું હતું. એનાં અંગ અજબ ઊગતી મદભરી જુવાનીના ભારથી લચકાતાં હતાં. છટાથી એ કામ કરી રહી હતી.

વૃદ્ધ ઉમરાવ એકએક ક્ષણ ત્યાં ઊભા રહ્યા, ને પછી ધીરે ધીરે ચાલ્યા ગયા. એકએક ક્ષણ પછી તેમના દિલમાં એ ચપળ રસોઈયણનું કંઈ પણ સ્મરણ નહોતું. સુંદરીઓનાં રૂપનાં 'સ્મરણાં' કે શમણાં રાખવા જેવી ઉંમર પણ નહોતી.

બીજે દિવસે જ્યારે તેઓ ફરી જાગીરમાં ફરવા નીકળ્યા, ત્યારે અચાનક પેલી રસોઈયણ સ્મરણમાં આવી. આજે ત્યાં જવાની જરૂર નહોતી; પણ અકળ રીતે પગ તે તરફ ખેંચાયા. કંઈ જરૂર નહોતી; તોય એમ ને એમ તેઓ ધીરે ધીરે રસોડા તરફ ગયા, ને ગઈ કાલની માફક પ્રવેશદ્વાર પર ઊભા રહીને થોડીવાર બધું નીરખી રહ્યા.

પેલી ચંચળ રસોઈયણ એ જ ચપળતાથી આજે પણ કામ કરી રહી હતી. પ્રવેશદ્વાર તરફ એની પીઠ હતી. તંગ આસમાની ફૂરતું ને ચપોચપ પહેરેલો કોટ એનાં ખીલી રહેલાં અંગોને જાણે ચોંટી જઈને ફાટફાટ થતાં હતાં.

નિયમ મુજબ સમય થતાં ઉમરાવ પાછા ફર્યાં, પણ આજે પાછા ફરતાં કંઈક મન ખેંચાયું. આંખો જાણે કોઈ સ્થળે ચોંટેલી લાગી. જીવનમાં ન અનુભવેલો કોઈ સુસવાટો ગાત્રોને કંપાવી રહ્યો.

ત્રીજે દિવસે સ્વાભાવિક રીતે એનું નામ પુછાઈ ગયું. બીજા રસોઈયાએ જવાબ આપ્યો.

'માલિક, એ આ રસોડામાં નવી આણેલી રસોઈયણ છે. એનું નામ ડોમના.'

થોડાએક દિવસો આ રીતે વીતી ગયા. રોજ એ અમીરની બે આંખો રસોડાના દ્વાર પર જઈને પેલી ચપળ સ્ત્રીને નીરખી રહેતી. વસંત પાંગરતી જાય ને કેસૂડો જેમ પોતાનું રૂપ કાઢ્યે જાય, એમ આ રસોઈયણ રૂપ બહેકાવી રહી હતી. એના મીઠા અંગુર જેવા ઉપસેલા ઓઠ, કાળી કાળી આંખો, ઉમરાવના દિલને અજાણે કાબૂમાં લઈ રહી હતી.

૨ ]

**અંતરમાં** આજે કોઈ ખળભળાટ કરતું હતું. વાતવાતમાં મોડું થઈ ગયું હતું, ને રસોઈઘર સુધી જઈ શકાયું નહોતું. કામ કરનારાઓ છૂટી ગયા હતા.

મોડી પડેલી પેલી સુંદરી ડોમના ખેતરને પેલે છેડેથી ઘેર જતી દેખાઈ. આ માનનીય ઉમરાવનું મન બેકાબૂ બની ગયું. વર્ષોની લાજ ક્ષણમાં ધોવાઈ ગઈ. જીવનના સંસ્કાર પળમાં જૂદા પડી ગયા. અંતરમાં જાણે શાસન અન્ય કોઈનું સ્થપાઈ ગયું. એમનું કહ્યું કોઈ ન સૂણે તેવું થયું. હૃદયપ્રદેશમાં કોઈ ભયંકર બંડ ખડું થયું.

વૃદ્ધ ઉમરાવને એક તરફ કોઈ પરવશ કરી રહ્યું હતું, બીજી તરફ પ્રાર્થનાઓ ચાલુ હતી, પણ જાણે મહા હુતાશનમાં અંજલી જળની આહુતિ નિરર્થક હતી. અંતરના મેદાનમાં કોઈ બે મલ્લ–કુસ્તી જમાવી રહ્યા હોય, તેમ અમીરને લાગ્યું.

એક કહે, 'ખેંચી રાખ,'

બીજો કહે, 'છૂટા દોર મૂકી દે.'

પણ બીજો બહુ બળિયો નીકળ્યો. એણે વૃદ્ધ ઉમરાવનાં ધોળાંમાં ધૂળ નાખવા જેવું કર્યું. એક વાર એ દેખાવડી ડોમનાને એમણે મોંએથી સિસોટી વગાડીને બોલાવી.

પછી એક પગલું આગળ વધ્યું. એ દેખાવડી સ્ત્રી સાથે વાર્તાલાપનો પ્રસંગ યોજાયો. જુવાન સ્ત્રી તો ખુશામત ને મીઠી મશ્કરીની ચાહક. ઉમરાવે એ શરૂ કર્યું.

વાત વધી. સંસાર ભુલાયો. તુંહી તુંહી રટણ ચાલ્યું. આખરે એકાંતમાં મળવાના કોલ અપાયા.

મનના મેદાન પર યુદ્ધ ચાલુ જ હતું. ઘડીમાં એક જીતતો, ઘડીકમાં બીજો બાજી મારી જતો.

[ ૩ ]

**કોલની** ઘડી આવી પહોંચી. અંતર પર કોઈ કાબૂ જમાવી બેઠું. ઉમરાવ વાયદા પ્રમાણે ડોમનાને મળવા ચાલી નીકળ્યા.

વચમાં પુત્ર મળ્યો. એણે કહ્યું:

'પિતાજી! પેલો પાઠ આપવાનો છે ને?'

પિતા રોકાઈ ગયા. પુત્રને પાઠ આપવામાં ગુંચાઈ ગયા. વાયદો વીતી ગયો. એકવાર બચી ગયા.

ઉમરાવ પાછા ફર્યાં, પણ બીજે દિવસ થતાં ફરી પેલો વિચાર એમને દબાવી બેઠો. ઘણી મહેનત કરી, બહુ બહુ ઉપાયો મનને મારવાના લીધા, પણ તોફાન પ્રચંડ હતું.

સાચા માર્ગ પર એક પણ બત્તી જલતી નહોતી, ને ખોટા રાહ પર પ્રકાશનો પાર નહોતો.

અનેક વાવાઝોડાં ધસી આવતાં લાગ્યાં. આખરે સંયમમાર્ગના વર્ષોના અભ્યાસે મનને માર્ગ દેખાડ્યો:

'તારી માનસિક કમજોરીની કથા જાહેર કરી દે. તારું દિલ કોઈ સમક્ષ નિખાલસ રીતે ખુલ્લું મૂકી દે! શરમ છોડીને, માન-પાનનો ખ્યાલ વીસરીને—બચવું હોય તો—કોઈ પણ માણસની પાસે તારી મૂંઝવણો-મુસીબતોનો ખુલ્લો એકરાર કર!'

વૃદ્ધ ઉમરાવ પાસે જ રહેતા એક શિક્ષક પાસે દોડી ગયા. એ આ જાગીરનાં બાળકોને ભણાવતો હતો. પોતાની જાતનો, પોતાની પ્રતિષ્ઠાનો, પોતાના મોભાનો લેશમાત્ર ખ્યાલ રાખ્યા વગર એમણે પોતાના માનસિક પતનનો ચિતાર રજૂ કરી દીધો.

'માસ્તર, મને બચાવો!'

કેવળ વર્ણમાલાનું પોપટિયું જ્ઞાન પામેલો એ માસ્તર આ મહામાનવીને શું બચાવે! પણ પાપના એકરારથી, પોતાની શરમની જાહેરાતથી, એ મહાન આત્મા પર આવેલું વાસનાનું એ વાદળ ખસી ગયું.

ચિદાકાશ સ્વચ્છ બની ગયું. વૃત્તિઓ સાગરની જેમ શાંતિથી લહેરિયાં લેવા લાગી.

એ વેળા એ ક્ષણિક અનુભવથી ત્રસ્ત થયેલા પેલા મહામાનવી, ટૉલ્સટૉય, જગતના મહાન સંત કળાકાર, એક પુસ્તકમાં પોતાના અનુભવોની કથા આલેખી રહ્યા.

એમના મૃત્યુ પછી પ્રગટ કરવાનું સૂચન એ કરી ગયા.

એ અનુભવ પોથીનું નામ 'ડેવીલ !'

શયતાન !

માણસને હમેશાં હૃદયમાં વસતા શેતાન અને સંત સાથે કામ લેવાનું હોય છે.

# અપહૃતા

## [ વાર્તા દશમી ]

**પાટનગરીની** બહાર, પરાને છેડે એક એકાંત બંગલા પર વસંતના વાયરા વાઇ રહ્યા હતા. બગીચાનું કેસૂડાનું ઝાડ ફૂલથી ખીલી ઊઠ્યું હતું. નાનાં નાનાં ફૂલઝાડ પણ હવામાં ડોલી પોતાની મધુર સુવાસ પ્રસારી રહ્યાં હતાં.

'રંજન! આ કેસૂડાનું ઝાડ મને બહુ પ્રિય લાગે છે. તને ખબર છે? નાનો હતો ત્યારે તારી માસી તને લઈને અહીં આવેલી. આ કેસૂડો એ વખતે તો આપણા જેવડો જ! એ દહાડે મેં તને ખોળો ભરીને કેસૂડાં આપેલાં, ને તેં બદલામાં મને તારી વેણીનું ગુલાબ આપેલું!'

વીસ વર્ષની ભણેલીગણેલી રંજન કેસૂડાના થડને પકડી ઊભી હતી. એની આંખોમાં આજે કંઈક શોકની છાયા પથરાયેલી હતી અને ખૂબ તેલથી સીંચેલા વાળ ઠેઠ આંખ પર ધસી આવતા હતા. કનુ કેસૂડાની ફિલસૂફી પર ચર્ચા ચલાવી રંજનનું મન પ્રસન્ન કરવા માગતો હતો. એણે આગળ ચલાવ્યું:

'રંજન! એ પછી તને યાદ છે? એક વખત આ જ કેસૂડાના ઝાડ નીચે હું ઊભો'તો ને તું કહી ગઈ'તી: 'કનુ! બા-બાપાએ આપણને વરવહુ તરીકે પસંદ કર્યાં છે.' ને મેં તને પકડી લઈ જબ-

રદસ્તીથી તારા અંબોડામાં કેસૂડાં ભરી દીધાં હતાં. એ વખતે તને અચાનક મારી આંગળી આંખમાં વાગી ગઈ, ને તારું મુખ ગુલાબના ગોટા જેવું બની ગયું. ને મેં એને...'

રંજન પર ભૂતકાળનાં પ્રિય સ્મરણોની ખાસ અસર નહોતી. એની આંખો કનુના અંગપ્રત્યંગને માપી રહી હતી. કનુએ ભાષણ આગળ ચલાવ્યું :

'અને ફરીથી કેસૂડો ખીલ્યો, કે રંજન મારી બની. રમકડા જેવી રંજન મારા ઘરમાં નાચતીકૂદતી આવી. અરેરે! બિચારી રંજન! મોટો ઘૂમટો કાઢી મારી પાછળ પાછળ પેલી મદારીની રતનબાઈ જેમ આવી!' કનુ જોરથી હસી પડ્યો.

રંજનથી જબરદસ્તી હસાઈ ગયું. પણ થોડીવારમાં તે ભ્રૂકુટિ ચઢાવી દઈને બોલી: 'મને ભોળીને તું ભરમાવવા માગે છે! લુચ્ચા! આમ ફોસલાવી પટાવીને તારે બર્મા જતા રહેવું છે કાં? હું નહિ જવા દઉં.'

કનુ રંજનની વધુ પાસે ગયો. બંનેના શ્વાસ પરસ્પર ભેટવા લાગ્યા. 'રંજન! વહાલી! એમ કંઈ ચાલે? બર્મા જવું તો પડે. પણ જલદી પાછો આવી જઈશ. હું ન જાઉં તો આખી પેઢીને નુકસાન પહોંચે.'

'તો પેઢીને પરણવું હતું ને?' રંજને કહ્યું. એને વિયોગ સાલતો હતો. એ પોતાના મુખે હા કહી શકે તેમ નહોતું.

'જો! આ કેસૂડો ફરી ખીલે તે પહેલાં તો હું આવી જઈશ. એક જ વર્ષ, ફક્ત બાર મહિના.'

'બાર મહિના એટલે શું? એના કેટલા દિવસ? અધધ ૩૬૫ દિવસ! એના કેટલા બધા કલાક? કનુ! અહીં મિનિટોની મૂંઝવણ છે, ત્યાં આ કલાક, આ અઠવાડિયાં, આ મહિના ને એક આખું વર્ષ

કેમ જશે ? કેમ રહેવાશે ?' રંજન મૂંઝાતી હતી. પણ કનુને તો બર્મા જવું અનિવાર્ય હતું.

એ રંજનને સમજાવી, પટાવી, રમાડી બર્મા ચાલ્યો ગયો.

રંજન કલાકો ગણવા લાગી. શરૂઆતમાં તો કેટલાંય સ્ત્રીમિત્રો અને પુરુષમિત્રો આવતાં, પણ એ બહાર ફરવા ન જતી. રંજન કૉલેજમાં પણ ગયેલી. મિત્રોનો રાફડો ત્યારથી ફાટેલો : પણ એ મિત્રો રંજનના સુંદર ગુણોના હતા, કે ગૌરવર્ણા સૌંદર્યદેહના હતા તે પ્રશ્ન હતો.

કૉલેજજીવન દરમ્યાન એક પ્રૉફેસરની ખૂબ કૃપા રંજન પર ઊતરેલી. રંજન પણ એમની કાવ્ય-સાહિત્યની છટા પર મુગ્ધ થયેલી. આ મુગ્ધતામાંથી કંઈક મોહ જન્મેલો. પ્રૉફેસર સાહેબ એક વખત એકાંતમાં રંજનના ગુણોના વર્ણનમાંથી 'પાંપણ રૂપી પોયણાં ને મુખરૂપી ચંદ્ર' પર ઊતરી પડેલા.

રંજનને ખાતરી થઈ કે નવા જમાનાના આ વિદ્વાનને મન પણ સ્ત્રી માત્ર ભોગ્યા હતી ! વિદ્યા, કવિતા, કાવ્ય ને બીજી કુશળતા તો એમાં અલંકાર રૂપ ઉમેરો હતી ! ન જાણે કેમ, સ્ત્રી ગમે તેટલી આગળ વધે પણ એનું ભોગ્યત્વ પુરુષની નજરમાંથી જતું નથી !

રંજનને બહોળા અનુભવ પછી લાગ્યું કે રૂપાળો પુરુષ, વિદ્વાન્ પુરુષ, શ્રીમંત પુરુષ, આમાંની એકે લાયકાત પતિ તરીકેની જવાબદારી પૂરી કરવા માટે યોગ્ય નહોતી. મનભર પુરુષ જોઈએ ! કનુ સહેજ શ્યામ હતો. ઉઘાડો શૃંગાર એને આવડતો નહોતો. મિત્રોમાં સાદો ને ભોટ લાગતો; પણ રંજનનું દિલ એના પર ઠર્યું : પછી તો બંને તન્મય બની ગયાં !

જન્મીને જેણે લેશ પણ સહન કર્યું નહોતું, સંયમને જરા પણ કેળવ્યો નહોતો, એવી રંજનને હવે મનસંયમના કપરા પ્રસંગો

આવીને ઊભા. કલાકો ગણી એ થાકવા લાગી. હવે તો કાગળો લખ્યે પણ મનને શાન્તિ નહોતી લાધતી. સખીઓમાં ને મિત્રોમાં ફરી જોયું, પણ કનુનો ચહેરો, એની રોજની મીઠી માવજત ન વિસરાયાં. જેમ તેમ કરતાં વર્ષ પૂરું થયું.

કેસૂડે ફરી ફૂલ આવ્યાં તોય કનુ ન આવ્યો, કેવળ એક પત્ર આવ્યો :

'પેઢી મુશ્કેલીમાં છે, જેથી બીજું એક વર્ષ રહેવાની જરૂર છે. આ પછી આપણે કાશ્મીરના પ્રવાસે નીકળી ખૂબ લહેર કરશું.' કાગળમાં પૂરેપૂરું આશ્વાસન હતું.

રંજનને માથે પહાડ જેટલો ભાર લાગ્યો. ગજબ મનોમંથન થવા માંડ્યું. એ કનુનું નામ સ્મરી સ્મરી મનને શાન્ત રાખવા લાગી.

[ ૨ ]

**દિલના** તોફાનના દિવસો હજી પૂરા થયા નહોતા, ત્યાં દેશનું તોફાન જાગ્યું. સ્વરાજના શોખીનો રાજકારણના મેદાનમાં સાઠમારી ચલાવતા હતા. સ્વરાજ વિના ઉદ્ધાર નથી, સુખ નથી, શાન્તિ નથી, એમ કહેતા હતા. અને રંજનને જેમ પતિનું ઘેલું લાગ્યું હતું, તેમ તેઓને સ્વરાજનું ઘેલું લાગ્યું હતું! સ્વરાજ કોઈ ખોટી વસ્તુ નહોતી: પણ એ મેળવવા પાછળની અદૂરદર્શિતા ખોટી હતી.

ગમે તેમ પણ સ્વરાજ! ગમે તે રીતે પણ સ્વરાજ! દુષ્કાળનો દાઝેલો ખેડૂત જેમ જળ, જળ ને જળની વાંછા કરે, ને પછી સામે જળપ્રલય જુએ ત્યારે?

એક દહાડો આ ચિરવાંછિત સ્વરાજ આવ્યું. લોકોએ માન્યું હવે ગરીબી ગઈ, અછત ગઈ, સૌના હક્ક સહુને મળ્યા. લોકોએ ખાધું, પીધું, ને નાચ કર્યાં! રાત સુધી પુરુષોએ ગીત ગાયાં, સ્ત્રીઓ ગરબે રમી. આજ તો રોજની ઉદાસીન રંજન પણ એમાં ભળી. સ્વરાજમાં

શાં શાં સુખ સમાયાં છે, એની એને સમજણ નહોતી, પણ બધાની જેમ એય માનતી કે એથી શાન્તિ, સુખ ને ઉદ્ધાર આવી મળશે!

થાકીને મોડી રાતે સહુ સૂતાં. એ સૂવું એવું હતું કે જેમ વરસાદને ભરજોશ વરસતો જોઈ ખેડૂત આનંદથી-અવનવીન મનોરથો માણતો સૂએ, ને જ્યારે જાગે ત્યારે સમજ પડે કે પોતાનું ઘર ઘર રહ્યું નથી, ખેતર ખેતર રહ્યું નથી. ફક્ત જલપ્રલયનાં ઘોડાપૂર ઉપર ખાટલા સાથે એ દિશાહીન તણાતો જાય છે. ન આરો છે, ન ઓવારો છે.

રંજન જાગી ત્યારે દિશાઓ કોલાહલથી ભરાઈ ગઈ હતી. મારો મારો, કાપો કાપોના પોકારો પડતા હતા. બંદૂકના બાર અવારનવાર સંભળાતા હતા. કેટલેક ઠેકાણે આગ ભભૂકી ઊઠી હતી. લોકો નાસભાગ કરતા હતા.

પોકારો પડ્યા: ‘ભાગો, નાસો!’

રંજન આગંતુક ભયથી છળી ઊઠી. એનું આખું શરીર પ્રસ્વેદમાં ભીંજાઈ ગયું. એ બચાવ માટે કંઈ પ્રયત્ન કરે તે પહેલાં તો કમાડ પર કુહાડા પડ્યા. પેટ્રોલની પિચકારીઓ છંટાવા લાગી. બે ક્ષણમાં તો સળગતાં કમાડ જમીન પર તૂટી પડ્યાં. ચારેક સશસ્ત્ર પડછંદ પુરુષો અંદર ધસી આવ્યા.

રંજન બંગલામાં એકલી નહોતી, પણ માળી, નોકર ને બીજા બધા જીવ વહાલો કરીને નાસી છૂટયા હતા. એક બૂઢી નોકરડી જાજરૂમાં ભરાઈ ગઈ હતી. સસરાજી બહારથી આવ્યા ન હતા. સાસુજી બહારગામ હતાં.

બે જણા બંગલાને લૂંટવા લાગ્યા. એકે રંજનને ત્યાં ખૂણે લપાયેલી જોઈ. જાણે આકડે મધ જોયું. એ નરપિશાચ દોડ્યો. રંજન–

નિઃશસ્ત્ર અબળા-ભુજાના બળે સામે થઈ. પણ કુમળા ઝાડની ડાળને કોઈ કઠિયારો હાથથી આમળી નાખે એમ એ હાથ અમળાઈ ગયા.

નરપિશાચે રંજનને ઉપાડી. ભૂખ્યા ભિખારીને મીઠાઈનો થાળ મળે તેમ થયું. નિરાધાર અબળા ભાનમાં હતી ત્યાં સુધી દ્રૌપદીને લાજનાં લૂગડાં પૂરનાર ગોવર્ધનધારીને યાદ કરી રહી, ને પછી બેભાન બની ગઈ.

રંજન પર શું વીત્યું એ કહેવું કલમની બહાર છે. દૈત્યો પણ થરથરી ઊઠે, માનવ પણ હેવાન બની જાય, એવા એ પ્રસંગો હતા. રાજકારણનો દેવ લોહી માગે છે. નિર્દોષ ને સદોષ માનવોનાં રક્ત એને ધરવામાં આવ્યાં.

રંજન જાગી ત્યારે એ, પોતાના જેવી અનેક દુઃખિયારી અર્ધનગ્ન સ્ત્રીઓના ટોળા વચ્ચે પડી હતી. શરીરનું અંગેઅંગ દુખતું હતું.. દુર્ગંધ મારતું હતું.

એકવાર એણે આંખ ઉઘાડી, પોતે કયાં છે, એ જાણવા પ્રયત્ન કર્યો : પણ એ પ્રયત્ન એવો નીવડયો કે એ ફરી બેભાન બની ગઈ. ફરી જાગી ત્યારે વધુ દુઃખદ દશ્ય એણે જોયું. કેટલાક નર-પિશાચો સ્ત્રીઓનાં ઉઘાડાં અંગોની મશ્કરી કરતા ત્યાં ફરતા હતા. વેચાણના સોદા થતા હતા.

રંજન ફરી બેભાન બની ગઈ. ‘શું સંસાર પરથી વહુ-બેટીની, બેન-દીકરીની લાજ-આબરૂ ચાલી ગઈ! સંસારનો આ ગોળો પોલો છે? સબળ માણસ હજી પણ વરૂ છે, ને નિર્બળની હાલત હજી પણ ઘેટા જેવી છે!’

આ વખતે રંજન જાગી ત્યારે એણે એથી વિપરીત દશ્ય જોયું. એ એક અંધારા ઘરના ખૂણે પડી હતી. એના શરીર પર સુંદર વસ્ત્રો

હતાં. એક થાળીમાં પકવાન્ન હતાં. કદી ન પહેરેલાં વિચિત્ર કપડાં એને કઠી રહ્યાં હતાં.

થોડીવારે એક પડછંદ પુરુષ અંદર આવ્યો. એણે શાદીનો પોશાક પહેર્યો હતો, કપડાં પર અત્તર ને આંખમાં સૂરમો હતો.

રંજન એ પુરુષનું મોં જોઈ ન શકી. ફરી મૂર્છા આવી ગઈ. પાસે બેઠેલી બળવાન બાંદી બહાર સરકી ગઈ. પુરુષે મૂર્છિત થતી રંજનને ઉપાડી લીધી!

[ ૩ ]

**સમય** નગારાં પર ઘાવ દેતો વીતી ગયો. કેસૂડે ફરી ફૂલ આવ્યાં, પણ બિચારાં નાનાં ફૂલઝાડ તો કરમાઈ ગયાં હતાં. એક બૂઢા માળીથી બંગલો પણ કેટલો સચવાય? ક્યારાઓ ભાંગી ગયા હતા, ને વરસાદનાં પાણીએ નકામી જગાએ વહી જઈ ખાબોચિયાં કર્યાં હતાં. એના પર મચ્છરો રાતદિન સંગીત રેલાવતા.

બર્માથી આવતો કનુ રેલગાડીને બદલે મોટરની મુસાફરી કરીને જલદી ઘેર આવી પહોંચ્યો. એણે મોટરમાંથી ઊતરતાં જ 'રંજન'ના નામની બૂમ મારી. હવે એક ક્ષણનો પણ વિલંબ એને માટે અસહ્ય હતો. રંજનને એ દોડીને ભેટી પડવા તલસતો હતો.

'શેઠ સાબ...' બૂઢો માળી સામે દોડી આવ્યો. એને હતું કે આ બંગલો હવે નહિ વપરાય. બધું કુટુંબ તો બીજે રહેવા ચાલ્યું ગયું હતું. ભાડૂતો પણ રહેવા આવતાં નહિ. ભૂતિયા બંગલાને નામે એ જાણીતો થયો હતો. ઘરવાળાં કહેતાં કે 'રંજનનું અહીં ખૂન થયું. એનું પ્રેત રાતે ભમે છે. અમારી સુશીલ કુળવધૂ!'

'રજન ક્યાં?' આ સવાલનો જવાબ બૂઢો માળી આંખમાં આંસુ લાવવા સિવાય વિશેષ રીતે વાળી શક્યો નહિ. કનુ મૂંઝાયો,

આગળ વધ્યો ને કેસૂડાના ઝાડ નીચે પહોંચ્યો. ઉતાવળમાં ને ઉતાવળમાં એ ચાર પુષ્પ ચૂંટી લીધાં.

એ કહેવાની જરૂર નથી, કે કનુને થોડા વખતમાં જ ખબર પડી ગઈ કે રંજન મરી નથી ગઇ, એ ક્યાંક ચાલી ગઈ, એની હવે ભાળ નથી. શહેરનાં સ્નેહીઓ આવી પહોંચ્યાં. બે દહાડામાં તો તેઓએ ગઈ ગુજરી વિસારી નવાં લગ્ન કરી લેવા કનુને કહ્યું. ભૂતકાળને રોવાથી શું વળવાનું હતું.

કનુ રંજનની ભાળ મેળવવા ઉત્સુક હતો, પણ કોઈ ખરા સમાચાર આપતું નહોતું. વ્યગ્ર કનુ એક વાર પેલા તજાયેલા બંગલે ગયો. એ રાત ત્યાં જ રહ્યો. ધીરે ધીરે એણે બુઢ્ઢા માળીને વિશ્વાસમાં લીધો. બુઢ્ઢાએ દિલ ખોલી દીધું.

બુઢ્ઢા માળીએ રોતાં રોતાં કહ્યું : 'શેઠ, આસમાની સુલતાની થઇ ગઈ. અરે, આવું સવરાજ આવવાનું છે, એવી ખબર હોત તો ક્યાંયના ક્યાં ચાલ્યા ગયા હોત. પણ લોક મનની મુરાદોમાં એટલા ઘેલા બન્યા, કે એમણે આગળપાછળનો કંઈ વિચાર ન કર્યો. ભોજન પિરસ્યું એટલે અકરાંતિયાની જેમ ખાવા બેસી ગયા ! શું વર્ણન કરું, સાહેબ ! જીવતું નરક જોવા મળ્યું ! નરકમાંય આટલી વેદના નહિ થતી હોય. સોનું ને સ્ત્રી ! ક્યાંય સલામત ન રહ્યાં ! ગામમાં તો એક તલવાર કે એક બંદૂક પણ ક્યાં હતી ? પચીસ બંદૂકધારીઓ આખા શહેરનો સર્વનાશ કરી ગયા.'

'પણ એમાં રંજનને શું થયું ?' કનુ ઉતાવળો થયો.

'શું થાય ? સહુની બેન-બેટીઓનું થયું તેવું તેમનું થયું. દિવસો સુધી કોઈ કોઈની સંભાળ લે તેમ નહોતું. બળેલાં ઘર બુઝાવનાર ને મરેલાં માનવીને દેન આપનાર પણ કોઈ નહોતું. ઘણે દહાડે સહુ અહીંની ભાળ લેવા આવ્યાં. કેટલાંક હિંમતવાન અહીં વસવા

પણ આવ્યાં. આપનાં માતુશ્રી ને નાનાભાઈ પણ અહીં આવ્યા. પણ અહીં રહેવા જેવું કે લેવા જેવું શું હતું? બધું ભારે ભારે લાગવા માંડ્યું. થોડા દહાડા રહી, બંગલાની સંભાળ મને ભળાવી તેઓ ચાલ્યાં ગયાં.'

'રંજનની કંઈ ભાળ ન કાઢી?'

'ભાળ તો શું કાઢે? ક્યાં કાઢે? કોણ કાઢે? ખૂન થયું, ખૂન થયું એમ ફૂટી કાઢ્યું. પણ શેઠ! એક રાતની વાત છે. ચાદરમાં ઢંકાયેલી એક સ્ત્રી રાતના પહેલા પહોરે દરવાજા પર આવીને ઊભી રહી. હું જાગતો હતો. હવે તો આ ગામ માયાનગરી બની ગયું છે. અહીં કમોતે મરેલાં માનવીનાં પ્રેત જ્યાં ત્યાં ભમતાં હોય છે. હું કંઈ પ્રેત-પિશાચથી ડરતો નથી. મેં ધારીને જોયું તો હુબહુ શેઠાણીનું પ્રેત! હું શિવકવચ બોલતો આગળ વધ્યો, કહ્યું: 'કેમ આવ્યાં છો? હું ભૂતથી ડરનારો માણસ નથી હો!''

'હું જીવતું માનવી છું. રહેવા આવી છું! નાસીને આવી છું!'

મને અવાજ પ્રેતનો ન લાગ્યો; જીવતા માણસનો જણાયો. હું પાસે ગયો. શેઠાણીને ધારીને જોયાં. પણ જાણે એ શેઠાણી જ નહિ! હું મર્દનો બચ્ચો એમને આ બિસ્માર હાલતમાં જોઈને રડી પડ્યો. મેં અંદર આવવા કહ્યું.

એમણે કહ્યું: 'અંદર જે હોય તેને પૂછી જો. મને રાખશે?'

મેં કહ્યું: 'અંદર કોઈ નથી.'

શેઠાણી અંદર આવ્યાં. શેઠ, શું કહું? આ જ ઓટલા પર બેઠાં, અને એકાએક છાતીફાટ રડી પડ્યાં. એમને શાંત રાખવા હું ગયો તો મારો ય ધીરજનો બંધ તૂટી ગયો. હું પણ છૂટે મોંએ રડ્યો. મોડી રાતે અમે બંને રડીને હળવા થયાં.

પછી શેઠાણીએ કહ્યું : 'ભાઇ, શહેરમાં જઈને પૂછી આવશો, કે તમારી વહુ રંજન આવી છે. એને રાખશો ?'

મેં કહ્યું : 'એમાં પૂછવાનું શું હતું? ઘરનું માણસ ઘરમાં ન રહે તો ક્યાં જાય ?'

એમણે કહ્યું : 'ભાઈ, તું ન સમજે. સગી મા પણ જો પતિત થાય તો દીકરો એને ન સંઘરે, ત્યારે ગમે તેવા પતિત પુત્રને માના ખોળામાં સદા સ્થાન હોય, એવો આ સમાજ છે. સ્ત્રી અને પુરુષને જોખવાનાં કાટલાં અહીં જુદાં છે. ભાઈ, હું તો ઘરની વહુ! આ સંસારમાં સ્ત્રી શોભાની વસ્તુ છે. એની શોભા જાય, પછી એ કશા કામની નહિ ! મારી તમામ શોભા ચાલી ગઈ છે. સ્ત્રીનું પોતાનું સત્ત્વ કહેવાય તેવું કંઈ નથી રહ્યું મારી પાસે. બલ્કે શેતાનનો કહો તો શેતાનનો—ને તારા શેઠનો કહો તો તારા શેઠનો —અંશ મારા પેટમાં બેઠો છે. આવી મુજ પતિતાને તેઓ રાખી શકશે ? રાખીને કુટુંબમાં મને હરતીફરતી કરી શકશે ? સમાજનાં મહેણાં સહી શકશે ? ભાઈ, જરા પૂછીને આવ !'

મારું મન તો શેઠાણીને સાથે લઈને ત્યાં જવાનું હતું, પણ તે ન માન્યાં. મેં તેમનો ખાવાપીવાનો બંદોબસ્ત કર્યો. તેઓને પથારી કરી આપી. હું પણ દરવાજા પાસે સૂતો. મને ઊંઘ ન આવી, પણ શેઠાણી તો બિચારાં આખી રાત છાનું છાનું રોતાં રહ્યાં. કેસૂડાની પાસે વારે વારે આવીને ઊભાં રહેતાં.

સવારે હું ખાવાપીવાનો બંદોબસ્ત કરીને શહેરમાં જવા ઊપડ્યો, ત્યારે શેઠાણીએ પાસે બોલાવીને કહ્યું : 'જો, તેઓ કહે કે આ ગર્ભ શંકાસ્પદ છે, અમે નહિ જાળવીએ, તો તે પણ હું પતાવી દઇશ.'

'હે ભગવાન !' હું એટલું બોલી નીકળ્યો. શહેર પહોંચ્યો, ત્યાં જઈને વાત કરી. બધાં સગાં ભેગાં થઈ વિચાર કરવા લાગ્યાં. આખરે સહુએ એક મતે કહ્યું :

'અમારા ઘરમાં હવે એ નહિ ખપાય. એને કહો કે એને માર્ગે ચાલી જાય! અમને મોં ન બતાવે. અમે એને મરેલી જાણી છે. નકામી જીવતી થઈ અમને મુશ્કેલીમાં ન મૂકે!'

અરે! ઘરની લખમીને જાકારો! ઘરનું માણસ ઘરમાં ન રહે તો ક્યાં જાય? આવી રીતે તો કોઈ ઘરના ઢોરને પણ હાંકી ન કાઢે?

મેં કહેવા ઇચ્છયું, પણ તેઓએ કહ્યું: 'આ અમારી અંગત બાબત છે. તારે એમાં વચ્ચે ન પડવું! તું કંઈ ન સમજે!'

હું ભાંગેલે હૈયે પાછો ફર્યો. શેઠાણીને શું કહું? આવા સમાચાર કહેતાં મારી જીભ કેમ ચાલે? હું રડી પડ્યો. તેમણે કહ્યું:

'રડીશ નહિ, ભાઈ! હું જાણતી જ હતી. આ બધા શ્રીરામના પૂજારીઓ છે. સીતાની દયા એમના દિલમાં નથી. અહીં સ્ત્રી પહેલી શોભા છે–પછી માતા, બહેન કે દીકરી છે. પુત્ર ગમે તેવો દુરાચારી હોય, મા એને છોડશે નહિ. પતિ શરાબી કે શેતાન હોય, પત્ની એને પૂજશે. હું તો રમકડું હતી. આખું હતું ત્યાં સુધી ઘરમાં સંઘર્યું: તૂટેલા રમકડાને કોણ સંઘરે? ભાઈ, તો હવે હું વિદાય લઈશ.'

'ના, બહેન! અહીં રહો. મારા છાશરોટલામાં તમારો ભાગ સમજીશ.'

'ના ભાઈ, હવે હું કોઈના માથે પડવા માગતી નથી. જાણો છો કે આ સંસારમાં સ્ત્રી જ્યાં સુધી શીલવંતી રહે ત્યાં સુધી જ ગરીબ ને દુઃખી છે. એ અશીલને સ્વીકારે એટલે ધનવાન ને તાલેવંત છે. સમાજને ઠોકરે મારવાને હકદાર છે. ધર્મ બદલે તો પૂજાવાને હકદાર છે. પણ એથી એમ ન સમજીશ કે હું એ નરકાગારમાં જઈશ. અલબત્ત, મારી અનેક બહેનોથી એ નરક ગુલજાર બન્યાં છે, ને એ જ સત્ત્વાભિમાની પુરુષો બધું ભૂલી એના ગ્રાહક બન્યા છે!'

'શેઠ, એ પછી બહેન ઊભાં થયાં, પેલા કેસૂડાના ઝાડ પાસે જઈને ઊભાં રહ્યાં, ફરી રોયાં, ફરી ફરીને રોયાં. કેટલીય જૂની વાતો સંભારી સંભારીને રોયાં. મને લાગ્યું કે આ જાસુદીના છોડ, આ મેંદીની વાડ ને આ ગુલમહોર પણ રડી રહ્યાં છે. આખી રાત એ અને હું આ ખાખરાના છોડ નીચે મૂગાં મૂગાં બેઠાં. આંખમાંથી આંસુ તો જાણે ઝાકળની જેમ પડતાં હતાં.

'પાછલી રાતે મને ઊંઘ ઘેરી વળી. સવારે જાગ્યો ત્યારે જોયું તો શેઠાણી નહોતાં!'

માળીએ વાત પૂરી કરી.

કનુની આંખમાંથી આંસુ ઝરી રહ્યાં.

એણે કેસૂડા પાસે જઈ ખૂબ રડી લીધું. જે કેસૂડાએ વર્ષો થયાં માળીના હાથની ખુરપી ને કોદાળી ખાઈ ફૂલ આપવાં જારી રાખ્યાં હતાં, એ કેસૂડાનો સ્નેહી કનુ રંજનની રાહ જોવા અનંત કાલ સુધી તૈયાર થયો.

એ ન પરણ્યો.

સગાં તો હજીય શાણા થઈને ગઈ ગુજરી ભૂલી જવા સમજાવતાં હતાં.

[ ૪ ]

**વાર્તાનો** અંત હવે નજીક છે. સાચી કહાણી પણ વિવિધતાને વરે ત્યારે જ વાર્તા કહેવાય ને? કનુ તો આ પછી બર્માના અનેક પ્રવાસો ખેડી આવ્યો. પ્રવાસ, પ્રવાસ ને પ્રવાસ! કનુના સંતપ્ત દિલને બીજે આશાયેશ નહોતી.

એકવાર રંગુનની એક હોટેલમાં એ એક રાત ગાળવા રહ્યો. એ રાતે એણે એક સ્ત્રી–પુરુષને પાસેના કમરામાં ઊતરેલાં ભાળ્યાં.

સ્ત્રી કંઈક પરિચિત લાગી. કનુ પાસે ગયો ને ક્ષણવારમાં એને ઓળખી ગયો.

'કોણ રંજન ?' કનુ ઓરડામાં ધસી ગયો. પાસે બેઠેલો પુરુષ ડોળા ફાડી જોઈ રહ્યો.

રંજન એક ચીસ પાડી ધીરેથી નીચે ઢળી પડી.

કનુ પેલા પુરુષની પાસે સર્યો. પેલો પુરુષ ડરથી આઘો ખસ્યો ને કમરના છરા પર એણે હાથ નાખ્યો કનુ બોલ્યો :

'મિત્ર, ડરશો નહિ. હું તમને મારા સ્નેહી લેખું છું. આવો, આપણે બંને મળીને રંજનની સેવા કરીએ.'

રંજન જાગી ત્યારે પલંગ પર સૂતી હતી. કનુ એના દેહને ધારી ધારીને જોઈ રહ્યો હતો.

'કનુ, અડશો મા. તમારી રંજન મરી ગઈ.'

'રંજન, તારા દેહની અંદર વસતા આત્માને નીરખું છું. હજીય તું મારી છે.'

'હું તારી નથી. હું બીજાની છું.' રંજન સાવધ થઈ. એણે કહ્યું :

'મૂર્ખાઓની આ ભાગલાબાજીમાં અક્કલનો ઉપયોગ ન થયો. મારા જેવી અનેક સ્ત્રીઓ એકબીજાને હાથે લૂંટાઈ હશે. અરે રે ! કોઈને આટલાં શાસ્ત્રો, આટલી નીતિઓ ઈશ્વરના બંદા બનાવી શકી નહિ ! સદાય સ્ત્રીના ને સોનાના લૂંટારા રહ્યા. એ સામે આવે ત્યાં અક્કલ પર પડદો પડી જાય છે. માનવતાની વાતો કરનારા આપણે પશુથીયે બદતર છીએ.'

રંજન અર્ધમૂર્છિત જેવી અવસ્થામાં બોલતી હતી : એ કંઈક સાવધ થઈ. ફરી બોલી :

'આ ગૃહસ્થ તો મારા મિત્ર છે. નોધારાના આધાર છે. ભૂખ્યા વરૂઓના પંજામાંથી બચાવનાર પુરુષસિંહ છે. તારે ઘેરથી નીકળ્યા

પછી, બેએક સ્થળે આશ્રય માટે ફરી, પણ બધે દયાવાન દલાલો જ મળ્યા. મારા જેવી માટે વેશ્યાઓ સિવાય કોઈના દરવાજા ઉઘાડા નહોતા.

'હું પાછી ફરી, મને ઉપાડી જનારને ત્યાં જઈને ઊભી. એ મને જાળવવા તૈયાર હતો. ત્યાં તો સરકાર બહાદુરો તરફથી અપહતાઓને પાછી સોંપવાનો સવાલ આવ્યો. સવાલ કરનારે પોતાનું અભિમાન જોયું હતું, પણ જ્યાં એ સ્ત્રીને પાછી લઈ જઈને મૂકવાની હતી એ હૈયાહીન સમાજનો જરા ય વિચાર ન કર્યો.

'હું પાછી સોંપાઈ પણ મને અપહતાને કોણ સંઘરે તેમ હતું ? અને સંરક્ષણ વગરની જુવાન સ્ત્રીને માથે શું ન વીતે? શું મારે વેશ્યા બનવું ? સુખનો આ એક જ રાહ મારી સામે ખડો હતો પણ મને એ ન ગમ્યું. હું આ એક દયાવાન ગૃહસ્થ સાથે અહીં આવી રહી છું. મારે હવે ક્યાંય પાછા જવું નથી! સ્ત્રી માટે ક્યાંય સ્વર્ગ નથી. અહીં પણ નરક છે. ત્યાં પણ નરક છે, ફેર એટલો છે, કે અહીં નરકમાં પણ મારું સ્થાન છે, તમારે ત્યાં નરકમાં પણ મારા માટે જગ્યા નથી.'

કનુ પાસે ગયો. એણે રંજનના કપાળે હાથ મૂક્યો, પેલો પુરુષ સંકોચવશ આઘો ને આઘો રહેતો હતો. રંજન બબડતી હતી:

'અરેરે! હરખઘેલા રાજદ્વારી પુરુષોની એક સામાન્ય ભૂલે સ્ત્રીઓને માથે કેટલું વીત્યું ! અને તમે તો તમારા વિજયનાં ગુણગાન ગાતાં હજીય થાકતા નથી. તમારી સંસ્કૃતિને જાણે દેવસંસ્કૃતિ તરીકે ઓળખાવો છો. તમારી મિથ્યાભિમાનભરી બહાદુરીની બિરદાવલિઓ હજીય રચે જ જાઓ છો. અમે કર્યું ! અમે કર્યું ! તમે શું કર્યું ? જૂઠા માણસો ! જૂઠો એમનો ઈતિહાસ ! અરેરે ! કોણે સહન કર્યું ને કોણે સ્વર્ગ માણ્યું ?'

'રંજન ! તમારા જેવી પતિતાઓ જ–જો સમાજ તમને પતિતા કહેતો હોય તો–ભાવિના ઈતિહાસમાં તપસ્વિનીઓ તરીકે પૂજાશે. આઝાદીનો હરએક ઉપાસક પોતાનાં કમળ–ફૂલ તમને અર્પણ કરશે. જે સમાજ તમને હીન લેખશે–એની હીનતાનો આરો નહિ રહે. સૈનિક દેશ માટે એક વાર મરે છે, તમે દેશની મુક્તિ માટે હર પળે મરી રહી છો. રંજન ! ઘેર ચાલ ! કેસૂડે ફૂલ આવ્યાં છે.'

'ના, બદનામ સ્ત્રીને તારા દંભી સમાજમાં સ્થાન નથી. તારા ઘેરથી કેસૂડાનાં ફૂલ લઈને આ મિત્ર સાથે બર્મા આવતી હતી, ને તું માર્ગમાં મળી ગયો. મને ભૂલી જા ! છોડી દે.'

'રંજન ! હવે તને છોડી શકું એટલું હિંમતવાન હૈયું મારી પાસે નથી. તને હું પતિતા પણ કલ્પી શકતો નથી. જે ત્યાગમૂર્તિઓ ને વેદનામૂર્તિઓનાં લોહી–આંસુ પર આ સમાજ ખડો થયો છે, એમાં તારું મહત્ત્વનું સ્થાન છે. તને અપમાન આપનારાઓ પોતાની જાતનો દ્રોહ કરનારા છે. રંજન, ચાલ !'

'એ હૈયાફૂટા સમાજ વચ્ચે જવાની વાત ન કરીશ. કનુ ! તું જા ને સુખી થા ! મારા અંતરની આશિષ છે ! કોઈ બીજી રંજન શોધી લેજે !'

'એ નહિ બને ! રંજન, જ્યાં તું ત્યાં હું. મૃત્યુ જ આપણને વિખૂટાં પાડશે. તારી સેવા કરી હું સમાજનું પાપ ધોઈશ.'

પછીની વિગતો કહે છે, કે ત્રણે જણાં સાથે રહ્યાં.

રંજનનો નવો મિત્ર આ અજબ પતિ-પત્નીના જોડાને હેરતથી નીરખી રહ્યો. આખરે એક દિવસ એણે એમનો રાહ સાફ કરવા નિર્ણય કર્યો. એક દહાડો પેલો મિત્ર રંજન–કનુને ભળાવી બહાર ચાલ્યો ગયો તે ગયો, ફરી ન આવ્યો !

રંજન કનુનો પ્રેમ પામી ફરીથી નવા જીવનમાં પ્રવેશી. કનુ

ઘેર જવાની વાત કરતો, તો રંજન કહેતી : 'એ જડ સમાજમાં પ્રવેશ કરવો મુશ્કેલ છે. કનુ, ફરીથી આપણા જીવનમાં વાવંટોળ જાગશે.'

કનુ સમજ્યો. એણે નવું ઘર વસાવવાનો નિર્ણય કર્યો, અને એમાં કેસૂડાનું ઝાડ વાવવાનુ નક્કી કર્યું !

મહામહેનતે રોપ વાવ્યો.

કનુ અને રંજન કોઈ જુદા જ દેશમાં સાથે જ જીવી રહ્યાં. કનુ પેલી ડાળને રોજ પાણી પાય છે !

નવાં હવા-પાણીમાં કેસૂડાની એ ડાળ ફૂલીફાલી કે નહિ એ તો કોણ જાણે, પણ એ પતિ-પત્નીનું જીવન અજબ પ્રેમથી ફોરી રહ્યું.

## જીવનનું દાન

### [ વાર્તા અગિયારમી ]

**સં**સારનાં સર્વ પાપો ધોવાઈને, સંસ્કૃતિની મહા નીક વાટે જ્યાં બધો કાદવ એકત્ર થાય છે, એવી એ ગલી હતી.

સડેલાં કૂતરાં, ચોતરફ પ્રસરી રહેલી બદબો અને દુર્મુખ માનવીઓથી એ સંસાર વસેલો હતો. ગામના શાસ્ત્રીજી રોજ મઘમઘતા મંદિરમાં સોનેરી સિંહાસન પર ચઢી ભક્તોને, પાપ કરશો તો નરક મળશે, એમ સમજાવતાઃ કદી કદી તે નરકનાં દુઃખોનો ચિતાર ખડો કરી દેતા, પણ શાસ્ત્રીજી કદી ભૂલેચૂકે જો અહીં આવી ચઢે તો એમને નરકનું સ્વરૂપ સમજાવવાને બદલે સદેહે એનું ભાન થાય તેમ હતું.

કારણ, આ ગલીમાં નરકનાં તમામ દુઃખોનો સમાવેશ હતો.

કેટલીય મજૂરણો સવારથી સાંજ મજૂરી ખેંચતી, તોય તેમને વેંતનો ખાડો પૂરવા કોઈ મુકાદમ કે કોઈ મકાનમાલિકની રખાત બનીને રહેવું પડતું.

કેટલાય કામદારોને રોજની કેડ તોડી નાખે તેવી નોકરી કરવા ઉપરાંત, અમલદારોના બંગલા સાફ કરવા ઠંડી રાતોના ઉજાગરા વેઠયે પણ, રોટી ને મરચાંના સાંસા પડતા. પઠાણી વ્યાજના પહાડ એમના માથે સદાના રહેતા.

રોજ વહેલી સવારે દૂધના હાંડા માથે ચઢાવી, કોઈ હોટેલવાળા

ભૈયાનું દૂધ પહોંચાડતી એ ગોવાલણોને દિવસભરની કાળી મહેનત પછી પણ, પાવળું દૂધ હાંસલ ન થતું.

વારતહેવારે ગામમાં ચોરીઓ થતી ને આ ગલીનાં ફાટેલતૂટેલ ઝૂંપડાં વીંખાતાં. પોલીસ દાદાઓના ચાબખા ત્યાંનાં સહુ નરનારીનાં ચામડાં ઢીલાં કરી નાખતા.

ન પૂરું ખાવાનું, ન સારું પાણી પીવાનું, ન પહેરવાનું કે ન ઓઢવાનું. જીવતરના કોઈ ઓરતા ત્યાં પેદા જ ન થઈ શકે, એવું જીવન આ લોકો કેમ જીવતા હશે, એ જ કોયડો હતો.

રોજ અજીઠી બીડીઓ પીનાર એ વર્ગને શું આ દુનિયા સળગાવવા એક દિવાસળી પણ નહિ મળતી હોય!

ના, ના, એવું તો ન માનશો. આજ ગલીના ભૂરિયા ઠાકોરની સ્ત્રી પર પેલા મવાલીએ અત્યાચાર કર્યાં છતાં, જ્યારે ઊલટો કચેરીએ ઠાકોરને જ દંડેલો ત્યારે એણે ગામની ઘાસની ગંજીમાં દિવાસળી ચાંપી દીધેલી.

પણ એનું પરિણામ શું આવ્યું? અઢી વરસની સખત જેલ!

અઢી વર્ષની જેલ પછી ભૂરિયો ઠાકોર એવો સીધો દોર થઈ ગયેલો, કે બે વાર તો તેની સામે જ તેની બૈરીને મવાલીઓ લઈ ગયેલા ને પછી પાછી મૂકી ગયા ત્યારે ભૂરિયે આકાશ તરફ હાથ કરીને કહેલું :

'ગંગા! હૈયે હિંમત રાખજે! ઉપર મારો બાપલો ભગવાન બેઠો છે, એ કોઈનાં પાપ નહિ સાંખે.'

'ઠાકોર! એના વિશ્વાસે તો આપણે જીવી રહ્યાં છીએ.' રૂપાળી ગંગા કહેતી.

એ ભગવાન બાપો સાચો હોય કે ન હોય, કોઈ ધર્મપુરાણીનો છલ-પ્રપંચે હોય પણ, જેમ ખેતરનો ચાડિયો પંખીથી ખેતરનું

રક્ષણ કરતો તેમ, આવા હજારો નિરાધારોનાં ભાગતાં હૈયાંનો આશરો એ જરૂર બની રહ્યો હતો.

એ ભગવાન બાપાનાં અનેક પ્રજાજનોમાંનાં એક આ નગરનાં નગરશેઠાણીએ એક પરોઢિયે ચોગાન સાફ કરતી ગંગાને હાક મારી. નગરશેઠાણી આખી રાત નહિ ઊંઘ્યાં હોય એમ એમની લાલ આંખો કહી આપતી હતી. એ ઉજાગરાએ પણ શેઠાણીના ચંપાના ફૂલ જેવા ચહેરા પર અનેકગણી રૂપની જ્યોતો ખડી કરી હતી.

'ગંગા! તને કેટલા મહિના થયા?' શેઠાણીએ પૂછ્યું.

શેઠાણી જેવાં મોટાં માણસનો આવો પ્રશ્ન, ધૂળમાટીથી ભરેલી ગંગાને વિચિત્ર લાગ્યો. એણે ધીરેથી પોતાના પેટ સામે જોયું અને શરમાતાં કહ્યું :

'અમારે એમાં નવાઈ શી! અમારે ત્યાં તો દર વરસની દોઢયે એક ગણી લો. મારે તો પહેલું પેટ છે, બા! આમ તો સાતમો અધવાર્યો છે!'

'જો આમ આવ!' શેઠાણીએ ગંગાને નજીક બોલાવી. ગંગા મૂંઝાણી. આ બધા ગાલીચા, આ સુંદર પડદા, આ સુંદર પગદાનીઓ, અરે! અરે! શેઠાણીબાની મોજડીઓ પાસે પણ એ બેસે તો ય વરવી લાગે! ક્યાં આ સુંદરતાનાં અવતાર ને ક્યાં પોતે ગંદકીનો અવતાર!

ગંગાની મૂંઝવણ આખરે શેઠાણીએ તોડી. એને હાથ ઝાલીને પાસે ખેંચી. થોડી વાર પાસે ઊભી રાખી કેટલીક વાત સમજાવી. સમજાવીને દશ રોકડા રૂપિયા હાથમાં મૂક્યા.

'ના કહે તો મારા સમ, ગંગા! મારી લાજ તારે હાથ છે!' શેઠાણીનાં નયન નીચાં નમ્યાં. સ્ત્રીને સ્ત્રીના સૌંદર્ય પર વહાલ છૂટ્યું. ગંગા અરધી અરધી થઈ ગઈ.

'બા ! એ શું બોલ્યાં ? અમ નીચને એવાં માન ન હોય ! અમે તો તમારા પગનાં ખાસડાં !'

ગંગા એ દહાડે વહેલી વહેલી ઘેર ગઈ. રસ્તામાંથી ચોખા અને ગોળ લેતી ગઈ. ગોળ–ચોખા રાંધીને એ ભૂરિયાની રાહ જોતી બેઠી. ભૂરિયો સાહેબની સવારી આવવાની હતી, તે માટે મીઠાં માછલાં પકડવા ગયો હતો. મોડી રાતે એ પાછો આવ્યો.

ભૂરિયો આજની ખાદ્યસામગ્રી જોઈ વિચારમાં પડી ગયો. એને વહેમ પડ્યો, કે ગંગાએ નક્કી કંઈ કાળું કર્યું : કારણ કે સામાન્ય રીતે ગરીબોને પોતાના નાના–મોટા કોઈ પણ શોખ પાછળ એકાદ કાળું કામ કે કાળી મજૂરી કરવાની જ હોય છે.

'ઠાકોર, વહેમાઈશ ના. શેઠાણીબાએ આજે ખુશ થઈને રૂ. દસ આપ્યા છે. પણ એક વાતની એ લાખેણાં માણસે આપણી પાસે માગણી કરી છે. મારું પેટ એમને આપવાનું !' ગંગાએ ખુલાસો કર્યો.

ભૂરિયો કંઈ સમજી શક્યો નહિ. ગંગાએ વધુ ખુલાસો કર્યો :

'શેઠાણીબાને પરણ્યાં બાર વર્ષ વીત્યાં, એકે સંતાન નથી થયું.'

'શેનું થાય ? શેઠે તો બાર વરસની ઉંમરથી ખોટા શોખમાં પંડ્યનું હીર નીચોવી નાખ્યું છે. પેલી મુંબઈવાળી તો બેઠી બેઠી મહિને ત્રણસો ખાય છે. જ્યારે જુઓ ત્યારે શેઠનો ફસ કલાસનો ડબ્બો રિઝવર્ડ ! કહે કે ધંધા માટે કાશ્મીર, કલકત્તા ને કાશી જઈએ છીએ. એ તો ધંધો પણ ખરો ને સાથે આ ગોરખધંધાય ખરા !' ભૂરિયે ભેદ ખુલ્લો કર્યો.

ગંગા બોલી : 'ઠાકોર ! આપણે કોઈનાં કાળાં જોઈને શું કરવું છે ? શેઠાણી ઇંદ્રાણીનો અવતાર છે હો ! તું જો તો તો તને ઘેલું જ લાગે. મોટાં લોકને પેટે છોકરું ન થાય તો મોટી ઉપાધિ. એમની કરોડોની મિલકત કોને જાય ? સોનાની પાટોનો કોણ ધણી થાય ? ને છોકરું ન

થાય તો શેઠાણીની સ્થિતિ શી થાય, જાણે છે? એમને માથે શોક્ય આવે. વગર વાંકે માછલાં ધોવાય. માટે શેઠાણીબાની ઇચ્છા છે, કે મારું પેટ એમને આપવું. છોકરો આવશે તો એ પહેલે દહાડે જ લઈ જશે.'

'ના, ના, એ ન બને, ગંગા! પછી આપણે શું કરીએ? મોટાં માણસોને છોકરાં જોઈએ, ને નાનાંને નહિ?'

ભૂરિયો ઘણી વાર સુધી ન માન્યો, પણ ગંગાએ આખરે એને વહાલ કરતાં સમજાવ્યું, કે આપણે આપણા પેટનું શું ભલું કરી શકવાનાં હતાં? મજૂરનો છોકરો મજૂર થશે, એ ધૂળમાં જ રમવાનો, સોનાના ઘૂઘરા એના ભાગ્યમાં ક્યાંથી? ભલા આદમી! પેટનાં છોરુનું તો સારું વાંછ? આ તો પાશેરામાં પહેલી પૂણી છે, ને હું તો સોનાની મરઘી જેવી છું. જોતજોતામાં પાંચ સાત મોર તારા આંગણે નાચવા લાગશે. જોઈ જોઈને, રમાડી રમાડીને થાકી જઈશ. માટે હા પાડી દે!'

ભૂરિયે કમને હા પાડી. એ જગતનાં બાળકોને ભિખારીઓ ઊછીનાં લઈ જતાં. લઈ જઈને શેઠિયાઓના આવવા–જવાના રસ્તે રોતાં કે ધૂળમાં રગદોળાનાં મૂકતા. લોકો દયા ખાઈ ખાઈ પૈસો નાખતા. સાંજે કોઈ બાળકના છ આના તો કોઈના બાર આના મળતા. બાકીની કમાણી વડો ભિખારી લેતો.

ભૂરિયો એ પણ જાણતો હતો, કે પોતાનાં ઘણાં પડોશી માબાપ ભીખ માટે કામમાં આવે તે માટે બાળકને જન્મની સાથે આંધળાં કે લૂલાં-પાંગળાં બનાવી દેતાં. ભૂરિયે વિચાર્યું કે એના કરતાં તો આ ખરેખર સારું છે!

[ ૨ ]

**આજે** શેરીઓમાં મોતી લૂંટાતાં હતાં. અનાજ તો ગાડેગાડાં વહેંચાતું હતું. નગરશેઠના દરવાજે મુબારકબાદીના સંદેશા લાવનારાઓનું કીડિયારું ઊભરાયું હતું.

કારણ કે ફૂલકુંવરબા શેઠાણીને બાર વર્ષે, મહિના રહીને પૂરે માસે દીકરો આવ્યો હતો.

રાજવૈદ્ય તો ફૂલ્યા સમાતા નહોતા. એમની ઔષધિ એટલે રામબાણ, એ વાતની તેઓ આ પ્રસંગે જાહેરાત કરતા ફરતા હતા, ને છાપાંવાળાંની મુલાકાત લઈને એનો હેવાલ છાપવા જા. ખ. ના ભાવની લાંચ આપતા હતા.

જ્યોતિષીજી તો કહેતા હતા, કે મારા જોશ ખોટા ઠરે તો સહદેવજીનું નામ લાજે. હું તો કહેતો હતો, કે વહેલી મોડી પણ શેઠાણીની મનોકામના પૂરી થશે જ.

સાસુસસરો સુવર્ણ પાલખીમાં બેઠેલા ભગવાનને આજ વધુ ને વધુ ફૂલ ચઢાવી રહ્યાં હતાં. પોતાને ત્યાં કુળદીપક જન્મ્યો એની એમને હૈયે કંઈ ઓછી ખુશાલી નહોતી.

ગામના રાજાજીને નગરશેઠાઈ અખંડિત રહી, એ હર્ષ હતો. સાચું પૂછો તો ગામનું કૂતરું પણ આજે તો આનંદમાં હતું, કારણ કે કૂતરા જેવા પ્રાણી સુધી પણ દૂધના ઘડા પહોંચી ગયા હતા.

સાંજની સંધ્યા આકાશમાં ગોરંભાણી કે પ્રસૂતિની પીડામાંથી ગંગા જાગી. એણે આળસ મરડી અને પોતાના તૂટેલા માંચાની લટકતી મુંજની દોરીને હાથમાં લઈ એક બે વખત ફેરવી જોઈ.

પોતાનું વહાલું બાળક આ દોરી પર એક વખત તો ઝીલાયું હશેને !

એ વેળા બારણું ઊઘડ્યું ને ભૂરિયો હાથમાં રૂપિયા ને બે કીમતી સાડી લઇને દાખલ થયો. એણે હરખાતાં હરખાતાં ગંગાને કહ્યું :

'શેઠાણીની દાસીએ મને સમ દઈ ને આ બધું આપ્યું છે. પાંચ-પાંચની વીસ નોટો સાડીઓમાં મૂકેલી છે.'

'ઠાકોર ! પેટન પણ મૂલ થાય કે ? આપણે કંઈ પેટનાં

જણ્યાંને વેચનારાં પાપિયાં નથી. આ તો જીવનની દોલતનું દાન છે! જા, જઈને પાછી આપી આવ!'

'પાછું આપવા ન જવાય ગંગા! એ લેવામાં વાંધો શો?'

'ઠાકોર! માનવીનાં તે મૂલ થતાં હશે? તું તો પેટનાં છોરુનો વેચનારો બન્યો. હાડ-માંસનો વેચનાર ખાટકી બન્યો. ભલે દુનિયાની આંખે મોહ-માયાના પાટા બંધાયા હોય, પણ હજાર હાથ ને હજાર આંખવાળો ભગવાન નહિ જોતો હોય? શું તેં પૈસા માટે પેટનો બાળ વેચ્યો? માણસાઈ તો સમજ!'

ઠાકોરના હાથમાંથી સાડી અને નોટો સરકી પડ્યાં. પ્રસૂતિની પીડા ભોગવી રહેલી ગંગાએ શેકતાપ માટે સળગાવેલી અંગારા ભરેલી ઠીબમાં એ પડ્યાં. અગ્નિનો એક મોટો ઝબકારો થયો.

શેઠને ત્યાં થયેલા પુત્રજન્મની ખુશાલીમાં ફૂટેલા દારૂખાનાના એક ગભારાએ પાસેનું ઝૂંપડું સળગાવ્યું હતું. એના પ્રકાશમાં ઠાકોરે ગંગાનું મોં જોયું.

એના મોં પર કોઈ અજબ ખુશી છવાયેલી હતી.

ઠાકોરે ગંગાના એ મોંને પોતાની છાતીમાં સમાવી દીધું.

દારૂખાનું ફૂટ્યે જતું હતું.

# પ્રેમલક્ષણા

## [ વાર્તા બારમી ]

શહેરના એક અંધારા ખૂણામાં આછી વસ્તીવાળા એક મકાનમાં, ચોવીશે કલાક નિર્જનતા છવાયેલી રહેતી. દિવસે અર્ધ ખુલ્લી બારીઓ વાટે સૂર્યકિરણો નાચવા આવી પહોંચતાં, કદી કદી સંધ્યાનો પવન બારીનાં તોરણો સાથે અડપલાં કરતો; પણ આ બધાંનો રસભર ઉપભોગ કરનાર ત્યાં કોઇ દેખાતું નહોતું.

આખા ઘરમાં વસંત અને પાનખર જેવી બે સ્ત્રીઓ રહેતી હતી. મોટે ભાગે બન્ને આખો દહાડો ખાટલામાં પડી રહેતી. થોડીએક વાર કપ–રકાબીના રણકાર થતા ને પાછા ઘરની નિર્જનતામાં સમાઈ જતા; સમી સાંજે ઘરમાં થોડાં પગલાં ગાજતાં. એક પચીસેક વર્ષની યુવતી આમતેમ ફરતી જોવાતી. ગૌર એનું બદન હતું. એનો કેશકલાપ ઠેઠ પગની પાનીને અડતો હતો. રૂપ તો વિધાતાએ ભર્યું ભર્યું દીધું હતું. એ રૂપ ઉપર એક આછી વાદળીછાયા પડેલી દેખાતી હતી. લાંબુની ફાડ જેવાં શરબતી નેત્રોમાં એક જાતની ઉદાસીનતા ભરેલી હતી.

રાતના દીપકો ઝળહળતા ને એક શૃંગાર સજતી. બીજી એમ કરવામાં એને મદદ પહોંચાડતી. આ કારણે એક ઘરની માલિક લાગતી. બીજી એની દાસી હોય તેમ જણાતું હતું: છતાં બન્ને વચ્ચે વયનો ભેદભાવ બહુ ઓછો હતો. વાતચીત પણ ઓછી થતી. મૂક નાટક ચાલતું. યુવતી આયના પાસે બેસતી. દાસી વાળ હોળી અંબોડો ગૂંથી લેતી.

એ કુમકુમ કપાળે લગાડતી, દાસી સેંથો પૂરતી. પછી એ નવયૌવના અર્ધખુલ્લી બારી પાસે આવીને ઊભી રહેતી. દાસી એને વસ્ત્રાલંકાર સજાવતી.

આ મૂંગું નાટક નવેક વાગે પૂરું થતું. યુવતી સજ્જ થઈને એક મખમલી કોચ ઉપર એકાદી નવલકથા લઈ આડી પડતી. દાસી દીવાનખાનું શણગારતી. શરબતના જામ ને શેતરંજ ગોઠવતી. મોટા મોટા તકિયા મૂકી દૂધ જેવી ચાદરો બિછાવતી.

બરાબર સાડા અગિયાર વાગે એક મોટર આવતી–આકાશમાં વીજળીનો ઝબકારો થાય અને અદૃશ્ય થાય એટલી ઝડપથી આવતી, અને એટલી ઝડપથી એ પાછી ફરતી. એક ચાલીસ વર્ષનો પુરુષ મોટરમાંથી ઊતરીને આ મકાનમાં દાખલ થતો. એના આખા દેહ પર અત્તર મહેકતું. હાથમાં હીરાની વીંટીઓ ચમકતી.

પુરુષનો પગસંચાર સાંભળી યુવતી એકદમ ઊભી થઈ સામે સ્વાગત કરવા દોડી જતી. બંને સમવયસ્ક બની જતાં. ઉમ્મરનો ખૂબ મોટો ફેર છતાં બન્ને વચ્ચે કેટલો ગાઢ પ્રેમ! એક માળામાં લપાયેલાં બે પંખીડાંની જેમ બન્ને ચારેક કલાક ગુલતાન કરતાં.

સૂતી દુનિયામાં જાણે ઉલ્લાસની સૃષ્ટિ જાગી જતી. હાસ્ય, ખિલખિલાટ, ધમાધમ, આનંદ, વિનોદ, સંગીત, નૃત્ય ને છેલ્લે છેલ્લે શરાબના જામ!

સવારના ચારેક વાગે ફરી મોટર આવીને ઊભી રહેતી. પુરુષ ગમે તેવી સ્થિતિમાં મોટરમાં હડસેલાતો. મોટર ચાલી જતી. મકાન નિર્જન થઈ જતું!

આ માયાનગરીમાં પાછી એની એ દિનચર્યા! એની એ ઊંઘ, સુસ્તી, આરામ ને નિર્જનતા.

સંસારનું અનન્ત ચક્ર આમ ને આમ ચાલ્યું જતું.

[ ૨ ]

**એવી** જ એક રાત્રી. છેલ્લા આઠ દિવસોથી યુવતીનો શૃંગાર નિષ્ફળ જતો હતો. રાહ જોઈને થાકતી પણ મોટર ન દેખાતી. આખરે આઠ દહાડે ફરી પાછી મોટર દેખાણી. યુવતી કૂદીને સ્વાગત કરવા ધસી. એનાં ઝાંઝર અજબ રણકાર કરી રહ્યાં.

મોટરમાંથી કોઈ ઊતર્યું, પણ પેલો પુરુષ નહોતો. મોટરનો શોફર કરસન હતો.

'બાઈજી, શેઠ તો બે દહાડાની બિમારીમાં ગુજરી ગયા.'

'કરસન, મારે માટે કંઈ કહેતાં ગયા?' આ શબ્દોમાં મરનાર માટે છૂપું દર્દ હતું, પણ જીવનાર માટે ચિંતાય હતી.

'બધાંને માટે કંઈ ને કંઈ કહ્યું, બાઈજી! તમારા માટે લાગણી તો પૂરી, પણ જાહેરમાં બધાંની વચ્ચે કેમ બોલાય?' કરસને શેઠની વતી વકીલાત કરી.

'એમ કે?' યુવતી એટલું બોલીને કંઈક વિચારમાં પડી ગઈ. થોડીવારે એણે કહ્યું: 'ભલા, મને શેઠાણી પાસે લઈ જઈશ?'

'મારું કામ નહિ. ટેક્સી ભાડે લાવી આપું. આપ જાઓ. હું લઈ જાઉં તો મારો રોટલો ટળી જાય. પણ એક વાત કહું! સેન્ડહર્સ્ટ રોડના એક શ્રીમંતપુત્ર તમારી ઉપર ભારે ચાહના રાખે છે. તેમણે મને કહી રાખ્યું છે.'

'કરસન, એક વખતે એક પુરુષ, બીજાનું મોં પણ જોયું નથી. શેઠ, મારો કદરદાન ગ્રાહક હતો. મને એના માટે લાગણી છે. હવે જો પેટપૂર મળી જાય તો બીજા પુરુષનું મોં જોવું પણ નથી. શેઠાણીને મળી જોઉં!'

થોડીવારમાં ટેક્સી આવી. યુવતી એમાં બેઠી. અંધકાર ભરેલા માર્ગો

વટાવતી એ રાજમાર્ગ ઉપર દોડવા લાગી. આખરે એક મોટી હવેલી પાસે આવીને ઊભી રહી.

ચાકર યુવતીને શેઠાણીના કમરામાં લઈ ગયો. શોક દર્શાવવા માટે આવેલ સ્ત્રીઓ હમણાં જ ગઈ હતી.

શેઠાણી સ્થૂલ શરીરવાળાં હતાં. દેહમાં સૌંદર્ય નહોતું એમ નહિ, પણ નાની ઉંમરથી અતિ શોખમાં ઉછરેલાં હોવાથી, અતિ વિલાસે એમના સ્ત્રીદેહનું આકર્ષણ શોષી લીધું હતું. આ અપરિચિત યુવતી શોક દર્શાવવા આવી હશે, એમ સમજી શેઠાણીએ આવકાર આપ્યો. એક મોટી બિછાત ઉપર બંને બેઠાં. બંને જણાંએ એક બીજા સામે જોઈને આંસુ વહાવ્યાં. પછી શેઠાણી બોલ્યાં :

'બહેન, તમે કોણ છો ?'

'હું તમારી બહેન છું.'

'મારી બહેન ? હું તો તમને ઓળખતી પણ નથી.' શેઠાણી કંઈક રોષમાં બોલ્યાં.

'જરૂર, ન ઓળખો, પણ શેઠસાહેબ રોજ મારે ત્યાં આવતા, ને તમે અધૂરા રાખેલા સાંસારિક જીવનના અધૂરા ઓરતા મારી પાસે પૂરા કરતા. તમે એમનાં પત્ની, હું એમની ઉપપત્ની.'

'શું તું જ તેમને મારનાર રાંડ વેશ્યા ?'

'બહેન, નારાજ ન થશો. મારનાર નહિ પણ જિવાડનાર.'

'તું જિવાડનાર ? રાંડ, તેં જ મારું સૌભાગ્ય લૂંટ્યું.' શેઠાણીના મુખમાંથી ક્રોધને લીધે પૂરા શબ્દો પણ બહાર નીકળતા નહોતા.

'બહેન, શાન્ત થાઓ ! હું મારનાર નહિ પણ જિવાડનાર છું. જાણો છો કે તમે પરણ્યાં ત્યારે શેઠને નાટક-ચેટકનો ખૂબ શોખ હતો. એ કેટલીય નૃત્યરાણીઓની કલબોના સભાસદ હતા. શેઠ જુવાનીમાંથી જ કુછંદે ચડેલા. અમારી ગલીમાં રોજ આવતા. એ

રીતે જો આવતા રહ્યા હોત તો કોઈ ભયંકર ચેપ એમને ક્યારેક ભરખી ગયો હોત. એક દહાડો મને દયા આવી. મેં એમને આ માર્ગમાંથી ભાગી છૂટવા કહ્યું, પણ તેમને તમારા તરફનો સંતોષ નહોતો. એ સંતોષ માટે હું એમની બની. એમને જાળવી રહી. એમણે મને જાળવી. જીવનભર જાળવવાના કોલ આપ્યા.

'રાંડ, મારા ઉપર ઊલટું આળ ચડાવે છે? નીકળ અહીંથી!' શેઠાણી ક્રોધમાં ઊભાં થઈ ગયાં.

'નારાજ થશો મા, બહેન! બહુ ઘોંઘાટ મચાવશો, તો મરેલાની આબરૂ પર પાણી ફરશે. અત્યારના દીકરા ભીષ્મના અવતાર નથી. એ તો બાપનું ઘસાતું સાંભળશે તો બાપને પણ ભાંડશે. શેઠનું સારું નામ કે ખોટું નામ હવે મારા કે તમારા હાથમાં છે. બહેન! મેં તમારા પતિને મન, વચન ને કાયાથી ભજ્યા છે. મેં તો એમને આ વાડીવજીફા લૂંટાવતા અટકાવ્યા. મારી જગ્યાએ બીજી હોત તો આજે તમારી સ્થિતિ જુદી હોત! અને મેં પણ ઓછું સહ્યું નથી. મારા ટોળામાંથી ભાગી છૂટવું એટલે કંઈ રમત વાત છે? છ મહિના સુધી ગુંડાઓ છરીઓ સાથે ગલીએ ગલીએ મને શોધતા ફર્યા હતા. દેશ-નિકાલની સ્થિતિમાં કેવળ એક મકાનની ચાર દિવાલો વચ્ચે બાર બાર વર્ષ વીતાવ્યાં. આજે હવે ક્યાં જાઉં? ટોળામાંથી છટકેલું પંખી ફરી ટોળામાં આશરો ન પામે.' યુવતીની આંખોમાં આંસુ હતાં.

'તારે જવું હોય ત્યાં જા. જહન્નમમાં જા!'

'જહન્નમમાં પણ મને કોણ સંઘરશે? અને તમે ટેકો આપશો, તો હવે એક ગૃહસ્થ સ્ત્રી થઈને રહીશ. બહેન, પાપણી છું. પ્રભુને ભજીશ. મારી સાથે તમારું પણ કલ્યાણ વાંછીશ. વધુ નથી માગતી. જિંદગી શાન્તિથી, સાદાઈથી પૂરી થાય એટલું આપો. આ કરોડોની મિલકતમાં એથી ઓછપ નહિ આવે!'

'રાંડ, મારા કૈલાસવાસી પતિને બદનામ બનાવી મને લૂંટવા આવી છે? ચાલી જા, નહિ તો ભૈયાને બોલાવું છું.' શેઠાણીએ ક્રોધમાં ભૈયાને બૂમ મારી.

'બહેન, આ તું ભૂંડું કરે છે. મને સારી રહેવા દે! ભૂંડી ન બનાવ! પગે પડું! મારી જાત પર મને ન લઈ જા!'

પણ એ વધુ કંઈ કહે તે પહેલાં ભૈયો આવી પહોંચ્યો હતો, યુવતી વખત સમજી નીકળી.

અગિયારેક વાગ્યા હશે. ટેક્સીમાં એ ઘેર પહોંચી ગઈ.

[ ૩ ]

**શાહેરનાં** છાપાંઓમાં છેલ્લા દિવસોમાં ધમાલ ચાલતી હતી. શોભના નામની એક વેશ્યાએ ગામના ધનપતિ શેઠના વારસદારો ઉપર એકનિષ્ઠ રખાત તરીકેના હકથી મિલકતમાં ભાગ માગ્યો હતો. છાપાંઓને તો સોનેરી તક મળી હતી. કેટલાક શેઠાણી તરફ થઈ ગયાં હતાં. કેટલાંક પેલી રખાતની તરફદારી કરતાં હતાં.

કોર્ટ કચેરીઓ ઊભરાઈ ઊઠી હતી. આવા કેસો જ કચેરીના પ્રાણરૂપ હતા. લાંચ ને રુશવતનાં બજાર ગરમ થઈ ગયાં હતાં. વકીલો આવી ફી ઉપર નવી મોટરોના વિચાર કરતા.

કેસ ખૂબ લાંબો ચાલ્યો. એવા કેસો ટૂંકા ચાલતા નથી. ટૂંકા ચલાવવામાં મરનાર સિવાય કોઈને ખાસ લાભ હોતો નથી.

આખરે કોર્ટનો ચુકાદો આવી પહોંચ્યો.

ન્યાયાધીશે ચુકાદો આપ્યો. એમણે શોભનાએ રજૂ કરેલા કાગળો ને પુરાવાઓથી નક્કી કર્યું કે એ સદા એકનિષ્ઠ પત્નીની જેમ જ રહી છે. શેઠને જો તક મળી હોત તો તેઓ તેને ઠીક ઠીક મિલકત આપી જાત. આથી શોભનાને શેઠની કરોડોની મિલકતમાં ભાગીદાર ઠરાવું છું: છતાં આવી સ્ત્રીઓ પ્રત્યે સમાજની ભાવનાને લક્ષમાં રાખી રૂા. ૫૦,૦૦૦ આપી ભાગમાંથી છૂટી કરવાનો હુકમ કરું છું.'

શહેરમાં હાહાકાર વર્તી ગયો. થોડે દિવસે રૂા. પચાસ હજાર શોભનાને પહોંચાડવામાં આવ્યા. ધીરે ધીરે આ ચર્ચા શાંત થતી જતી હતી, ત્યાં એક દહાડો દરિયાકિનારેથી એક સ્ત્રીની લાશ મળી આવી.

એના શરીર ઉપરથી, ઘરમાંથી ને બીજેથી ત્રણ કાગળો મળી આવ્યા. એમાં લખ્યું હતું, કે—

'હું જાઉં છું. જન્મીને હું સુખ પામી નથી. મારું પૂર્વજીવન ભયંકર છે. હું શેઠને પાપી માનતી નથી. દરેક માણસ સાધુ નથી: કુદરતે જ પુરુષમાં સ્ત્રી તરફ આકર્ષણ મૂક્યું છે. એ પણ જીવનની ભૂખ છે. લગ્ન એ આકર્ષણને સીમામાં રાખનારી રચના છે, છતાં ઘણાં લગ્નો રૂઢિ બન્યાં છે. આકર્ષણ એમાંથી સરી ગયું હોય છે, અથવા ઝટ સરી જાય છે ને આકર્ષણની ભૂખ ભયંકર હોય છે. ભૂખ્યો જે કરે, એ શેઠે કર્યું.

'કર્યું અને નિભાવ્યું. મારી સાથેના સંબંધથી એમના સામાન્ય ચારિત્ર્યમાં કોઈ બટ્ટો નથી આવ્યો. એણે બધાં કામ સારી રીતે નિભાવ્યાં. કોઈને અન્યાય ન કર્યો. મારી તરફ વળ્યા પછી કોઈની મા-બહેન તરફ નજર ન કરી. તરસ્યો પરબ તરફ અવશ્ય જુએ. પાણી પણ માગે. ખોબો પાણી પીએ પણ ખરો. એમાં સૂગ શી! અમે એકબીજાનાં થઈને રહ્યાં. મેં ખાનગી રાહે ભરણપોષણ મેળવવા ચાહ્યું હતું. કારણ કે નહિ તો મારે ફરી અધર્મના ધંધામાં જવું પડે. પણ શેઠનાં પત્નીને ન રુચ્યું. મારે કમને શેઠના વારસદારો સામે દાવો કરવો પડ્યો હવે ગામમાં શેઠની બદબોઈ થાય છે. હું એ સહન કરી શકતી નથી.

'કાંચન મારી પાસે આવ્યું, એટલે ફરી મતલબી લોકો આવતા-જતા થયા છે. ઘણા હરામહાડકાંવાળા લોકો અમારા જેવી સ્ત્રીઓ-

ની શોધમાં રહે છે. કમભાગી સ્ત્રી કમાય અને પોતે એ કમાણી પર લહેર કરે. તેઓ મને લલચાવે છે, ધમકાવે છેઃ મારે મારા ટોળામાં જવું જોઈએ; પણ હવે ત્યાં મારું સ્થાન નથી. હું હવે સહુને જન્મ ને મૃત્યુ આપનાર પરમાત્માને ખોળે જાઉં છું. જવાનું મને દુઃખ નથી. મને મળેલી ૫૦,૦૦૦ ની રકમમાંથી ૧૦,૦૦૦ મારી દાસીને આપવા સિવાય ૪૦,૦૦૦ કોર્ટને સોંપું છું. મારા જેવી દુખિયારીઓ માટે વાપરે—શોભના.'

શોભના ગઈ. પોલીસે એના મડદાને કાયદેસર તપાસ માટે ચીરવા હોસ્પિટલમાં મોકલ્યું. જીવતાં ચિરાયેલા દેહ, મર્યા પછી ચિરાય એમાં નવાઈ શી ? પણ શોભનાને એની ક્યાં પરવા હતી ? એ તો આકાશની કોઈ રંગભરી વાદળીઓમાં છુપાઈ ગઈ હતી.

# કામ ને પ્રેમ

## [ વાર્તા તેરમી ]

**નવલ** એક ફાંકડો જુવાન હતો. વર્ષ તો થયેલાં પંદર કે સોળ પણ દેહનો બાંધો સારો. બચપણમાં જ બાપ મરી જતાં માએ છાશરોટલે ઉછેરેલો, છતાં ઉનાળે આંબા મહોરે એમ એ ફાંકડો જુવાન થયો હતો. સાહસ ને શૌર્યનો એ રસિયો હતો.

ભર ચોમાસે જ્યારે નદી બે કાંઠે હિલોળા લેતી હોય, ત્યારે બધાંની ઉભરાણ વચ્ચે નવલ નદીમાં કૂદી પડે ને મોટી વામે તરતો તરતો બહાર નીકળે. ગામમાં હડકાયા કૂતરાના સમાચાર આવતાં તો એ કડિયાળી ડાંગ લઈને સામો કૂદે, ને ઘર બંધ કરીને બેઠેલા મોટી મૂછોવાળા મર્દોને ભયમુક્ત કરે.

ઘણા લોકો વાતો કરતા કે એક વખત ગામને રંજાડતા બદમાશ કાબૂલીને બે ઘૂંસા સાથે નવલે ભોં ભેગો કર્યો હતો.

અને નવલ કદી કદી હોળીની રાતે જ્યારે ડાંડિયા લેતો ને હીંચ ઉપર ઊતરી પડતો, ત્યારે ગામ આખું જોવા મળતું. મોટી મોટી છલાંગો લેતા એના દેહની છટા એ વખતે મોહ પમાડે તેવી થતી. ઘણીય સ્ત્રીઓ એને આતુર નયને નિહાળી રહેતી.

અસાડે જ્યારે આકાશ ધીરું ધીરું ટપકતું હોય, ને આંબે હજીય કેરીઓ લટકતી હોય ત્યારે ડાળે મોટું દોરડું બાંધી હાથમાં વાંસળી લઈ

નવલ હીંડોળે ચઢી બેસતો. એ વેળા એની વાંસળીના વહેતા સૂર ઘણાં હૈયાંને સ્મૃતિરૂપ બની જતા.

આમ હોવા છતાંય બધા લોકો કહેતા કે નવલ બીજા જુવાનિયાઓની જેમ ગામમાં વકરેલા સાંઢ જેવો નથી, હાથી જેવો ગરળવો છે.

ચંદ્રથી રૂપેરી બનેલી એક રાત ને નવલ ખેતરવાહે હતો. ગામના ભાયાતની જમીન એણે વાવેલી. શેરડીને રોપે અત્યારે તો વખત થઈ ગયેલો. માથોડું માથોડું મોટી થયેલી શેરડી ભલભલાના મુખમાં પાણી લાવી મૂકતી. ઘણા હરામીઓ કંઈક પરાક્રમ કરવાનો વિચાર કરતા, પણ નવલની પાકી ચોકીદારી એ વિચારને પડતો મુકાવતી.

આકાશની મધ્યમાં ચંદ્ર આવ્યો ને દૂર દૂર સુધીનો પ્રદેશ રમ્ય બની ગયો. તારલિયાવાળું નિરભ્ર આકાશ ને વ્યાપેલી નિગૂઢ શાન્તિ, ઊંચે માંચડે બેસી નવલ સૃષ્ટિસૌંદર્ય માણી રહ્યો હતો. હાથમાં ગોફણ હતી, ને પગ પાસે પતરાંનો ડબ્બો પડ્યો હતો, નજીકમાં જ પથરાના ઢગલા ઉપર એની ફરસી પડી હતી. મોમાંથી દયારામની ગરબીની એક ટૂંક ગવાઈ રહી હતી. ચિત્તાના જેવી એની ચપળ આંખો ચોતરફ ચોકી કરી રહી હતી.

એટલામાં સૂવરોનું એક ટોળું દોડતું આવ્યું. આવીને શેરડીના વાઢમાં પાછળના રસ્તેથી ઘૂસ્યું. સૂવરને મન શેરડી તો અમૃતપાન. ભલેને દેહ પર ગમે તેવા ઘા પડે પણ મોંથી એ સ્વાદ ન છૂટે.

નવલે ટોળાને જોયું ને ગોફણ હવામાં વીંઝી.

'સનનન'...ને જોરથી એક મોટો પથરો બરાબર ટોળાની મધ્યમાં પડ્યો. ટોળું ભડક્યું ને એકદમ માંચડા તરફ ધસ્યું. નવલે ગોફણ પર ગોફણ આફળવા માંડી પણ નિરર્થક. પાકને છૂંદી નાખતું ટોળું આગળ વધ્યે જ જતું હતું. જો એને ખાળવામાં ન આવે તો ઘડી બે ઘડીમાં મહિનાઓની કાળી મહેનત બરબાદ થઈ જવાની હતી.

નવલે જોતજોતામાં ફરસી હાથમાં લીધી, ને માંચડેથી નીચે કૂદ્યો, વીજળીવેગે આગળ ધસ્યો ને બે હાથે આગળના સૂવર ઉપર ફરસી ઝાટકી. લોહીનો ફુવારો ઊડી રહ્યો. ટોળું પાછું ફર્યું પણ પેલા ઘાયલ સૂવરે મરતાં મરતાં માથું ઉછાળ્યું, ને પાસે ઊભેલા નવલના દેહમાં પોતાની કાતીલ કાતી ભોંકી દીધી.

નવલે બીજી વાર ફરસી ઊંચી કરી પણ નિરર્થક !

નવલ ને સૂવર બન્ને નીચે પડ્યા. લોહીના ફુવારા શેરડીના ખૂંદાયેલા રોપાઓને પલાળી રહ્યા.

ચંદ્ર આકાશથી નીચે સરતો હતો. વનેચરો બખોલમાં આરામ લેવા ચાલ્યાં ગયાં હતાં. નાનાં નાનાં શિયાળવાં હજીયે કિકિયારીઓ કરતાં ફરી રહ્યાં હતાં, ને બન્ને બહાદુર હરીફો લોહીમાં તરબોળ થઈ નિશ્ચેતન પડ્યા હતા.

પો ફાટ્યો ને પ્રભાત થયું, ત્યાં તો ખેતરમાં આવેલા સાથીએ બધે વાત ફેલાવી દીધી. નવલની વિધવા મા રોતી કૂટતી ખેતરમાં પહોંચી. લોહીમાં તરબોળ નવલને જોઈ એણે રોતાં-રોતાં હજાર દેવોની માનતા માની, ને કયા દેવ વિમાને ચઢી ભીડ ભાંગવા આવે છે એની રાહ જોવા લાગી.

ખેતરના માલિક ભાયાત કિસનસિંહ આવી પહોંચ્યા. દુનિયાનાં સુખદુઃખોને સારી રીતે જોઈ ચૂકેલા એ સજ્જન પુરુષ હતા. રોતી વિધવા માતાને 'નવલ મારો પુત્ર છે,' એમ આશ્વાસન આપીને પોતાને ઘેર લઈ ગયા, ને દવાદારૂ શરૂ કર્યાં.

ખભા ઉપરનો ઘા કારી હતો. વેદના અકારી હતી, છતાં બધું દર્દ સહન કરી ચૂં કે ચાં કર્યાં વિના નવલ મર્દની જેમ પડ્યો રહ્યો. મેડી ઉપરના એકાન્ત ઓરડામાં નવલને રાખવામાં આવ્યો હતો. અવારનવાર આવતા સ્નેહીજનોથી એ એકાન્ત ઓરડો ભર્યો રહેતો.

ભાયાત કિસનસિંહને પુત્રરત્નો ઘણા હતા, પણ કન્યારત્ન એક હતું. એનું નામ માણેક. વય ચૌદની હતી. નામ એવું રૂપ હતું. એની પણ હતી ભરજોબન અવસ્થા. સારા ઘરના અભાવે, સારા ઘરની કન્યા હજી અવિવાહિત હતી.

ગામડાનું આ માણેક, નગરસુંદરીઓની દૃષ્ટિએ બહુ અપ ટુ ડેટ નહોતું, છતાંય એને કોઈ રૂપહીન કહી શકે તેમ પણ નહોતું. એ પણ જો અર્ધનગ્ન પોશાક પહેરે, કામદેવના મર્મસમા અવયવોને અર્ધખુલ્લા મૂકે, નયનોમાં ચંચળતા ને ચાલમાં ઠસ્સો પૂરે, તો હરીફાઈ કાતીલ બને. તો હરીફાઈમાં કોણ હારે–આ કહેવું મુશ્કેલ હતું. પણ માણેકના સ્વભાવમાં એ નહોતું. સંસ્કારમાં તો ક્યાંથી હોય ?

માણેકનું રૂપ જોવા માટે તો અંતરની આંખ જોઈએ. આ આંખ તો ઘણી વાર કાંટાળું રૂપ જુએ છે. એને માટે જુદી આંખ જોઈએ. માણેકનાં આછા શ્યામ અવયવો ઘાટીલા ને માસલ હતા. ખેતીમાં, ઘરકામકાજમાં એ જોઈએ તેટલા કસાયેલા હતા. મુખ પર એક આછી સ્મિતની રેખા હંમેશાં રમતી રહેતી. માણેક ઘણીવાર નવલને જોવા પોતાની મા સાથે મેડી પરથી આવતી ને દૂરથી જોઈ ચાલી જતી.

[ ૨ ]

**પ્રકૃતિએ જ** પુરુષ ને સ્ત્રીમાં પરસ્પર આકર્ષણ મૂક્યાં છે. ગમે તેટલા પ્રતિબન્ધો પછી, કરી શકાય તેટલા જુલમો પછી પણ એ અભેદ્ય ને અપ્રતિહત રહે છે.

એ જુવાન હૈયાંનાં આકર્ષણ સ્વયંભૂ છે. અવસ્થાગત છે. કીધાથી થાય નહિ, જોડ્યાથી જોડાય નહિ, આપમેળે પ્રગટે ને આપમેળે પમરે.

નવલ ને માણેક તેઓ પોતે જાણે નહિ તે રીતે આ આકર્ષણમાં હતાં. કોરી કિતાબ પર નવા આંકડા પડતા હતા. નેત્રેનેત્ર ભેટી હૃદયના પાઠ વાંચી લીધા હતા, છતાં હજી બધું અપ્રગટ જ હતું.

'બેટા, જા તો, નવલને દવા લગાડી પાટો બાંધી આવ. મારે હમણાં કામ છે.' માતાએ માણેકને આજ્ઞા કરી.

મનગમતી વાત છતાં થોડી આનાકાની બાદ માણેક દવાના પાત્ર સાથે ઉપર ચાલી ગઈ.

નવલ નિદ્રાધીન હતો. નિદ્રામાં પણ કોઈ રમ્ય સ્વપ્નમાં હશે, કોઈ મનોહર સૃષ્ટિમાં રાચી રહ્યો હશે એમ મુખ ઉપર તરવરતું આછું હાસ્ય બતાવતું હતું. માણેકે ખાટલા પર બેસી પાટો બાંધવો શરૂ કર્યો.

એકાન્ત, આકર્ષણ ને યુવાન અવસ્થા: સાકી, શરાબી ને શરાબ–ત્રણેની ત્રિપુટી જામી. હવે શું થશે, તે કોણ જાણે? સ્વપ્નમાં પડેલો નવલ ચમક્યો. સરી જતી સ્વપ્નસ્થ સુંદરીને પકડવા એના હાથ એકદમ પહોળા થયા, ને પહોળા થયેલા હાથ એકદમ ભિડાઈ ગયા. અજાણતાં માણેકને ગાઢ સ્પર્શ થઈ ગયો.

'હાં, હાં, નવલ! આ શું કરો છો?' માણેક સ્પર્શથી દૂર ન થતાં બોલી.

નવલ ભૂલ સમજી ગયો. અરે! આ શું કર્યું? જીવનદાતાની પુત્રી તરફ આવો વર્તાવ! અને આવા વર્તાવની સામે તો આ દુનિયામાં તલવારના ઝાટકા ઊડે! નવલ ઓશિયાળો થઈ ગયો. એના હાથ ઢીલા પડી ગયા. શરીરે પ્રસ્વેદ વળી ગયો.

'માણેક! માફ કરો. સ્વપ્નના નશાએ આ કર્તવ્ય કરાવ્યું. ખાતરી રાખશો કે ફરીથી ભૂલ નહિ થાય. તમે તો મારાં બે–'

માણેકે વાક્યને અડધે રાખવા નવલના હોઠ પર હાથ દાબ્યા. એ મધુર સ્પર્શસુખ માણતો નવલ બબડી રહ્યો:

'અરેરે! મેં આ શું કર્યું? હે પ્રભો, મારા ગુનાની માફી મળશે કે નહિ?'

નવલની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. નવલને આમ દુઃખી થતો માણેક જોઈ ન શકી. સ્વસ્થ થતી એ ફરીથી એના ઉપર ઢળી પડી. એણે આંસૂ લૂછી લીધાં.

માણેકે માફીયે ન આપી કે દિલાસોયે ન આપ્યો, છતાં આપવાનું બધું આપી ચૂકી. આ સ્વર્ગ છે, કે પૃથ્વી એનું ભાન નવલને નહોતું. ભિખારીના ભાણામાં બત્રીસાં પકવાન્ન પિરસાઈ ગયાં હતાં.

જગત તો અંતરાયોથી ભરેલું છે. પણ નવલ અને માણેકના આ આકર્ષણને જગતના અંતરાયો ના નડ્યા. નવલ બહુ જલદી સાજો થયો. ભાયાત કિશનસિંહની અનુભવી આંખે બધું નિહાળી લીધું હતું. જોડાયેલાં હૃદયોને ભિન્ન કરી, છૂંદી નાખતાં એનું દિલ ન ચાલ્યું.

શાણા ભાયાતે નવલ ને માણેકની જોડી મેળવી આપી. ગામે સેવક ને સ્વામીની પ્રશંસા કરી. રૂઢિનાં બંધને જોડાયેલાં દંપતી આકર્ષણના બંધથી બંધાયેલાં દંપતીના રસ–ઊર્મિભર્યાં જીવનને શું જાણી શકે?

પછી તો કિશનસિંહે નવલને પોતાની ઓળખાણના બળે નજીકના શહેરમાં એક મોટા શેઠને ત્યાં નોકરી અપાવી. ગામડાની ધૂળ છોડી ચમકતી રોશની ને રેશમ જેવા રસ્તાવાળા શહેરમાં જ્યારે નવદંપતી આવ્યાં ત્યારે બહુ હરખાયાં.

થોડો સમય વીત્યો ત્યાં તો નવલની મીઠી રીતભાતે અને સાચી વફાદારીએ શેઠનું મન જીતી લીધું. શ્રીમંતાઈ હમેશાં જોખમમાં જીવતી હોય છે. જવાબદારી સમજનાર વફાદાર નોકરનું સ્થાન ત્યાં નિરાળું હોય છે. જોખમદારીનાં કામ હંમેશાં નવલને સોંપાતાં: ને નવલ અણીશુદ્ધ પાર ઉતારતો. બધાં નવલનું માન રાખતાં.

[ ૩ ]

'**નવલસિંહ**, લો આ તમારાં પત્નીને આપજો !' વીજળીના જેવા ઝબકારા મારતી શેઠની પુત્રી સુશીલાએ નવલને મુંબઈથી આવેલી મોતીની માળા આપી. સાચી કે ખોટી એનો પ્રશ્ન નહોતો.

'ના, ના, અમારે એ ભપકા કેવા ?' નવલે સભ્યતા બતાવી, પણ ભલમનસાઈની મૂર્તિ સુશીલાનો આગ્રહ અતિ હતો. નવલે નીચી નજર રાખી માળા લીધી. યુવતીની ઉદારતા ઉપર એ વારી ગયો.

સમય વીતતો ગયો. સુશીલા નવલ ઉપર વધારે ને વધારે મહેરબાની બતાવવા લાગી. પરસ્ત્રીને ઊંચી નજરથી ન જોવાનું નવલનું નીમ, સુશીલાના અતિસહવાસથી મોળું પડવા લાગ્યું. હવે તો એને સુશીલાના તેજોવંત રૂપરાશી પાસે ઊભા રહેવામાં, મોતીના દાણા જેવી એની દંતપંક્તિઓ જોવામાં, ફૂલ વેરાતાં હોય એવી એની વાણી સાંભળવામાં મજા આવવા લાગી.

ગરમીના દિવસો હતા ને સળગતું આકાશ હતું. શેઠનું આખું કુટુંબ મસુરી ઉપર હવા ખાવા ગયું હતું. શેઠથી બજારની ઊથલપાથલને અંગે જવાય તેમ નહોતું. નવલને સંરક્ષક તરીકે મસૂરી જવાનું થયું. નવલની વફાદારી નીચે બધાં સલામત હતાં.

સંધ્યાનાં આછાં તેજ મસૂરીના બંગલાઓ ઉપર ઢોળાતાં હતાં. તપેલાં ચંપાનાં ફૂલોમાંથી હવે શીતલ પરિમલ વહેતો હતો. કેસૂડાંનાં વિખરાયેલાં પુષ્પો રસ્તા ઉપર નવરંગ ભાત પાડી રહ્યાં હતાં, ફૂલોને ભમરા ઊછળી ઊછળીને ચૂમતા હતા, કારણ કે વિયોગની ઘડી સમીપ હતી.

સુશીલા નવલને લઈ ફરવા નીકળી હતી. સંધ્યાના રંગો સાથે સ્પર્ધા કરતા પોતાના દેહની રૂપરાશીમાં સુશીલા ભલભલા પુરુષોને પતંગિયું બનાવી રહી હતી. એનો આછો રેશમી સાળુ વારે ઘડીએ

મસ્તકથી સરી પડી, કેશમાં ગૂંથેલા ગુલાબોના પરિમલને વ્યક્ત કરતો હતો. ફરતાં ફરતાં એક વૃક્ષઘટાની પાછળ તેઓ આવી પહોંચ્યાં.

એ વખતે એક પ્રોફેસર સામેથી આવતા મળ્યા. તેઓ લગભગ ત્રીસેક વર્ષના હશે, પણ કુંવારા હતા. સ્ત્રીસ્વતંત્રતાના પક્ષપાતી હતા. થોડાએક કુશલવર્તમાન એકબીજાએ પૂછ્યા. પછી બે મલ્લ સામસામે મળતાં, જેમ કુસ્તી કરવા લાગી જાય, તેમ એ તર્કવાદની કુસ્તીએ ચઢી ગયાં.

'સ્ત્રી અને પુરુષ વિષે તમારા વિચારો કેવા છે?' સુશીલાને પોતાના સ્ત્રીત્વનો જાણે નશો વ્યાપ્યો હતો.

'એ વિશે હું રાતદિન વિચાર જ કર્યા કરું છું, સુશીલા બહેન!'

'બહેન? હું તમારી બહેન?'

'બહેન એટલે કોઈ હાઉ નથી. શબ્દના તો અનેક અર્થ હોય છે. અરે, જાણો છો કે જૂના વખતમાં ભાઈ ને બહેન પરણતાં.'

'હા હા, ભાઈ–બહેન પરણતાં હતાં. યમ ને યમી કોણ હતાં? પણ ફણી સાહેબ! પરણવું એટલે શું? પરણવાનો આપણા ચોખલિયા લોકો ઘણો વિચિત્ર ને ગંભીર અર્થ કરે છે.' સુશીલા આજે દેવીપદે બિરાજી હતી. પ્રો. ફણીના પુરુષત્વ પર એ આફરીન હતી. એ બોલી:

'જાણો છો કે બાર પુરબિયા ને તેર ચોકાવાળો ચોકાધર્મ કેવો હોય છે? પોતાની રસોઈ પોતે જમે. પોતાની રસોઈને કોઈ અડે એટલે થઈ રહ્યું! ચોકાની બહાર જવાય નહિ! ચોકાની બહાર જમાય નહિ. આ ચોકાધર્મ તમને ગમે?'

'એ બ્રાહ્મણોને સોંપ્યો. પાશેર અન્ન ખાવું એમાં તે આટલી ધમાધમ શી! કોઈ અડી જાય તો શું રસોઇમાં ઝેર ભળી જાય છે?' પ્રોફેસરે ગામડાના બ્રાહ્મણો વિષેની પોતાની જૂની ચીડ પ્રગટ કરી.

'શાબાશ. મારું એ જ કહેવું હતું. કોઇ અડે–કોઈ સ્પર્શ કરે

એમાં શું થઈ જાય છે ?' સુશીલા પ્રોફેસરની પાસે સરી. એમના ખભા પર હાથ મૂક્યો.

'કોઈ અડે એમાં કંઈ દૂષણ આવતું નથી. કોઈના સ્પર્શે કંઈ વિકૃતિ થતી નથી. કોઈની સાથે હસે–રમ્યે પાપ–ફાપ પ્રવેશતું નથી. આ તો રોતી સૂરતોનું ઊભું કરેલું ચોખલિયાપણું છે. મિસ સુશીલા, જેવો એ ચોકાધર્મ હંબગ છે, એવું આ પરણવાનું ચોકાબંધન પણ નિરર્થક છે. અલબત્ત, સારું જમો, સારી રીતે જમો, સારા સ્થળે જમો, એ જેમ પેટક્ષુધા માટે જરૂરી છે, એમ જાતીયક્ષુધામાં પણ એ બધું જોવાની આવશ્યકતા છે. બાકી તો ક્ષુધા લાગી ને નીરોગી રીતે તૃપ્તિ કરી લીધી, ને પછી પોતપોતાનાં કામમાં મશગૂલ બન્યાં ! ન કંઈ ઝંઝટ કે ન કંઈ જંજાળ !' પ્રોફેસર આટલું જ્ઞાન આપતાં થંભ્યા.

'આપણે ત્યાં એક યુવક ને એક યુવતી વચ્ચે પ્રેમ થયો, એટલે હજાર જંજાળ એનું લોહી પીવાની. અનેક રિવાજો, અનેક રૂઢિઓ, અનેક ભૂતાવળો, અનેક અંતરાયો સામે આવી ખડાં થઇ જવાનાં ને એ દૂર કરતાં બિચારાઓની આખી જિંદગી ખતમ થઈ જવાની ! જે માટે ફક્ત કલાકો જોઈએ, એને માટે આખું કીમતી જીવન બરબાદ ! ન તમે દેશના કામના, ન સમાજના, ન ધર્મના ! આપણો દેશ પછાત છે એનું સાચું કારણ પણ શું છે ?' સુશીલાએ પણ પોતાના જ્ઞાનનો ફુવારો છોડ્યો.

અજબ જ્ઞાનધારામાં સહુ ભીંજાઈ ગયાં. નવલ બિચારો થોડું ભણેલો શું જવાબ આપે ? સુશીલાની વાત પણ એને કંઈક સાચી લાગતી હતી ! એક રાણકદેવી માટે આખો રા'ખેંગાર ને એનું રાજ ગયું. એક સંયુક્તાની પાછળ પૃથ્વીરાજે દેહને તબાહ કર્યો. એક સ્ત્રી યા પુરુષની સામાન્ય ઈચ્છાતૃપ્તિ આડે તે કેટલી દીવાલો ! કેટલી ધમાલો ! કેટલા

રીતરિવાજો ! એમાં જ્ઞાતિ, ગોળ, એકડા કેટલાં ! કેટલાં બંધનો ! માણુસ તે શું ગમાણનું પશુ છે ? અરે પશુને પણ કેટલી બધી સ્વતંત્રતા હોય છે !

‘ પાપ તો પુરોહિતોએ શોધેલું છે-જેથી એમની દાન-દક્ષિણા ચાલતી રહે. અલબત્ત, જોરજુલમથી જે કાંઈ થાય તેનો હું વિરોધી છું–બાકી તો આજે આપણે બાહ્ય વિશાળ ક્ષેત્રોમાં કામ કરવાનું છે. ઘણાં વર્ષોથી વળગેલાં આ ચોકાબંધનોને હવે ફગાવી દેવાં પડશે. ગૃહકલેશના ખપ્પરમાં કેટલી સ્ત્રીઓ આત્મહત્યા આચરી રહી છે, કેટલીય તમારાં બંધનો અકારાં લાગવાથી પર ધર્મમાં જઈ રહી છે ! મનને ગમ્યાં ને ભેગાં મળ્યાં. તૃપ્ત થયાં ને અલગ થયાં. ફરીને સંસારની ફરજો બજાવવામાં ડૂબી ગયાં. ન ધમાલ ન ઝઘડા ! ન ઘરની ચિંતા, ન અરસપરસની શંકા ! કોઈ અડી જાય તોય અડચણ નહિ ! કહો, આમ થાય તો આપણો સંસાર કેટલો શાન્ત થઇ જાય ? ’

‘ પણ ધર્મની દૃષ્ટિએ......’ સુશીલાનું પાપભીરુ હૃદય બોલ્યું.

‘ધર્મ એટલે શું ?’ પ્રોફેસર આજ તત્ત્વજ્ઞાનનો ખજાનો ખોલીને બેઠા હતા. એમણે ઇતિહાસ, અર્થશાસ્ત્ર ને યૂરોપીય સમાજ-શાસ્ત્રમાંથી શોધી કાઢેલો અર્ક ઢાલવવા માંડ્યો. ‘ ધર્મ એટલે ફરજ ! અરે, ખુદ ધર્મશાસ્ત્રોની વાત કહું ? એમાં શું શું નથી ? પહેલાં આપણે ત્યાં પતિ નિર્માલ્ય હોય તો પત્ની સારા પુરુષ પાસે પ્રજા ઉત્પન્ન કરાવતી. આપણા ઋષિઓ પણ સત્યવતી જેવી માછીમારણને ગર્ભાધાન કરતા, ને એ જ સત્યવતીને પોતાના પિતાને પરણાવવા માટે ભીષ્મ જેવા લઈ જતા ! યજમાન અતિથિને પોતાની પત્ની આપતો : દિયરવટું તો હજી ય ચાલે છે ! ઊંડા ઊતરશો તો તમને મારી વાત સમજાશે.’

‘ આજનું નગ્ન સત્ય એકદમ કોઈને ગળે ન પણ ઊતરે,

કારણકે આપણને ગળથૂથીમાં મળેલા સંસ્કારો જૂના છે. પણ તમારી વાતો અસરકર્તા છે.' સુશીલાએ કહ્યું :

'શાંતનુ રાજાની પત્ની ગંગા કોણ હતી? એ પોતાના પુત્રોને નદીમાં કેમ પધરાવી દેતી? પછી આજની જાતીય જીવન માગતી, પણ સંતાન ન માગતી સ્ત્રીની નિંદા શા માટે?' પ્રોફેસરને પાંખો આવી હતી. એ કોઈ રસભરી, મદભરી કન્યા કે સ્ત્રીને મળતાં આમ અકાળે ફૂટતા પલાશ વૃક્ષની જેમ પાંગરી ઊઠતા.

'એજ શાંતનુ, માછીમાર કન્યા સત્યવતીને પરણ્યા. ભાગવતની કથા કહેનાર એ વાત ધીરેથી કહે છે કે એ જ સત્યવતીને લગ્ન પહેલાં, પરાશર ઋષિથી વ્યાસ નામે પુત્ર થયો હતો. કુંતીપુત્ર કર્ણ વિષે તો તું જાણે છે ને! અવિવાહિતા કુંતીનો એ પુત્ર! કુમારી માતાનું સંતાન!'

સુશીલા પણ યોગ્ય ગુરુની યોગ્ય શિષ્યાના ઉત્સાહથી બોલી: 'ધૃતરાષ્ટ્ર, પાંડુ ને વિદુર કોણ હતા? એ બધા રાજા વિચિત્રવીર્યની વિધવા પત્નીને ઋતુદાન આપીને વ્યાસે પેદા કરેલ પુત્રો હતા. સ્ત્રી જ્યારે સ્વતંત્ર હતી, ત્યારે અવિવાહિતા કે વિવાહિતા, વિધવા કે સધવા સર્વ અવસ્થામાં નિઃશંક રીતે વિચરતી.'

'તને ખબર નહિ હોય કે પાંડુરાજા જાતીય જીવન હારી બેઠેલો. ધર્મ, વાયુ, ઇંદ્ર ને અશ્વિનીકુમારોએ આવીને બંને રાણીઓ સાથે નિયોગ સાધી મહા પરાક્રમી પાંડવોને પેદા કર્યા!'

નવલે ગામડાગામના પુરોહિતોને મુખે ધર્મશાસ્ત્ર સાંભળેલાં, પણ એને માટે આ પારાયણ નવું જ હતું. આ નવું જ્ઞાન એના જૂના કોટકિલ્લા તોડી નાખવા લાગ્યું. આ પયગંબરી વાણીને એ ચાતકની જેમ પી રહ્યો.

'એ વેળા, સુશીલા! સ્ત્રી ને પુરુષ બંને સ્વતંત્ર હતાં. દ્રૌપદીને

પાંચ પતિ ને એ પાછી સતી! એટલે આજે જેમ પુરુષ ગમે ત્યારે પરણે, ગમે તે વયે પરણે, ગમે તે ઉંમરની સ્ત્રીને પત્ની બનાવે, ઉપરાંત અનેક ઉપપત્નીઓ પણ રાખે: એ જેમ સ્વાભાવિક છે, તેમ એ વેળા સ્ત્રીઓને સ્વતંત્રતાને લીધે બધું સ્વાભાવિક હતું: ને આજની આઝાદ સ્ત્રીને પણ એ સહજ છે.'

નવલને ખાતરી થઈ ગઈ કે પુરુષ–સ્ત્રીના સંબંધ વિષે સમાજે ભારે ગોટાળો કર્યો છે. સુશીલા સાચી છે. સ્ત્રી–પુરુષના સ્પર્શમાં કંઈ પાપ નથી, પાપ તો ભાવનામાં છે.

'ધર્મ એ તો અફીણ છે. પુરોહિતોએ ઊભો કરેલો છે. માણસને ખોટા ઘેનમાં રાખી સાચા સુખથી દૂર રાખ્યો છે.' સુશીલાએ વાતને મક્કમ કરી. પ્રોફેસરના ખભાને પોતાનો ખભો અડાડતી એ ચાલી. એકબીજાનાં રસીલાં અંગો પર એકબીજા તીરછી નજર નાખતાં હતાં. એ પાપ નહોતું–રસવૃત્તિ કહેવાતી હતી!

સુશીલા કહેતી હતી: 'ફણી સાહેબ! સ્ત્રી પુરુષની સંજીવની! પુરુષની અમરવેલ સ્ત્રી છે. ભગવાને આવું કીમતી જીવન દુ:ખ માટે, રોવા માટે, હાયવરાળ માટે, આભડછેટ માટે સર્જ્યું હશે? આ બધું તો નિષ્ઠુર ને બૂઢા સમાજે રચ્યું છે! કેવા મૂર્ખ લોકો! ભૂખ લાગી ત્યારે રસોડું શોધવા નીકળે. એમાંય કેટલું ચોખલિયાપણું! જમવું છે પણ અમુક રસોડું જ જોઈએ. રસોડા માત્રથી પતે નહિ, એનો માલિક કોણ, એનો નોકર કોણ; એ પણ જુએ. પછી અમુક ચોકો પસંદ કરે. અમુક ખાણું પસંદ કરે. અમુક સ્થળે બેસીને જ ખવાય. બસ, એ દહાડે જે ખાધું–એ જ હંમેશ ખાવાનું! એ જ હોટલ જોઈએ, એનો એ જ માલિક જોઈએ, એનાં એ જ સ્થળ, સીમા ને બંધન જોઈએ. શું વિચિત્ર પ્રાણી છીએ આપણે! જો આપણા લોકો એક આ વાતમાં સુધરી જાય, તો સમાજમાં અશાન્તિ–નિત્ય દિનની

જે ધમાલો રહે છે, તે કેટલી સમી જાય ? દેશ કેટલો આબાદ, સમૃદ્ધ ને ઉન્નત બને ? કેટલા કોયડા ઊકલી જાય ? કેટલી સમસ્યાઓ સરળ થઈ જાય ? માબાપનો જુલમ, કન્યાઓના વિક્રય, વરના વિક્રય, સાટાં તેઢાં, સાસુના જુલમ, અનાચાર, અત્યાચાર, સ્ત્રી વિષેની નિંદા, પુરુષ વિષેની શંકા, અરે, આ વેશ્યા સંસ્થાની નાબૂદીનો ઉપાય પણ આમાં રહેલો છે !'

સુશીલાની જબાન ઉદ્ધારકની હતી. નવલ એ બંનેને કોઈ મહાન ફિરસ્તાઓના રૂપમાં નીરખી રહ્યો.

પ્રોફેસરે જોરથી હાથ હલાવતાં કહ્યું : 'રસોઈ અને બાળઉછેર– આ બે કાર્યોએ હિંદની તમામ સ્ત્રીશક્તિને રૂંધી નાખી છે. આજે સ્ત્રીઓ એમાંથી છૂટી થાય, જાહેર રસોઈઘરો ને જાહેર પ્રસૂતિગૃહોનો ઉપયોગ કરે; તો દેશના નવનિર્માણમાં કેટલી તાકાત આવી મળે ? હિંદની પિસાતી, ચૂસાતી, ઘરના ચાર ખૂણે ગુલામી જીવન ગાળતી સ્ત્રીસમાજનો ઉદ્ધાર થતાં પછી કેટલી વાર ! ને પછી તો જે હાથ ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે !'

પ્રોફેસર સાહેબે છેલ્લો ધડાકો કર્યો, ને સુશીલાનો કોમળ હસ્ત હાથમાં લઈ, ખૂબ દબાવીને હસ્તધૂનન કર્યું, ને વિદાય લીધી.

[ ૪ ]

**એ પછી** તો દિવસ ને રાત ખૂબ ઉત્સાહમાં વીત્યાં. પરસ્ત્રી સામે સદા ભીરુ બની જતો નવલ હવે હિંમતબાજ બન્યો હતો. પતંગિયાં પકડવામાં કુશળ બન્યો હતો.

એક રાતે સુશીલાએ અચાનક નવલને બોલાવ્યો:

'અરરર...નવલસિંહ, મારા પેટમાં સખ્ત દર્દ થાય છે.' ને સુશીલા એકદમ નવલના શરીર ઉપર ઢળી પડી. હાથી કમળની કળીને ઊંચકી લે તેમ, નવલે સુશીલાને ઊંચકી લીધી. મખમલ જેવા મુલાયમ

દેહે, વસ્ત્રમાંથી નીકળતી આછી અત્તરની ખુશબોએ, આરક્ત સ્થૂળ કપોલપ્રદેશે પુરુષની ચિત્તશક્તિને મદ્યપાન કરાવવા માંડ્યું.

'નવલ! મારા પેટને દબાવો, અંદર કોઈ છુરી ચલાવતું હોય એવું દર્દ થાય છે.'

નવલે કિંકર્તવ્યમૂઢ બની પેટે હાથ દાબ્યો. સુશીલાએ હાથને ખેંચી લીધો ને હસી પડી.

'નવલ, જીવનને ગંભીર રીતે ન જોશો. એ તો આમ જ હસી-રમીને વિતાવી દેવા જેવું છે! આ વસ્તુને ગંભીર તરીકે ન લેખશો, તો જીવનભર મારા મિત્ર તરીકે માન પામશો ને મોજ પણ પામશો. સમાજમાં આબરૂ ને જીવનમાં આનંદ મળશે.'

નવલ રમણીય મૂંઝવણમાં પડ્યો હતો. કામનાં શર એને માણેકથી બેવફા બનાવી રહ્યાં હતાં-પતિપદનું સિંહાસન ડોલી રહ્યું હતું.

પછી તો આવું ઘણીયે વાર બન્યું, ને બધાં મસૂરીની મોજ માણી પાછાં ફર્યાં.

[ ૫ ]

**વિકસિત** ગુલાબ ઉપર તુષારનાં પાણી પડતાં હતાં. ચમકતા ચંદ્રની આસપાસ મેઘના શ્યામ ટુકડા વીંટાતા હતા. વફાદારીની મૂર્તિ જેવી માણેકના મુખ ઉપર ન સમજાય તેવી ઉદાસીનતા પ્રતિદિન છવાયેલી રહેતી. વિકસિત કપોલમાં ખાડા દેખાતા હતા. નયનોમાં ઝબૂકતું તેજ ઝાંખું પડ્યું હતું. જીવનમાં ન સમજાય તેવી શુષ્કતા પ્રવેશતી હતી. ઘણી વાર ભગવાનને એ મૃત્યુ માટે પ્રાર્થતી.

નવલ વહેલોમોડો પણ એક વખત જરૂર ઘેર આવતો. આવતો ખરો પણ અન્યમનસ્ક થઈને. ઘણીવાર કિંમતી ભેટો લાવતો, પણ જરાયે સ્નેહ વગર.

ઘરમાં શોભા-શણગાર ને સંપત્તિ વધવા લાગી હતી, પણ

દંપતીના શણગાર ઝંખવાયા હતા. ન એ નવલ છે, ન એ માણેક છે. વાતવાતમાં હસી પડતો નવલ હવે ક્વચિત હસતો. માણેક મનાવવા ઘણુંયે કરતી પણ નવલ પહેલાંનો નવલ નહોતો. ધસી આવતી માણેકને એ ભેટતો પણ જરાય રોમાંચ વગર. નવલને બધું વેઠ જેવું લાગતું ને માણેકને એમાં જરાયે મજા નહોતી આવતી.

હૈયું હતું પણ એમાં હેત નહોતાં. સાગર હતો, પણ એમાં જળના ઉછાળા નહોતા. જામ હતો પણ એમાં મદભર્યો આસવ નહોતો.

નવલ બહાર જવાની ઉતાવળ સાથે આવતો ને ઉતાવળો ઘેરથી ચાલ્યો જતો. માણેક આ પરિવર્તન સામે આંસુની નદીઓ વહાવતી.

કેવો નાજુક પુરુષ! એને એક મ્યાનમાં બે તલવાર સમાવતાં ન આવડ્યું, ને મર્દ સુશીલા બબ્બે તલવારો પોતાના મ્યાનમાં સમાવી રહી. હમણાં કામકાજ ખૂબ વધી રહ્યાં હતાં. શહેરમાં જ સુશીલાનાં લગ્ન થયાં. લગ્નને સુશીલાએ સગવડના રૂપમાં જોયું. એ પોતે ઉદાર મનવાળી હતી. એને મન લગ્ન અનિવાર્ય નહોતું, પણ સામે સમાજ જૂનવાણી હતો. સવારે સાસરે, બપોરે પિયર ને રાત્રે પાછાં સાસરે. રોજના આ આંટાફેરામાં સુશીલાદેવીનો સાથીદાર નવલ જ હતો. એમાંય સુશીલા દેવીએ સામાજિક સેવામાં ઝુકાવ્યું હતું. એને ગ્રામોદ્ધારનું ઘેલું લાગ્યું હતું.

ગામડાંના પ્રવાસો યોજાતા. ગામડાંના ઉદ્ધાર વિના દેશનો ઉદ્ધાર ન હતો. પ્રવાસમાં તો નવલ કે પ્રોફેસર ફણી વિના કેમ ચાલે?

દિવસો વીતે જતા હતા. સુશીલા પતિગૃહ કરતાં પિતૃગૃહે વધારે રહેતી. પતિ પણ સુશીલાની દરકાર ન કરતો. પૈસા છે તો એવી સો મળી રહેશે એવી માન્યતાવાળો પતિ, પત્નીપદના સાચા મહત્ત્વથી અજાણ હતો.

સુશીલાને આવા બેવફા પતિને હૈયામાં સ્થાન આપતાં ધ્રુજારી આવતી. બંનેને પૈસાની ખુમારી ને સ્વમાનની લડત હતી. આ બધું બંનેને હંમેશાં ભૂખ્યા રાખી ઘેર ઘેર ભટકાવતું. નવલના મોહાયેલા હૃદયમાં સુશીલાએ આસન જમાવ્યું હતું. સુશીલાના હૃદય સિંહાસન પર કદી કોઈ, તો કદી કોઈ હતું, પણ નવલ તરફ એને વધુ ચાહ હતો.

તરછોડાયેલી માણેક આંસુના સાગરમાં હતી.

પણ ત્યાં તો બધો પાસો પલટાયો. પ્રકૃતિએ પલટાવ્યો કે પાપે પલટાવ્યો તે કોણ જાણે? પાપને તો નવલ હવે જુદી રીતે નિહાળતો. દિવસોથી નવલનું શરીર કંઈક શિથિલ હતું. મનને બહેલાવવા આજે સિનેમામાં ગયો. મણ ત્યાંય થિયેટરના બોકસમાં એક સજ્જન સાથે બેઠેલી સુશીલાને અધરદાનનો આનંદ લૂંટતી જોઈ.

ચોકાબંધનમાં ન માનનાર નવલને આજે ન જાણે કેમ, પણ આ ન રુચ્યું. માનસિક કમજોરીનું પણ કારણ હોય! ઉદાર નવલ સંકુચિત વિચાર કરી રહ્યો:

‘આ શું? દેહનોય આટઆટલો વ્યાપાર હશે કે? દિલનાં યે આટઆટલાં વેચાણ હશે કે? દેહની ભૂખ કદીયે નહિ છીપતી હોય? અને માણસને દેહ સિવાય આત્મા જેવું કંઈ નહિ હોય?’

નવલને સિનેમાના પડદા ઉપર માણેક ને સુશીલા બંને દેખાયાં. બંનેને એ ત્રાજવામાં તોળી રહ્યો: એક ભૂખી છતાં સંતોષી! એક ભરપેટ પામનારી છતાં સદા ભૂખડીબારશ! એક તરફ સ્વયંસંપૂર્ણ પ્રેમ, બીજી તરફ સદા સંતપ્ત કામ!

નવલે સુધરેલી સુશીલાના દેહ ઉપર નિરુદ્યમી અજગરની મહાક્ષુધા વ્યાપેલી જોઈ. જુનવાણી માણેકના દેહ ઉપર આત્મભોગનો સાગર હિલોળા લેતો દેખાયો.

નવલ ન બેસી શકયો. અડધે ખેલે ઊભો થયો. કોઈ પ્રેક્ષક પડકાર્યો. 'યુ મિસ્ટર ! સીટ ડાઉન '.

તીરની ઝડપે નવલે ઘરનો માર્ગ લીધો.

[ ૬ ]

**નવલ** ઘેર પહોંચ્યો. એનું શરીર તૂટી પડતું હતું. મન પણ તૂટી પડવા લાગ્યું ! પણ અરે, શા માટે ! શા કાજે ! ઓ મૂર્ખ, સુશીલાને સ્થાને તારી જાતને મૂકને ! શું તેં એ જ ધંધો આદર્યો નહોતો ! અથવા તું એમ માનતો હતો કે હું પુરુષ એટલે પરવાનાદાર ! ઈમાનદારી માત્ર સ્ત્રી માટે જ !

ત્યાં એના નવા જ્ઞાનદાતા પ્રો. ફણી ને કુમારી સુશીલા યાદ આવ્યાં. સુશીલાએ નહોતું સમજાવ્યું કે આવી વાતો ગંભીર રીતે ન લેવી ! આમાં ગંભીર થવા જેવું હતું પણ શું ?

પણ નવલ મનને મનાવી ન શકયો. બીજી તરફ શરીર તાવે ધગધગવા લાગ્યું. ચોથે દી તો શીતળાના દાણા દેખાયા. છ દિવસે તો આખો દેહ પાસ–પરૂથી ખદબદી ઊઠયો.

સુશીલા એક વાર ખબર લેવા આવી. એણે ચેપી રોગ જાણ્યો, એટલે વળતાં પોતાના ખાનગી દાક્તર પાસે જઈને ઈંજેકશન લઈ લીધું. રૂપાળાં મોં જોવા ટેવાયેલી સુશીલા નવલનો બદસૂરત ચહેરો ન જોઈ શકી. પણ માણેક તો પોતાનું સાચું રૂપ પ્રસારી બેઠી હતી. નવલની સેવાસુશ્રુષામાં જાતને વિસારી દીધી હતી. રાતદિવસ એક કરી નાખ્યા હતા.

સુશીલાએ એક બે વાર આવીને કહ્યું: 'નર્સ–આયાને રાખી લો. ચેપી દર્દ છે. જરા દૂર રહેવું સારું. બને તો ચેપી–દવાખાનામાં દાખલ કરો.'

માણેક શું જવાબ આપે ? એને પોતાના માણસની સેવાનો

ભાડૂતી નર્સની સેવા પર કેમ વિશ્વાસ આવે? એણે મનમાં કહ્યું: 'ધનવાનોનાં આ રૂપાળાં રમકડાં ધનમાં જ સર્વસ્વ માનતાં લાગે છે. ખરે વખતે ખોટાં!'

નવલ દારુણ માંદગીમાંથી પસાર થતો ચાલ્યો. એનું મન પશ્ચાત્તાપથી રોતું હતું. એણે દેવી અને ડાકણને સાચા રૂપમાં જોઈ લીધી હતી, પણ એ ડાકણ કરતાંય પોતે ક્યાં ઓછો ગુનેગાર હતો? એક વાર તો હિંમત હારીને માણેકને બોલાવી એના પગ પકડી કહ્યું:

'માણેક, મેં તો ભગવાનને વિસાર્યો છે, પણ તું મારા વતી એક પ્રાર્થના કરજે!'

'શું પ્રાર્થના કરું?'

'એટલું જ કે આવતે ભવે મને માણેકના પતિ તરીકે નહિ, એના પુત્ર તરીકે પેદા કરે! માણેક, તારા ઉદરમાં કેવા હીરા ને માણેક હશે? કેવી મીઠી મમતા હશે? નહિ તો આટલી ઉદાર તું ક્યાંથી હો?'

'નવલ, એવું બોલશો મા! તમે તો મારા જનમ-જનમના સાથી છો. ભગવાન કાલે સારું કરશે. આપણી શક્તિ પરથી ભરોસો છૂટી જાય ત્યારે, ભગવાન પર ભરોસો રાખવો.'

નવલે ભગવાન પર ભરોસો રાખ્યો. કહેવાય છે, કે ભરોસા રાખનાર ઘણાંનાં વહાણ ડૂબ્યાં છે, પણ નવલનું તો તરી ગયું. દિવસે દિવસે સુધારો થતો ચાલ્યો. થોડે દહાડે તો પાછો 'ચંગો માડુ' થઈ ગયો. પણ પોતે કરેલાં પાપની સજા મળી ન હોય તેમ મોં પર શીળીના ડાઘ સદાને માટે રહી ગયા.

એક વાર માણેક લીલા નાળિયેરના પાણીથી નવલના મુખપરના ડાઘ ધોઈ રહી હતી. નવલે મશ્કરીમાં કહ્યું:

'ગમે તેટલી મહેનત કર, એ ડાઘ નહિ જાય. મારા કલંકની એ નિશાનીઓ ભલે સાબૂત રહે. નિત અરીસામાં જોઈશ ત્યારે પુરાણી વાતો યાદ આવશે!'

'ગઈ તિથિ જોશી પણ વાંચતો નથી.'

'માણેક ! જેમ ગમે તેટલું ધન મળે, ધનની તૃષ્ણા શાન્ત થતી નથી, પણ સંતોષી મનથી તૃષ્ણા શાન્ત થાય છે, તેમ કામથી માણસ કદી ધરાતો નથી, એ માટે તો પ્રેમ જોઈએ. કામ એ જરૂર પ્રેમ-મંદિરે પહોંચવાની નીસરણી છે, પણ આખરી મંજિલ નથી. આપણી દાંપત્ય પરીક્ષામાં આખરે તું સતી નીકળી. હું હાડકાંનો શોખીન કૂતરો નીવડ્યો.' નવલ માણેકના પગ પાસે બેસી ગયો. આંખોમાંથી આંસુની ધારા વહી રહી.

'નાથ ! બોલો મા. તમે દેવ છો, મારા પતિ છો, ગમે તેમ કરવાને સ્વાધીન છો, મારી પાસે માફી ન હોય. સવારનો ભૂલેલો સાંજે ઘેર આવે તોય ખોટું નથી. આ શહેરમાં આવી છપ્પરપગીઓ કેટલાંયનાં છાપરાં ભાંગતી ફરે છે !' માણેક પતિને સ્પર્શતી બોલી.

'માણેક, વહાલી, કોણ કહે છે કે પતિ દેવ છે? ભૂલ છે. કાચના કકડાને હીરો કહીએ તો એ હીરો થતો નથી. પુરુષો પોતાનાં પાપો છુપાવવા સ્ત્રીઓને કચડી નાખી દેવ બની બેઠા છે. પુરુષોને દેવ કોણ કહેશે? પુરુષસમાજ તમારા જેવી સ્ત્રીઓની ચરણની રજ થવાને પણ લાયક નથી. માણેક, તારા જેવી સ્ત્રીઓ સાચી દેવીઓ છે. સુશીલા તો તમારી જાતનું કલંક માત્ર છે. કૂતરાના સ્વભાવવાળા પતિને સેવે સ્વર્ગ ન જ મળે. એ પુરોહિતોનું પાપ છે. ફરીથી કહું છું કે માણેક ! મને માફ કર.' નવલ ગળગળો બની ગયો હતો.

માણેક કાંઈ ન બોલી. નવલ એને ભેટી પડ્યો. માણેક શાંતિથી એને વળગી રહી. એને આજે ગયેલું સુખ પાછું સાંપડ્યું હતું. વિયોગ પછીના સંયોગમાં જ સાચી મીઠાશ છે. જીવનમાંથી સરી ગયેલી ઉષ્મા ફરીથી બંનેને લાધતી હતી.

'માણેક, હવે આ શહેરને પ્રણામ !'

બીજે દિવસે શેઠની રજા લઈ નવલ ને માણેક શહેર છોડી પોતાને ગામ પાછાં ફર્યાં. નવલને જતો જોઈ સુશીલા બબડી:

'સાલો, કમબખ્ત, મારા કહ્યામાં રહ્યો હોત તો સારી પાયરીએ ચડાવી દેત. આખરમાં ગરીબનાં નસીબ ગરીબ જ ને! હવે તો મને પણ એનું મોં જોવું ગમતું નથી! ખરેખરો બદનસીબ!'

[ ૭ ]

**નવલ** સુશીલાને સ્વપ્નમાં પણ ભૂલી ગયો.

પેલી જ ઉજમાળી રાત ને પેલો જ ખેતરવાહો. નવલ માણેક સાથે માંચડા ઉપર બેઠો હતો. માણેકના હાથમાં ગોફણ હતી ને નવલના હાથમાં નવી ઉતરાવેલી ફરસી હતી.

રસદેવ ચંદ્ર મલકતો હતો. પવન શેરડીના વાઢ ઉપર દોડતો દોડતો હસી રહ્યો હતો. જગત બધુંયે શાન્ત હતું.

નવલ માણેકનો સાળુ ખેંચતો પડખામાં ભરાતો બોલ્યો. 'વહાલી, મારી એ મહાન ભૂલો પછી પણ–તું તો દેવી ને દેવી જ રહી.'

'વહાલા, મને તો તમારી એય ભૂલો ગમી. પહેલી ભૂલે તમારો દેહ મળ્યો. બીજી ભૂલે તમારું હૈયું મળ્યું. શાસ્ત્રમાં ક્ષમા ઊંચો ગુણ કહ્યો છે.'

'માણેક! અહા, કેવું ઠગારું એ રૂપ! અરેરે! તારી પાસે તો એ ગુલામડી થવાને પણ લાયક નથી. ને હું કેવો મૂર્ખો! ઉકરડે ગુલાબ લેવા ગયો. શૂન્યમાં સંસાર બાંધવા મથ્યો. સુશીલાનું હૈયું પૈસારૂપી પિશાચે ને કામરૂપી દૈત્યોએ ખાઈ લીધું હતું. સ્વતંત્રતાની એની વાતો–એમાં નરી સ્વચ્છંદતા જ ભરી હતી. હાડચામનાં શોખીન એ કૂતરાં! ભગવાન એમનાથી બચાવે. અરે! એનું સ્મરણ પણ મારા હૈયાને કંપાવે છે.

'પણ માણેક! એક વાત પૂછું? જોજે, ખોટું લગાડતી

બેવફા પતિ માટે તને કેવા વિચારો આવતા'તા ? તને ગળેટૂંપો દઈ દેવાનું કે સુશીલાના જેવો માર્ગ ગ્રહણ કરવાનું મન કેમ ન થયું ?'

'જૂનાં પોથી-પુરાણોએ પોષેલી એ શ્રદ્ધા હતી. નિરાધારના આધાર ભગવાનનો મને ભરોસો હતો. સુશીલાને તમારા દેહની લાલસા હતી, મને તમારા અંતર પર પ્યાર હતો. એની રગરગમાં કામ હતો, હું તો તમને પ્રેમથી વરી હતી. મને વિશ્વાસ હતો કે મારો નવલ વહેલોમોડો મારો જ છે. ચંદ્ર વાદળમાં ક્યાં સુધી છુપાયેલો રહેશે ?'

નવલ હવે સ્વસ્થ ન રહી શક્યો. માણેકને ભુજપાશમાં દાબી દીધી. વર્ષોપુરાણો કાષ્ટનો માંચડો દંપતીના રસયોગનો સહયોગ પામી કૃતકૃત્ય બની ગયો.

ચંદ્ર હજી મલકયા જ કરતો હતો. રાત્રી યુવાન બનતી હતી. બેચાર શિયાળવાં ખેતરમાં પ્રવેશવા વાડની ચારે તરફ ભટકી રહ્યાં હતાં. ઘોર-ખોદુઓએ ઊંડી ઊંડી ને અજાણી કબરોમાંથી હાડ–માંસના સ્વાદે મડદાં ખોદવા માંડ્યાં હતાં.

પેલાં તો ખેતરની રખવાળી ભૂલી રસમાં મસ્ત બની ગયાં હતાં ને દામ્પત્ય જીવનની સૌથી મીઠી રાત માણી રહ્યાં હતાં.

ને સંસારની એક મીઠી રાત આમ વણનોંધી વહી જતી હતી.

# પાપનો પોકાર

## [ વાર્તા ચૌદમી ]

'બધુંય યાદ છે, જરાયે ભૂલ્યો નથી. એ સ્મરણાંની ભૂંડી આગમાં તો વર્ષોથી શેકાઈ રહ્યો છું. સ્મરણોની વહેતી ધારા રોકવા વિસ્મરણના પથ્થરોની પાળ બાંધવા ઘણુંયે મથ્યો, પણ શ્રાવણની જલભરી સરિતાની જેમ એ ઊભરાતી જ રહી! ને હવે–

'હવે તો જરાયે ચાહના નથી. ભલે એ સ્મરણ-સાગરનાં ખારાં જળ હૃદયના આળા જખમ પર છંટકાયા કરે ને શાન્ત થતો આત્મા પ્રતિપળે સંતપ્ત રહ્યા કરે. હૈયાસગડી ભલે ધીખ્યા કરે.

'વીરડીનાં મીઠાં જળ ડહોળી નાખ્યા પછી, કાદવવાળું પાણી પીતાં આનાકાની શા કાજે? આ જ હાથે ને આ જ હૈયે પાપના ભાર લાદ્યા છેઃ આ જ હાથ ને આ જ હૈયું હવે એ ભાર ઓછા કરશે.

'હૃદયની પિટારીઓમાંથી પુણ્યનો એકેએક છાંટો વાપરી એ વિકાર, વિષય ને વ્યામોહના ક્ષેત્રમાં હું ઘૂમ્યો. ઘડીભર લાગ્યું કે મર્દ બની રહ્યો છું, કુસુમકળીઓને કચડવામાં જ મર્દાઈ માની. સરવાળો મેળવતાં–જીવનના બન્ને ખજાનાઓ તપાસતાં નીતિનું પાસું વેરાન નજરે પડે છે. અનીતિનાં પૂર ઊભરાઈ રહ્યાં છે. મર્દ લાગતા મગજમાં સમજાય છે કે વિકારના ક્ષેત્રમાં નામર્દોની એ લડાઈ હતી.

'બરાબર યાદ છે. નવરાતના મીઠા ગરબા વાતાવરણને સંગી-

તના માધુર્યમાં રસી લેતા હતા. ગરબે ઘૂમતી સૌંદર્યભરી દેહયષ્ટિઓ ઉપર દીપમાળાઓ રૂપલાં તેજ ઢોળી રહી હતી. નગરની નારીઓ ઘૂમટા ખેંચી ગરબાની મજા જમાવી બેઠી હતી. યૌવનનો તનમનાટ અનુભવતો હું કળામર્મજ્ઞના બહાને એ રમણીય અંગસૃષ્ટિ પર સૂક્ષ્મ નજર નાખી રહ્યો હતો.

'બસ, એ જ પળ ને એ જ ઘડી–પડોશીની પુત્રી કાન્તા સાથે નેત્રેનેત્ર બંધાણાં. આખી દેહયષ્ટિ નિહાળી, ફરી નેત્રપલ્લવીઓ નચાવી. કોણ જાણે કેમ ? ક્ષણભરના એ અંગમરોડમાં ને નેત્રમિલનમાં અજબ ઇતિહાસ રચાયો. કોમળ કલિકાને ગમે તે રીતે છૂંદી નાખવાનો નિશ્ચય મનમાં સુરેખ રીતે આદર પામ્યો.

'પડોશી કૃપાશંકરની દશ વર્ષે વિધવા બનેલી એ એકની એક પુત્રી કાન્તા ! પાંચ, પાંચ પુત્રો બાદ જન્મેલી એક જ રૂપસુંદર પુત્રી ! પણ વિધિનાં વિધાન કુટિલ કે નાનપણમાં જ એ વૈધવ્યને પ્રાપ્ત થઈ.

'બાપને દીકરી માટે દુઃખ ને દર્દનો પાર નહોતો, છતાં સમાજનાં બંધનો સામે ઊભાં હતાં. દીકરા નાતમાં જ વરાવવાના હતા. નાતની આજ્ઞામાં રહીને જ ચાલવાનું હતું, પણ આ છોકરીને જોઈ એને કંઈનું કંઈ થઈ જતું ! રે, એ અબળાનું યૌવન કેમ સચવાશે ? અને નહિ સચવાય તો બાપડીને પૃથ્વી પણ નહિ સંઘરે. પિસ્તાળીશ વર્ષની ઉંમરે દાઢીમૂછ ઉપર કલપ લગાડી પરણનાર વરરાજાને જોઈ બાપની આંતરડી કકળી ઊઠતી. આ કેવો અન્યાય !

'હું કાન્તાનો પડોશી. સ્કૂલનો માસ્તર. મીઠી જબાનવાળો ને નવાં ફૂલોનો શોખીન ! એ દિવસથી કાન્તા પાણી ભરવા જતાં યા અન્ય કામપ્રસંગે બહાર જતાં મને સામે મળતી ત્યારે જરા મુખ મલકાવતી. એ મુખનું સ્મિત મારા હૃદયને બહાવરું બનાવતું. મારું મન કહેતું: એ અર્ધવિકસિત કલિકામાં શી શી સૌરભ ભરી હશે ? રે,

નિષ્ઠુર સમાજ એ કલિકાને છૂંદી નાંખવા મથે છે : હું એને પોષીશ, પ્રફુલ્લાવીશ. એને માટે જરૂર હશે, તો આકાશના તારા તોડીશ.'

'કાન્તા ! કાંઈ પુસ્તક વાંચો છો કે નહિ ?' છોકરાં ભણાવનાર માસ્તર જાણે પડોશીની છોકરીને ઊઠાં–અઢિયાં ભણાવવા મથતો હતો.

'ના, જી. મારી પાસે તેવાં પુસ્તકો નથી, પછી શું વાચું ? ગુરુ વિના જ્ઞાન ક્યાંથી ? મારે તો તમારા જેવા ગુરુ જોઇએ.' કાન્તાએ જવાબ વાળ્યો. આ જવાબ મનગમતો હતો. આજે પણ મને કોઈ પૂછે તો જરૂર કહીશ કે એમાં વિકારની જરાયે ગંધ નહોતી. એક બહેન પોતાના ભાઈને જેટલા વિશ્વાસથી ઉત્તર આપે, પુત્રી પિતાને જેટલી નિખાલસતાથી જવાબ વાળે એવો જ એ ઉત્તર હતો.

'મારી પાસેથી ચોપડીઓ લઈ જાઓ, પણ વાંચો. તમારા જેવાં જ જ્યારે કાંઈ કરશે ત્યારે પાછળના માણસોનો માર્ગ સરળ થશે.'

આ પછી તો સંબંધ વધ્યો. ગાઢ થયો. પુસ્તકોની આપલે થવા લાગી. પુસ્તક સંબંધી ચર્ચાઓ થવા માંડી, ને ધીરે ધીરે ચર્ચાઓ આગળ વધવા માંડી. નવલિકા ને નારી આજે વધુ ને વધુ નગ્નત્વમાં રાચે છે. એટલે આજના સાહિત્યમાં શૃંગારનું જ પ્રાધાન્ય હોય ને! અવારનવાર રસ સંબંધી પણ વિવાદ ચાલતો. શરૂઆતમાં શાન્ત, વીર, અદ્‌ભુત ને ધીરે ધીરે શંગાર !

ચકલી ધીરે ધીરે જાળ તરફ આવી રહી હતી. ત્યાં તો અચાનક કાન્તાના પિતા હૃદયરોગથી મૃત્યુ પામ્યા. કાન્તાની જીવનવાડીમાંથી પ્રેમનો પુંજ ઊડી ગયો. આશાની ને આનંદની ક્યારીઓમાં વિષાદનાં વિષ ઊભરાયાં.

કાન્તા ત્યારથી ઉદાસ રહેવા લાગી, સમય મળતાં મેં એને બનતું બધું આશ્વાસન આપ્યું. મેં સ્નેહી બની કાન્તાના જીવનને સહારો આપવા જેવો છલ રચ્યો.

કાન્તાને મન હું એક સાચો સ્નેહી બન્યો. માણસનું મન છે ને! એ પણ બહેલાવ માગે છે. પછી તો મન ઉદાસ થતાં એ પુસ્તક લેવાને બહાને મારી પાસે આવતી ને વિવિધ પ્રકારની ચર્ચાઓ કરતી. ચર્ચાઓ બાદ એનું મન શાંત થતું, પણ મારા દેહમાં તો ભયંકર આગ જન્મતી. વિષયનો રાક્ષસ પ્રચંડ ત્રાડ પાડી દેહ ને ઇન્દ્રિયો ઉપર એકવર્તી સામ્રાજ્ય જમાવી જતો.

મન કહેતું, અનાઘ્રાત પુષ્પ–વણસૂંઘેલું તાજું ફૂલ! પુરુષ તો સદાકાળ નવાં નવાં ફૂલોનો જ શોખીન રહ્યો છે ને? અને એટલે જ પુનર્લગ્નનો એ પ્રતિસ્પર્ધી છે ને?

'કાન્તા, આજ આમ કેમ છો?' એક દિવસ પુસ્તક લેવા આવેલી કાન્તાને નિસ્તેજ જોઈ મેં પૂછ્યું.

કાન્તા બોલી ન શકી. રડી પડી. વિશાળ લંબગોળ નેત્રોમાંથી મોતીના જેવાં શુભ્ર આંસુ ખરી પડ્યાં. દીન–હીન મુખ કરી એ પૃથ્વી ભણી જોઈ રહી.

'કાન્તા, રડશો મા. તમારાં આંસુ મારા હૃદયને વીંધી રહ્યાં છે. કોઈપણ ભોગે હું તમને મદદ કરવા તૈયાર છું.' એક હાથ એના ખભા ઉપર મૂકતાં ને બીજે હાથે એનાં આંસુ લૂછતાં હું બોલ્યો.

દયાનો દેવ બનીને, હું દૈત્યની અદાથી એની દુઃખી સ્થિતિનો લાભ લઈ રહ્યો. સ્પર્શથી જાગ્રત થયેલો વિષયનો દૈત્ય સમજશક્તિને વેગળી કરી રહ્યો હતો. સમાજનાં સંતાનોને શિક્ષિત અને સંસ્કારી બનાવવાનો ઠેકો લઈને બેઠેલો–હું કુટણખાનાંઓ જેવો જ વ્યભિચાર ફેલાવી રહ્યો. ફરક એટલો હતો. કે ત્યાં સ્ત્રી પુરુષને ખેંચતી, અહીં પુરુષ નિર્દોષ કન્યકાને–સ્ત્રીને ફોસલાવી રહ્યો હતો. પુરુષ નિર્દ્વંદ્વતાથી આગળ વધતો હતો; સ્ત્રી નિરાધારતાથી ફસાતી હતી.

હજી કાન્તા ચુપચાપ જ ઊભી હતી. એનાં મુલાયમ ગાત્રો પર મારા હાથ ફરી રહ્યા હતા. મને લાગ્યું કે મારી વૃત્તિ એને ગમી છે.

પછીનો ઇતિહાસ શું કહું ? એ ગુલાબને શિયાળાની કપરી ઠંડી ચીમળાવી શકી ન હોત, એ કલિકાને જળહીન સરોવર સૂકવી શકયાં. ન હોત, કોઈ દ્રવ્યલોભી માળી એને અકાળે ચૂંટી શકયો ન હોતઃ પણ વિકારના મસ્ત હાથીએ એને શતધા છૂંદી નાખી. સ્ત્રી અને પુરુષના સંબંધમાં ખૂબી એ છે, કે સ્ત્રીને પ્રાપ્ત કરતી વખતે પુરુષ એનો દાસાનુદાસ બનીને રહે છે. સ્ત્રી પ્રાપ્ત થઈ કે એ દેવનો દેવ બની જાય છે. કારણ કે એક વખત પ્રાપ્ત કરેલી સ્ત્રી એની મિલકત બની જાય છે. પોતાની મિલકત પુરુષને પોતાની રીતે વેડફી નાખવાનો હક કુટુંબે, સમાજે, રાષ્ટ્રે આપેલો જ છે.

ઇતિહાસ વધારે ભયંકર બન્યો. લૂંટારાએ કેવળ યૌવનધન જ ન લીધું, જીવ લેવાનો પણ મનસૂબો બાંધ્યો. શિયાળના ચીંધેલા માર્ગે જતાં, જ્યારે હાથી કાદવમાં ખૂંચ્યો, અને નીકળવાના માર્ગ માટે સલાહકાર શિયાળને પૂછ્યું : ત્યારે તેણે જવાબ આપ્યો : ‘ દેવ ! મારી પૂંછડી ઝાલીને ચાલ્યા આવો.’ કાન્તાને એવું બન્યું.

કાન્તાએ એક દહાડો એકાન્તમાં કહ્યું :

‘ મને બે માસ થયા છે. માટે વિચાર કરજો. મેં તો તમને સર્વસ્વ અર્પણ કર્યું છે, હવે તમે કહો તે કરીએ.’

‘ કાન્તા, કાલે હું દવા લાવીશ, ખાઈ લેજે. પછી જરાયે વાંધો નથી. ગઈ કાલે જ પેલા ‘ રાષ્ટ્ર ’ નામના પ્રસિદ્ધ દૈનિકમાં ‘ બંધ માસિક માંદગી ચાલુ કરવાની ’ અક્રર દવા વિષે મેં વાંચ્યું છે.’

કાન્તા ગભરાઈ ગઈ. બોલી ઊઠી : ‘ ના, ના, મારાથી એ નહિ બની શકે. મને મારી નાખો પણ એ તો નહીં જ કરું. આ ભવ તો બગડ્યો છે. હવે આ પાપ કરી કેટલા ભવ બગાડું.’

સ્ત્રીને મન સંતાન સ્વર્ગીય ભેટ છે. પુરુષને મન વિષયસેવનનો એ એક અકસ્માત છે, અથવા આડકતરી રીતે મળનારો એક વિશેષ લાભ છે.

બાપ મર્યે મા સંતાનને જીવની જેમ જાળવી રહે છે, ને મા મર્યે કયો બાપ જાણે અજાણે પણ સંતાનને બેવફા નથી બન્યો?

'કાન્તા, તું સમજતી નથી. દુનિયાના વ્યવહારમાં રહેવું હોય તો એવા મોહ ન ચાલે. આખો સમાજ આવો હોય તો ત્યાં આપણે કોણ? જાણે છે? રોજરોજ વધતાં જતાં આ દવાખાનાંઓની ધીકતી કમાણી કોના ઉપર છે! છાપાંઓની જા. ખ. માં જોર કઈ જાહેરખબરોનું છે? વૈદો કઇ ઔષધિઓ મોંઘામૂલે તૈયાર કરે છે? સંતતિનિયમનનાં સાધનનો પ્રચાર કોણે વધાર્યો?'

દેખાતી દુનિયા ને ન દેખાતી દુનિયા વચ્ચેના ભેદ મેં વક્તાની છટાથી સમજાવ્યા. બહારથી ભજવાના રામ ને ભીતરના રામનો ભેદ બતાવ્યો.

મેં કહ્યું: 'કાલે જ પેલી વિધવા મંગળાનો સસરો સંતતિનિયમનની દવાનું ઠેકાણું અંગ્રેજીમાં લખાવવા આવ્યો હતો. પત્ની વગરના એ શેઠને કયા પરોપકાર માટે એવી દવા જોઈતી હશે?'

'ને તને ખબર છે? કાલે જ પેલા સુધરાઈવાળા સાહેબ કહેતા હતા કે આ જ મહિનામાં તરતનાં જન્મેલા પાંચ બાળક ઉકરડા ઉપરથી મળ્યાં હતાં, માટે ડાહી થઈ માની જા, ને આપણા સુખી જીવનમાં કડવાશ ન ઉમેર.'

કાન્તા ધ્રૂજી રહી હતી. એને તમ્મર આવતાં હતાં. એ બેસી ગઈ: 'ના, ના, એ મારાથી નહિ બને. ચાલો આપણે બીજે ચાલ્યાં જઈએ. ન જાણે કયા પાપે હું બાળવિધવા બની! હવે આ ભ્રુણહત્યાનું પાપ કરીને ન જાણે ક્યારે છૂટીશ? તમે કહેતા હતા કે કાન્તા! તારા માટે તું જે કહીશ તે હું કરીશ. તમે મારા સાચા

પ્રેમી છો. સીતાને રામ તેમ તમે મારા છો. ચાલો, બીજે સ્થળે ચાલ્યાં જઈએ. ચાલો, તમારી જીવનભરની દાસી બની રહીશ, તમારી ચરણસેવામાં મારું સર્વસ્વ ન્યોછાવર કરીશ!' પણ ભલા થઈને આ પાપ આચરવાનું ન કહેશો.

નાદાન સ્ત્રીને ક્યાં ખબર હતી, કે એનું સર્વસ્વ લૂંટાઈ ગયું હતું! એ રસ્તાની ભિખારણ પાસે ન્યોછાવર કરવા જેવું બાકી પણ શું બચ્યું હતું? વળી બીજે ગામ ભાગી છૂટીએ તો આજકાલના સમયમાં જ્યાં વર્ષે હજારો પંતુજીઓ નિપજતા હોય ત્યાં નવી નોકરી મળે પણ ક્યાંથી? ને વિના નોકરી પેટ ભરાય પણ ક્યાંથી? છતાં ઉપસ્થિત વિઘ્નને શાન્ત કરવા મેં યત્ન કર્યો.

'પાપ ને પુણ્ય એ તો હંબગ છે. આ પુરાણીઓએ પેટની રોજી રળવા ઊભાં કર્યાં છે. શેઠિયાઓનાં પાપ ઓછાં છે? છતાં સુખી નથી? કસાઈઓ ઓછી કતલ કરે છે? છતાં શું એમનાં જણ્યાં જીવતાં નથી? છતાંય કાન્તા, જા, કાલે આપણે બધો વિચાર કરી લઈશું. જરા પણ ગભરાતી નહીં.'

કાન્તા ચાલી ગઈ વિષયની શરાબ પી મસ્ત બનેલો હાથી ગળા-ફાંસામાંથી છૂટવા પગ નીચેની-દરની ગરીબ કીડી માટે ક્યાંથી વિચાર કરે? સંસારનાં કામ કેટલીકવાર મન મારીને પણ કરવાં પડે છે. શું કરવું તે બધું મનમાં વિચારી લીધું: મનમાં જરાયે અનુકંપા વગર, જરાયે દયા વગર!

ભાઈ, સંસારમાં એકલા લાગણીવેડા ન ચાલે! કોઈ વાર કઠોર હૈયે ફરજ પણ બજાવવી ઘટે!

[ ૨ ]

'**રેવાશંકરભાઈ!** જરા કાન્તાબેનને કાબૂમાં રાખો. કૃપાશંકર કાકાએ વધારે લાડમાં રાખ્યાં પણ આખરમાં સ્ત્રી જાત. મારે ત્યાં

અવારનવાર આવ્યા કરે છે ત્યારે હું ઘણું સમજાવું છું, પણ કાકા! તમે સમજો છો ને! સ્ત્રી જાતને કોઈ સમજી શક્યું છે? તમને મારા સમ છે, જો તમે કોઈને ઈશારો પણ કરો તો. આ તો તમે પોતાના એટલે કહેવું જોઈએ. સાંભળવા પ્રમાણે કાન્તાને મહિના રહ્યા છે. ગામમાં થતી વાત પ્રમાણે પેલા સત્યાગ્રહની ચળવળવાળા તનસુખ સાથે કાંઈ હરતીફરતી સંભળાય છે. ટૂંકામાં હવે થવાનું હતું તે થયું. ડાહ્યા માણસનું કામ એ કે હવે ઢોલ પણ ન વાગે ને વર પણ પરણી જાય તેમ કરવું.'

માથે આવેલું આફતનું વાદળ પળવારમાં ઊલટાવી નાખ્યું. તનસુખ ચળવળમાં વિદ્યાર્થીઓને ઉશ્કેરતો હતો, તેમજ ખાદી પહેરતા એક છોકરાને ગાંધીટોપી પહેરવાથી મેં મારેલો: ને પછી આ જ તનસુખે બધા છોકરાને મારી સામે સત્યાગ્રહ કરવા ચઢાવેલા. આજે એક કાંકરીએ બે પક્ષી મરાતાં હતાં. મારી હોશિયારી પર મને પોતાને હેત વછૂટયું.

'હેં!' કાન્તાના ભાઈ રેવાશંકરની ચિત્તવૃત્તિ ભયંકર બની ગઈ. ક્ષણવાર પહેલાંની વહાલસોયી ગંગાસ્વરૂપ બહેની એને કુલનું નિકંદન કાઢનારી પિશાચિની જણાઈ.

'માસ્તર સાહેબ! મારી લાજ તમારે હાથ છે. વાતને આગળ વધવા ન દેશો, તમે તો અમારા પિતાતુલ્ય છો' રેવાશંકરે કહ્યું.

મેં કહ્યું: 'એ વાતે બેફિકર રહો. તમે તો સિફતથી કામ પતાવી લો.' જાણે દૈત્યે દેવના વાઘા પહેર્યા.

રેવાશંકર ઉતાવળે પગલે ચાલ્યા ગયા. પાપ-પ્રકાશના ભયે વિહ્વલ બનેલું ચિત્ત મસ્ત મોરલાની જેમ નાચી ઊઠ્યું. ખરીદેલી કેરીનો ખૂબ રસ કાઢી ભરપેટ ભોજન કર્યું, ને નિશાળે જવા કપડાં પહેરી રવાના થયો.

ગુનેગાર નિર્દોષ ઠરી છૂટી ગયો હતો. બિનગુનેગારો માટે ફાંસીનો માંચડો ખડો થતો હતો.

થોડાએક દિવસો વીત્યા અને રેવાશંકર કાન્તાને લઈ સિંહસ્થના મેળા ઉપર ચાલ્યા ગયા.

બાર વર્ષે ભરાનારા પતિતપાવન મેળાનાં દર્શને તો કોટિક ભવનાં પાપ નાશ પામે. ઘણાયે ગામની વિધવાઓ પોતાનાં પાપ ધોવા ને પરભવમાં સધવા રહેવા મેળામાં જતી હતી. એની સંખ્યા ખૂબ હતી, પણ વિધુર નહોતા દેખાતા. આવી રાંડીરાંડો પર જ આ ધર્મ નભ્યો છે ને! પેલા સત્યાગ્રહવાળા તનસુખ પર લોકો છાની પણ કાતીલ નજર રાખતા હતા. પડોશીઓ હવે એને પ્રેમથી નહોતા બોલાવતા. વાણિયાઓ આવા દુરાચારીઓ ઉપર ઉધાર આપવાનો વિશ્વાસ નહોતા રાખતા. તનસુખની પત્નીને બધાં છાનાં મહેણાં મારતા ને બધા ખાદી પહેરનારાઓની ખાનગીમાં ને છડેચોક નિંદા કરતા.

કંટાળેલો તનસુખ આજે ગામ છોડી નજીકના શહેરમાં વસવા જતો હતો. કોઈ ભૂંડી માયામાંથી છૂટતા પ્રાણીની જેમ એને એ સ્થળે શ્વાસ લેવા થોભવું પણ અકારું લાગતું હતું.

ગાંસડાપોટલાં બાંધીને ગામ છોડી જતા તનસુખને નિશાળની અર્ધખૂલી બારીમાંથી નિહાળી મેં ઊંડો આનંદ અનુભવ્યો.

દિવસો બાદ રેવાશંકર યાત્રા કરી પાછા આવ્યા, પણ કાન્તા સાથે નહોતી. કોઈ વનિતાવિશ્રામમાં કાન્તાને ભણવા મૂકી છે, એમ રેવાશંકર બધાને કહેતા.

બધા ઇતિહાસનો નાયક ને સમગ્ર ઇતિહાસનો આદ્યંત જાણકાર હું કદી કદી સ્વપ્નમાં આ પાપના સ્મરણથી ભડકીને જાગી ઊઠતો. છતાં બધું જગત શાંત રીતે વહી રહ્યું હતું ને બધાંને મન આ જ વહન સત્ય ને સાત્ત્વિક હતું.

## [ ૩ ]

**કદી કદી** ઊભી થતી જીવનની વિચિત્રતા વિધિની હસ્તીમાં વાંધો ઉઠાવી દે છે. આજ મારી પ્રમોશનથી બદલી થતી હતી. બાર વર્ષની નોકરી પછી બીજે ગામ જવાનો પ્રસંગ આવવાથી મન ખિન્ન થતું હતું, છતાં બઢતીની વાત ખિન્નતા ટાળતી હતી.

ગામલોકોએ મારી નોકરીની કદર કરવા સભા ભરી. નગરશેઠે પ્રમુખપદ લીધું ને મને હારતોરા સાથે માનપત્ર અપાયું. મારા ચારિ-ત્યનાં, જ્ઞાનનાં, ત્યાગનાં વખાણ થયાં, મારી સફળતા ઇચ્છી.

ભલા, સંસારમાં આટલા ગુણો જેની પાસે હોય એની સફળતા વિષે શંકા કેવી ! આંખમાં આંસુ સાથે મેં ગામમાંથી વિદાય લીધી.

‘ આવો ભલો માસ્તર ફરી ફરી નથી મળવાનો ! ’ કહેતાં ગામલોકો વિખરાણા.

નવા ગામના લોકો બહુ ભલા હતા. તેઓએ મારું સ્વાગત કર્યું ને પ્રારંભના દિવસોમાં પૂરતી સહાય આપી. ધીરે ધીરે બધાની સાથે ઓળખાણ થઈ ને તેઓમાં હું ભળી ગયો.

મહિનાઓ વીતે જતા હતા ને હું તો આગળ વધ્યે જ જતો હતો. આજે હું પહેલાંનો મુફલિસ માસ્તર નહોતો. ઘરબારવાળો આબરૂદાર વડો શિક્ષક હતો.

છેલ્લા દિવસોમાં ગામમાં પગે મુસાફરી કરતા ફકીરોનાં ટોળાં ઊભ-રાણાં હતાં. ‘દે દે ખુદાકી રાહ પર’ના પોકારો પ્રભાતની શાન્તિને ભેદી રહ્યા હતા. ન દેવાની ઇચ્છાવાળા વેપારીઓ પણ ફકીરોની જીદ પર જીવ કડવો કરી પાઈ પૈસો નાખતા હતા. પોતાનો વેરો ને ભિક્ષા પૂરી કરી ફકીરો ધીરે ધીરે રવાના થયા માંડ્યા હતા, પણ ચાર પાંચ ફકીરોએ તો ગામપાદરની દરગાહ ઉપર ધામો નાખ્યો હતો. ગામમાં ફરતા ને ભિક્ષા લાવી ગુજરાન ચલાવતા.

ઋતુ શરદની હતી. મેલેરિયાના વા હતા. મસ્તકમાં સખ્ત દર્દ થતું હતું. જીવને આજે પૂરતો આરામ નહોતો. સહેજ લટાર મારવાને બહાને સંધ્યા આથમ્યે ઘરની બહાર નીકળ્યો.

ફરતો ફરતો પીરની દરગાહ તરફ વળ્યો. ચાંદની જામી હતી ને જ્યોત્સ્ના બધે પ્રસરી રહી હતી. આસપાસનાં જંગલી ફૂલોની સોરમ મસ્તિષ્કને મત્ત કરી રહી હતી. દરગાહની પાસે આવતાં નજીકની ઝૂંપડીમાંથી કંઈક ગણગણાટ કાને પડ્યો. કાન સતેજ થયા ને તે તરફ ધીરેથી આગળ વધ્યો.

અંદર કંઈક વાતો થતી હતી, મેં કાન માંડ્યા.

'બાઈ, દેખો. પછી કદી પણ હિન્દુ સમાજમાં નહિ ભળી શકો.'

'સાંઈ, હવે તમારે પલ્લે જ જીવન પૂરું કરીશ. આ દેહને જેટલો ચોળાય તેટલો ચોળી લીધો છે. પવિત્રતાની વાતો કરનારા ખુદ પાપીઓના શિરતાજ છે. હવે તો મુસલમાન બની જાઉં એટલે એ પાપીઓથી મારો પલ્લો છૂટે! તમે મારા બાળને જાળવ્યો. એને મોટો કરી જોરાવર કર્યો. પતિત સ્ત્રીઓ તરફનો તમારો વર્તાવ મને ગમ્યો છે. જે ધર્મથી જીવન સુખરૂપ વ્યતીત થાય તે ધર્મ સારો. બાપના કૂવામાં બહુ બૂડ્યા. અને વળી તમે તો મને કંઈ આ બળજબરીથી કહ્યું નથી.'

હું ચમક્યો. આ શું! જરૂર કોઈ હિંદુ બાઈ ફસાણી છે. ચાલ જલદી પોલીસમાં ખબર કરવા દે, નહીં તો ધર્મ રસાતાળ જશે.

હું દોડ્યો. ગામમાં પહોંચ્યો ને ચકલે ચકલે સમાચાર ફેરવી દીધા. કેટલાય જુવાનો દંડા હાથમાં લઈ બહાર પડ્યા.

હિંદુ ધર્મ ભયમાં મુકાયો હતો. આવી વેળાએ કોઈ હિંદુ બચ્ચો સ્વસ્થ કેમ બેસી શકે? આ ડાહ્યા લોકોએ પોલીસ ચોકી પર જઈ પોલીસની મદદ માગી.

પોલીસોએ દરગાહ ઘેરી લીધી. તપાસ કરતાં હિંદુ લેબાશમાં એક ઓરત પણ મળી આવી. ફકીરોને અટકમાં લઇ બાઈને કબજામાં લીધી. કેસ ચાલે ત્યાં સુધી કોઈ પ્રતિષ્ઠિત ગૃહસ્થને ત્યાં બાઈને રાખવા ન્યાયાધીશે સૂચના કરી.

વાહ રે વિધિ ! હજી પાપનો ઘડો નહીં ભરાયો હોય. લોકોએ મને પ્રતિષ્ઠિત ધાર્યો, ને બાઈને મારે ત્યાં રાખવાનું નક્કી કર્યું. રાત્રે મારી પત્ની સાથે એ સૂતી.

બીજે દિવસે એને કોર્ટમાં રજૂ કરવાની હતી. ફકીરોના પંજામાં કેમ સપડાણી ને ફકીરોએ એને કેમ રાખી એની બધી તપાસ થવાની હતી. સાક્ષીઓ ગોઠવાઈ ગયા હતા. બાઈની જુબાની કોર્ટે આવતી કાલ પર રાખી હતી.

એક જ રાત આડી હતી. બાઈ પાસેના ઓરડામાં સૂતી હતી. મારી પત્ની પાસે બેસી સુખદુઃખની વાતો કરતી હતી. મારી ભોળી પત્નીએ મારાં વખાણ કર્યાં. કહ્યું, 'એ તો દુનિયા પરના દેવ જેવા છે. પરસ્ત્રી સામે નજર કેવી ?'

કહે છે કે માણસનાં પાપ દશ દશ વાર ખુદા માફ કરે છે. પણ ભાનભૂલેલો માણસ જ્યારે હદ છાંડી દે છે, ત્યારે ઈશ્વર પણ એની સામું જોતો નથી.

રાતના હું એ બાઈ પાસે ગયો. એની પાસેથી બાતમી મેળવવાને બહાને મેં નિર્લજ્જ પ્રશ્નો કરવા માંડ્યા. થોડા વખત પહેલાં બાળક જાગવાથી મારી પત્ની પાસેના રૂમમાં ગઈ હતી. બાળક કજિયે ચઢ્યું હતું. એ ત્યાં રોકાઈ રહી.

એકાંત જોઈ મને હિંમત આવી. નવું યૌવન વધુ આસ્વાદવા મેં અડપલું કર્યું ! મેં માન્યું કે આવી સ્ત્રીઓને વધુ એક કુકર્મ કરતાં શરમ શી ?

'હું તમને બરાબર પિછાણું છું…' સ્ત્રી બોલી.

'મને ? ઓ પાપિની ! મારા પર પણ આરોપ ?'

'આરોપ નહિ, પણ સત્ય ! હું કાંતા ! ઓળખો છો માસ્તર સાહેબ !'

મારી સ્થિતિ વિચિત્ર થઈ ગઈ. કાપો તોય લોહી ન નીકળે ! છતાં પુરુષ સ્ત્રીની સામે હારતો હારતો જીતના પાસા નાખી જાય છે. મેં એને સમજાવી. તારો ભાઈ તને અચાનક લઈ ગયો, કોઈએ આપણી વાત ફોડી નાખી, હું તો જીવ આપવા તૈયાર હતો, ને હજીય છું !

કાન્તા ઓષ્ઠ બીડીને સાંભળી રહી. થોડી વારે મારી પત્ની અંદર આવી.

હું બહાર ચાલ્યો ગયો.

પાતાળમાં ચંપાયેલું પાપનું ભૂત સજીવન થતું ને ડોકિયાં કરતું હતું.

[ ૪ ]

**કોર્ટમાં** કાન્તા આજે વીફરી હતી. ન્યાયાધીશની મીઠી જબાન ઉપર એ ફૂંફાડા મારતી. એણે કહ્યું :

'ટૂંકામાં એટલું જ કે ફકીરોના આશ્રયે હું રાજીખુશીથી ગઈ છું, ને ખુશીથી હું મુસલમાન થાઉં છું. મારાં દીનઈમાનની ચિંતા બીજા કોઈએ કદી કરી નથી, ને આજે કરવાની જરૂર નથી.'

હિંદુઓ ખિજાયા. કોર્ટ ન હોત તો હિંદુ ધર્મ કલંકિની કાન્તાનું એક હાડકું પણ શોધવું મુશ્કેલ થાત. છતાં ન્યાયાધીશે મીઠાશ ન છોડી. કાન્તાને સમજાવી. વિગતથી બયાન આપવા વીનવી.

કાન્તા વાઘણ જેવી ગર્જીને બોલવા લાગી : ઘણે દહાડે જાણે દિલની દાઝ કાઢતી હતી.

'ન્યાયાધીશ સાહેબ ! આપ તો ન્યાયના દેવતા છો. મને લેવા આવેલા, અન્ય ધર્મમાં જતી બચાવવા આવેલા આ હિન્દુ ધર્મના થાંભલાઓને પૂછશો, કે–જે ઓરતને તમે તમારા સમાજમાં લઈજવા માગો છો, તેનું ત્યાં સ્થાન કેવું છે? એ ઓરતને જીવવા જેવું કે ઝેર પીવા જેવું ?

'હે ન્યાયદેવતા ! આ સમાજમાં સ્ત્રી તો રમતના ગંજીપાની રાણી છે. ન જાણે મારા જેવી કેટલીય રાણીઓ રોજ હાથે ઘાસલેટ છાંટી ને દિવાસળી ચાંપી બળી મરે છે. 'રાંધતાં દાઝીને મરી ગયેલી' સ્ત્રીઓમાં સોએ નવ્વાણુ ટકા આવી કમનસીબ સ્ત્રીઓ હોય છે. જે સ્ત્રીઓ લાગણીપ્રધાન નથી હોતી, તે પશુથી પણ બદતર દશામાં જીવનને ઢસરડવાની હિંમત કરે છે. એને મરતી ન જોઈ પુરુષ મોંએ ડૂચો દઈને બાળી મૂકે છે. આ બંને કિસ્સાઓમાં સ્ત્રીઓને ન્યાય આપવામાં આપની કોર્ટો આજસુધી સંદતર નિષ્ફળ નીવડી છે. ન્યાય ત્યાં બદસૂરત ઠર્યો છે.

'પુરુષ જો પશુ જ હોય, તો સ્ત્રી કંઈ દેવી નથી. પુરુષ હજાર વાર ભૂલ કરે, અને માફી મળે. સ્ત્રી એક ભૂલ કરે અને તે કદી માફ ન થાય ! હિન્દુસમાજના આ નરપુંગવો એને જીવતાં નરકનાં દર્શન કરાવે ! જુઓ તો ખરા ! એવી હિણાયેલી સ્ત્રીથી સમાજ કેવું મુખ ફેરવી લે છે ! સગો બાપ એને પુત્રી ન માને ! ભાઈ એને બહેન ન માને. દીકરો એને મા કહેવા કરતાં ઝેર આપવું પસંદ કરે. પવિત્રતા માત્ર સ્ત્રી માટે જ આ સમાજમાં રહી છે, ને એનાથી પ્રતિષ્ઠા ખરીદીને આ સુકર્મહીન લોકો પોતાની સંસ્કૃતિનાં ગુણગાન ગાય છે.

'હે જડજ સાહેબ ! આ તો દેખ્યાનું ઝેર છે. પોતાના સમાજની ફજેતી ન થાય, તેટલી લાગણી આમાં છે. સ્ત્રી સુરક્ષાની

ભાવના નથી. આ ઓખલા સમાજમાંથી દર પળે અનેક સ્ત્રીઓ અન્ય ધર્મમાં ચાલી જઈ વટલાઈ જાય છે. ત્યાં એમને ઓટલો ને રોટલો બંને મળે છે: ત્યાં એકાદી માનવસહજ ભૂલ માટે પોતાને હાથે ગળું કાપવાની જરૂર પડતી નથી. ત્યાં ગર્ભહત્યા નથી. ફરજિયાત વૈધવ્યની ત્યાં આવશ્યકતા નથી. ત્યાં વિધવા ડાકણ નથી, અપશુકનિયાળ નથી. જે કોઢમાં ઘાસચારો નથી, જીવનની સાદી સગવડ પણ નથી : એમાં પશુ પણ રહેવા ન જાય ! એને મારીને, બાંધીને, કેદ કરીને રાખી શકો, મનથી–મહોબ્બતથી એ ન રહે. તો તમે માણસને એ કોઢથીય ખરાબ જગ્યામાં કેમ કરીને રાખી શકશો ? મારા જેવી અનેક સ્ત્રીઓની આજે આ દશા છે.

'મારા તરણતારણહારના રૂપમાં આવેલા આ માસ્તર, રાતે શા માટે મારા કમરામાં આવ્યા ? શા માટે મને સ્પર્શ્યા ? છે કંઈ જવાબ એમની પાસે ? એ કહેશે કે હું મારી પત્ની પાસે જતો હતો ! હું એ જવાબ પળવાર સાચો માની લઉં છું. પણ આપ એમને પૂછશો કે તમે એક રાત તમારી પત્ની વિના ચલાવી ન શકો તો, એક ઓરત આખી જિંદગી પોતાના પતિ વિના કેમ ચલાવી શકતી હશે : એનો ખ્યાલ કર્યો ? આથી આગળ વધીને કહું છું કે માસ્તર પોતાનો ભૂતકાળ યાદ કરે ! મારી આજની હાલત એમને આભારી છે !'

'એ ગુનેગાર ઓરત ! એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ માથે આવું દોષારોપણ ?' સરકારી વકીલે કહ્યું.

'સાહેબ, આ સમાજની પ્રતિષ્ઠાને અનેક થીંગડાં લાગ્યાં છે. થીગડાં જ થીગડાં છે. મૂળ પોત ને મૂળ રંગ અદૃશ્ય થયા છે. જે પ્રતિષ્ઠાનાં વધુ બણગાં ફૂંકે એ વધુ પાપી. સ્ત્રીઓની બલિવેદી પર આ સમાજ ખડો છે. એને છૂંદીને એમણે પવિત્રતા ને પ્રતિષ્ઠા હાંસલ કરી છે. મારી કથા જરા વિગતથી કહું...'

કાન્તાએ પોતાની કથની કહેવા માંડી : આખી સભા સ્તબ્ધ

થઈ ગઈ. એણે મારી સાથેના પ્રણયની વાત પૂરી કરીને આગળ વધતાં કહ્યું.

'આ પછી હરદ્વારના મેળામાં, પાંખ કાપીને પાંજરામાંથી પોપટને છૂટો મૂકી દેવામાં આવે, એમ મને એકલી મૂકી દેવામાં આવી. બાળપણથી હિંદુ સ્ત્રીને બહારની દુનિયાની રોશનીથી બિનવાકેફ રખાય છે. એને સુરક્ષિત ને અરક્ષિત સ્થળ–કાળ કયું, તેની સૂઝ હોતી નથી. દેશની તો શું, ગામની ભૂગોળ પણ એ ભણી હોતી નથી.

'એક આશ્રમમાં હું ગઈ. આશ્રમ પણ અનાચારનો અડ્ડો નીકળ્યો. ત્યાં ત્રણથી ચાર જણાએ મને હેરાન પરેશાન કરી. આખરે મને સહુ વેચવા તૈયાર થયાં. હું ત્યાંથી રાત માથે લઈ ભાગી છૂટી.

'પછી એક મંદિરના પૂજારી પાસે રહી.'

'ત્યાંથી એક જાહેર સમાજસેવકના ઘરમાં રહી. પણ પતિત સ્ત્રી તરફ કોઈ પવિત્ર ન રહી શક્યું. નીતિ-સદાચારના દેવતાઓ જ અનીતિના પૂજારી નીકળ્યા.

'એક રોટી માટે, એક આશ્રય માટે મારી કાયા ચંદનના લાકડાની જેમ ઘસાણી.

'પછી તો હું જાહેર થઇ. દલાલો, ગુંડાઓ, મવાલીઓ મારી પાછળ ભમવા લાગ્યા. જ્યાં જાઉં ત્યાં સારા કહેવાતા માણસો મને પ્લેગ જેવી ભયંકર લેખવા લાગ્યા, મારું અપમાન કરવા લાગ્યા. પડેલાને પાડવામાં એમની પવિત્રતા દીપતી લાગી. ગર્ભિણી અવસ્થામાં પણ મારી બેહાલ હાલતનો અનેકોએ લાભ લીધો.

'હિંદુ સ્ત્રી આવી અવસ્થામાં મરવું ઇચ્છે, હિન્દુ સમાજને પણ એ જ ગમે. મારી પણ એવી જ ઇચ્છા હતી, પણ પેટના જીવની માયા હતી. આખરે મેં એક મુસ્લિમ યતીમખાનાનો આશરો લીધો. એ વિના આ ગુંડાઓ ને મવાલીઓ મારો કેડો છોડે તેમ નહોતા.

'ચાર છ સમાજસેવકોએ હોહા મચાવી મૂકી, પણ મને રક્ષણ આપનાર બે જુવાનોએ ચકચકતા છરાથી તેમને ડરાવ્યા, એટલે એ સમાજસેવકો અદૃસ્ય થઇ ગયા. મેં બાળકને જન્મ આપી તેમને સુપ્રત કરી દીધો. પછી મારો આત્મહત્યાનો નિર્ણય જણાવ્યો. કારણ કે ધર્મત્યાગનું દુઃખ મને ખૂબ સાલતું હતું. તેઓએ મને આપઘાત કરતાં રોકીને બાળકને મોટો થતાં સુધી થોભી જવા કહ્યું. પણ ત્યાં તો તેઓના વર્તાવથી મારું દિલ પીગળ્યું.

'આખરે તો મા ને વળી સ્ત્રી!'

'મેં પુત્રને કાજ મુસલમાન બનીને પણ જીવવા ઇચ્છ્યું! મારો પુત્ર–જેની ભ્રૂણહત્યાનું પાપ આ માસ્તર સાહેબની આગ્રહભરી સલાહ હોવા છતાં હું આચરી ન શકી, એ પુત્ર જુવાન બને–એટલી રાહ જોવા ઇચ્છું છું. એકવાર મારા પાપની, મારા પતનની: મારા પ્રત્યેના વર્તાવની એ જુવાન પુત્રને વાત કરવા ઇચ્છું છું. એની સામે એ કર્તવ્યમાર્ગ મૂકવા ઇચ્છું છું. એ ચાહે તો એની તેજ છુરીથી મને હણી નાખે, કાં એની માતાના અપમાનનો પૂરેપૂરો બદલો લે! જેને આજે દુશ્મન લેખવાની તમને આદત છે, એમાંનો પોણો ભાગ તમારા જ પોતાના સમાજનો છે. મેં મારું કહેવાનું પૂરું કર્યું છે. હવે આપ જે સજા કરવા ઇચ્છો તે કરી શકો છો.'

કચેરી થંભી ગઈ હું બેહોશ બની ગયો. મારી પ્રતિષ્ઠા ઉપર પાણી ફરી ગયું હતું.

બીજે દિવસે મારા વકીલે કોર્ટમાં બાપાકાર કહ્યું: "બાઈ કાબેલ છે. મારા અસીલની આબરૂ પર હલ્લો કરી એ કંઈક પડાવવા માગે છે."

પણ મરાથી ન રહેવાયું. પાપી દિલમાં જાગતી સહજ કમજોરીએ મને સત્યવાદી બનાવ્યો. મેં પોતે ગુનો કબૂલ કરી લીધો.

ન્યાયાધીશે બીજે દિવસે ચુકાદો આપ્યો. 'ફકીરો નિર્દોષ છે, બાઈને ફસાવવામાં આવી છે. માસ્તરને બે વર્ષની સખત સજા થાય છે.'

પણ કાન્તા તો ન ખસી. 'સાહેબ! મારે જવું ક્યાં?'

'બાઈ! મારે ત્યાં રહીશ?' એક ગૃહસ્થ આગળ આવ્યા.

'માફ કરજો. તમારો શો વિશ્વાસ?'

'બાઈ! મારું નામ તનસુખ. તારો પુરાણો પાડોશી, વગર પાપે ફજેત થયેલો. મારે એક પુત્રી છે. બીજાં તમે.'

કાન્તા રડી પડી. તનસુખની પુત્રી જયા આવી કાન્તાને લઈ ગઈ. હું કેદમાં જવા તૈયાર થઈ રહ્યો હતો.

*

બે વર્ષ વીતી ગયાં ને છૂટયો, પણ પેલાં પાપનાં શમણાં હજી નથી છૂટયાં. કોલેરાએ પત્નીને ઝડપી લીધી છે. ક્રૂર કાળે મને કર્યાં કર્મની સજા ભોગવવા જીવતો રાખ્યો છે.

સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સ્થાપવાની કોશિશમાં હવે જીવી રહ્યો છું, પણ મારો કોઈ પડછાયો પણ લેતું નથી.

કાન્તા આજે સ્ત્રીઓ માટે દેવદૂત બનીને જીવી રહી છે. એણે સ્ત્રીઓમાં નવજીવન રેડયું છે. પહેલાં સ્ત્રીની સામાન્ય ભૂલ એટલે એના કીમતી જીવનની સમાપ્તિ—એ વાત દૂર કરી છે. ભૂલેલાંને માર્ગ બતાવી, સદ્‌માર્ગે વાળનારી એ સંજીવની બની છે. એણે મને માફી આપી છે. પણ એ માફીએ મારા અંતરને વધુ શોકભર્યું બનાવ્યું છે. આ જીવન મૃત્યુ કરતાં વધારે કઠોર લાગી રહ્યું છે.

—ને એકાગ્ર ચિત્તે મૃત્યુની રાહ જોતો બેસી રહ્યો છું.

## ત્યક્તા

### [ વાર્તા પંદરમી ]

**મારી** ઉંમર વીસ વર્ષની થઈ ચૂકી હતી. એ અવસ્થા કંઈ પ્રેમને સમજી શકે તેમ નહોતી, પ્રેમ કરી શકે તેવી પણ નહોતી. પ્રેમ આપી શકે તેટલી જરૂર હતી. જો કે પાછળથી સમજણ પડી કે પ્રેમ તો સ્વયંભૂ છે.

જીવનના રંગો પલટાતા હતા. ઘેલું બાલપણ પસાર થઈ ગયું હતું. યુવાનીનો અદમ્ય તનમનાટ જાણેઅજાણે શરીરમાં પેસી જઈ હૃદયના તારોને હલાવતો હતો. અત્યાર સુધી મીઠી લાગતી વસ્તુઓ બધી તુચ્છ ભાસવા લાગી હતી, તુચ્છ લાગેલી ચીજો તરફ આકર્ષણો વધતાં જતાં હતાં.

મારો સંસાર આદર્શમય હતો. પિતા–પુત્રમાં રામ–દશરથ દેખાતા. પતિપત્નીના પ્રેમમાં લયલા–મજનૂ દેખાતાં. બંધુપ્રેમમાં કૃષ્ણ–બલદેવનાં જ દૃષ્ટાંતો દેખતો.

હજી મારે મન સંસાર પાપી, ભીરુ, ઝેરી કે વિશ્વાસઘાતી નહોતો દીસ્યો. હજી વ્યવહાર એટલે નફટપણું એ નહોતો સમજ્યો. સહાનુભૂતિ એટલે પાપ એ વાત ગળે નહોતી ઊતરી. મોટાં નામવાળા, મોટાં કામવાળા ને મોટા ધામવાળા–હલકા માણસો પણ ન કરી શકે

તેવાં હલકાં કામો કરતા હશે—જે અમે કરતાં ધ્રૂજીએ—તે વાત મન નહોતું માનતું.

સાહિત્યમાં સર્વત્ર મહાકવિ કાલિદાસ ને બાણુ ભટ્ટ જ દેખાય. સભાઓમાં સર્વત્ર યુધિષ્ઠિરના જ અવતાર દેખાય. ગુરુઓમાં બધા ગોવિંદ જ દેખાય. સમાજમાં સર્વ અગ્રેસરો પરોપકારી કર્ણ જેવા જ—દાન આપવા માટે જીવ કાઢી આપવા તત્પર બનેલા—નજરે પડે.

સંક્ષેપમાં કલ્પનાના સ્વર્ગમાં વસતો હતો: ને એ કલ્પનાનું સ્વર્ગ મને હજી પ્યારું હતું. ધંધો ભણવાનો હતો, એટલે ગરજ વસ્તુ સમજ્યો નહોતો. સમર્પણને નામે સ્વાર્થની જ વાતો થાય બીજી નહિ, દેશોપકાર કરતાં પહેલાં પેટ પર ઉપકાર કરવાનો હોય એ સિદ્ધાંતો ઇતિહાસના શિવાજી કે પ્રતાપે નહોતા શીખવ્યા. ભૂગોળમાં એના વિષે કંઈ વાતો જ નહોતી, અને ગણિત તો એ વિષયમાં ચૂપ જ હતું.

મેં લગ્ન નહોતું કર્યું, એટલે પતિ—પત્નીપ્રેમ નહોતો અનુભવ્યો, છતાં પુસ્તકોએ તેનો સારો ખ્યાલ આપ્યો હતો: સીનેમા નાટકોએ તો તેનો વગર પઢ્યે પંડિત બનાવ્યો હતો: જેથી વગર અનુભવે પ્રેમ વિષે એક દળદાર ગ્રંથ લખી શકું તેમ હતો. અને જુવાનીમાં કોણ બિનઅનુભવી એ ગ્રંથ નથી લખતું!

મેં મારી પત્નીનું મોડલ—રેખાચિત્ર કલ્પનાથી નિશ્ચિત કરી રાખ્યું હતું. મારાં કલ્પનાચક્ષુ આગળ એનાં રૂપ ઉર્વશીથી ચડતાં હતાં. એના અધરો પરવાળા જેવા હતા: નેત્રો કમલપાંદડી જેવાં હતાં. હસ્ત કદલીદળ જેવા હતા. મુખ ચંદ્રને શરમાવે તેવું હતું. એક શબ્દમાં એનું સૌંદર્ય વિકસિત કમળ જેવું હતું, છતાં આ તો મુગ્ધ મનની કલ્પના—પત્ની હતી.

જીવન હજી અભ્યાસમાં જ વીતતું હતું. પિતા વેપાર કરતા હતા, મોટાભાઈ તેમાં મદદગાર હતા: એટલે મારે ઉતાવળ કરવાની

જરૂર નહોતી. સારી ફેશનનાં કપડાં પહેરી, ચામડાના પટામાં પુસ્તકો બાંધી, માથે તેલ નાખી સેંથો પાડી જ્યારે સાયકલે ચડી કૉલેજ તરફ પ્રયાણ કરતો ત્યારે આખો મહોલ્લો મારી તરફ નિહાળી રહેતો. કેટલાય બેટીના બાપની નજરમાં હું ચઢી જતો. પોતાની જાતનું પ્રદર્શન કરવાની એ ઉંમર હતી. જે બેદરકાર હોય તેને ઘંટડી વગાડી મારા ઠાઠ તરફ જોવાની છૂપી આજ્ઞા કરતો. આ વખતે મને હું બહુ રૂપાળો લાગતો. કદાચ કામદેવ રસ્તામાં મળે તો સુંદરતાની હરીફાઇમાં ઊતરું એમ ગર્વ પણ હતો.

આમ જીવન પસાર થતું. પસાર થતા દિવસો ઝડપી હતા. વર્ષ મહિના જેવડું હતું.

અમારી પડોશમાં જ એક ઘર હતું, એમાં પતિ–પત્નીનું એક જોડું રહેતું હતું. તેઓ બહારગામનાં હતાં. પતિનું નામ વિનાયકરાવ અને પત્નીનું નામ વિમલાદેવી હતું. વિનાયક શરીરે હૃષ્ટપુષ્ટ હતો. ચહેરો ગૌરવર્ણો ને ભરેલો હતો. એની ચાલમાં પુરુષત્વ હતું. એના શબ્દમાં આકર્ષણ હતું. એની મીઠી જીભે વાતો સાંભળવી સૌને ગમતી. એ એક દેશી સાહેબની ઑફિસમાં ટાઇપ કરનાર હતો. ઑફિસમાંથી છૂટયા બાદ શેરીમાં પાટે બેસી જ્યારે વાતો કરતો ત્યારે ગમે તેવાંને બે મિનિટ થોભી જવાનું મન થતું.

તેની પત્ની વિમલાદેવી નામમાં અને રૂપમાં વિમલા જ હતી. તે એટલી શરમાળ હતી કે અન્ય પુરુષ સાથે કદી ન બોલતી. એ તરફની સ્ત્રીઓના રિવાજ મુજબ તેનું મુખ ખુલ્લું રહેતું, છતાં તે કોઇની સામે સીધે મુખે કદી ઊભી ન રહેતી. મને તો વનમાં કિલ્લોલ કરતી કાલિદાસની કુંવારી શકુન્તલા જ ભાસતી.

આવાં રૂપાળાં, દેખાવડાં, આનંદી, સદા સાથે હરતાંફરતાં પતિપત્ની સુખી જ હોય એમ હું હમેશાં કલ્પતો. આ જુગલ જોડી

ઘણાંની ઈર્ષાને પાત્ર બનતી. બંનેએ સાથે ફોટો પડાવેલો. શું શોભે બંને જણાં!

અરે, છબીઓ તો આવાની શોભે! છબી પાડનારે ચાર છ મફત પાડી દીધેલી. એ કહે : ' સાહેબ! શું વરવા લોકો ફોટા પડાવવા આવે છે, ને પછી કડાકૂટ કરે છે, કે જોજો, જરા મોં પર ડાઘા ન દેખાય, હોઠ બહુ આગળ પડતા ન લાગે. પણ સાહેબ, તમારા જેવાં આવે તો અમારી કલાનો કસબ પણ બતાવી શકાય!'

એણે પોતાના સ્ટુડિયોમાં આ દંપતીના ફોટા ટાંગેલા. કેટલાય લોકો આ જોડીને નીરખીને કહેતા : ' શું ભગવાને જોડી સરજી છે! જાણે રામ ને સીતા જોઈ લો.' સહુ એમના સુખ અને એમના દાંપત્યની પ્રશંસા કરતા અને મારી કલ્પનાના કાળ સુધી તે સુખી જ હતાં. કૉલેજમાંથી આવ્યા બાદ વિનાયકની સાથે બેક્ષણ સમાચાર-પત્રોની વાતો કરતો. દેશની નવી ખબરો પુછાતી. પછી હું ચાલ્યો જતો. વિમલાદેવીની સાથે બોલવાનો ખાસ પ્રસંગ નહોતો જ પડ્યો.

આવા ઘણા દિવસો વીતી ગયા. એક દિવસ તબિયત નરમ હતી. કૉલેજમાં નહોતો ગયો. બીજે માળે બારી પાસે પથારી પર પડ્યો પડ્યો વાંચી રહ્યો હતો. મારાં ભાભી પાસે બેઠાં તોરણમાં મોતી પરોવતાં હતાં, અને સાથે અમારી મીઠી મશ્કરીઓ ચાલતી હતી.

અચાનક મારી દૃષ્ટિ નીચે ગઈ. જોઉં તો મકાનની ઓસરીમાં વિમલા ઉદાસી ચહેરે અને અશ્રુભરી આંખે ઊભી હતી. મેં ભાભીને બતાવ્યું. ભાભીએ ઉપરથી જ બૂમ મારી તેને બોલાવી, પણ તે એકદમ ઘરમાં ચાલી ગઈ. જાણે એ કંઈ છુપાવવા ચાહતી હતી.

ભાભીને વહેમ પડ્યો. તેઓ નીચે ઊતર્યાં. વિમલાદેવીની પાસે ગયાં. થોડી વારે હસાવી પટાવી, સમજાવી મારી પાસે તેડી લાવ્યાં. પણ મને જોતાં જ બાઈને લજ્જાએ ઘેરી લીધી. એ મુખ છુપાવવા લાગી.

મારી ભાભીએ ધીરેથી સંસારશાસ્ત્રનું જ્ઞાન આપ્યું. 'એને, મનુભાઈ તો વિનાયકરાવ કરતાં નાના છે. તેમનાથી શરમાવાની જરૂર નથી.'

ધીરે ધીરે વિમલાદેવીની શરમ ચાલી ગઈ. ડરતી-મિંચાતી આંખોએ મારી સામે જોયું. હું તે વખતે ઓસ્કર વાઈલ્ડની 'હાઉસ ઓફ પ્રોમગ્રેનેઈટ'માંની 'ફીશરમેનની'ની વાત વાંચતો હતો. મને ક્ષણભર લાગણી થઈ આવી કે એ જલસુંદરી (Marmaid) મારી સામે તો નથી ઊભી?

દૃષ્ટિમાં વિકાર નહોતો. આવા સ્વચ્છ સૌંદર્યને જોઈને નવજુવાનીને સહજ આનંદ થયો, જેમ મચ્છીમારને જલસુંદરીની પ્રથમ મુલાકાતે થયું હતું.

વાત પૂછતાં ખબર પડી કે 'વિનાયકરાવ દિવસોથી રાત્રે મોડા મોડા ઘેર આવે છે. આજે વિલંબનું કારણ પૂછતાં એ નારાજ થયા અને ભોજન લીધા વગર ચાલી ગયા.'

છેલ્લા દિવસોમાં શેરીની પાટ પરની તેની અનુપસ્થિતિ મને સમજાઈ: ભાભીએ સાંત્વન આપ્યું, અને તે ગઈ. મને ઘરમાંથી જાણે પ્રકાશ ન જતો હોય, જાણે ચંદ્રલેખા વાદળી પાછળ છુપાતી ન હોય તેમ ક્ષણભર ભાસ્યું. છતાં હું કેવળ કલ્પનાશીલ જ હતો. અલબત્ત, તેના પ્રતિ કાંઈક સહાનુભૂતિ પેદા થઈ હતી.

[ ૨ ]

**આ વાત** પર અઠવાડિયાનાં વહાણાં વાયાં. કૉલેજમાંથી ઘેર આવી સાયકલ મૂકતો હતો કે પાછળ અવાજ સંભળાયો :

'મનુભાઈ!'

મને લાગ્યું કે કોઈ શ્રીમંતની સાયકલ પર લગાડેલી રૂપાની ઘંટડીનો આ રણકાર હશે. છતાં બીજે અવાજે ભાન થયું કે વિમલાદેવી મને બોલાવી રહ્યાં છે. હું ગયો. બોલાવવાનું કારણ પૂછ્યું.

'મનુભાઈ! તમારા ભાઈ બે દિવસથી ઘેર નથી આવ્યા. જરા તેમની ઑફિસે ખબર કાઢશો ?'

શબ્દોમાં આજ્ઞા નહોતી, પણ એ શબ્દની પાછળ માણસ મરી ફીટે તેવી મીઠાશ હતી.

હું ચાલ્યો, સાયકલ ઉઠાવી સવાર થયો ને ઑફિસે પહોંચ્યો. પગથિયાં પાસે વિનાયકરાવ મળ્યા. મેં તેમને મારી સાથે લીધા. માર્ગમાં ગેરહાજરીનું કારણ પૂછ્યું. તેમણે અનેક બહાનાં બતાવ્યાં. મેં મારાથી મોટી ઉંમરના છતાં તેમને નમ્રતાભરેલો ઠપકો આપ્યો.

આવા પ્રસંગ બે–ચાર વાર બન્યા. મેં તે કેવળ પાડોશી તરીકેની ફરજથી બજાવ્યા.

ઉનાળો બેઠો હતો. આજકાલમાં જ રજાઓ પડવાની હતી. આ વખતે મામાશ્રીને ત્યાં રજાના દિવસો ગાળવાના હતા. તેઓ એક ગામડામાં રહેતા હતા. નિમંત્રણ આવી ચૂક્યું હતું. મારે થોડો સમય શહેરી મટી જવાનું હતું. છતાં ગામડામાં શહેરીપણું લઈ જઈ શકાય તેવી તૈયારીઓ પણ ચાલતી હતી.

અચાનક એક દિવસ વિનાયકરાવ મારી પાસે આવ્યા. મને કહ્યું: 'મિસ્ટર મનુભાઈ, મારું કામ કરશો ?'

મેં કહ્યું. 'ફરમાવોને ?'

'ઘરમાં કેટલાક વખતથી ઝીણો તાવ લાગુ પડ્યો છે. ઘણી દવાઓ કરી, પણ કેમે હટતો નથી. ડૉક્ટરની સલાહ છે કે તેમને કોઈ સેનિટેરિયમમાં રાખવાં. મેં સાંભળ્યું છે કે તમે તમારા મામાશ્રીને ત્યાં જવાના છો. ત્યાંથી પાંચ–છ માઈલ દૂર સેનીટેરિયમ છે. બધી વ્યવસ્થા મેં કરી છે. બીજાને તો ન કહેવાય. તમે ઘરના છો, એટલે કહું છું. જરા સંભાળીને તેમને ત્યાં મૂકી આવશો ? મેં રજા માટે કોશિશ કરી, પણ હમણાં રજા મળે તેમ લાગતું નથી. મોટા સાહેબ તપાસે

આવવાના છે. તમને હું પૂરતા રૂપિયા આપીશ. એક નોકર રાખી લેજો. બીજી બધી વ્યવસ્થા મેં ત્યાં કરી દીધી છે. રજા મળતાં હું આવીશ. તમને તકલીફ પડશે, પણ માફી ચાહું છું.'

આ કાર્યમાં હું ના કહી જ કેમ શકું? એ મારી ફરજ હતી, પણ નજર સામે વિનાયકરાવ નહોતો. તેના ખાતર હું આ કામ કરવા તૈયાર થયો નહોતો. છેલ્લા દિવસોમાં મારું તેના તરફનું માન ઘવાયું હતું. જે કાર્ય કરવા હું તત્પર થયો હતો તે ફક્ત વિમલાદેવીને ખાતર! એને ખાતર એક વખત મરી ફીટવાનું પણ ગમે તેવું હતું!

મેં વિનય કર્યો: 'પિતાશ્રીની રજા જોઈએ. હું તો તૈયાર છું.'

વિનાયકરાવે પિતાજીની રજા મેળવી. હું બીજે જ દિવસે તે નિરુત્સાહી બીમારની સાથે રવાના થયો. કલ્પના-તરંગના એ દિવસો હતા. મને લાગ્યું કે આકાશમાંથી પડેલી ચંદ્રજ્યોત્સ્નાને મારે સંભાળવાની હતી.

મામાને ત્યાં પહોંચ્યો. માર્ગમાં ન જેવી વાતો થઈ. મામા ભાણેજને જોઈ ખૂબ ખુશ થયા. મામી તો અડધાં ગાંડાં બની ગયાં. મને વીસ વરસના જુવાનને જાણે બે-ચાર વર્ષનું નાનું 'બેબી' ન સમજતાં હોય તેમ લાડ લડાવવા લાગ્યાં. મને કૉલેજિયનને--એક સભ્ય શહેરીને આમાં 'એટીકેટ' શિષ્ટાચારનું જરા અપમાન લાગ્યું છતાં 'અનસિવિલાઈઝ્ડ' (અણસુધરેલ)નું 'ટાઈટલ' આપી મનમાં સંતોષ વાળ્યો.

પાડોશીઓ આવ્યાં. વાતચીત ગઈ. વિમલાદેવીની પણ ઓળખાણ કરાવવી પડી. મામાને સેનીટેરિયમ સુધી ગાડું ભાડે કરી આપવાનું કહ્યું તો જવાબ મળ્યો કે, 'બે દિવસ ભલે અહીં રહે, પછી મૂકી આવજે! તું તો આવે પણ આ બેન અમારે ઘેર ક્યાંથી? આપણા કિરપારામ વૈદને પણ બતાવશું, જોઈએ એને કાંઈ સૂઝે છે?'

એ દિવસ અમે રહ્યાં. મારે તો જો કે ‘અનસિવિલાઇઝ્ડ’ વચ્ચે રહેવાનું હતું. ‘ગુડમોર્નિંગ,’ ‘ગુડબાય’ને બદલે ‘જયરામ,’ ‘રામરામ’ કે ‘જયગોપાળ’ સાંભળવાનું હતું. મહેમાનગતિમાં ચા અને બિસ્કીટને સ્થાને દૂધ સાથે ઘીથી લચપચતો બાજરાનો રોટલો મળતો. કાગળની કોથળી જેવા મારા પેટને પચવામાં એ ભારે પડતો, છતાં મહેમાન છું, તેમ સમજી ચલાવી લેતો.

પણ શરીર આ ન ચલાવી શક્યું. નીકળવાની રાતે જ મને તાવ ચડ્યો. માથામાં સખ્ત દર્દ થવા માંડ્યું. હું પથારીવશ બન્યો. આ વખતે ગામડાગામની ભક્તિ ઊછળતી દીઠી. ભાણાભાઈ બીમાર પડ્યા એ સમાચાર ગામમાં પ્રસરતાં ઘણા લોકો મને જોવા આવવા લાગ્યા. શહેરમાં તો માંદગી એ સારવારનો વિષય નથી, કંટાળાનો વિષય છે, અગવડની બાબત છે, ને દવાખાનામાં દરદીને મૂકી આવી નિશ્ચિંત થવાની સગવડ છે. શહેરમાં માંદો પડતો ત્યારે ઘરનાં બધાં ધમકાવ્યા કરતાં કે બહુ હોટલ–રેસ્ટોરાંમાં જવા શીખ્યો છે, માટે માંદો પડે છે. કોઈ આશ્વાસન ન આપતું, ફક્ત મારો મિત્ર કનુ સાયકલ પર આવી ‘ગુડ હેલ્થ’ પૂછી જતો: એ સિવાય મને જોવા પણ કોઈ ન આવતું.

ને અહીં તો ભારે ભીડ! અરે બીજા તો ઠીક પણ ગામનો કાળીઓ ભંગિયો પણ ભાણાભાઈ કહી તબિયત પૂછી ‘જલદી સારું થઈ જશે’ એવા આશીર્વાદ આપીને જતો. મને એ ‘માન ન માન, હમ તુમાર મામા’ ઉપર ચીડ ચડતી પણ એના હૃદયનો ઉમળકો મને બોલતો બંધ કરી દેતો.

એકને સ્થાને બે બીમાર. છતાં વિમલાદેવીને કૃપારામ વૈદની દવાથી ફાયદો નજરે પડ્યો. એના મુખ પર ખોવાયેલું નૂર ફરી આવતું લાગ્યું. મરવા ચાહતી એ બાઈ જીવતરના વિચાર કરવા લાગી.

ધીરે ધીરે મને ગામડાના જીવનનો રસ લાગ્યો. જંગલી દેખાતા લોકોમાં વધારે હૃદય, વધુ વિશ્વાસ, વધુ આત્મભાવના લાગી. ખુલ્લા આકાશને આશરે રણકતા તંબૂરામાં મને હારમોનિયમો અને ફીડલો ડૂલ થતાં લાગ્યાં. એમના ભક્તિભીના કંઠ પાસે ગોહરજાનો ઝાંખી પડવા લાગી.

સવારમાં આંગણે મોર બોલે, દૂર આંબાવાડીમાં કોયલ કે કોસના રીડિયા સંભળાય, ઘંટીના કોઈ ગામડિયણના ગીત સાથેના અવાજ સંભળાય, રસ્તા પર માથે બબ્બે ત્રણત્રણ બેડાં મૂકી મલપતી જતી મજબૂત પનિહારી દેખાય. વાતવાતમાં વિશ્વાસ બંધાય. જાણે ભોળપણની જ દુનિયા. ઢોરોનાં ધણ પ્રાતઃકાળે છૂટતાં અને સાંજે પાછાં ફરતાં. ધૂળનો પાર નહિ. એ ગળામાં ગયે પાર નહિ તેટલાં દર્દ થાય, એમ શહેરના દાક્તરો કહેતા. પ્રથમ તો મન મૂંઝાયું પણ હવે તો એમાં પણ મજા આવવા લાગી. હું કોઈ અવનવા જીવનનો આસ્વાદ લેવા લાગ્યો. ભારતનું હૃદય તો ગામડામાં છે, પણ ભારતીય આરોગ્ય પણ ગામડામાં વસે છે, એવું લાગ્યું. તબિયત ઠીક થવા લાગી.

બીજે દિવસે વિમલાદેવીને ઘર જેવા સંગાથે સેનીટેરિયમમાં પહોંચાડી. પત્ર લખી વ્યવસ્થા કરાવી દીધી. જવા તૈયાર થયેલી વિમલાદેવીએ બેએક દિવસમાં સાજા થયે ત્યાં આવવા મને નિમંત્રણ આપ્યું.

કેટલાક દિવસો બાદ આજ એ પોતાની મેળે બોલી. હમેશાં હું બોલાવવાનો પ્રયત્ન કરતો, આજે એ સ્વતઃ બોલી. સ્ત્રીનું હૃદય પણ ભારે સમસ્યા છે. ભર્યાં નવાણે તરસે મરે છે. ખાલી નવાણે એ ભરી ભરી પીએ છે.

ત્રણ ચાર દિવસો ગયા. તબિયત સ્વસ્થ થઈ, મામાના ખેડૂતો

સાથે ખેતરોમાં જવા લાગ્યો. શેઠના ભાણાભાઈ એટલે એમને મન મલકના બાદશાહ હતા. ખેતરોમાં બહુ મજા આવતી. આજે પણ નાસ્તો કરી, ખેતરોમાં ફરવા નીકળી ગયો હતો. શેરડીનાં ખેતરોમાં હું જઈ ભરાયો, ને હાથે સાંઠા તોડી ચૂસવાના અસંસ્કારી કામમાં તલ્લીન થઈ ગયો.

કૂવાને કાંઠે, આંબાને છાંયે, માથે કોયલ બોલે, દૂર દૂરથી કોસના અવાજ સંભળાય, ચારેકોર લીલોછમ વગડો દેખાય, દૂર ઝરણાં પર હરણાં ફાળ ભરે, એ બધામાં હું સભ્ય જગતનો નાગરિક બધું ભૂલી બેઠો. એ નીરવ મધુર જગતમાં જંગલી થઈ ભમવા લાગ્યો, જાણે એ રસભર્યાં જીવનનો રસ ચૂમી લઈ અજર અમર થવા મથતો ન હોઉં!

એવામાં પાસેથી એક ગાડું નીકળ્યું. ગાડાવાળો સેનીટેરિયમને માર્ગેથી આવતો હતો. દૂરથી ગાડાવાળાએ ખેતરવાળાને રામરામ કર્યાં. હેત ખબરો પૂછી. થોડી કામની વાતો, થોડી બળદની વાતો, થોડી પાસેના ગામમાં આવેલા બાવાના ભજનભાવની વાતો કરી, ખેમકુશળ પૂછ્યા.

અન્તમાં ગાડાવાળાએ ખેતરના સાથીને પૂછ્યું : 'શેઠના ત્યાં ભાણાભાઈ આવ્યા છે ને? એમને માટે આ બે ગાઉ ઉપર સેનીટોરી છે ત્યાં એક બાઈ છે, એણે ચીઠ્ઠી આપી છે. તમે જરા ત્યાં જાઓ તો આપી દેજો.'

ખેડૂતે મને ઓળખાવ્યો. મારી સાથે રામરામ કરી કેડિયાની કસે બાંધેલી ચિઠ્ઠી આપી તે રવાના થયો.

ચિઠ્ઠી ઉઘાડી, વાંચી. અક્ષરો સારા નહોતા. ક્યાંથી હોય? મને જ્ઞાન હતું જ કે હિંદુ સ્ત્રીઓ ભણે નહિ અથવા ભણે તોપણ પૂરું ભણવા ન દેવાય. ભણતરથી સ્ત્રી વંઠે, એવો ભ્રમ હતો:

અને ભણેલા ને વંઠેલા પુરુષોએ સાચો કરી બતાવ્યો હતો. પત્ર આમ હતો—

'**ભાઈશ્રી,**

આવવાનું કીધું છતાં કેમ વિલંબ થયો? પધારવા તકલીફ લેશો. શરીર ઠીક છે. મન હજીય માંદું છે.

લી. **વિમલા**'

આટલા અક્ષર લખવા પાછળ મહેનત લેવાણી હશે એમ એ પત્રના અક્ષરોની ગડબડથી સમજી શક્યો. બસ, દિલ ઊછળ્યું. હવે જવું જ જોઈએ.

ઘેર આવ્યો, મામાને જણાવ્યું તો કહ્યું: 'કાલ બપોરે ગાડું જશે તેમાં જજો!' મેં અનિચ્છા બતાવી.

અન્તે ગામમાં એક ઓળખીતાને ત્યાં સાયકલ હતી તે મંગાવી આપવા કહ્યું. તે આવી. મામી ખુશ થાય તે ખાતર થોડું જમીને રવાના થયો. પેડલ જોરથી ચાલવા લાગ્યાં. કેમ ? તે હું તરત તો ન સમજ્યો. સ્ત્રી પુરુષની પ્રેરણા છે, એ તો બહુ મોડું સમજાયેલું.

સૂર્ય પશ્ચિમમાં ઊતરી ગયો હતો. સેનીટેરિયમની ઝાડી ઉપર લાલ કિરણો રમી રહ્યાં હતાં. મકાનોની બારીઓના પડદા ધીરી હવામાં ઝૂલી રહ્યા હતા. વિમલાદેવીએ બારી વાટે મને આવતો જોયો. એ પરસાળમાં આવી. હું પહોંચ્યો અને મને મૂંગા ભાવથી સત્કાર્યો.

અમે ઓરડામાં બેઠાં. આટલી એકાંતમાં અમે આજે પહેલી વાર મળતાં હતાં. બારીએથી મીઠી હવા આવતી હતી. પડદાઓ ફડફડ અવાજ કરતા ઊડતા હતા. ઓરડો સ્વચ્છ ને સુંદર હતો. હવાના માર્ગમાં બારી સામે હું બેઠો, સામે વિમલાદેવી બેઠી. તબિયતના સમાચાર પૂછ્યા. કુશળતા જણાવી, છતાં મારા ન આવવાથી નહોતું ગમતું એમ જણાવ્યું.

તેના પતિ વિનાયકરાવ પાસેથી નીકળ્યાં તે પછી તેમના આવવાના કાંઈ સમાચાર નહોતા. તેઓ આવવાનું લખતા હતા છતાં હજી સુધી આવ્યા નહોતા. પ્રારંભમાં બે-ચાર પત્ર આવ્યા ને પછી તો પત્ર પણ ન આવ્યો. શું થયું હશે? પત્નીને એ ચિન્તા થઈ.

સૂર્ય અસ્ત થઈ ચૂક્યો, આકાશમાં અંધારાં ઉભરાયાં. તારાઓ પણ ઝબૂકતા લાગ્યા. અંધકારે ખંડની બહારની દુનિયા ઉપર પડદો નાખ્યો. ખંડમાં દીપક બળી રહ્યો હતો. હજી વિમલાદેવીને રોગ હતો છતાં હવે ભયંકર નહોતો. કૃપા-રામ વૈદ્યની દવા કામ કરી રહી હતી. ચહેરા પર ફીકાશ હતી. છતાં સૌંદર્ય એનું એ જ હતું, અને અત્યારે દીવાના તેજમાં એ વધારે ઓપતું હતું. રે! માણસ આવા રૂપ પાછળ તો ભૂલો પડે! વિનાયક આવા રૂપને ભૂલી કેમ શકતો હશે?

સહૃદય દિલ અમને વાતો કરાવતું હતું. પણ આ સ્વાર્થી સંસારમાં કોઈનું કામ કોઈ કરતું નથી! જેની પાસે ધન હોય તે ધન આપે, તો જ કામ થાય. તન હોય તે તન આપે, તો જ કામ થાય. કરોડની મિલકતનો ટ્રસ્ટી મિલકતની રજ પણ ન લે, એ તો કેમ બને? કામિનીનો નિરાધાર જુવાન કામિનીનો મદદગાર શું એનો જરાય સ્વાદ ન લે! આ દુનિયામાં એ બન્યું નથી, બનવાનું નથી! માણસનો બધી વાતમાં વિશ્વાસ ધારી શકાય-પણ બે વાતમાં નહિઃ કંચન ને કામિની વિષે એનો ભરોસો નહિ જ!

એની વાતો ખૂટતી નથી અને હું વાત કરતાં થાકતો નથી. મધરાત વીતી. હવા ઠંડી થઈ. આંખોમાં કંઈક ઘેન ચડ્યું. પાસેના ખંડમાં વિમલાદેવીએ મારે માટે પથારી પાથરી. રોગી હોવાને કારણે મહેનત લેવા ના કહી છતાં એ માને? તાજા દૂધનો ગ્લાસ ને થોડો મેવો લાવીને ધર્યો. હું ના—ના કરતો રહ્યો ને એણે આગ્રહ કરીને ખવરાવ્યો.

મોડી રાતે નિર્દોષ ભાઈની માફક મને સુવાડી એ ચાલી ગઈ.

[ ૩ ]

**સૂર્ય** ઊગી નીકળ્યો હતો. જગત ખૂબ ચમકતું હતું, છતાં હું ઘોરતો હતો. બારીની હવા એવી મીઠી લાગતી કે પથારી છોડવાનું મન નહોતું થતું. ત્યાં કોઈ કોમળ હાથનો સ્પર્શ થયો. હું જાગ્યો છતાં મારા જાગતાં પહેલાં જગતમાં મારે માટે અફવાઓ ઊડી ચૂકી હતી.

એક રાત્રી અહીં એક અસહાય અબળા પાસે વીતાવી તે ખાતર જગતની દૃષ્ટિએ હું ગુનેગાર બની ચૂકયો હતો. અરે ! પાપી અને પતિત બની ચૂકયો હતો. છતાં હું અને તે આ ભર્યા જગતમાં આ કલંકથી જળકમળ જેવાં હતાં.

સંધ્યા સુધી રોકાયો અને સંધ્યાએ મામાને ત્યાં ચાલ્યો. જતી વખતે ઢળેલી આંખોએ અશ્રુ સાથે ફરી આવવાની વિનતી કરી. ભલા, કેમ ન આવું ? સ્વાર્થ વગર પણ આ અશ્રુ પર આખી જિંદગી કુરબાન કરવા તૈયાર હતો.

વેકેશન દરમ્યાન ઘણી વખત ત્યાં જઈ આવ્યો.

મામાને ત્યાં મોજ કરતો, છતાં ઘણી વાર એની વાતોવિનાની રાતો ફીકી લાગતી. વારંવાર ત્યાં જઈ આવતો હતો અને અમારો અરસપરસનો હેતભાવ હવે આગળ વધતો હતો. આ સંસારનાં અજાણ્યાં અમે વીરા–વીરીનાં હેતથી જીવવાના મનોરથ સેવતાં હતાં. પણ માની જણી સિવાય બીજી બેન નહિ. એની સાથે એકાંત સેવાય નહિ, એની કશી મદદ કરી ન શકાય, આવા સંબંધો સામે સંસાર સદા દુર્ગંધ કલ્પે. આ વાતોથી અમે અજાણ્યાં હતાં. હું તો સૌંદર્યભર્યાં પુષ્પને કરમાતું રોકીને, બને તો પ્રફુલ્લાવીને એના માલિકને પાછું સમર્પવા ખાતર જ આ કાર્ય કરતો હતો.

પણ જેમ મારું આવવું-જવું વધ્યું તેમ લોકોની જીભો લાંબી થઈ. જેટલી મારા અને એના વિષે થાય તેટલી કલ્પનાઓ થઈ. હું વ્યભિચારી અને એ ભલી બાઈ વેશ્યા જેવી બની ગઈ. આ ઊડતી વાતોએ પાંખો વિસ્તારી, એકદમ પિતા અને મોટાભાઈ પાસે પહોંચી. એકાએક માતાની બીમારીના તારે મને પાછો ખેંચી લીધો. વિમલાદેવીને મળ્યા વગર પિતા પાસે પહોંચી ગયો.

સંસારનો અનુભવ થાય ત્યારે તેનો સાર સમજાય. જેને સારાં માણસ લેખતો, તેઓએ પણ આ જૂઠી વાત સાચી માની. અન્ય ક્ષેત્રોની તેમની ઉદાર વિવેકદૃષ્ટિ સ્ત્રી-પુરુષના સંબંધોના ક્ષેત્રમાં મૂર્ખતા બની ગઈ.

જુવાન કુમારિકા કે પરાયી સ્ત્રી સાથે જુવાન પુરુષના સારા સંબંધની કલ્પના આ સંસારમાં કોઈને નહોતી! લોકઅદાલતે નિર્ણય કરી દીધો હતો કે એવાં બે જણાં વચ્ચે બીજા કોઈ સારા તંદુરસ્ત સંબંધો સંભવી જ શકે નહિ.

કોલેજ ઊઘડી, અભ્યાસ શરૂ થયો અને તેમાં હું ડૂબી ગયો. છતાં એ મર્મભેદક પ્રસંગો હું નહોતો ભૂલ્યો. એની સ્નેહરશ્મિઓ હજી હૃદયના પ્રત્યેક ખૂણાને અજવાળી રહી હતી. પત્ર દ્વારા વિમલાદેવીની માફી માગીને, મારી કોલેજનું સરનામું તેને મોકલી દીધું.

વિનાયકની તપાસ કરી: ઘેર તો ન મળ્યો પણ રાત્રે સૂવા આવે ત્યારે તો મળશે જ, એમ સમજીને રાતે ગયો, તો પાડોશીઓએ કહ્યું કે હજી દિવસે તો એ આવે છે. રાતે કદી આવતો નથી. કોઈ રૂપાળું લફરું એને વળગ્યું છે. વિમળા આવવા માટે વારંવાર લખે છે, પણ એ અનેક બહાનાં કાઢી એને તેડાવતો નથી!

વિનાયક જે સ્ત્રી પર આફરીન અને આશક હતો, એને શોધીને

હું મળ્યો. એ સ્ત્રીશિક્ષિકા હતી. સામાજિક કાર્યકર હતી. પણ એને જોઈને હું અવાક્ થઈ ગયો.

ક્યાં વિમલાદેવીનું નવવિકસિત પદ્મશું રૂપ! ક્યાં એનો નમણો ને ગરવો ચહેરો!

ને ક્યાં આ તરલિકાદેવી! માત્ર ટાપટીપ, નખરાં નેહાવભાવ! બીજું કશુંય નહિ.

મને થયું કે શું મીઠાઈ રોજ રોજ જમીને–જોઈને કંદોઈનું મન મીઠાઈથી ઊતરી જાય, એમ આ વિનાયકરાવનું તો નહિ થયું હોય! કે પુરુષ પશુની જેમ રોજ નવા નવાનો શોખીન હશે! પણ પુરુષ તો હું પણ હતો. સ્ત્રી તો વિમલાદેવી પણ હતી. સમાજને દોષ દેવાનો અર્થ નથી. વ્યક્તિ પર જ બધો આધાર છે.

હું એ તરલિકાદેવીને મળ્યો! એમણે મીઠી મીઠી વાતો કરી રાષ્ટ્રના નવા ઉત્થાનની, સમાજના કલ્યાણની, કૌટુમ્બિક ઉન્નતિની સુંદર ફિલસૂફી રજૂ કરી. વાહ, જેની ભાષા આટલી સુંદર, ભાવ આટલા સુંદર, એનું હૃદય કેટલું નિર્મળ હશે!

મને મારા કામમાં ફતેહની આશા થઈ. મેં ધીરેથી તેમની પાસે વિમલાદેવીની વાત મૂકી. એક નિરાધાર સ્ત્રીને તમારા જેવી સહૃદય સ્ત્રીએ મદદ કરવી જોઈએ, તેની પ્રાર્થના કરી: અને જો તમે મદદ નહિ કરો તો કેવું અમુલખ ફૂલ કરમાઈ જશે, તેનો ખ્યાલ આપ્યો. ભાવભર્યા જવાબની આશા રાખી એ દેવીના મુખ સામે તાકી રહ્યો.

તરલિકા દેવી બોલ્યાં: 'જો બીજી સ્ત્રીની વાત હોત તો હું જરૂર મદદ કરત. પણ આ મારી અંગત વાત છે. અંગત વાતોમાં કોઈને માથું મારવાની જરૂર નથી.'

ને તરલિકાદેવી ધીરી હલકે ગાવા લાગ્યાં:

'દિલ જે ઊઠ્યું રોકાય ના,
વાત છોડો કેદની!'

કાળની કવિતાનો પણ કેવો દુરુપયોગ. ઘડી પહેલાં જે ભાવનાની મૂર્તિ હતી, એ પછી રોષમૂર્તિ બની ગઈ. હું આગળ બોલવા ગયો, તો મારે અપમાનિત બનીને બહાર નીકળી જવું પડ્યું! છંછેડાયેલી સ્ત્રી ન જાણે પુરુષ પર કેવા કેવા આક્ષેપો મૂકે!

ઘણા દિવસો વીત્યા, મહિનાઓ પણ. એક દિવસ કૉલેજમાં સ્ટૅન્ડ પાસે સાયકલ મૂકી જેવો વર્ગમાં જતો હતો કે મારા સહપાઠીએ જણાવ્યું:

'મિ. શાહ! આજે તમારું કવર ત્યાં બૉર્ડ ઉપર છે.'

હું સમજી ન શક્યો, છતાં ત્યાં ગયો. પરબીડિયાને જોતાં જ મન સમજી ગયું. શરીરમાં રોમાંચ થઈ ગયો. હાથ ધ્રૂજવા લાગ્યા. ધ્રૂજતે હાથે એ પરબીડિયું ફાડ્યું. એ જ સુપરિચિત પ્રિય અક્ષરો!

'**ભાઇશ્રી!**

"ગમે તે રીતે એક વખત આવી જાઓ. પરમેશ્વર તમારું ભલું કરશે. જે હૃદયને તમે પંપાળ્યું હતું, એનો આર્તનાદ એક વખત તો સાંભળવા આવો! રોગીને દિલાસો દેવા આવજો. મોડું કરશો તો કદાચ એ મોડું હમેશાંનું મોડું થશે."

લી. **વિમલા**'

વર્ગમાં બેઠો, પણ પ્રૉફેસરનું લેક્ચર જ ઊંધું લાગ્યું. વિષય ન સમજાયો. જીવ પત્રમાં હતો. મન મંથનમાં હતું. અન્તે સમય પૂરો થતાં ઘર તરફ રવાના થયો. માર્ગમાં વિમલાદેવી પાસે જવાનો નિશ્ચય કરી લીધો.

ઘેર આવી પિતાશ્રીને જણાવ્યું:

'મિત્રોની સાથે ફરવા જવાનો છું. કદાચ સૂઈશ પણ ત્યાં. કાલ સાંજે આવીશ.'

હું રવાના થયો. ટ્રેનમાં સવાર થઈ ત્યાં પહોંચ્યો. સેનીટેરિયમને દરવાજે પહોંચતાં જ પોળના શેઠ ફીકાભાઈ મળ્યા. તે શહેર તરફ જતી ટ્રેનમાં પાછા વળતા હતા. મને ઓળખ્યો. મેં બહાનું કાઢી ચાલવા માડયું, છતાં મેં જાણી પણ લીધું કે એ 'જીવતું મુંબઈ સમાચાર' હવે મારા વર્તમાન પોતાના પદરતું મીઠુંમરચું ભભરાવીને ઘેર ઘેર વિગતે પહોંચાડયા વિના નહિ રહે.

ધડકતે હૃદયે વિમલાદેવીને કમરે પહોંચ્યો. વિમલાદેવીને જાણ થતાં એ ધીરે ધીરે સામે આવી. ફિક્કે ચહેરે અને મૃત્યુની છાયવાળા મુખે આવી. મને જોતાં જ હૃદયને કાબૂમાં રાખી ન શકી. એ રડી. રોઈને એક પત્ર મારા હાથમાં ફેંકી નીચે ઢળી પડી–બેશુદ્ધ બની ગઈ.

હું સારવાર કરવા માટે દોડયો. એને ઊંચકી પલંગ પર સુવાડી, માથે કોલનવૉટર નાંખી પંખો કર્યો, ધીરે ધીરે તેને કળ વળી. થોડી વારે એનું માંસલ પોપચું ઊઘડયું ને સાથે જ બંધ થયું, જાણે ખીલતા ગુલાબ પર ઝાકળ પડ્યું હોય! હું ઓશિકે બેઠો.

પત્ર ખોલ્યો, અક્ષર ઓળખ્યા. એ વિનાયકનો પત્ર હતો.

"**વિમલા!**

"તેં જેની સાથે નવો સંબંધ બાંધ્યો છે, તેની સાથે જ હવે રહેજે! નવા પ્રેમીને વધાવજે! તું તારો માર્ગ કરી લેજે! મારે માટે તું મરી ચૂકી છે.

લિ. તને મરેલી કે જીવતી ફરી જોવા ન ઈચ્છનાર

**વિનાયક**"

વીજળી પડવા જેવો આઘાત થયો. મને લાગ્યું કે કમરો ફરી રહ્યો છે. જગત બહેરું અને બેવકૂફ બની રહ્યું છે. હું બૂમ પાડીને, હૃદય ચીરીને કોને બતાવું ! મારી બુદ્ધિ શૂન્ય થઈ ગઈ.

અરેરે ! જગત આખરમાં આવું જ ? સહૃદયતાનો આ બદલો ? શું કોઈ ડૂબતાને બચાવવો એ ગુનો છે ?

સંધ્યા પ્રગટી અને એ પણ અંધકારમાં ડૂબી ધીરે ધીરે મલપતો ચંદ્ર જગતનાં પાપ ધોવા આકાશમાં ઊંચો આવ્યો. એનાં કિરણો બારી વાટે વિમલાદેવીના પલંગ પાસે આવ્યાં. એના મુખ પર ફેલાયાં. એના લાવણ્યનાં પોષક બન્યાં.

હું પાસે બેઠો બેઠો બારી વાટે ખેતરો પર છવાયેલી ચાંદનીને જોતો હતો. સફેદ બનેલાં વૃક્ષોને નિહાળી રહ્યો હતો. થોડે દૂર ઘુવડ ભયંકર રીતે બોલી રહ્યું હતું. પણ જગતનાં માનવીઓની ભાષા કરતાં એ વધારે મીઠું લાગ્યું.

વિચારમાં મગ્ન હતો ત્યાં વિમલાએ એકદમ ચીસ પાડી. એને શરીરે પરસેવો હતો. પ્રતિક્ષણે રોમાંચ થતો હતો. મને લાગ્યું કે એ કોઈ ભયંકર સ્વપ્નમાં હતી. મેં તેને સાચવી લીધી અને ફરી પલંગમાં સુવાડી.

થોડી રાત વીતી. હવા મધુર હતી. એણે ધીરેથી નેત્રો ખોલ્યાં. મને જોતાં તેને વિશ્વાસ થયો કે નિષ્ઠુર સંસારની વચ્ચે પણ એ એક સાચા સ્નેહીજનની હૂંફમાં હતી. દર્દભર્યા ચહેરે મારા મુખ સામે જોઈ રહી.

થોડીવારે ક્ષીણ અવાજે એ બોલી :

'મનુભાઈ! સંસાર કડવો છે. હવે જીવવાનું મન નથી રહ્યું. તમારાં દર્શન કરવાં હતાં. તમને જોવા હતા તે જ ખાતર જીવતી હતી, હવે ઇચ્છા પરિપૂર્ણ થઈ. મારે સંસારના આ ઈર્ષ્યાળુ ને અંધ

વાતાવરણને જલદી છોડવું જોઈએ.' વિમલાદેવી થોડીવાર થોભી. પછી બોલી :

'અરેરે! જેને ખોળે મસ્તક મૂક્યું. તે પોતે ખંજર ભોંકવા તૈયાર થયા!' એ થોડી વાર શ્વાસ ખાવા થોભી ને બોલી :

'રાતોની રાતો બીજે ગાળતા ત્યારે હું એક અક્ષરે ન બોલી. એમનું મન મારામાં પરોવાય, એ ખાતર એક વેશ્યા જેટલાં મેં લટકાંમટકાં કર્યાં, સ્ત્રી તરીકેનું સ્વમાન છોડી જેટલી નીચે જવાય તેટલી ગઈ, પણ પેલી નખરાળી, નૃત્યરાણી, નવેલી, છકેલી શિક્ષિકાનું પડખું એ છોડી ન શક્યા.' પોતાના જીવનનો ચિતાર રજૂ કરતી વિમલાદેવી બોલી:

'મેં એ પણ ચલાવી લીધું. બે ટંક મારે ત્યાં જમે તોય સંતોષ માન્યો. રાતોની રાતો એમણે બીજે વિતાવવા માંડી છતાં એક શબ્દ ન બોલી. પણ દિવસે દિવસે અંતરદાહ વધતો ગયો. એક વાર સામે પગલે જઈને પેલી શિક્ષિકાને પગે પડી આવી. પણ એ તો ભણેલી ગણેલી ચૂડેલ હતી. સ્ત્રી સ્વમાનની ને સ્ત્રી–ઉદ્ધારની વાતો કરનારી એણે જ એક સ્ત્રીને કચડી હતી. બહારથી પુરુષોના અધિકારો સામે પ્રહાર કરનારી ને અંતરથી પુરુષોના વિષયની દાસી બની રહી હતી.

'મને પુરુષ જાત તરફ તિરસ્કાર છૂટ્યો, એને શાપ આપવા માંડી, ત્યાં સાંભળ્યું કે પુરુષોમાં મારો વીરો મનુ પણ છે ને! એકને પાપે બધાને કાં દંડું? એકે મારા હકની હરરાજી કરી તોય સમાજને કંઈ ન લાગ્યું, અને દુઃખ ભૂલવા હું બે દિવસ બીજાની સાથે બોલી તેમાં આટલી શિક્ષા? શું સ્ત્રીથી કોઈનો આશરો ન લેવાય? પ્રભુ! શી ફરિયાદ કરવી? કયાં ફરિયાદ કરવી? પૃથ્વી પર તો સ્ત્રીની ફરિયાદ માટે પણ કોઈ સુરક્ષિત સ્થળ નથી.'

એ શ્વાસ લેવા થોભી, ફરી પાછું શરૂ કર્યું. મેં એને બોલવા દીધી. બોલવાથી એનું ભરેલું અંતર ભલે ખાલી થાય.

'મનુભાઈ! ભર્યાં જગતમાં મારું કોઈ નથી. પલંગ નીચે ઝેરનો પ્યાલો તૈયાર છે. તમારા પવિત્ર હાથે મને અમૃત ગણીને પાઈ દો. નિરાંતે તમારા પગ પાસે સૂઈ જાઉં. અન્યાય, વિશ્વાસઘાત અને અત્યાચારનું જગત મૂકી કોઈ અનેરું વિશ્વ શોધવા ચાલી જાઉં. મનુભાઈ! સુખી રહેજો! પરમેશ્વર તમારું કલ્યાણ કરે!'

એ ચૂપ થઈ. હું અવાક્ બની રહ્યો! આકાશ સામે એકીટસે જોઈ રહ્યો.

ક્ષણવાર મને લાગ્યું કે નભોમંડળ પર કોઈ આકૃતિઓ ધીરેથી સરતી હતી. મારાં કલ્પનાચક્ષુને એ આકૃતિમાં રોતો કલાપી નજરે પડ્યો, ગંભીર ગોવર્ધનરામ દૃષ્ટિગોચર થયા, સંસારસુધારા માટે બાથોડિયાં ભરતો નર્મદ પસાર થતો દેખાયો. પોતાના સંસારના ગુલ પર ખાર વેરાતો જોનાર અદ્વૈતમાર્ગી મણિલાલ નજરે પડ્યો છતાં સહુ નિષ્ફળ! કોઈ અદૃશ્ય કરુણ ગાન કાનમાં આવવા લાગ્યું.

'મુજ જેવું વૃત્ત ઘણાકનું, સુણશો પૂછે આ દેશમાં,
પરદેશી સજ્જન! હિંદુઓ ગાળે જ જીવન ક્લેશમાં;
નરજાત સુખી અહીં હશે, કદી મ્હાલતી સ્વચ્છંદથી,
પણ નારીને રોવા વિના, બીજું કર્મમાં કંઈ છે નહિ.'

અવાજ રોતો સંભળાયો. વાતાવરણ કાંપતું લાગ્યું. ફરીથી અવાજ ઊઠ્યો:-

'વહાલાં, હાય અરે! અરે! વહાલાં ઉરો ચીરતાં.
ભૂલોની જ પરમ્પરા જગત આ, એવું દીસે છે પિતા!
અહ! શ્રદ્ધા અને સ્નેહ ક્યાં, જગત આખું અકસ્માતનું;
જે પ્યાલું મૃગને મળ્યું મરણનું, તે હુંય માગું પ્રભુ!

મૃગને મળેલું પ્યાલું આ મૃગાક્ષી પણ માગતી હતી !

મૃત્યુનું પ્યાલું ? કોણ પાય ? ચિત્તની જાગૃતિ મેળવી. હૃદય ધડકતું હતું. રે પ્રભુ ! નહીં જોયેલાં અને નહિ સાંભળેલાં આજે તો જોયાં ને સાંભળ્યાં. અરે ! શું હું એક જિંદગી પણ રક્ષી ન શકું ? જીવન ત્યારે શા અર્થનું ?

હૃદયમન્થન ચાલુ હતું છતાં બોલાતું નહોતું.

ધીરેથી ફરી એ બોલી. દીપક ઝાંખો થતો હતો. ચંદ્રનાં કિરણોથી કમરો ભરાઈ ગયો હતો. એ નિર્જન સ્થાનમાં પણ તેનો અવાજ પ્રતિઘોષ કરતો હતો. એના વાળની લટો મુખ પર પડી હતી. આંખોમાં બુઝાતા દીપકનું તેજ ભાસતું હતું. ઝાંખા દીવાનાં ઝાંખાં રશ્મિ મુખ પર નાચતાં હતાં. એ ક્ષીણ સ્વરે બોલી:

'મનુભાઈ! ગભરાશો નહિ. પ્યાલું હોઠને લગાડી દો. તમારે પવિત્ર હાથે લગાડી દો. એ અમૃતને ગટકાવી જાઉં. તમારા જેવા દેવના સ્પર્શે એ અમૃત બની જશે. મનુભાઈ! આપો. અભાગિનીને વિદાય આપો, કોઈ સુખી સ્વર્ગલોકમાં પ્રયાણ કરવા.'

હૃદય વશ ન રહ્યું. હું રડી પડ્યો, આત્મા ક્રંદન કરી રહ્યો. ગદ્ગદ કંઠે બોલ્યો:

'વિમલાદેવી ! એવું ન બોલો, તમારું પ્રત્યેક વાક્ય ખંજરની ગરજ સારે છે. જગત જેને ઠોકરે મારે છે, તેને હું માથે ચઢાવું છું. જગત જેને તિરસ્કારે છે એને હું અભિનંદું છું. જેનું જગત નથી બનતું એનો બનવા હું તૈયાર છું.'

'કોણ ! તમે મારા આધાર છો ? ઓ પ્રભુ !' ગાંડાની જેમ એ લવી ઊઠી. ઊભી થઈને પાછી ઢળી પડી.

વાંચનાર ! હવે શું લખું ? ક્યાં સુધી લખવું ? એક નિરાધાર હૃદય મારે હાથ આવ્યું. એનું રક્ષણ કરતાં મેં શું ગુમાવ્યું તે હું

સમજ્યો હતો. સંસારમાંથી, કુટુંબમાંથી, જાતમાંથી, નાતમાંથી મેં મારું સ્થાન ગુમાવ્યું હતું. એ પવિત્રતાના ઈજારદારોની નજરે હું અધમ અને પાપી ક્ષુદ્ર જંતુ બની ચૂક્યો હતો. વામમાર્ગે ભટકતા તેમના ભાઈ કે પુત્રો કરતાં, અન્યાયથી બીજાની ગરદન પર છૂરી ચલાવતા એ શઠ શાહુકારો કરતાં, ખરાબમાં ખરાબ ગુપ્ત પાપો આચરતા એ સમાજધુરંધરોની નજરે હું સંસારનો અધમમાં અધમ શેતાન બની ચૂક્યો હતો.

રે મનુ! મનુ મહારાજના કાળથી આ જુલમ સ્ત્રીઓ પર થતો આવ્યો છે. તું એને શું મિટાવવાનો હતો? ત્યક્તા સ્ત્રીને તું આશ્રય આપે, રોટી આપે તો આ ગુલામડીઓ આઝાદ થઈ કાલે માથે ચઢી બેસે. પુરુષ ન ઘરનો રહે, ન ઘાટનો રહે! આવી ત્યક્તાઓ માટે કાં વિષ કાં વેશ્યાપણું! બે સિવાય ત્રીજો માર્ગ નહિ! મનુ! તું એને બચાવનાર કોણ? કિસ ખેતકી મૂલી તું! યુવાન સ્ત્રી ને યુવાન પુરુષ વચ્ચે આ શાસ્ત્રોમાં વ્યભિચાર સિવાય બીજા સંબંધની કલ્પના થઈ નથી. હજારો દૃષ્ટાંતો સામે છે, એટલે થઈ શકે તેમ પણ નથી! વિમળાને એનું ફોડી લેવા દે! સૌંદર્ય હશે તો એનું પણ સ્થાન અહીં વિશાળ છે. ન હોય તો ઘરની ઘાટણોની પણ ભારે તંગી છે. કેટલાક વિધુરો ને મહાત્માઓ પણ ઘરકામ માટે આવી નિરાધાર સ્ત્રીઓ જ શોધતા હોય છે. વહેલુંમોડું એનું તો ઠેકાણું પડી જશે. તું તારું સ્થાન સમાલી લે!

આવા આવા મુરબ્બીઓના, માતાપિતાના, મિત્રોના, મહાત્માઓના ઉપદેશ મળવા છતાં આ કરવું ગમ્યું. એક કુસુમ કરમાઈ જાય તેના કરતાં તે ખીલે તે ખાતર આટલો ભોગ મને કીમતી ન લાગ્યો. મારે મન પ્રભુને પાટલે એટલો મારો અધિકાર વધારે થયો.

એ મને જોઈ જીવી, આનંદી ધીરેથી તબિયત સુધરી.

પિતાશ્રીને પત્રથી સમાચાર જણાવ્યા. પણ તેમના ઘરમાં આવા પુત્રને માટે એક ખૂણો પણ ન હતો. એમને સમાજમાં આબરૂ રાખી સાત પેઢી તારવી હતી, જેથી એ પેઢીના એક વંશજને તેઓએ મુખ પણ ન બતાવવાની આજ્ઞા કરી. મારે મારો માર્ગ કરી લેવો તેમ સૂચના મળી.

રે વિધિ ! શું નાતોના કાયદાની આટલી બીક ! ફરજંદના પ્રેમને પણ ઠોકરે મારે ? રે-આબરૂ ! તું ક્યાંથી નકામી પેદા થઈ ? તારા વિના સંસાર બેઆબરૂ જ રહ્યો હોત તોય શું ખોટું હતું ? નકટો પણ સહૃદય સંસાર વધુ પ્રિય લાગત !

અસ્તુ. મેં પાસેના ગામમાં એક નોકરી શોધી. જગતને મારાથી તિરસ્કાર હતો, મેં એનાથી સાધ્યો.

જીવન સુખમાં જાય છે. રાત્રીના તાર ગણતાં, ચંદ્રની સુધા પીતાં, સ્નેહ ને સ્વાર્પણની વાતો કરતાં જીવન વહ્યું જાય છે. મોહનાં પતંગિયાંને ન સમજાય તેવું પ્રેમનું જીવન અમે જીવી રહ્યાં છીએ. સંસાર માટે અમે કયાં સંબંધથી જીવીએ છીએ, એનો કોયડો થઈ પડ્યો છે.

અન્તમાં મારી કથની સમાપ્ત કરતાં પહેલાં–સર્વ સંસારના એ તત્ત્વવેત્તાઓ, ફિલોસોફરો, સમાજના નેતાઓ, સુધારકો, રૂઢી પૂજનારાઓ–નાતના મુખી અને પંચાતિયાઓ અહીં આવો અને બોલો : આમાં શું અનુચિત છે ? કોનો દોષ છે ? કોનાં પાપ છે ?

તા. ૨૪ મી જાન્યુઆરી ૧૯૩૨.